પ્રાચીન તીર્થમાળા-સંગ્રહ.

ભાગ ૧ લો.

સંશોધક—

—શ્રીવિજયધર્મ સૂરિ.

॥ अर्हम् ॥

પ્રાચીન તીર્થમાળા-સંગ્રહ.

ભાગ ૧ લો.

સંશોધક,

શાસ્ત્રવિશારદ-જૈનાચાર્ય શ્રીવિજયધર્મસૂરિ.

પ્રકાશક

અમૃતલાલ છગનલાલ.
અનોપચંદ નરસિંહદાસ.

સે. શ્રીયશોવિજયજી જૈન ગ્રંથમાળા.

ભાવનગર.

વીર સં. ૨૪૪૮] [સં. ૧૯૭૮

કિં. રૂા. ૨-૮-૦

ધી " આનંદ " પ્રીન્ટીંગ પ્રેસમાં શા. ગુલાબચંદ લલ્લુભાઇએ છાપ્યું.

પ્રસ્તાવના.

કોઈપણ વસ્તુ પ્રકાશમાં આવ્યા પછી-નવીન આકારમાં સ્હામે ઉભી થયા પછી તેનું જે મહત્ત્વ સમજવામાં આવે છે તે, જ્યાં સુધી તે વસ્તુ અંધારામાં હોય છે-આચ્છાદિત હોય છે, ત્યાં સુધી સમજવામાં આવતું નથી. આ વાતની ખાતરી ઐતિહાસિક રાસસંગ્રહના એક પછી એક ભાગો બહાર પાડવાની અમારી પ્રવૃત્તિએ સમ્યક્ રીત્યા કરી આપી છે. જે રાસાઓને પ્રાચીન ભંડારમાં કોઇ અડતું પણ નહિ, અને જેને ભંડારોમાંથી બાતલ કરી નદીના પ્રવાહમાં વ્હેતા કરવા જેવા સમજવામાં આવતા, તે રાસાઓ, ઇતિહાસના સ્વાંગમાં બહાર આવતાં તે ઇતિહાસપ્રેમિઓને કેટલા પ્રિય અને ઉપયોગી થઇ પડ્યા છે, તે તેના વાંચનારા સારી રીતે જાણે છે. આવુંજ એક અંગ-ઇતિહાસનું એક અંગ-**પ્રાચીન તીર્થમાળાઓ** પણ છે. આ વાતની ચોક્કસ ખાતરી '**પ્રાચીન તીર્થમાળા સંગ્રહ**' નો આ પ્રથમ ભાગ જોવાથી થઇ શકશે.

આજ કાલ તીર્થની યાત્રા કરનારા કેટલાક કવિઓ-મુનિરાજો-તે તીર્થની યાત્રાનું વર્ણન આલેખતાં, જેમ તે ભગવાનનાં માતા-પિતાનાં નામ, ભગવાનનાં કુંડલ, બાજુબંધ અને ભગવાનનાં નેત્રોનું વર્ણન કરવામાં પોતાની 'યાત્રા વર્ણન' ની સાર્થકતા સમજે છે, તેવી રીતે પ્રાચીન કવિઓ-યાત્રાનાં વર્ણનો લખનારાઓ 'યાત્રા વર્ણન' ની સાર્થકતા ન્હોતા સમજતા. તે કવિઓ યાત્રાનાં વર્ણનો લખવામાં ખાસ કરીને, જેને આપણે ઇતિહાસોપયોગી બાબતો કહીએ છીએ, તેનું વર્ણન કરતા હતા. આ વિભાગના વાંચનારાઓ જોઈ શકશે કે-આ તીર્થમાળાઓમાં પ્રાચીન નગર-નગરીયોનાં વર્ણનો, જુદા જુદા દેશોની સ્થિતિઓ, જુદા જુદા દેશના મનુષ્યોના રીત-રીવાજો અને તે વખતના રાજાઓનાં નામો વિગેરે કેટલીએ જાણવાજોગ-ઇતિહાસોપયોગી બાબતોનું વર્ણન કરવામાં આવેલું છે, અને તેથીજ મારૂં એ માનવું છે કે-પ્રાચીન રાસાઓ, કે જેમાં ઘણે ભાગે આચાર્યોનાં જીવન ચરિત્રો કે એવી બીજી બાબતો આલેખવામાં આવેલી હોય છે, તેના કરતાં **પ્રાચીન તીર્થમાળાઓ** કોઈ પણ રીતે ઇતિહાસને માટે ઉતરતું સાધન નથી. અને તેથીજ એવી પચીસ તીર્થમાળાઓનો આ એક સંગ્રહ **પ્રથમ ભાગ** તરીકે બહાર પાડવાનું ઉચિત ધાર્યું છે.

વાંચકો જોઇ શકશે કે-આમાં આપેલી પચીસે તીર્થમાળાઓ લગભગ જુદા જુદા સમયના જુદા જુદા કવિઓની કૃતિયો છે, તેમ છતાં ઘણી ખરી તીર્થમાળાઓમાં એકનાં એક તીર્થોનું વર્ણન આલેખાએલું છે. આવી સ્થિતિમાં પચીસે તીર્થમાળાઓનો જુદો જુદો સાર આપવામાં વારંવાર પુનરૂક્તિ થવાનો સંભવ જણાયો, અને તેથીજ પચીસે તીર્થમાળાઓમાં આવેલાં તીર્થોને પાંચ વિભાગોમાં વ્હેંચી નાખી પ્રત્યેક વિભાગથી સંબંધ રાખનારી તીર્થમાળાઓમાં તે તે તીર્થોના સંબંધમાં શું શું લખવામાં આવેલું છે, તેમ કયા કયા કવિઓ કઇ કઇ બાબતોમાં જુદા પડે છે, તે બતાવવા પ્રયત્ન કર્યો છે. આથી કોઇ પણ વાચક 'સંક્ષિપ્તસાર' જોતાંજ પચીસે તીર્થમાળાઓમાં આવેલ ઐતિહાસિક બાબતો અને જુદા જુદા સમયની તે તે તીર્થોની સ્થિતિઓ અનાયાસથી મેળવી શકશે.

એમાં તો કાંઇ સંશયજ નથી કે સંસાર પરિવર્ત્તનશીલ છે. સંસારની કોઇ પણ જાતિ, ધર્મ, દેશ, ગામ, નગર કે કોઇ પણ પદાર્થ આ પરિવર્ત્તનતાના પંજાથી બચ્યો નથી. સમયના વ્હેવા સાથે સૌમાં પરિવર્ત્તન થાય છે જ. અને એજ પ્રમાણે આપણી પ્રાચીન નગરિઓમાં પણ પરિવર્ત્તન થયેલું છે, તે એટલે સુધી કે-તે નગરિઓનાં અસલી સ્થાનોનો નિશ્ચય કરવો પણ અત્યારે અશક્ય જેવો થઇ પડ્યો છે. આ વાત સંક્ષિપ્તસારના પૃ. ૬, ૧૯, ૨૨, ૩૨ માં આપેલી **કોશાંબી, વાણિજગામ, ક્ષત્રિયકુંડ, અને ઋજુવાલુકા-જંભીગામ** ઉપરની નોટો જોવાથી સંપૂર્ણ રીતે સમજી શકાશે, આ અને આવીજ બીજી નોટોમાં તે તે ગામો અને સ્થાનો સંબંધી યથાશક્ય શોધો કરી મેં મારા અભિપ્રાયો જણાવ્યા છે. પરન્તુ આથી પણ વધારે શોધ કરી કોઇ ઇતિહાસ પ્રેમી વધારે પ્રમાણભૂત બાબતો બહાર પાડશે, તો તે ઇતિહાસક્ષેત્રમાં આશીર્વાદરૂપ થઇ પડશે.

મારા ઐતિહાસિકરાસસંગ્રહના ભાગોની માફક આ સંગ્રહની તીર્થમાળાઓની મૂળ ભાષા જેમની તેમ કાયમ રાખી છે. તે એટલા માટે કે તે તે સમયની લખાણ પદ્ધતિ અને ભાષા સહજ સમજી શકાય.

આ પ્રસંગે હું કિશનગઢના ભંડારના કાર્યવાહકો, તાજપુરના યતિજી, બજાણાના યતિ પ્રેમવિજયજી, પાલીતાણાની આ. ક. ની પેઢી, લુણાવાના યતિ સૌભાગ્યવિજયજી, જયપુરવાળા પં૦ ચંદ્રધર ગુલેરી બી. એ. અને ભાવનગરની શેઠ. ડોસાભાઇ અભેચંદની પેઢીના કાર્યવાહકોને ધન્યવાદ આપવો

ભૂલીશ નહિં કે-જેમણે પોતાના હસ્તકના ભંડારમાંની અથવા પોતાની પાસેની પ્રતિઓ આપી મારા આ કાર્યમાં મને સહાયતા કરી છે.

પ્રાચીન ભંડારો તપાસતાં આવી અનેક તીર્થમાળાઓ હજુ પણ ઉપલબ્ધ થયા કરે છે. અને તે આવી ભાષાનીજ નહિં, પરન્તુ સંસ્કૃત અને પ્રાકૃત તીર્થમાળાઓ પણ મળી આવે છે, જેમ કે-પ્રાકૃતમાં મહેંદ્રપ્રભસૂરિકૃત અને સંસ્કૃતમાં જિનપતિસૂરિકૃત તીર્થમાળાઓ મળે છે. આ અને આવી બીજી જે જે તીર્થમાળાઓ ઉપલબ્ધ થાય તે બધી જો પ્રકાશિત થાય તો મારૂં માનવું છે કે-ઇતિહાસક્ષેત્રમાં તે દ્વારા પણ ઘણું સારૂં અજવાળું પડી શકે. આશા છે કે-અન્યાન્ય ઇતિહાસ પ્રેમિઓ આ દિશા તરફ અવશ્ય પોતાની પ્રવૃત્તિ લઇ જશે.

પ્રાન્તે—મારા ઐતિહાસિક રાસ સંગ્રહના ભાગોની માફક પ્રાચીન તીર્થમાળાનો આ ભાગ પણ ઇતિહાસપ્રેમિયોને ઉપયોગી નીવડે, એમ ઇચ્છી મારા આ વક્તવ્યને અહિંજ સમાપ્ત કરૂં છું.

શિવપુરી (ગ્વાલીયર).
અશાડ સુ. ૧૫, વી. સં. ૨૪૪૮

વિજયધર્મસૂરિ.

અનુક્રમણિકા.

સંક્ષિપ્ત–સાર.

૧ પૂર્વદેશીય તીર્થો. .... ૨—૪૦

૧ મઉગામ–કોશાંબી. ૬

૨ પ્રયાગ. ૧૦

૩ કાશી–બનારસ. ૧૧

૪ સિંહપુરી અને ચંદ્રાવતી. ૧૩

૫ પાટલીપુત્ર. ૧૫

૬ બિહાર. ૧૫

૭ પાવાપુરી. ૧૬

૮ રાજગૃહી. ૧૭

૯ ગુણાયા. ૨૧

૧૦ ક્ષત્રિયકુંડ ૨૨

૧૧ કાકંદી. ૨૪

૧૨ ચંપાનગરી. ૨૫

૧૩ મિથિલા. ૨૬

૧૪ ભદ્દિલપુર. ૨૭

૧૫ સમ્મેતશિખર. ૨૮

૧૬ રિજુવાલુકા–જંભીગામ. ૩૨

૧૭ અયોધ્યા. ૩૪

૧૮ સાવત્થી. ૩૬

૧૯ રત્નપુરી. ૩૭

૨૦ કંપીલા .... ૩૮.

૨૧ સૌરીપુર. ૩૯

૨૨ અહિચ્છત્રા. ૩૯
૨૩ હસ્તિનાપુર.... .... ૩૯
૨૪ મથુરા. ૪૦

૨ શત્રુંજય. ૪૧–૪૬

૩ ગુજરાત, કાઠિયાવાડ, મારવાડ, મેવાડ અને દક્ષિણનાં તીર્થો. .... ૪૭—૫૨

૪ પાર્શ્વનાથનાં તીર્થો. .... ૫૩—૫૫

૫ પરચૂરણ વિભાગ. .... ૫૬—૬૩

૧ ગિરિનાર તીર્થ. ૫૬
૨ સૂરત. ૫૮
૩ શાશ્વત તીર્થ ૬૦
૪ જેસલમેર તીર્થ. ૬૧
૫ કાવી તીર્થ. ૬૨

મૂલ તીર્થમાળાઓ.

૧ સમ્મેતશિખર તીર્થમાળા. ૧
૨ પૂર્વદેશીય ચૈત્ય–પરિપાટી. ૧૪
૩ સમ્મેતશિખર–તીર્થમાળા. ૨૨
૪ ગિરિનાર તીર્થમાળા. ૩૩
૫ શત્રુંજય તીર્થ–પરિપાટી. ૩૮
૬ તીર્થમાલા. ૪૮
૭ ચૈત્યપરિપાટી ૫૭
૮ સૂરત ચૈત્ય પરિપાટી. ૬૨
૯ પાર્શ્વનાથ ચૈત્ય પરિપાટી. ૭૦
૧૦ તીર્થમાળા. ૭૩

૧૧ તીર્થમાળા. ૧૦૧
૧૨ તીર્થમાળા. ૧૩૨
૧૩ શાશ્વત તીર્થમાળા. ૧૪૧
૧૪ જેસલમેર-ચૈત્યપાટી. ૧૪૬
૧૫ પાર્શ્વનાથ-નામમાલા.... ....૧૪૯
૧૬ શત્રુંજય ચૈત્ય પરિપાટી. ૧૫૪
૧૭ શત્રુંજય તીર્થયાત્રા. ૧૫૯
૧૮ આદિનાથ-ભાસ. ૧૬૬
૧૯ પાર્શ્વનાથ સંખ્યા સ્તવન. ૧૬૯
૨૦ કાવીતીર્થ વર્ણન. ૧૭૧
૨૧ શત્રુંજય સ્તવન. ૧૭૪
૨૨ સિદ્ધાચલ-તીર્થયાત્રા. ૧૭૬
૨૩ સૂર્યપુર ચૈત્ય પરિપાટી. ૧૮૯
૨૪ શત્રુંજય ચૈત્ય પરિપાટી. ૧૯૫
૨૫ ગોડીપાર્શ્વનાથ સ્તવન. ૧૯૮

॥ अर्हम् ॥

સંક્ષિપ્ત-સાર.

આ સંગ્રહમાં એકંદર ૨૫ તીર્થમાળાઓ આપવામાં આવી છે. આ બધીએ તીર્થમાળાઓ જુદા જુદા સમયમાં, જુદા જુદા કવિયોદ્વારા બનેલી છે; અતએવ એકજ તીર્થનું કે એકજ દેશનું વર્ણન હોવા છતાં જુદા જુદા સમયમાં લખાએલું હોઇ તેમાં કેટલેક સ્થળે ફેરફાર પણ જોવામાં આવે છે. આ ફેરફાર ક્યાં કેટલા અંશે છે તે, અને તે ઉપરાન્ત પ્રત્યેક તીર્થમાળા કોણે, કયા સમયમાં અને કયા ઉદ્દેશ્યથી બનાવી, એ બધું બતાવવા માટે આ **સંક્ષિપ્ત-સાર** લખવો ઉચિત ધાર્યો છે.

આ સંગ્રહમાં આપેલી પચીસ તીર્થમાળાઓમાં કેટલીક એવી છે કે જેમાં કેવળ **પૂર્વ દેશ**નાં તીર્થોનું વર્ણન કરવામાં આવ્યું છે; કેટલીક એવી છે કે જેમાં ગુજરાત, કાઠિયાવાડ, **મારવાડ**, **મેવાડ** અને **દક્ષિણ**નાં તીર્થોનું વર્ણન આવી જાય છે, કોઇ એવી છે કે-જેમાં **પૂર્વ-પશ્ચિમ-ઉત્તર-દક્ષિણ**, એ ચારે દિશાઓનાં તીર્થોનું વર્ણન છે, જ્યારે કેટલીક તીર્થમાળાઓમાં તો કેવળ એક એક તીર્થ કે એક એક નગરનાંજ મંદિરોનું વર્ણન કરવામાં આવ્યું છે. આવી સ્થિતિમાં પ્રત્યેક તીર્થમાળાનો ટૂંકસાર આપવો પાલવી શકે નહિં, કારણ કે તેમ કરવાથી એક તીર્થમાળામાં જે વર્ણન આવ્યું હોય, તેજ બીજીમાં પણ આવે. એટલા માટે આ પચીસે તીર્થમાળાઓના હું અહિં પાંચ વિભાગો પાડીશ. તે પાંચ વિભાગો આ છેઃ—૧ **પૂર્વદેશીય તીર્થોની હકીકત પૂરી**

પાડનાર, ૨ સિદ્ધાચળ તીર્થ સંબંધી, ૩ ગુજરાત, કાઠી-યાવાડ, મારવાડ, મેવાડ અને દક્ષિણનાં તીર્થો સંબંધી, ૪ પાર્શ્વનાથનાં નામો અને તીર્થો સંબંધી, અને ૫ **પરચૂરણ.** આ પરચૂરણ વિભાગમાં એક એક ગામનાં દેરાસરોના વર્ણનવાળી અને શાશ્વત તીર્થો બનાવનારી તીર્થમાળાનો સમાવેશ કરીશ.

અનુક્રમે પ્રત્યેક વિભાગ સાથે જે જે તીર્થમાળાઓ સંબંધ ધરાવે છે, તે તે તીર્થમાળાનો પરિચય આપીને તીર્થમાળાઓમાં ખાસ જાણુવા જેવી કઈ કઈ બાબતો છે તે અને તે તીર્થમાળાઓના વર્ણનમાં પરસ્પર ક્યાં ભિન્નતા છે, તે બતાવવાનો પ્રયત્ન કરીશ.

પૂર્વદેશીય તીર્થો.

આની સાથે સંબંધ ધરાવનારી કુલ પાંચ તીર્થમાળાઓ છે:—

૧ પં૦ વિજયસાગરવિરચિત '**સમ્મેતશિખર-તીર્થમાળા**' પૃ. ૧–૧૩.

૨ પં૦ હંસસોમવિરચિત '**પૂર્વદેશીયચૈત્ય-પરિપાટી**' પૃ. ૧૪–૨૧.

૩ પં૦ જયવિજયવિરચિત '**સમ્મેતશિખર-તીર્થમાળા**' પૃ. ૨૨–૩૨.

૪ પં૦ **સૌભાગ્યવિજયવિરચિત** '**તીર્થમાળા**' પૃ. ૭૩–૧૦૦

૫ પં૦ **શીલવિજયવિરચિત** '**તીર્થમાળા**' પૃ. ૧૦૧–૧૩૧.

ઉપરની પાંચ તીર્થમાળાઓમાં **પહેલી** તીર્થમાળા વિદ્યાસાગરના પ્રશિષ્ય અને **સહજસાગરના** શિષ્ય વિજયસાગરે બનાવી

છે. આ તીર્થમાળા બનાવ્યાનો સંવત્ કવિએ આપ્યો નથી; પરન્તુ જે પ્રતિ ઉપરથી આ તીર્થમાળા છપાવવામાં આવી છે, તે પ્રતિ કર્ત્તા **વિજયસાગર**ના શિષ્ય **હેતુસાગરે** સં. ૧૭૧૭ માં **કૃષ્ણગઢ** (કિશનગઢ) માં લખેલી છે. આ ઉપરથી સ્પષ્ટ થાય છે કે સં. ૧૭૧૭ ની પહેલાં આ તીર્થમાળા બનેલી છે. વળી આ તીર્થમાળામાં **પાલગંજ—સમેતશિખર**ના રક્ષક રાજાનું નામ **પૃથ્વીમલ્લ** આપ્યું છે અને ઉપર બતાવેલી ત્રીજી તીર્થમાળામાં પં૦ જયવિજયજીએ પણ **પૃથ્વીચંદ્ર** (**પૃથ્વીમલ્લ**) આપ્યું છે, એટલે આ તીર્થમાળા પણ લગભગ તે સમયની એટલે સં. ૧૬૬૪ ની આસપાસનીજ હોવાનું અનુમાન થાય છે.

આ તીર્થમાળામાં **સમ્મેતશિખર**ની યાત્રા માટે **આગરેથી** નીકળેલા સંઘે જે જે તીર્થોની યાત્રાઓ કરી, તે બધાં તીર્થોનું વર્ણન આપવામાં આવ્યું છે. જો કે નામ તો કવિએ ' સમ્મેતશિખર–તીર્થમાળા ' આપ્યું છે. કવિએ જણાવ્યું નથી કે–કયા સંઘવીએ આ સંઘ કાઢયો હતો અને તે કયારે કાઢયો હતો ? પરન્તુ આ સંઘે **પાટલીપુર** (**પટણા**) ની યાત્રા વખતે ત્યાં **હીરવિજયસૂરિ**નાં પગલાંની યાત્રા કર્યાનું કવિએ જણાવ્યું છે, એ ઉપરથી સમજાય છે કે આ સંઘ સં. ૧૬૫૨ પછી નીકળેલો હોવો જોઈએ. કારણ કે સં. ૧૬૫૨ માં **હીરવિજયસૂરિએ** કાળ કર્યો હતો, એટલે તે પછી સ્થાપન થયેલાં તે પગલાંની જ્યારે આ સંઘે યાત્રા કરી છે, ત્યારે ઉપરનું અનુમાન વ્યાજબીજ જણાય છે.

બીજી ચૈત્યપરિપાટી **હેમવિમલસૂરિ**ના આજ્ઞાધારક **કમલધર્મ**ના શિષ્ય **હંસસોમે** બનાવી છે. કવિએ રચ્યાનો સંવત્ આપ્યો નથી; પરન્તુ **ચંદેરી**[1]થી નીકળેલા આ સંઘે સંવત્

---

૧ આ ગામ, **ગ્વાલીયર** સ્ટેટમાં આવેલ છે અને તે **લલિતપુર** સ્ટેશનથી લગભગ ૨૧ માઇલ ઉપર છે. આ ગામ પ્રાચીન સમયમાં પૂર જાહોજલાલીવાળું હતું. ' **આઇન–ઇ–અકબરી** ' માં લખ્યું છે કે અહિં ૧૪૦૦૦ પત્થરનાં મકાનો અને ૧૨૦૦ મસજીદો હતી. અત્યારે તો માત્ર અહિં લગભગ ચાર હજાર માણસનીજ વસ્તી છે.

૧૫૬૫ માં આ યાત્રા કરી એમ જણાવ્યું છે, એથી સમજાય છે કે–આ તીર્થમાળાનો સમય ૧૫૬૫ નો છે. આમાં ચંદેરીથી નીકળેલા સંઘે પૂર્વદેશનાં જે જે તીર્થોની યાત્રા કરી તેનું વર્ણન કરવામાં આવ્યું છે. આ કવિએ પણ ચંદેરીથી ક્યા સંઘવીએ સંઘ કાઢયો હતો, એ જણાવ્યું નથી.

ત્રીજી તીર્થમાળા કલ્યાણવિજયજીના શિષ્ય [1]જયવિજયે સં. ૧૬૬૪ માં બનાવી છે. સમ્મેતશિખરની યાત્રા માટે આગરાથી સંઘવી બિંબૂ અને કુંઅરજીએ સંઘ કાઢયો હતો. આ સંઘે પૂર્વદેશનાં જે જે તીર્થોની યાત્રા કરી એનું એમાં વર્ણન છે.

ચોથી તીર્થમાળા કવિ લાલવિજયજીના શિષ્ય પં૦ સૌભાગ્યવિજયજીએ સં. ૧૭૫૦ માં બનાવી છે. આ કવિએ પોતાનો પરિચય તીર્થમાળાની અંતમાં સારી રીતે આપ્યો છે. (જૂઓ પૃ. ૯૯–૧૦૦) આ તીર્થમાળામાં કવિએ કેવળ પૂર્વદેશનાંજ તીર્થોનું વર્ણન નથી કર્યું, પરન્તુ ગુજરાત, કાઠીયાવાડ અને મારવાડનાં તીર્થોનું પણ વર્ણન કર્યું છે. કવિના કથન પ્રમાણે આ યાત્રાની શરૂઆત આગરાથી સં. ૧૭૪૬ નું ચાતુર્માસ પુરૂં થયા પછી થયેલી છે:—

" કર્યો ચોમાસો સત્તર છયાલિસેં શ્રીવિજયપ્રભ ગુરૂ આદેસઇં;
આગરાથી શુભદિન સુભવાર જમુનાં ઉત્તરી આવ્યા પાર. " ૧૨

કવિએ આ યાત્રામાં સમ્મેતશિખરની યાત્રા કરી પાછા વળી પટણામાં વિજયપ્રભસૂરિની આજ્ઞાથી ચોમાસું કર્યું છે. પછી

---

૧ આ જયવિજયજીએ ' કલ્યાણવિજયગણિ રાસ ' સં. ૧૬૫૫ ના આસો સુદિ ૫ ના દિવસે બનાવ્યો છે. તે સિવાય ' શોભન સ્તુતિની ટીકા ' (સં. ૧૬૪૧) અને ' કલ્પદીપિકા ' પણ બનાવેલ છે. ' કલ્પદીપિકા ' નો ઉલ્લેખ તો કવિ ઋષભદાસે પણ ' હીરવિજયસૂરિરાસ ' માં કર્યો છે:—

" જસવિજય જયવિજય પન્યાસ કલ્પદીપિકા કીધી ખાસ " પૃ. ૧૦૮

હીરવિજયસૂરિ અકબરની મુલાકાતે ગયા, ત્યારે આ જયવિજયજી પણ તેમની સાથેજ ગયા હતા.

ચોમાસું ઉતરે પટણાની આસપાસનાં બધાં તીર્થોની યાત્રા કરી છે. એ પ્રમાણે પૂર્વ દેશનાં સમસ્ત તીર્થોની યાત્રાનું વર્ણન કરી ૧૩ મી ઢાલથી **સોરઠ** અને બીજાં **ગુજરાત** અને **મારવાડ**નાં તીર્થોનું વર્ણન કર્યું છે. છેવટે આ તીર્થમાળા સં. ૧૭૫૦ માં પૂરી કરી છે. આ ઉપરથી જણાય છે કે આ કવિએ સં. ૧૭૪૬ ના ચાતુર્માસ પછીથી સં. ૧૭૫૦ સુધી જ્યાં જ્યાં યાત્રાઓ કરી તેનું વર્ણન આપ્યું છે. કવિ પણ કહે છે:—

"જે તીરથ ઈણ માંહિં વખાંણ્યાં નયણે દીઠાં તેહજી;
અણદીઠાં પણ ભક્તિ વંદુ ત્રિકાલ લહું તેહજી. હિ૦ ૧૩

(જૂઓ પૃ. ૯૯)

પાંચમી તીર્થમાળા પં૦ શિવવિજયજીના શિષ્ય કવિ **શીલ**વિજયજીએ સં. ૧૭૪૬ માં બનાવી છે. કવિએ આ તીર્થમાળામાં પૂર્વ, પશ્ચિમ, ઉત્તર, દક્ષિણ એમ ચારે દિશાનાં તીર્થોનું વર્ણન કર્યું છે. ખાસ કોઈ પણ સંઘે અથવા કવિએ પોતે કરેલા યાત્રાવાળાં તીર્થોનું જ નહિં, પરન્તુ 'જોએલાં' અને 'સાંભળેલાં' તમામ તીર્થોનું વર્ણન આમાં કર્યું છે. કવિ પ્રારંભમાંજ કહે છે:—

"જગમાં તીરથ સુંદરૂં જ્યોતિવંત ઝમાલ;
પભણીસ દીઠાં સાંભળ્યાં સુણતાં અમી રસાલ." ૩

(જૂઓ પૃ. ૧૦૧)

ઉપરની પાંચ તીર્થમાળાઓમાં પૂર્વદેશનાં તીર્થોનું વર્ણન કરવામાં આવ્યું છે. આ તીર્થમાળાઓમાં મુખ્ય મુખ્ય જે જે તીર્થોનું, ખાસ કરીને **કલ્યાણકો**નું વર્ણન કરવામાં આવ્યું છે, તેમ ખાસ ખાસ જાણવા જેવી જે જે હકીકતોનો ઉલ્લેખ તેમાં કરેલો છે, તેનો પરસ્પર મુકાબલો કરી જોઈએ. આ મુકાબલો કરવા પહેલાં એક વાત કહી દેવી જરૂરની છે અને તે એ છે કે—

પં૦ વિજયસાગરે પોતાની '**સમ્મેતશિખર-તીર્થમાળા**' માં પ્રારંભની ત્રીજી કડીમાં જણાવ્યું છે કે—"**આગરાના** દેશસરમાં **હીર**વિજયસૂરિએ સં. ૧૬૪૮ માં પ્રતિષ્ઠા કરી હતી." પરન્તુ તે ઠીક નથી. **પં૦ સૌભાગ્ય**વિજયજીએ જણાવ્યું છે:—

" અધિક પ્રતાપિ **આગરે** સોહે શ્રીચિંતામણી જનમન મોહે. "
સંવત **સોલસે ઓગણચાલીસઇ** શ્રીગુરૂ હીરવિજઇ સુજગિસઇ." ૬

અર્થાત્–**પં૦ સૌભાગ્યવિજયજી**ના કથન પ્રમાણે અહિં સં. ૧૬૩૯ માં ચિંતામણિ પાર્શ્વનાથની પ્રતિષ્ઠા **હીરવિજયસૂરિએ** કરી હતી અને આ કથન ઠીક છે. કારણ કે **હીરવિજયસૂરિ** સં. ૧૬૩૯ માં **આગરે** પધાર્યા હતા અને તે તરફ ચાર ચોમાસાં કરી–એટલે સં. ૧૬૪૩ સુધી રહી પાછા ગુજરાતમાં પધાર્યા હતા. મતલબ કે સં. ૧૬૪૮ માં તો તેઓ **આગરે** હતાજ નહિં. આથી જણાય છે કે–સંવત્ લખવામાં ભૂલ થયેલી છે.

ઉપર્યુક્ત પાંચે તીર્થમાળાઓમાં પૂર્વદેશનાં મુખ્ય જે જે તીર્થોનાં નામો છે તે આ છે:–**મઉગામ, કોસંબી, પ્રયાગ, કાશી, બનારસ, સિંહપુરી, ચંદ્રાવતી, પટણા, બિહાર, પાવાપુરી, ગુણાયા, સમ્મેતશિખર, ઋજુવાલુકા, જંભીગ્રામ, રાજગૃહી–રાજગૃહીના પાંચ પહાડો, નાલંદાપાડો, વડગામ, વાણિજગામ, ક્ષત્રિયકુંડ, બ્રાહ્મણકુંડ, કાકંદી, ચંપા** (ભાગલપુર) **મંદારગિરિ, મિથિલા, ભદ્દીલપુર** (દંતારા), **અયોધ્યા, રતનપુરી, સાવત્થી, કંપિલા, સૌરીપુર, હસ્તિનાપુર, અહિછત્તા** અને **મથુરા** વિગેરે.

ઓછી વત્તી સંખ્યામાં આ તીર્થોનાં નામો ઉપર્યુક્ત તીર્થમાળાઓમાં આવી જાય છે. ઉપરનાં તીર્થોનાં વર્ણનોમાં કઈ કઈ તીર્થમાળાઓમાં કેટલો કેટલો ફરક આવે છે અથવા તેના સંબંધમાં કોણે વિશેષ શું લખ્યું છે, તેનું નિરીક્ષણ કરવા સાથ વર્ત્તમાનમાં તેની શી સ્થિતિ છે, તે પણ તપાસીએ.

સૌથી પહેલાં આપણે—

મઉગામ-કોશાંબી[1]—

નું વર્ણન તપાસીએ. કોશાંબીનું નામ ઉપરની પાંચ તીર્થમાળાઓ પૈકી પ્રથમની ચાર તીર્થમાળાઓમાં આવે છે. **પં૦ વિજ-**

---

૧ કવિઓના કથન પ્રમાણે મઉ ગામના નિશ્ચય ઉપરજ કોશાંબીનો આધાર રહે છે 'મઉ' નામનાં અનેક ગામો છે, એક ઇંદોર સ્ટેટમાં મઉની

યસાગરે **સાહજાદાપુરથી** ત્રણ ગાઉ **મઉગામ** અને ત્યાંથી નવકોસ **કોશાંબી** બતાવેલ છે. આવીજ રીતે **પં૦** જયવિજયે અને **પં૦ સૌભાગ્યવિજયે** પણ બતાવેલ છે. જ્યારે **પં૦** હંસસોમે

છાવણી કહેવાય છે તે, બીજુ **બાંદા** જીલ્લામાં **મઉ** નામની તહસીલ છે તે, ત્રીજું **શાહઝાદપુરથી** દક્ષિણમાં લગભગ ૬ માઇલ ઉપર આવેલ **સાલક મઉ** (Salak mau) નામનું ન્હાનું ગામડું છે તે. ચોથું **આજમગઢ**જીલ્લાની **મહમ્મદાબાદ** તહસીલમાં છે તે અને પાંચમું **મઉ** અઇમામ, જે **અલાહાબાદ** જીલ્લાની **સોરાઉન** તહસીલમાં છે. તે વિગેરે. કવિયોએ જે **મઉ**નો ઉલ્લેખ કર્યો છે, તે **મઉ, સાલક મઉ** (Salak mau) છે. કારણ કે આજ **મઉ** કવિઓના **કથન** પ્રમાણે **શાહજાદપુરથી** દક્ષિણમાં છ માઇલ થાય છે. આ **મઉથી કોશાંબી** નવ કોસ હોવાનું કવિયો જણાવે છે. જો આ કથન સત્ય માનીએ તો **અલાહાબાદ** જીલ્લાના **માંનજહાનપુર** તહસીલમાં જમના નદીના કાંઠે **કોસમ ઇનામ** અને **કોસમ ખીરાજ** (Kosam inam અને Kosam Khiraj) નામનાં બે ગામો છે—જે **અલાહાબાદથી** લગભગ ૨૦ ગાઉ થાય છે તેજ કોશાંબી હોવી જોઇએ. કવિયો તેટલુંજ આંતરૂં બતાવે છે. આ બન્ને ગામો નજીક નજીક છે. સંભવ છે કે પાછળથી આ એકજ ગામ બે વિભાગમાં વ્હેંચાઇ ગયું હોય. આ ગામની પાસેજ પશ્ચિમમાં **પભોસા** (Pabhosa) નામનું ગામ છે, જ્યાં પ્રાચીન કિલ્લો પણ છે. તેમ તે **જમના**ને કિનારે છે. **પં૦ વિજયસાગરે** જૂની કોશાંબીનો ઉલ્લેખ કરી અહિં કિલ્લો હોવાનું જણાવ્યું છે.

"ઉત્પતિ સુણિઇ પુરૂષ બહુની પદ્મપ્રભુ જિન જનમ ધૂની,
તે કોશંબી જૂની તએો. જ. ૧૨
જિનહર દો ઇહાં વંદીજઇ ખમણાવસહી ખિજમતિ કીજઇ;
ગઢ ઉત્પત્તિ સુણીજઇ તએો." જ. ૧૩

આવીજ રીતે **જિનપ્રભસૂરિએ કોશાંબીકલ્પ**માં કોશાંબીનાં જે જે લક્ષણો બતાવ્યાં છે, તે ઉપરનાંજ લક્ષણોને મળતાં આવે છે. આ કલ્પમાં તેમણે કહ્યું છે:—

"जत्थ य उज्जेणीओ पुरिसकरपरंपराणीयइट्टयाहिं पज्जोयरण्णा मियावईअज्झोववण्णेण दुग्गं कारियं, अज्ज वि चिट्ठइ × × × × × **जत्थ कालिंदीजललहरीआलिंगिज्जमाणाणि वणाणि।"**

ચંદેરીથી સો કોસ **કૌશાંબી** બતાવી **મઉગામનું** નામ આપ્યું નથી. ઉપર્યુક્ત કવિઓ **મઉગામમાં મૃગાવતીને કેવલજ્ઞાન** થયાનું

આમાં બતાવેલ દુર્ગ અને **જમના** આ બન્ને ચિહ્નો ઉપર્યુક્ત કૌશાંબીને ઉપયુક્ત થઇ પડે છે. આથી પણ એક વધારે જૂનું પ્રમાણ મળે છે. **विशेषावश्यभाष्य-टीका सहित** ના પૃ. ૪૯૫ માં લખ્યું છેઃ—

" अत्रैव भरतक्षत्रे यमुनानदीकूले पूर्वदिग्वधूकण्ठनिवेशितमुक्ताफलकण्ठिकेव कौशाम्बी नाम नगरी।"

આમાં પણ **કૌશાંબી જમના** નદીના કાંઠે બતાવવામાં આવી છે.

આ બધાં પ્રમાણો ઉપરથી એ નિશ્ચય ઉપર આવવું લગારે શંકા ભરેલું નથી કે—અત્યારે જે ગામને **કોસમ ઈનામ** અને **કોસમ ખીરાજ** કહેવામાં આવે છે, એજ પ્રાચીન **કૌશાંબી** નગરી છે.

કૌશાંબીના રાજા **ઉદયનને** ઉજ્જૈનનો રાજા **ચંડપ્રદ્યોત ઉજ્જૈન** પકડી ગયેલ; ત્યાંથી છૂટો થઇને ઉદયન રાજા પાછો કૌશાંબી આવેલ, આ પ્રસંગના વર્ણનમાં ત્રિશષ્ટિ શલાકાપુરૂષ ચરિત્રાન્તર્ગત **મહાવીર ચરિત્ર** (૧૦માપર્વ) ૧૧ મા સર્ગમાં કહેવામાં આવ્યું છે કે—

' योजनानां शतं गत्वा कौशाम्बीं प्रविवेश सः ' २९८

આમાં ઉજ્જૈનથી કૌશાંબી સો યોજન એટલે ચારસો માઇલ હોવાનું જણાવ્યું છે. અત્યારે ટ્રીગ્નોમેટ્રીકલસર્વેના નકશામાં ઉજ્જૈનથી આજ કોસમ ચારસો માઇલ થાય છે.

પ્રસિદ્ધ યાત્રી **ફાહીયાને કૌશાંબીનું** કેટલુંક વર્ણન કર્યું છે. તેણે પણ આજ **કોસમખીરાજ** અને **કોસમઇનામને કૌશાંબી** તરીકે બતાવી છે. તેણે ઉપર બતાવેલ **પભોસાનો** પણ ઉલ્લેખ કર્યો છે, ફાહિયાને આ કોસમનાં કેટલાંક સ્થાનો—સ્તૂપ અને ગોક્ષીર વિહારનો પણ ઉલ્લેખ કર્યો છે. આ સ્થાનો બૌદ્ધોનાં બતાવવામાં આવ્યાં છે. વિદ્વાનોનો મત છે કે—ફાહિયાને આ વર્ણન નજરે જોઇને નથી કર્યું, પરન્તુ **સારનાથમાં** કેટલાક બૌદ્ધ સાધુઓના કથન પ્રમાણે લખ્યું છે.

આવીજ રીતે બીજા પણ અનેક પાશ્ચાત્ય વિદ્વાનોએ આ પ્રાચીન નગરી **કૌશાંબી** સંબંધી ઉહાપોહ કર્યો છે. જો કે તેમાં કેટલાકે **રીવાં** સ્ટેટમાં **રીવાં** શહેરથી પૂર્વમાં ૧૨ માઇલ ઉપર આવેલ ગૂર્ગી (Gurgi) ગામને કૌશાંબી તરીકે બતાવ્યું છે, પરન્તુ વિદ્વાનોનો મ્હોટો ભાગ આજ **કોસમને** કૌશાંબી તરીકે બતાવ્યું છે અને તેજ વધારે પ્રામાણિક જણાય છે.

જણાવે છે, પરન્તુ વસ્તુતઃ તે ઠીક નથી. મૃગાવતીને કેવળજ્ઞાન કોશાંબી નગરીમાં થયું હતું, એ સુપ્રસિદ્ધ વાત છે. જિનપ્રભસૂરિ, 'કૌશાંબી કલ્પ' માં પણ મૃગાવતીને કેવળજ્ઞાન કૌશાંબીમાંજ થયાનું જણાવે છે, એ બનવા જોગ છે કે–તે વખતની કૌશાંબી નગરીનો એક ભાગ આ મઉગામ પણ હોય. કારણ કે–મઉગામ અને કૌશાંબીની વચમાં માત્ર નવકોસનું અંતર બતાવવામાં આવે છે અથવા એક એવી પણ કલ્પના થઈ શકે કે–પાછલના કોઈ સમયે કૌશાંબીમાંથી પગલાં ઉપાડીને મઉમાં સ્થાપન કર્યાં હોય અને તે ઉપરથી કેટલાકોને એમ કહેવાનું કારણ મળ્યું હોય કે અહિં (મઉમાં) મૃગાવતીને કેવલજ્ઞાન થયું હતું, પરન્તુ આ કિલષ્ટ કલ્પના કરતાં પ્રથમની કલ્પના વધારે ઉપયુક્ત સમજાય છે.

પં૦ વિજયસાગરે મઉ ગામમાં એક મંદિર અને પંદર પ્રતિમાઓ તથા કૌશાંબીમાં બે મંદિરો હોવાનું જણાવ્યું છે. પં૦ હંસસોમે કૌશાંબીમાં ૬૪ જિનબિંબો બતાવ્યાં છે (મંદિરોની સંખ્યા આપી નથી), જયવિજયે કેવળ કૌશાંબીમાં બે મંદિરો હોવાનું જણાવ્યું છે, જ્યારે સૌભાગ્યવિજયજી મઉમાં પહેલાં બે મંદિરો હતાં, પણ હાલમાં માત્ર સ્થાનજ છે એમ જણાવે છે અને કૌશાંબીમાં એક જીર્ણ મંદિર હોવાનું કહે છે. જિનપ્રભસૂરિના સમયમાં અહિં પદ્મપ્રભુનું મંદિર હતું અને તેમાં 'મહાવીર સ્વામિને પારણું કરાવી રહી છે એવા ભાવને બતાવનારી' ચંદનબાલાની મૂર્ત્તિ હોવાનું 'કૌશાંબીકલ્પ' ના આ વાક્યથી જણાય છેઃ—

"जत्थ य पउमप्पहचेईए पारणाकारावणदसाभिसंधिघडिया चंदणबालामुत्ती दीसइ।"

તીર્થમાળાઓમાં આ કૌશાંબી નગરીને પ્રયાગથી વીશકોશ બતાવવામાં આવે છે. વસ્તુતઃ તે પ્રયાગથી દક્ષિણ–પશ્ચિમમાં ૩૮ માઇલ છે. આની નજીકનું તીર્થ

પ્રયાગ[1]

જેનું પ્રસિદ્ધ નામ અલાહાબાદ છે અને જેને પ્રાચીન ગ્રંથોમાં **પુરિમતાલ**ના નામથી ઓળખાવેલ છે, તેનો પણ ઉલ્લેખ પાંચે તીર્થમાળાઓમાં જોવામાં આવે છે. આ તીર્થની ખાસ એક હકીકત ઉલ્લેખનીય છે અને તે એ કે—પં૦ હંસસોમે અહિંના **અક્ષયવડની** નીચે જિનેશ્વરનાં **પગલાંની** યાત્રા કર્યાનું જણાવ્યું છે, જ્યારે **શીલવિજયજીને** છોડીને બીજા કવિયોએ **પગલાંના** સ્થાનમાં **શિવલિંગ** જોયેલું છે. અહિં જિનપાદુકાના સ્થાનમાં શિવલિંગની સ્થાપના કોણે અને ક્યારે કરી? એ સંબંધી પં૦ વિજયસાગર જણાવે છે:—

> "સંવત સોલેડયાલ લાડમિથ્યાતીઅ;
> **રાયકલ્યાણ** કુબુદ્ધિ હુઓ એ. ૨
> તિણિ કીધો અન્યાય શિવલિંગ થાપીઅ;
> ઉથાપી જિનપાદુકાએ." (પૃ–૩)

આજ વાતને પં૦ સૌભાગ્યવિજયજી પણ ટેકો આપે છે.

---

૧ આ પ્રયાગને તીર્થ તરીકે માનવાનાં જે કારણો કવિયોએ બતાવ્યાં છે, તેમાં મતભેદ પડે છે. પં૦ હંસસોમ, અહિં આદિનાથ પ્રભુએ દીક્ષા લીધાનું જણાવે છે, પં૦ જયવિજય, અહિં 'આદિનાથ પ્રભુ સમોસર્યા' એમ જણાવે છે, પં૦ સૌભાગ્યવિજય, અહિં આદિનાથ પ્રભુએ પારણું કર્યાનું જણાવે છે; જ્યારે પં૦ શીલવિજયજી પણ આદિનાથે અહિં વરશીતપ પૂરો કર્યાનું કહે છે.

કવિયોએ બતાવેલાં ઉપર્યુક્ત કારણોમાં પં૦ જયવિજયજીએ બતાવેલા કારણને છોડી બાકીનાં કારણો ઠીક નથી. કારણકે આદિનાથ પ્રભુની દીક્ષા થઇ છે અયોધ્યામાં અશોકવૃક્ષની નીચે અને આદિનાથ પ્રભુએ પારણું કર્યું છે હસ્તિનાપુરમાં. આદિનાથ પ્રભુના ચરિત્ર ઉપરથી સ્પષ્ટ જોવાય છે કે—આદિનાથપ્રભુને અહિં (પુરિમતાલ–હાલના પ્રયાગમાં) વટવૃક્ષની નીચે કેવળજ્ઞાન થયું હતું અને આજ કારણથી આ નગર જૈનતીર્થ તરીકે મનાતું આવ્યું છે, તેમ આજ કારણથી અક્ષયવડની નીચે પ્રભુનાં પગલાં પણ વિદ્યમાન હતાં.

"સંવત સોલ અડતાલિસે રે અકબ્બર કેરે રાજ;
રાયકલ્યાણ કુબુદ્ધિઈં રે તિહાં થાપ્યા શિવસાજ રે સ-૧૧(પૃ-૭૭)

આવીજ રીતે **પં૦ જયવિજય** પણ કહે છેઃ—

" **રાયકલ્યાણ** મિથ્યામતી એ કીધઉ તેણુઇ અન્યાય તઉ;
જિનપગલાં ઊઠાડીયાં એ થાપા રૂદ્ર તેણુ ઠાય તઉ—૧૧ (પૃ. ૨૪)

આ ઉપરથી એ તો સ્પષ્ટ જણાય છે કે—આ સ્થળે પ્રથમ જિનેશ્વરનાં પગલાં હતાં, પરન્તુ પાછળથી સં. ૧૬૪૮માં **જૈનોના** દ્વેષી **રાયકલ્યાણ** [1] કે જેને **લાડવાણિયો** બતાવવામાં આવે છે, તેણે આ પગલાંને ઉત્થાપી શિવલિંગ સ્થાપન કર્યું હતું. આ શિવલિંગનો પણ પાછળથી **ઔરંગજેબે** નાશ કર્યો હતો. હવે આપણે—

કાશી—બનારસ.

નું વર્ણન તપાસીએ. **કાશીમાં સુપાર્શ્વનાથ** અને **પાર્શ્વનાથનાં** ચાર ચાર કલ્યાણક થયેલાં, એના લીધે **કાશી** જૈનોનું પવિત્ર તીર્થ મનાય છે. **પં૦ વિજયસાગરે** અહિં ગંગાતટે ત્રણ મંદિરો હોવાનું જણાવ્યું છે. **પં૦ હંસસોમે** અહિં કેટલાં મંદિર હતાં, એ જણાવ્યું નથી, પરન્તુ **પાર્શ્વનાથ** અને **સુપાર્શ્વનાથનાં** અતિ રમ્ય સ્તૂપોની વંદણા કરી, એમ જણાવે છે. આ કવિ **"હવઇ દેષીજઇ જૂની કાસી આસસેણરાઇ જે વાસી"** એમ કહીને **નવીકાશી** અને **જૂનીકાશીનો** ભેદ બતાવે છે. અને આ **જૂની કાશીમાં** પા-

---

૧ આ તે **રાયકલ્યાણ** લાગે છે કે જેણે એક વખતે **ખંભાતમાં** જૈનોને ઘણી તકલીફ આપી હતી. જેના લીધે **અકબ્બર** સુધી તે ફરિયાદ ગઇ હતી, અને **અકબ્બરે**, તે વખતના **અમદાવાદના** હાકેમ **મિર્ઝાખાન** ઉપર તે રાયકલ્યાણને શિક્ષા કરવા હુકમ લખ્યો હતો, '**અકબ્બરનામા**' ના ત્રીજા ભાગના અંગ્રેજી અનુવાદના પે. ૬૮૩ માં, તથા **બદાઉનીના** બીજા ભાગના અંગ્રેજી અનુવાદના પે. ૨૪૯ માં આ **રાયકલ્યાણનો** ઉલ્લેખ જોવાય છે. તેમાં પણ આને વાણિયો બતાવ્યો છે. રાયકલ્યાણે કરેલા ઉપર્યુક્ત ઉપદ્રવનું વિસ્તૃત વર્ણન **સૂરીશ્વર અને સમ્રાટ્** ના પૃ. ૨૨૮ થી ૨૩૧ સુધી આપવામાં આવેલું છે.

ર્શ્વનાથ અને સુપાર્શ્વનાથના સ્તૂપ હોવાનું કહે છે. **પં૦ જયવિજય** અહિં બે મંદિર હોવાનું જણાવે છે. જેમાં **પાર્શ્વનાથ**ના મંદિરમાં ચોમુખજી અને પગલાં બતાવે છે, **પં૦ સૌભાગ્યવિજય** અને **પં૦ શીલવિજય** ઉપરનાં મંદિરો પૈકી એક મંદિર હોવાનું જણાવે છે. **પં૦ સૌભાગ્યવિજય ભેલુપુર**માં ભાટોનાં ઘરો હોવાનું જણાવે છે. અત્યારે પણ **ભેલુપુર**માં **પાર્શ્વનાથ**નું મંદિર છે, અને એક બે **ભાટો**નાં ઘરો છે.

શ્રીજિનપ્રભસૂરિ **काशीतीर्थकल्प**માં કાશીના ચાર વિભાગ કરી બતાવે છે. તે આ પ્રમાણે—

" देववाराणसी, यत्र विश्वनाथप्रासादस्तन्मध्ये चाश्मनं जैनं चतुर्विंशतिपट्टं पूजारूढमद्यापि विद्यते । द्वितीया राजधानी वाराणसी, यत्राद्यत्वे यवनाः । तृतीया मदनवाराणसी[1] । चतुर्थी विजयवाराणसी "

જિનપ્રભસૂરિ જેને દેવ વારાણસી કહે છે, ત્યાં વિશ્વનાથના મંદિરમાં ચોવીસ તીર્થંકરનો એક પાષાણનો **પટ્ટ** તેમના સમયસુધી વિદ્યમાન હોવાનું જણાવે છે. તેઓ એક સ્થળે એમ પણ લખે છે કે—

" वाराणस्यां विश्वेश्वरमध्ये श्रीचंद्रप्रभः । "

આ ઉપરથી એમ પણ જણાય છે કે-વિશ્વેશ્વરના મંદિરમાં **ચંદ્રપ્રભુ**ની પણ મૂર્ત્તિ હશે, તેઓ **પાર્શ્વનાથ**ના મંદિરનો પરિચય આપતાં કથે છે:—

" अन्तर्वणं दन्तखातं तडागं निकषा श्रीपार्श्वनाथस्य चैत्यमनेकप्रतिमाविभूषितमास्ते । "

આ **દન્તખાત** તળાવ કયું, તે અત્યારે કહી શકાય નહિં,

---

૧ અત્યારે કાશીમાં જે સ્થાન '**મદનપુરા**' ના નામથી ઓળખાય છે, એજ કદાચ તે વખતે '**મદનવારાણસી**' હોય.

પરન્તુ સંભવ છે કે–આ મંદિર ભેલુપુરનું મંદિર હોય. કારણ કે–ભેલુપુરની નજીકજ સઘનવન હતું. જો કે–અત્યારે તો ત્યાં પણ ઘણાંખરાં મકાનો બની ગયાં છે.

ભેલુપુર અને ભદૈની સિવાય શહેરમાં પણ અત્યારે બીજાં ૮ મંદિરો છે.

ઉપરની તીર્થમાળાઓમાં આપેલ કાશીના વર્ણનમાં ખાસ એક વાત વધુ ધ્યાન ખેંચે તેવી છે. પં૦ વિજયસાગરે લખ્યું છે—

'કાસીવાસી કાગ મૂઉઇ મુગતિ લહઇ
મગધિ મૂઓ નર ખર હુઇ એ;
તીરથવાસી એમ અસમંજસ ભાષુઇં
જૈનતણા નિંદક ઘણા એ.' ૬ (પૃ. ૪)

આજ વાત પં૦ સૌભાગ્યવિજયજીએ પણ ઉલ્લેખી છે. આ ઉપરથી જણાય છે કે–જે કહેવત અત્યારે કાશીમાં બોલાય છે, તે તે વખતે એટલે સત્તરમી અને અઢારમી શતાબ્દિમાં પણ ચાલતી હતી. 'મગધમાં મરે તે ગધેડો થાય' આ કહેતી જૈનો ઉપરના દ્વેષનુંજ પરિણામ હતું. જે વખતે કાશીમાં બ્રાહ્મણોનું જોર હતું, તે વખતે મગધદેશમાં જૈનોનું સામ્રાજ્ય હતું. મગધદેશનાં બ્રાહ્મણકુટુંબો પણ જૈનધર્મ પાળતાં હતાં. આ કારણેજ બ્રાહ્મણોએ એ કહેવત પ્રચલિત કરી કે–'મગધમાં મરે તે ગધડો થાય છે.' કાશીમાં શ્રીમતી યશોવિજય જૈન પાઠશાળાના સ્થાપન થયા પછી જૈનો પ્રત્યેના આ દ્વેષમાં કેટલો બધો ઘટાડો થયો છે, એ ત્યાં જઈને અનુભવ કરનારને જણાયા સિવાય રહેતું નથી. બનારસની પાસેજ

સિંહપુરી અને ચંદ્રાવતી.

નામનાં બે તીર્થો છે. આ તીર્થો અનુક્રમે શ્રેયાંસનાથ અને ચંદ્રપ્રભુનાં ચાર કલ્યાણકોના લીધે તીર્થ તરીકે મનાય છે.

સિંહપૂરીના સંબંધમાં પં૦ વિજયસાગરનો ઉલ્લેખ ખાસ વિચારણીય છે. તેમણે લખ્યું છે:—

"ગંગાતટિ દ્રહેઠિ સીહપુરિ ત્રિણ્યુ કોસ,
જનમ શ્રેયાંસનો એ;
નવા જીર્ણ દોઇ ચૈત્ય પ્રતિમા પાદુકા
સેવઇ સીહ સમીપથી એ." ૮ (પૃ. ૪)

આમાં વૃક્ષની નીચે જૈનમંદિર હોવાનું જણાવ્યું છે. હાલ તે પ્રમાણે નથી. હાલ ગામથી થોડે દૂર જંગલમાં શ્વેતામ્બરોનું મંદિર છે. ધર્મશાળા પણ છે. આની ચારે બાજૂએ જંગલ આવેલું હોવાથી આ સ્થાન ઘણુંજ રમણીય લાગે છે. આ મંદિર અને ધર્મશાળા નવાં છે. કવિના ઉપર્યુક્ત કથનમાં '**સેવઇ સીહ સમીપથી એ**' આ વાક્ય વિચારણીય છે. બનારસની મુલાકાત લેનારાઓએ **સારનાથ**ની મુલાકાત જરૂર લીધી હશે. અહિં બહુ પ્રાચીન બૌદ્ધોનો એક સ્તૂપ[૧] છે, જે ૯૦ ફૂટ ઉંચો અને ૩૦૦ ફૂટના ઘેરાવાવાળો છે. અહિંની જમીનનું ખોદકામ થતાં પ્રાચીન બૌદ્ધ મૂર્ત્તિયો અને બીજી કેટલીક જૂની વસ્તુઓ જમીનમાંથી નિકળી છે. આ નિકળેલી વસ્તુઓમાં એક મ્હોટો ચતુર્મુખ સિંહ–પત્થરનો સિંહ કે જે પત્થરના થાંભલા ઉપર છે, તે પણ દર્શકોનું ચિત્ત આકર્ષી રહ્યો છે. સંભવ છે કે–આ સિંહ પ્રસ્તુત કવિના સમયમાં જમીનની અંદર નહિં, પરન્તુ બહાર હોય અને તેથી કવિ 'સમીપમાં રહેલો સિંહ ભગવાનની સેવા કરી રહ્યો છે.' એવા અલંકારમાં વિહર્યા હોય.

ચંદ્રાવતી તીર્થ અહિંથી–**સિંહપુરી**થી ચાર ગાઉ અને **બનારસ**થી સાત ગાઉ થાય છે.

પં૦ વિજયસાગર આને માટે લખે છે:—

"ચંદ્રપુરિ ચ્યાર કોશ ચંદ્રપ્રભ જનમ
ચંદનઇં ચરચિઉં ચઓત્તરૂં એ;
પૂજું પગલાં ફૂલિં **ચંદ્રમાધવ** હવડાં
પ્રથમ ગુણઠાણીઆ એ." ૯ (પૃ. ૪)

---

૧ આ સ્તૂપનો ઉલ્લેખ જિનપ્રભસૂરિએ કાશીકલ્પમાં આ પ્રમાણે કર્યો છે:—

"**अस्या: क्रोशत्रितये धर्मेक्षा नाम सन्निवेशो, यत्र बोधिसत्त्वस्योच्चैस्तरशिखरचुम्बितगगनमायतनम्**"।

આવીજ રીતે પં૦ સૌભાગ્યવિજયજીએ પણ ચંદ્રમાધવ નામ આપ્યું છે. આ ઉપરથી જણાય છે કે–જે પગલાં ચંદ્રપ્રભસ્વામિનાં હતાં, તે પગલાંને આ કવિઓના સમયમાં 'ચંદ્રમાધવનાં પગલાં' ના નામથી ઓળખાતા હશે.

કાશી છોડ્યા પછી આગળનાં તીર્થોની શરૂઆત

[1]પાટલીપુત્ર.

થી થાય છે. આ એક ઇતિહાસ પ્રસિદ્ધ નગર છે. અહિં અનેક ઐતિહાસિક ઘટનાઓ બનેલી છે. ઉપરની તીર્થમાળાઓ પૈકી પં૦ વિજયસાગરે, પં૦ જયવિજયે અને પં૦ સૌભાગ્યવિજયે પોતપોતાની તીર્થમળાઓમાં અહિંની ઐતિહાસિક ઘટનાઓનું વર્ણન સારૂં કર્યું છે. અહિં દેરાસરોમાં બે દેરાસરો ગામમાં અને એક બેગમપુરામાં, જેને પં૦ વિજયસાગર 'ખમણાવસહી' ના નામથી ઓળખાવે છે, એમ ત્રણ હતાં. અહિંના અનેક દર્શનીય સ્થાનોમાં હીરવિજયસૂરિનો સ્તૂપ, જેના ઉપર 'પગલાં' હોવાનું પં૦ સૌભાગ્યવિજયજી જણાવે છે, તે પણ એક છે.

આ પાટલીપુત્ર (પટણા) ને પહેલાં કુસુમપુર પણ કહેતા. શ્રીજિનપ્રભસૂરિ 'પાટલીપુત્રકલ્પ' માં કહે છે કે:—

"असमकुसुमबहुलतया च कुसुमपुरमित्यपि रूढम्"

પટણાથી પૂર્વ–દક્ષિણમાં લગભગ ૧૫–૧૬ ગાઉ ઉપર

બિહાર.

નગર છે. પં૦ વિજયસાગરે અને પં૦ જયવિજયે અહિં ત્રણ મંદિરો હોવાનું જણાવ્યું છે. અત્યારે અહિં ચાર મંદિરો છે. ખાસ કરીને આ નગરી માટે આ કવિઓએ એક વાત જાણવા જેવી જણાવી છે. તે એ કે–પ્રાચીન નગરીઓમાં જેને તુંગિયા નગરી

---

૧ પાટલીપુત્ર, કે જેનું અત્યારે પ્રસિદ્ધ નામ પટણા છે, તેની ઉત્પત્તિ અને ત્યાં બનેલા બનાવો સંબંધીનું વર્ણન જિનપ્રભસૂરિએ 'પાટલીપુત્રકલ્પ' માં બહુ વિસ્તારથી કર્યું છે. ત્યાંથી જોવાની ભલામણ કરવામાં આવે છે.

કહેવામાં આવે છે, તે આ બિહારજ છે. આ બિહારથી બે ગાઉ ઉપર '**તુંગી**' નામનું ગામ છે, સંભવ છે આ 'તુંગી' એજ પ્રાચીન 'તુંગિયાનગરી' હોય અને તેટલા માટે આ બિહારનો પણ 'તુંગિયાનગરી' તરીકે ઉલ્લેખ આ કવિયોએ કર્યો હોય. આ સિવાય આ નગરીને '**તુંગિયાનગરી**' કહેવાનું બીજું કંઈ પ્રમાણ મળતું નથી.

બિહારથી દક્ષિણમાં ત્રણ ગાઉ ઉપર—

પાવાપુરી.

છે. **મહાવીર** નિર્વાણથી પવિત્ર બનેલું આ પવિત્ર સ્થાન છે. જો કે આ ગામનું નામ તો **પુરીજ** છે, પરન્તુ આની પાસેજ એક **પાવા** નામનું બીજું ગામ હોવાથી આની પ્રસિદ્ધિ **પાવાપુરી** ના નામથી અત્યારે પણ છે.

ઉપર્યુક્ત તીર્થમાળાઓમાં આ તીર્થને માટે ખાસ કંઈ વિશેષ વાત લખવામાં આવી નથી. દરેકે અહિંના વિશાળ સરોવરસ્થ મંદિરનું વર્ણન કર્યું છે. હા, **પં૦ સૌભાગ્યવિજયજીએ** બે બાબતો ખાસ ધ્યાન ખેંચનારી કહી છે. તેમણે ઉલ્લેખ્યું છે:-

" કમલ સરોવર વીચ છે ચિ૦ જીવયોનિની રાસ; જી૦
પિણ કોઇ વધ નવિ કરે ચિ૦ અમરદેવની ભાસ. " જી૦ ૯ (પૃ. ૯૨)

આ પવિત્ર સ્થાનનાં જેણે દર્શન કર્યાં હશે તેને ખબર હશે કે–અત્યારે પણ આ સરોવરમાં અસંખ્ય જીવો કલ્લોલ કરી રહ્યાં છે, પરન્તુ તે જીવોને લોકો તરફનો લગારે ત્રાસ નથી, તેમ તે જીવો–સર્પાદિ જીવો–લોકોને પણ લગારે ત્રાસ આપતા નથી.

આ **પાવાપુરી**માં પ્રતિવર્ષ દીવાળી ઉપર એક મ્હોટો મેળો ભરાય છે. ૪–૫ દિવસ આ મેળો રહે છે. દીવાળીના દિવસે રાત્રે તો આખી રાત લોકો જાગરણ કરે છે અને પ્રભુનો નિર્વાણ સમય ઘણી ધૂમધામથી ઉજવે છે. કવિ **સૌભાગ્યવિજયજી**ના સમયમાં પણ આજ પ્રમાણે દીવાળી ઉપર મેળો ભરાતો અને મહોત્સવ થતો, એ તેમના નીચેના કથનથી જણાય છે:—

" દીપોત્સવ ઉપરિ ઘણા ચિ૦ આવેં શ્રાવક લોક; જી૦
મહોત્સવં મનમાન્યા કરેં ચિ૦ મુંકી સઘલો શોક. જી૦ ૧૦
પંચરાત્રિ નિવસેં સદા ચિ૦ નરનારીના વૃંદ; જી૦
દાનપુણ્ય પૂજા કરેં ચિ૦ જનમ સફલ કરેં નંદ. " જી૦ ૧૧ (પૃ. ૯૨)

આ પછી **મગધદેશની** નગરિયોમાં

રાજગૃહી

પણ ખાસ **તીર્થસ્થાન** છે. **રાજગૃહી** જેમ ઐતિહાસિક **પ્રસિદ્ધ** સ્થાન છે, તેમ તીર્થયાત્રા માટે મુખ્ય સ્થાન છે. અત્યારે આ ગામને રાજગિર (Rajgir) કહે છે. **બિહારથી** લગભગ દક્ષિણ-માં ૧૩–૧૪ માઈલ ઉપર આ ગામ છે. ઉપર્યુક્ત પાંચે તીર્થમા-ળાઓમાં રાજગૃહી અને તેના પાંચ પહાડોનું વર્ણન કર્યું છે. પાંચે તીર્થમાળાઓમાં પાંચ પહાડોનાં નામો આ પ્રમાણે આપ્યાં છે:— **વૈભારગિરિ, વિપુલગિરિ, ઉદયગિરિ, સુવર્ણગિરિ** અને **રત્નગિરિ.** આ પહાડો ઉપર અનેક જિનમંદિરો હોવાનું જુદી જુદી તીર્થ-માળાઓમાં જણાવ્યું છે. જેમ **પં૦** હંસસોમ, કે જેમણે સં. ૧૫૬૫ માં તીર્થમાળા બનાવી છે, તેમાં પાંચ પહાડો ઉપર આ પ્રમાણે મંદિરો અને સ્થાનો બતાવ્યાં છે:—

૧ વૈભારગિરિ ઉપર ચોવીસ દેરાસરો, અને તેમાં સાતસો જિનબિંબો, આગળ વધીને બીજા શિખર ઉપર અગિયાર ગણધ-રનાં પગલાં, **રોહણિયાની** ગુફા અને **ધન્નાશાલીભદ્રના** કાઉસગ્ગિયા.

૨ **વિપુલગિરિ** ઉપર છ મંદિર.

૩ ઉદયગિરિ ઉપર ચોમુખજી.

૪–૫ **સુવર્ણગિરિ** અને રત્નગિરિ ઉપર શું હતું, તે જણાવ્યું નથી. આ ઉપરાન્ત **ઘરેણાંનો કૂવો** અને **વીરપોશાલનું** સ્થાન વિગેરે પણ બતાવ્યું છે.

પં૦ વિજયસાગર કહે છે કે–**વીરપોશાલનો** એક પત્થર ૪૬ હાથ લાંબો છે. **પં૦ જયવિજયે વૈભારગિરિ** ઉપર ૨૫ દેરાસરોની સંખ્યા આપી છે. તે ઉપરાન્ત આ કવિએ નગરમાં એક દેરાસર

હોવાનું પણ જણાવ્યું છે. અત્યારે ગામમાં ત્રણ દેરાસરો છે:— **પાર્શ્વનાથનું, આદીશ્વરનું અને મુનિસુવ્રતસ્વામિનું.**

પં૦ સૌભાગ્યવિજય તો અહિં ઘણાં મંદિરો બતાવે છે:— **વૈભારગિરિ** ઉપર પર, **વિપુલગિરિ** ઉપર ૮, **રત્નગિરિ** ઉપર ૩, **સુવર્ણગિરિ** ઉપર ૧૬, ઉદયગિરિ ઉપર ૧ અને ગામમાં ૧ એમ મળી **૮૧ મંદિરોની** સંખ્યા આપે છે.

આ સિવાય દરેક કવિ અહિંના ગરમ પાણીના કુંડોનો પણ ઉલ્લેખ કરે છે. **ભ**ગવતીસૂત્રના બીજા શતકના પાંચમા ઉદ્દેશામાં પૃ. ૧૪૧ માં (આગમોદયસમિતિ તરફથી બહાર પડેલ) પણ આ કુંડોનું વર્ણન આવે છે, અત્યારે પણ આ કુંડો વિદ્યમાન છે.

ઉપર્યુક્ત પહાડો ઉપર જે મંદિરો બતાવ્યાં છે, તેમાં અત્યારે કેટલુંક પરિવર્ત્તન થઇ ગયું છે. અત્યારે **વૈભારગિરિ** ઉપર ૭, ઉદયગિરિ ઉપર ૨, વિપુલગિરિ ઉપર ૬, **સુવર્ણગિરિ** ઉપર ૨ અને **રત્નગિરિ** ઉપર ૨ મંદિરો છે. આ ઉપરાન્ત તે પહાડો ઉપર બીજાં મંદિરોનાં ખંડેરો પણ ઘણાં જોવાય છે.

આ **રાજગૃહી** અનેક નામોથી પ્રસિદ્ધ થઇ ચૂકી છે. **શ્રીજિનપ્રભસૂરિ વૈભારકલ્પ**માં કથે છે:—

> " **उपत्यकायामस्याद्रेर्भाति राजगृहं पुरम् ।**
> **क्षितिप्रतिष्ठादिनामान्यन्वभूद्यत्तदा तदा ॥ १३ ॥**
> **क्षितिप्रतिष्ठचणकपुरर्षभपुराभिधम् ।**
> **कुशाग्रपुरसंज्ञं च क्रमाद्राजगृहाह्वयम्** " ॥ १४ ॥

આ ઉપરથી તેનાં આ નામો જણાય છે:—ક્ષિતિપ્રતિષ્ઠ, **ચણકપુર, ઋષભપુર**, કુશાગ્રપુર અને રાજગૃહ.

મહાવીરનાં ચૌદ ચોમાસાંથી અને બૌદ્ધોના વિશ્વવિદ્યાલયથી પ્રસિદ્ધિ પામેલ '**નાલંદાનો પાડો**' પણ આ રાજગૃહીની નજીક જ છે. પ્રસ્તુત **તીર્થ**માળાઓમાં આ **નાલંદાપાડાનો** પણ ઉલ્લેખ જોવાય છે. આ બધી તીર્થમાળાઓમાં ' અત્યારે આ

સ્થાનને '**વડગામ**' કહેવામાં આવે છે.' એમ જણાવ્યું છે. અત્યારે પણ આને **વડગામ** (Burgaon) કહે છે. અને તે રાજગૃહીથી ઉત્તરમાં લગભગ સાત માઈલ ઉપર આવેલું છે. આ વડગામ (**નાલંદા** પાડા) માં પં૦ હંસસોમ પોતાના સમયમાં (સં. ૧૫૬૫ માં) સોલ મંદિર હોવાનું કથે છે:—

" સોલ પ્રાસાદ તિહાં અછઇ જિનબિંબ નમીજઇ. " (પૃ. ૧૭)

પં૦ વિજયસાગર અહિં બે મંદિરો હોવાનું જણાવે છે.

" બિહું દેહરે એકસો પ્રતિમા નવિ લહઇ ઓધની ગણિમા. " (પૃ. ૯)

પં૦ જયવિજય અહિં સત્તર મંદિર અને સત્તર પ્રતિમાઓ હોવાનું કહે છે—

" પ્રતિમા સતર સતર પ્રાસાદ એક એકસ્યું મંડઈ વાદ. " (પૃ. ૩૦)

જ્યારે પં૦ **સૌભાગ્યવિજયજી** કહે છે—

" એક પ્રાસાદ છે જિનતણો ચિ૦ એકથૂભ ગામમાંહિ; જી૦
અવર પ્રાસાદ છે જૂના જિકે ચિ૦ પ્રતિમામાંહિ નાંહિ. જી૦ ૨ (પૃ. ૯૧)

આ **નાલંદાપાડા** (વડગામ) ના વર્ણનમાં પ્રસ્તુત તીર્થમાળાઓનો એક શબ્દ બહુ વિચારણીય છે. જુદા જુદા કવિઓના શબ્દો આમ છે.

" ગોયમ ગુરૂ પુગલાં ઠામિ પ્રગટી મુની **પાત્રાની** ખાણિ;
તસ પાસઇ **વાણિજગામ**[1] આણંદોપાસક ઠામ. " ૨૫ (પૃ. ૯)

પં૦ વિજયસાગર.

---

૧ આ **વાણિજગામ નાલંદાની** પાસે કહેવામાં આવ્યું છે, તે ઠીક નથી. વાણિજગામ, એતો **વૈશાલી** નગરીની પાસે હોવું જોઇએ; કારણકે '**कल्पसूत्र**' ની સુબોધિકાના પૃ. ૧૮૮ માં ભગવાને કરેલાં ચાતુર્માસ ગણાવવામાં આવ્યાં છે, ત્યાં **વૈશાલી** અને **વાણિજગામની** નિશ્રાએ ભગવાને ૧૨ ચોમાસાં કર્યાનું જણાવ્યું છે:—"**वेसालिं णगरिं वाणियगामं च णीसाए दुवालस अंतरावासे वासावासं उवागए**"। અતએવ વૈશાલી અને વાણિજગામ બન્ને નજીક હોવાં જોઇએ. અને વૈશાલી તો અહિંથી લગભગ સાઠ માઇલ ઉત્તરમાં આવેલી છે.

"કલ્યાણુક થૂભ પાસઇં અચ્છઇં એ મુનિવર **યાત્રાખાણિ.**" (પૃ. ૧૭)

—પં૦ હંસસોમ.

"દીસઇ તેહતણું અહિનાણ પુહવઇ પ્રગટી **યાત્રાષાણિ.**" (પૃ. ૩૦)

—પં૦ જયવિજય.

"ગૌતમ કેવલ તિહાં થયો ચિં૦ **યાત્રાષાણ વિચાર.**" (પૃ. ૯૨)

—પં૦ સૌભાગ્યવિજય.

ઉપરની ચાર તીર્થમાળાઓ પૈકી ત્રણમાં 'યાત્રાખાણ' શબ્દ છે, જ્યારે એકમાં 'પાત્રાખાણ' છે. સંભવ છે જૂનીપ્રતિના વાંચન ભ્રમથી 'ય' ને બદલે 'પ' વંચાયો હોય. હવે આ 'યાત્રાખાણ' તે શું ? શ્રીજિનપ્રભસૂરિએ વૈભારકલ્પ માં નાલંદાનું વર્ણન કરતાં કહ્યું છે—

श्रीगौतमस्यायतनं कल्याणस्तूपसन्निधौ ।
दृष्टमात्रमपि प्रीतिं पुष्णाति प्रणतात्मनाम् ॥ २८ ॥

આ શ્લોકની પ્રતિધ્વનિરૂપ ઉપરની લીટીઓ છે. આ શ્લોકના પૂર્વાર્ધમાં કહ્યું છે કે કલ્યાણકસ્તૂપની પાસે ગૌતમસ્વામિનું સ્થાન છે.

આ સિવાય બીજું પણ એક પ્રમાણ એ છે કે-ભગવાને વૈશાલીથી **વાણિજગામ** પ્રતિ વિહાર કર્યો, ત્યારે તેઓ **મંડિકિકા** (ગંડિકિકા) નદી ઉતર્યા છે. જે નદીને અત્યારે ગંડક કહે છે. જૂઓ **त्रिशष्टिशलाका पुरुष चरित्र,** ૧૦ મું પર્વ, ૪ સર્ગ, ૧૩૯ મો શ્લોક—

" ततः प्रतस्थे भगवान् ग्रामं वाणिजकं प्रति ।
मार्गे मं(गं)डिकिकां नाम नदीं नावोत्ततार च ॥१३९॥

આ **મંડિકિકા** નદી તેજ **વૈશાલીની** પાસે છે, જે **મુજફ્ફરપુર** જીલ્લામાં **બસાડપટ્ટી** (Busadhputtee) ના નામથી પ્રસિદ્ધ છે. આ **બસાડપટ્ટી** એ જૂની **વૈશાલી** છે. અહિં પ્રાચીનમંદિરો અને ખંડહરો અત્યારે પણ વિદ્યમાન છે, આની પાસેજ **વાણિજગામ** હોવું જોઇએ. **કનિંગહામ** પણ આ **બસાડપટ્ટીની** પાસેજ **વાણિજગામ** હોવાનું કહે છે. સંભવ છે અત્યારે જેને **બજિઆ** (Beejea) ગામ કહે છે તેજ કદાચ તે વખતનું **વાણિજગામ** હોય.

તેજ વાત ઉપરની પંક્તિઓમાં છે. આ ઉપરથી '**यात्राखान**' નો અર્થ '**यात्रास्थान**' કરવો સર્વથા બંધબેસ્તો છે. બંગાળીમાં '**खा**' શબ્દ **સ્થાન** અર્થમાં વપરાય છે, જેમ **जेखाने** (જે સ્થાને) **सेखाने** (તે સ્થાને). આ સ્થાન ગૌતમસ્વામિનું સ્થાન હોવાથી આ સ્થાનને 'યાત્રાસ્થાન' બતાવ્યું છે.

આ પછી જ્યાં મહાવીર પ્રભુ સમોસર્યા હતા, તે [1]ગુણુશીલ ચૈત્ય અથવા

ગુણાયા

તીર્થ જોઇએ. આ તીર્થનું વર્ણન માત્ર બેજ—પં૦ વિજયસાગર અને પં૦સૌભાગ્યવિજયજીની–તીર્થમાળાઓમાં જોવામાં આવે છે. આમાં પં૦ વિજયસાગરે માત્ર એટલુંજ લખ્યું છે:—

" ગામ **ગુણાઉઆ** જાણું કહઇં ત્રિહુ કોસે તસ તીરો જી;
ચૈત્ય ભલું જેહ **ગુણસિલ**, સમોસર્યા જિહાં વીરો જી." ૧૭ (પૃ. ૬)

જ્યારે **પં૦ સૌભાગ્યવિજયજીએ** જણાવ્યું છે કે:—

" રાજગૃહીથી પૂર્વદિશામાં ત્રણ કોસ ઉપર **ગુણશીલ** ચૈત્યની જગા છે, જેને **ગુણાયા** કહેવામાં આવે છે."

અત્યારે જે **ગુણાયા** માનવામાં આવે છે, તે **રાજગૃહીથી**

---

૧ **भगवती सूत्र** ના ૧ લા શતકના ૧ લા ઉદ્દેશાના પૃ.૬ માં **ગુણશીલ** ચૈત્યનો નિર્દેશ આ પ્રમાણે કરવામાં આવ્યો છે.

" **तस्स णं रायगिहस्स बहिया नगरस्स उत्तरपुरच्छिमे दिसीभाए गुणसीलए नामं चेइए होत्था।**"

આ ઉપરથી જણાય છે કે—રાજગૃહની ઉત્તર–પશ્ચિમમાં આ સ્થાન હતું. અત્યારે જે સ્થાન માનવામાં આવે છે તે **રાજગૃહીથી** લગભગ દક્ષિણ પૂર્વમાં છે. અત્યારે અહિં **ગુણાયા** કે **ગુણશીલ** નામનું કોઇ ગામ નથી. **નવાદા** સ્ટેશનથી લગભગ ત્રણેક માઇલ ઉપર તળાવની મધ્યમાં મહાવીરસ્વામીનું મંદિર છે. મંદિરમાં જવાને પુલ બાંધેલ છે. આને **ગુણાયા** અથવા **ગુણશીલ** માનવામાં આવે છે.

ત્રણ કોસ નહિં પરન્તુ દક્ષિણ–પૂર્વમાં લગભગ પાંચ–છ કોસ થાય છે.

આ પછી મહાવીર સ્વામીની જન્મભૂમિ તરીકે પ્રસિદ્ધિ પામેલ

[1]ક્ષત્રિયકુંડ

તીર્થ છે. પ્રસ્તુત પાંચ તીર્થમાળાઓ પૈકીની સૌથી જૂની તીર્થમાળાના કર્ત્તા પં૦ હંસસોમ, જે આમલીવૃક્ષે પ્રભુએ આમલકીક્રીડા કરી હતી, તે આમલીનું વૃક્ષ જોયાનું લખે છે. તે ઉપરાન્ત સિદ્ધાર્થરાજાનું ઘર (ઘરનું સ્થાન) બતાવી ત્યાંથી બે ગાઉ બ્રાહ્મણકુંડ ગામ છે; એમ જણાવે છે. જ્યારે પં૦ વિજયસાગર જણાવે છે કે–" ક્ષત્રિયકુંડની તળેટીમાં બે દેરાસરો છે, સિદ્ધાર્થરાજાનું ઘર

---

૧ **ક્ષત્રિયકુંડ**, કવિયોએ જે ક્ષત્રિયકુંડ, કુમારિયગામ, બ્રાહ્મણકુંડ ગામ, **આમલીવૃક્ષ, જ્ઞાતવન** વિગેરે સ્થાનોનું વર્ણન કર્યું છે, તેજ અત્યારે પણ માનવામાં આવે છે, અને ત્યાંજ લોકો યાત્રા કરવાને જાય છે; પરંતુ શોધખોળનું પરિણામ આ સ્થાનોને સ્થાપનારૂપે માનવા તરફ દોરી જાય છે. એવી અનેક પ્રાચીન નગરીઓ છે, કે જેનું મુખ્યસ્થાન નિશ્ચય કરવું કઠિનતા ભરેલું છે. જે ક્ષત્રિયકુંડ અને તેને લગતાં બીજાં સ્થાનો અત્યારે મનાય છે, તે સ્થાપનારૂપે છે, એમ માનવામાં અનેક કારણો છે.

શાસ્ત્રોમાં ક્ષત્રિયકુંડ **વૈશાલી**ની પાસે બતાવવામાં આવેલ છે, એ વાત સુપ્રસિદ્ધ છે. હવે અનેક શોધોના પરિણામે એતો નિશ્ચયજ થઇ ચૂક્યું છે કે–**મુજફ્ફરપુર** જીલ્લામાં આવેલું બસાડપટી (Busadhputtee) એજ **વૈશાલી** નગરી છે. અહિં અનેક જીર્ણમંદિરો અને ખંડહરો પણ વિદ્યમાન છે. આ ગામ ગંડક (ગંડિકિકા) નદીની પાસેજ કાંઠા ઉપર આવેલું છે, અને તેજ પ્રમાણે હેમચંદ્રાચાર્ય **'મહાવીરચરિત્ર'**માં વૈશાલી ગંડિકિકા નદીની પાસેજ હોવાનું જણાવે છે. (જુઓ **વાણિજગામ** ઉપરની નોટ) આ પ્રમાણોથી આજ ગામ **વૈશાલી** નગરી છે, એમ માની શકાય છે. આ બસાડપટ્ટીની પાસેજ બસુકુંડ છે, જેને **ડૉ. રેપ્સન** વિગેરે વિદ્વાનો **ક્ષત્રિયકુંડ** તરીકે ઓળખાવે છે. આ વૈશાલી (બસાડપટ્ટી) થી દક્ષિણ–પશ્ચિમમાં લગભગ છ માઇલ ઉપર એક ગામ છે, જેનું નામ છે **બામહણગામ** (Bamhangawan). આજ **બામહણગામ**, ઋષભદત્ત બ્રાહ્મણવાળું ગામ હોય, તેમ સંભાવના થાય છે.

પર્વતપર હતું, ત્યાં એક જિનબિંબ છે. અહિંથી બે કોસ **બ્રહ્મ-કુંડ** (બ્રાહ્મણકુંડ) ગામ છે. પર્વતથી નીચે ઉતરી **કુમારિય** ગામ જવાય છે, જ્યાં ભગવાનને પ્રથમ પરીષહ થયો હતો. અહિં એક ચોતરા ઉપર વીરપ્રભુનાં પગલાં છે. "

કવિયો જેને ક્ષત્રિયકુંડ અને **બ્રાહ્મણગામ** બતાવે છે, એ તો **વૈશાલીથી** લગભગ સો માઇલ થાય છે, જ્યારે શાસ્ત્રોમાં તો **વૈશાલીની** પાસેજ **ક્ષત્રિયકુંડ** બતાવવામાં આવેલ છે. એટલે ઉપરની કલ્પના વધારે વજનદાર માલૂમ પડે છે.

બીજી બાબત એ છે કે—અત્યારે જ્યાં **કોરાઈ ગામ** છે, ત્યાં ભગવાનને પ્રથમ ઉપસર્ગ થયાનું કવિયો જણાવે છે. તે પણ ઠીક નથી; કારણ કે–ભગવાને ક્ષત્રિયકુંડમાં દીક્ષા લીધા પછી છઠ્ઠનું પારણું **કોલાકસન્નિવેશમાં** કર્યાનું શાસ્ત્રોમાં કથન છે. આ **કોલ્લાકસન્નિવેશ** ક્યાં આવ્યું, એના સંબંધમાં **भगवती सूत्र** ના ૬૬૨મા પેજના

" **तीसेणं नालंदाए बाहिरियाए अदूरसामंते पत्थणं कोल्लाए नामं सन्निवेसे होत्था** "

આ પાઠ ઉપરથી સ્પષ્ટ જણાય છે કે તે **નાલંદાની** પાસે હતું. દીક્ષા લઇને આ **કોલ્લાકસન્નિવેશ** તરફ જતાં પહેલીજ રાત્રિએ **કુર્મારગામમાં** ભગવાનને ઉપસર્ગ થયો છે. હવે કવિયોના કથન પ્રમાણે અને અત્યારે માનવામાં આવે છે તે કોરાઈ અથવા **કુમારિય** ગામમાં ભગવાનને ઉપસર્ગ થયો કોઇ રીતે સંભવી શકતું નથી. કારણ કે **વૈશાલી** પાસેના ક્ષત્રિયકુંડથી આ ગામ દક્ષિણ–પૂર્વમાં લગભગ ૧૦૦ માઇલ ઉપર આવેલું છે. એટલે ભગવાન દિવસના ચોથા પહોરમાં દીક્ષા લઇ વિહાર કરી સૂર્યાસ્ત પહેલાં સો માઇલનો વિહાર કરે, એ કેમ સંભવી શકે ? વળી **નાલંદાની** પાસેના જે **કોલ્લાકસન્નિવેશમાં** ભગવાને છઠ્ઠનું પારણું કર્યું હતું, તે સ્થાન તો **વૈશાલી** પાસેના ક્ષત્રિયકુંડથી દક્ષિણ–પૂર્વમાંજ લગભગ ૬૦ માઇલ થાય છે. અતઃ એ કદિ બનવા જોગ નથી લાગતું કે—પહેલા દિવસે સો માઇલનો વિહાર કરીને ભગવાન્ પાછા તેજ રસ્તે કોલ્લાકસન્નિવેશમાં આવે. સુતરાં ભગવાનને ઉપસર્ગ થયાનું સ્થાન **વૈશાલી** (ક્ષત્રિયકુંડ) અને **નાલંદાપાડાની** વચમાં હોવું જોઇએ. એટલે એ ગામોની વચમાં–૬૦ માઇલના આંતરાની વચમાં–કોઈ **કુર્માર** અથવા એના અપભ્રંશવાળું ગામ હોવું જોઇએ કે જ્યાં ભગવાનને ઉપસર્ગ થયો હતો. આને માટે 'ટ્રીગ્નોમેટ્રીકલ-

પં૦ **સૌભાગ્યવિજય** લખે છે કે—" પર્વતની તળેટીમાં [1]**મથુરાપુર** નામનું ગામ છે. અહિંથી બે ગાઉ દૂર **બ્રાહ્મણકુંડ** ગામ હતું, જ્યાં **ઋષભદત્ત બ્રાહ્મણનું સ્થાન** હતું, હાલ ત્યાં નદી વહે છે. ગામ, ઠામ કંઈજ નથી. માત્ર બે **જીર્ણ** દેરાસરો છે. પર્વત ઉપર એક દેરાસર છે, જેમાં **વીર**પ્રભુની મૂર્ત્તિ છે. અહિંથી બે કોસ ઉપર જેને **ક્ષત્રિયકુંડ** કહેતા, એ **સ્થાન** છે પરન્તુ કોઈ ત્યાં જતું નથી. બધા મંદિરનાં દર્શન કરી પાછા વળે છે. ગિરિથી ઉતરતાં **કોરાઇ** ગામ આવે છે. અહિં વડનીચે **વીર**પ્રભુને પ્રથમ પરિષહ થયો હતો. "

પં૦ **વિજયસાગરે** જેને 'કુમારિય' ગામ ઉલ્લેખ્યું છે, તેનેજ **પં૦ સૌભાગ્યવિજય** '**કોરાઇ**' ગામ કહે છે.

આ **ક્ષત્રિયકુંડને** અત્યારે **લછવાડ** કહે છે. **મહાવીર** સ્વામિનું જ્યાં દીક્ષાકલ્યાણક થયું હતું, તે '**જ્ઞાતવનખંડ**' એ આ પર્વત–જંગલ છે, **એમ** કહેવાય છે. અત્યારે પણ આ પહાડની તળેટીએ બે મંદિરો છે અને ઉપર **મહાવીરસ્વામિનું** મંદિર છે.

આની પાસે **સુવિધિનાથના** જન્મકલ્યાણકવાળું

કાકંદી

તીર્થ છે. **પં૦ સૌભાગ્યવિજય ધન્ના અણગારનું** પણ આજ

સર્વે' ના નકશામાં એક ગામ તરફ અમારૂં ધ્યાન જાય છે, જેનું નામ છે **કુસમર** (Kusmur). આ ગામ ક્ષત્રિયકુંડ અથવા **વૈશાલીથી નાલંદાના** રસ્તેજ લગભગ **૧૭–૧૮** માઇલ ઉપર આવેલું છે, પહેલા દિવસે દીક્ષા લીધા પછી ભગવાન્ આટલો વિહાર કરે એ **સંભવિત** પણ છે.

ઉપરનાં પ્રમાણોથી એમ માનવાને કારણ મળે છે કે—અત્યારે જેને **ક્ષત્રિયકુંડ** અને તેને લગતાં બીજાં સ્થાનો માનવામાં આવે છે, તે સ્થાપના છે. જ્યારે ખરૂં **ક્ષત્રિયકુંડ વૈશાલી** (Busadhputtee) ની પાસે જે **બસુકુંડ** છે, તેજ હોવું જોઇએ.

૧ આ મથુરાપુર (Muthrapoor) પણ **સદર** પર્વતની પાસેજ આવેલું છે. અત્યારે આ પર્વત ઉપર લોકો **લછવાડથી ચઢે** છે. જ્યારે **પં૦ સૌભાગ્યવિજયના** સમયમાં લોકો **મથુરાપુરથી ચઢતા** હતા.

સ્થાન બતાવે છે. આ તીર્થ ક્યાં આવ્યું, તે સંબંધી કવિયોએ જુદા જુદા મતો આપ્યા છે. પં૦ વિજયસાગર બિહારથી પૂર્વમાં પચીસ ગાઉ ઉપર બતાવે છે. પં૦ હંસસોમ વર્તમાનમાં જેને ક્ષત્રિય-કુંડ (લછવાડ) કહેવામાં આવે છે, તેનાથી પાંચ કોસ દૂર બતાવે છે, જ્યારે પં૦ સૌભાગ્યવિજયજીએ બે **કાકંદી**નો ઉલ્લેખ કર્યો છે. એક **કાકંદી** અત્યારે જેને ક્ષત્રિયકુંડ કહેવામાં આવે છે, તે-નાથી ૪–૫ ગાઉ ઉપર બતાવે છે, જ્યાં **ધન્ના** અનગાર થયાનું જણાવે છે અને બીજી **કાકંદી ગોરખપુરથી** પૂર્વમાં પચીસ કોશ ઉપર બતાવે છે. જ્યાં સુવિધિનાથનું કલ્યાણક બતાવે છે. ક્ષત્રિય-કુંડ પાસેની **કાકંદી**માં દેરાસર, મૂર્તિ કે પગલાં કંઈપણ હોવાનું કોઈએ પણ જણાવ્યું નથી, જ્યારે **ગોરખપુરથી** પૂર્વમાં પચીસ કોસ જે **કાકંદી**[1] **સૌભાગ્યવિજયે** બતાવી છે, ત્યાં પગલાં હોવાનું તેઓ જણાવે છે. વર્તમાનમાં ક્ષત્રિયકુંડથી ઉત્તરપૂર્વમાં ૧૦–૧૨ માઈલ ઉપર જે **કાકંદી** માનવામાં આવે છે, ત્યાં **પાર્શ્વનાથનું** સોલમી શતાબ્દિમાં બનેલું મંદિર વિદ્યમાન છે.

ચંપાનગરી[2]

આ નગરી **ભાગલપુર**ની પાસે આવેલી છે. **પટણાથી** પૂ-ર્વમાં લગભગ સો કોસ થાય છે, અહિં **વાસુપૂજ્યનાં** પાંચ કલ્યાણકો થયાં છે. પં૦ સૌભાગ્યવિજયજી કહે છે કે:–“ **ચંપાથી** દક્ષિણમાં

---

૧ દિગમ્બરોના ‘ **यात्रादर्पण** ’ માં આ ગોરખપુરની પાસેની કાકં-દીને તીર્થ તરીકે ગણાવેલ છે. આ ગામનું નામ **ખૂખંદા** બતાવવામાં આવ્યું છે અને તે ગોરખપુરથી બી. એન. ડબલ્યુ લાઈનના **નોનવાર** સ્ટેશનથી ૧॥ માઈલ ઉપર છે. અમારી ધારણા પ્રમાણે આજ **ખૂંખદા**, એ **કાકંદી** તીર્થ હોય તેમ જણાય છે.

૨ આ નગરી હાલ **ચંપાનાલા** ના નામથી ઓળખાય છે અને તે **ભાગલપુરથી** ૩ માઈલ ઉપર આવેલ છે. **ભાગલપુરથી** **ચંપાનાલા** સુધીમાં બે મંદિરો આવે છે. બન્નેમાં **વાસુપૂજ્યસ્વામીની** મૂર્તિયો છે **ચંપાનાલાની** પા-સેજ **નાથનગર** છે. અહિં પણ એક રમણીય મંદિર છે.

સોલ કોસ ઉપર મંદારગિરિ[1] છે, અહિં વાસુપૂજ્યસ્વા[મીનું]
નિર્વાણ થયું હતું. અહિં પ્રતિમા અને પગલાં હોવાનું ક[હેવાય]
છે, પણ યાત્રાએ બહુ થોડાજ લોકો જાય છે."

આ તીર્થના સંબંધમાં પં૦ વિજયસાગર ખાસ એક જાણુવા જેવી વાત કહે છે. તે કહે છે કે "દેવસી નામના એક દીવાનાએ શ્વેતાંબરના આ તીર્થને ઉત્થાપીને દિગંબર તીર્થ બનાવ્યું હતું, પરન્તુ તેના કુલનોજ નાશ થયો, અને પુત્ર પ્રપૌત્ર કોઈ રહ્યોજ નહીં. આથી 'જે માણુસ તીર્થને ઉત્થાપે એની આ દશા થાય' એવી કહેતી કહેવાય છે."

શ્રીમલ્લીનાથ અને **નમિનાથ**નાં કલ્યાણુકો તરીકે પ્રસિદ્ધિ પામેલ

મિથિલા.

પણ એક તીર્થ છે. આ ગામ પં૦ વિજયસાગર હાજીપુરથી ઉત્તરમાં ચાલીસ કોસ ઉપર બતાવે છે. આ તીર્થના સંબંધમાં પં૦ વિજયસાગર કહે છે કે 'સીતાનું પીયર' આ સ્થાન કહેવાય છે. પં૦ સૌભાગ્યવિજય આ સ્થાન પટણાથી ઉત્તરમાં પચાસ ગાઉ ઉપર બતાવે છે. તેને **સીતામઢી**[2] ના નામથી પ્રસિદ્ધ જણાવે છે. ઉપ-

---

૧ આ મંદારગિરિનું વર્ણુન દિગમ્બરીય **યાત્રાદર્પણ** માં કરવામાં આવ્યું છે. તે ઉપરથી જણાય છે કે–ભાગલપુરથી દક્ષિણમાં ૧૬ કોસ ઉપર **મંદારહિલ** નામનું એક સ્ટેશન છે. અહિંથી ૧ માઇલ ઉપર એક ન્હાનો પહાડ છે. આ પહાડ એજ **મંદારગિરિ** છે. કહેવાય છે કે અહિં વાસુપૂજ્યસ્વામિનું નિર્વાણુ થયું હતું.

૨ અત્યારે પણ ગામનું (મિથિલાનું) નામ **સીતામઢી** (Sitamarhi) જ છે. આ ગામ મુજફ્ફરપુર જીલ્લામાં દરભંગા જંક્શનથી ૪૨ માઇલ પશ્ચિમોત્તરમાં આવેલું છે અને તે લખણદઇ નદીના કાંઠે છે. અહિં લગભગ નવ હજાર મનુષ્યોની વસ્તી છે.

આ નગરીનું જિનપ્રભસૂરિએ '**મિથિલાકલ્પ**' માં વર્ણુન કર્યું છે. તેમાં પ્રારંભમાં **વિદેહ** દેશનું વર્ણુન કરી પછી મિથિલાનું વર્ણુન કર્યું છે. તેમના

શાન્ત અહિં **મલ્લીનાથ** અને **નમિનાથ**નાં પગલાં છે, એમ પણ કહે છે. વળી અહિંથી ૧૪ કોસ ઉપર તે **જનકપુરી**[1] હોવાનું જણાવે છે, કે જે **જનકપુરી** સીતાનું પીયર હતું. પં૦ **શીલવિજયજી.**

' મિથિલાનયરી મલ્લીજિણંદ. ' (પૃ૦ ૧૦૯)

એમ ગાઈને **મલ્લીનાથ**નું જન્મ કયાણુક **મિથિલા** બતાવે છે. વસ્તુતઃ આ સ્થાન કયું તે ચોક્કસ કહી શકાતું નથી.

હવે **પટણા**થી દક્ષિણમાં પચાસ ગાઉ ઉપર

ભદ્દિલપુર[2]

નામનું તીર્થ છે. **શીતલનાથ**નું આ જન્મકલ્યાણુક છે. આ **ભદ્દિ-**

કથનમાં બે બાબતો મહત્ત્વની છે. એક તો એ કે–આ દેશમાં તેમના સમયમાં સંસ્કૃતના પ્રખર વિદ્વાનો હતા. અને બીજી બાબત એ કે તે વખતે આ નગરી (મિથિલા) ' જગઇ ' (જગતી) ના નામથી પ્રસિદ્ધ હતી. તે કથન આ પ્રમાણે છે:—

" पए पए वावीकूवतलायनईओ य महुरोदगा पागयजणा वि सक्कयभासाविसारया अणेगसत्थपसत्थअब्भत्थिनिउण य जणा। तत्थ रिद्धित्थमियसमिद्धा मिहिला नाम नयरी होत्था। संपयं जगइत्ति पसिद्धा "

ઉપર્યુક્ત **સીતામઢી**થી પશ્ચિમમાં લગભગ ૭ માઇલ ઉપર **જગદીશપુર** (Jugdees poor) નામનું ગામ છે. સંભવ છે, જેને જિનપ્રભસૂરિ '**જગઇ**' કહે છે, તેજ આ **જગદીશપુર** હોય. જો આ કલ્પના સાચી હોય, તો અત્યારનું જગદીશપુર, એજ જિનપ્રભસૂરિના સમયની **મિથિલા નગરી** કહી શકાય.

૧ આ જનકપુરિ પણ અત્યારે વિદ્યમાન છે જે **જનકપુર** (Janick-poor) ના નામથી પ્રસિદ્ધ છે. આ ગામ **દરભંગા** જંકૂશનથી પશ્ચિમોત્તર **જનકપુરરોડ** નામનું સ્ટેશન છે, તેનાથી પૂર્વોત્તર ૨૪ માઇલ ઉપર છે. **સીતામઢી**થી પૂર્વોત્તરમાં છે તે લગભગ ૩૦ માઇલ ઉપર આવેલું છે.

૨ અત્યારે આ તીર્થ વિચ્છેદ છે, પરન્તુ **ગયા** જીલ્લામાં **હટવરિયા** (Hutwareea) નામનું એક નાનકડું ગામડું છે, તેને **ભદ્દીલપુર** ગણ-

લપુર કર્યું ? એનો ખુલાસો કરતાં **પં૦ સૌભાગ્યવિજય** કહે છે:—

"ભદ્દિલપુર ભાખે છે શાસ્ત્રમાં રે હિવણાં નામ દુતારા જાસ રે." ૫૦ ૧. (પૃ. ૮૯)

આ ઉપરથી જણાય છે કે–**દુતારા** ગામને તે વખતે લોકો **ભદ્દિલપુર** માનતા હતા. **સૌભાગ્યવિજય**ના કથન પ્રમાણે અહિં એક પર્વત છે. પર્વત ઉપર **પાર્શ્વનાથ**નાં પગલાં છે. એક ગુફામાં **સપ્તફણા પાર્શ્વનાથ**ની મૂર્તિ છે. પાસે એક સરોવર છે. પર્વતની પાસેજ **દુતારા** (દંતારા) ગામ છે, કે જ્યાં **શીતલનાથ**નાં ચાર કલ્યાણક થયાં હતાં.

હવે આપણે પૂર્વદેશનું જગપ્રસિદ્ધ

સમ્મેતશિખર

તીર્થનું વર્ણન તપાસીએ. પાંચે તીર્થમાળાઓમાં **સમ્મેતશિખર**નું વર્ણન ઓછું વત્તુ કરેલું છે. ચોવીસ તીર્થંકરો પૈકી વીસ તીર્થંકરો આજ પવિત્ર પર્વત ઉપર મુક્તિ પામ્યા હતા. કોઇ અપેક્ષાએ **પં૦ વિજયસાગર** તો આ **સમ્મેતશિખર** તીર્થને **શત્રુંજય**થી પણ અધિક વખાણે છે. તેઓ કહે છે:—

"અધિકો એ ગિરિ ગિરૂઅડો સુત્રુંજાથી જાણ્યો જી." શ્રી. ૨ (પૃ. ૫)

વામાં આવે છે. **પં૦ સૌભાગ્યવિજય** જેને **દુતારા** કહે છે, તે ગામ આ હટવરિયા (Hutwuieea) થી દક્ષિણમાં લગભગ ૪–૫ માઇલજ દૂર છે. આનું ખરૂં નામ છે **દંતારા** (Dunta ra). **પં૦ સૌભાગ્યવિજયજી**ના સમયમાં આ **દંતારા**ને **ભદ્દિલપુર** લોકો માનતા હતા, એમ તેમના કથનથી માલૂમ પડે છે. અહિં કેટલીક પ્રાચીન મૂર્તિઓ અને ખંડેહરો ઘણાં છે, એજ એની પ્રાચીનતાનાં સ્મરણ ચિહ્નો છે આનીજ પાસે એક પહાડ છે. કહેવાય છે કે આજ પહાડ એ ખરૂં **ભદ્દિલપુર** તીર્થ છે. દિગમ્બરોના **તીર્થયાત્રા દર્પણ**ના પૃ. ૨૦૭થી ૨૧૨ સુધી આ તીર્થનું વિસ્તૃત વર્ણન આપ્યું છે. જો કે તેમાં પોતાનાં ગીત ગાયાં છે, પરન્તુ તેમાંથી આ સ્થાન **ભદ્દિલપુર** તીર્થ હોવું જોઇએ, એવાં કેટલાંક પ્રમાણો જરૂર મળે છે.

પં૦ જયવિજયે પણ કહ્યું છેઃ—

" સમેતાચલ શત્રુંજય તોલઇ સીમંધર જિણવર ઇમ બોલઇં,
એહ વયણ નવિ ડોલઇ. " ૪૯ (પૃ. ૨૮)

કવિ વિજયસાગરજીએ અને પં૦ જયવિજયે સમ્મેતશિખરની આસપાસના મનુષ્યો અને આ ભૂમિની રસાળતાનું જે વર્ણન કર્યું છે, તે ખરેખર તે વખતની સ્થિતિનું ભાન કરાવે છે. આ કવિઓએ કરેલા વર્ણનનો સાર આ છેઃ—

" લોકો લંગોટિયા છે. માથું ઉઘાડું રાખે છે અને માથે વાળનાં ગુંચડાં વધારે છે. સ્ત્રીયો કાંચળીયો પહેરતી નથી. 'કાંચળી' નામથી તો ત્યાં ગાળ ગણવામાં આવે છે. સ્ત્રિયો પણ કદરૂપી, ભૂતડી જેવી લાગે છે. માથું ઢાંકેલી કોઇ સ્ત્રીને તે જૂએ છે તો તેણીઓને બહુ આશ્ચર્ય થાય છે. ત્યાંના ભીલો હાથમાં ધનુષ્ય અને બાણ લઇને ફરે છે. "

આ પછી આગળ જતાં આ કવિઓએ આ રસાળ દેશનું પ્રાકૃતિક વર્ણન કરી, તે દેશમાં થતી વસ્તુઓ ફળ–ફૂલાદિ ગણાવેલ છે.

સમ્મેતશિખરની યાત્રાએ જનારાઓને તે સમયમાં પણ ત્યાંના રાજાની સમ્મતિ મેળવવી પડતી હતી, તેમ આ તીર્થમાળાઓ ઉપરથી જણાય છે. ઉપરની પાંચ તીર્થમાળાઓ પૈકી સૌથી જૂની પં૦ હંસસોમની તીર્થમાળામાં કહેવામાં આવ્યું છેઃ—

તલહટ્ટિ પાલઇંગુંજા ગામ સંઘઇ જઇનઇ કીધું મુકામ. (પૃ. ૧૯)

આમાં જે 'પાલઇંગુંજા' ગામનું નામ આપ્યું છે, તેનું ખરૂં નામ '[1]પાલગંજ' છે. પં૦ વિજયસાગર અને પં૦ જય-

---

૧ આ પાલગંજ (Palgunja) અત્યારે પણ વિદ્યમાન છે. આ ગામ હુજારીબાગ જીલ્લામાં આવેલા મધુવન (Mudhoobun) થી ઉત્તર પૂર્વમાં ૬–૭ માઇલ ઉપર અને ગિરડીહ (Giridih) થી દક્ષિણ પશ્ચિમમાં ૧૧–૧૨ માઇલ ઉપર આવેલું છે.

વિજયે પોતાના સમયમાં **સમેત**શિખરની તળેટીમાં જે ગામ હતું, તેનું નામ **પાલગંજ** જ આપ્યું છે, વધુમાં તેમણે **પાલગંજનો** રાજા **પૃથ્વીચંદ્ર** (પૃથ્વીસિંહ) હતો એમ પણ જણાવ્યું છે. જ્યારે **પં૦ શીલ**વિજયે રાજાનું નામ નથી આપ્યું. માત્ર એટલુંજ જણાવ્યું છે:—

પાલગંજ તલહટી વસઇ રાજા ધ્યત્રી મનિ ઉલ્હસિં૦ " ૨૫ (પૃ. ૧૧૦)

પરન્તુ **પં૦ સૌભાગ્યવિજયે** આ બધાઓ કરતાં કંઈક વિશેષ જણાવ્યું છે. તેઓ જણાવે છે કે—

" બંગાળમાં આવેલા **ઝરિયા**[1] ગામમાં **રઘુનાથસિંઘ** રાજા રાજ્ય કરે છે. તેના દીવાનનું નામ **સોમદાસ** છે. **સમે**તશિખરની યાત્રાએ જતાં જે કોઈ યાત્રી અહિં આવે છે તેની પાસેથી **અર્ધો રૂપિયો** લઇને તેને આગળ વિદાય કરે છે વચમાં દલાલો પણ ફર્યા કરે છે અને શ્રાવકોની ખુશામત કરે છે. તેઓ કહે છે કે–**પાર્શ્વ**નાથના પાળેલા અમે રખવાળા છીએ, તમે સંઘ લઇને આવ્યા છો, માટે જે કંઈ લાવ્યા હો તે અમને આપો."

આગળ ચાલતાં આ કવિ, [2]**કતરાસ**ના રાજા **કૃષ્ણસિંહ** પણ દાણ લે છે, એમ જણાવે છે. વળી "**સમ્મે**તશિખરની તળેટીમાં **રઘુનાથપુરા** ગામ છે. અહિં યાત્રાળુઓ એક વિશાળ વડની નીચે ઉતરે છે. અહિંથી બે ગાઉ સપાટ જમીન ઉપર ચાલ્યા પછી પહાડનો ચઢાવ આવે છે " એમ પણ કવિએ જણાવ્યું છે. આ પછી આ કવિ આખી એક ઢાળમાં આ મનોહર રસાળ પહાડનું વર્ણન કરી આ પહાડમાં થતી વનસ્પતિઓ વાઘ, સિંહ વિગેરે કેવાં કેવાં જાનવરો આ જંગલમાં રહે છે, તે પણ જણાવે છે.

---

૧ અત્યારે પણ આ **ઝરિયા** (Jherria) વિદ્યમાન છે, અને તે પાર્શ્વનાથ હીલથી પૂર્વ દક્ષિણમાં ૨૪–૨૫ માઇલ ઉપર આવેલું છે.

૨ **કતરાસ** (Kutras) આ ગામ પાર્શ્વનાથ હીલથી પૂર્વ–દક્ષિણમાં લગભગ ૧૫ માઇલ ઉપર આવેલું છે.

આ પછી પહાડ ઉપરનાં દર્શનીય સ્થાનો બતાવ્યાં છે, જેમાં ટૂંકો, મંદિરો અને કુંડો વિગેરેનું વર્ણન છે. ઉપરની પાંચ તીર્થમાળાઓ પૈકી ચાર તીર્થમાળાઓમાં **સમ્મેતશિખરની તળેટીમાં પાલગંજ** ગામનું નામ આપ્યું છે, જ્યારે **પં૦ સૌભાગ્યવિજય**જીની તીર્થમાળામાં **પાલગંજ**નું નામ નહિં આપતાં **રઘુનાથપુરા**નું નામ આપ્યું છે, એનું કારણ એ છે કે–આ તીર્થમાળામાં વર્ણવેલ સંઘ પહેલાં **મુર્શિદાબાદ**, **કાસમબજાર** વિગેરે થઈ પાછા વળતાં **વર્ધમાન**,[1] (**અસ્થિગ્રામ**), **બકૂલેસર**,[2] **પંચેટ**,[3] રઘુનાથપુરા,[4] **બિંદા**, **દામોદર** નદી, **ઝરિયા** અને **કતરાસ** થઈને **સમ્મેતશિખર** (**પાર્શ્વનાથ હીલ**) ગયેલ છે.

પં૦ સૌભાગ્યવિજય **વર્દ્ધમાન** ગામનો ઉલ્લેખ કરતાં કથે છેઃ—

> " શૂલપાંણજક્ષ ઠાંમ જસ કહેતા **અસ્થિગ્રાંમ** હો; સું૦
> અબ **વર્દ્ધમાંન** વિખ્યાતા જાણે એ કેવલી વાતાં હો. સું૦ ૬
> (પૃ. ૮૪)

મહાવીર સ્વામીને શૂલપાંણીયક્ષે જે ઠેકાણે ઉપસર્ગ કર્યો

---

૧ બંગાળમાં આવેલા બર્દવાન (Burdwan) જીલ્લાનું આ પાટનગર છે અને તે **દામોદરનદ**ના કાંઠા ઉપર આવેલું છે.

૨ **વીરભૂમ** જીલ્લાના તાંતીપાડા (Tantipara) ગામથી દક્ષિણમાં એક માઇલ ઉપર **વાકેશ્વર** નામના નાળાને કિનારે **વાકેશ્વર** નામનું સ્થાન છે, એજ આ **બકલેસર** કહેવાય છે.

૩ **પંચેટ** (Panchet), આ ગામ **માનભૂમ** જીલ્લામાં આવેલા **આસનસોલ** સ્ટેશનથી દક્ષિણ–પશ્ચિમમાં લગભગ ૧૩ માઇલ ઉપર આવેલું છે.

૪ આ રઘુનાથપુરા અને **સમ્મેતશિખર**ની તળેટીમાં કવિએ રઘુનાથપુરા બતાવ્યું છે, તે બે જુદાં ગામો છે. આ રઘુનાથપુરા (Raghunathpur) **માનભૂમ** જીલ્લામાં આવેલા **આસનસોલ** સ્ટેશનથી દક્ષિણ–પશ્ચિમમાં ૨૩–૨૪ માઇલ ઉપર અને ઉપર્યુક્ત **પંચેટ**થી દક્ષિણ-પશ્ચિમમાં લગભગ ૧૦ માઇલ ઉપર આવેલું છે, લગભગ ચાર હજાર માણસની વસ્તીનું આ ગામ છે.

હતો, તે **અસ્થિગ્રામ**, આજ **વર્ધમાન**ના નામથી વિખ્યાત છે, એમ કવિ કથે છે, પરન્તુ તે વાત સાચીજ છે, એમ માનતા નથી, એ એમના છેલ્લા શબ્દો–' **જાણે એ કેવલી વાતાં** હો ' થી સ્પષ્ટ થાય છે. વસ્તુતઃ વર્ધમાનને **અસ્થિગ્રામ** માનવામાં ખાસ કંઈ પ્રમાણ મળતું નથી.

આવીજ રીતે બકલેસરમાં ગરમ પાણીના કુંડો હોવાનું, **પંચેટ**માં **ગરૂડનારાયણ** રાજા રાજ્ય કરતો હતો તે, તેમજ ત્યાંના પર્વત ઉપર **રઘુનાથજી**નું મંદિર અને પાણીના ઘણા કુંડો હોવાનું પણ કવિએ જણાવ્યું છે.

ઉપર્યુક્ત રસ્તે થઈને સમ્મેતસિખર જતાં તળેટીમાં **રઘુનાથપુરા** નામનું ગામ આવે છે, એમ કવિ જણાવે છે.

સમ્મેતશિખરથી બાર ગાઉ ઉપર

રિજુવાલુકા–જંભીગામ[1]

તીર્થ છે. આ તે સ્થાન છે કે–જ્યાં વીરપ્રભુને કેવળજ્ઞાન ઉત્પન્ન

---

૧ **મહાવીર** સ્વામિને કેવળજ્ઞાન થયું હતું, એ ઋજુવાલિકા નદી અને જંભીય ગામનો અત્યારે પત્તો મેળવવાનું કાર્ય એટલુંજ કઠિન છે, જેટલું ક્ષત્રિયકુંડ વિગેરે નગરિયોનો પત્તો મેળવવાનું કાર્ય આપણે કઠિન જોઇ ગયા. અત્યારે જે સ્થાનને આપણે **મહાવીરસ્વામિ**ના કેવલજ્ઞાનનું સ્થાન માનીએ છીએ, એ સ્થાન તો આ તીર્થમાળાઓ પૈકીની એક પણ તીર્થમાળામાં બતાવવામાં આવ્યું નથી. સુતરાં, અત્યારે મનાતું સ્થાન કે જે **ગિરડીહથી** સમ્મેતશિખર જતાં રસ્તામાં લગભગ દસ માઇલ ઉપર આવેલ છે. તે આ તીર્થમાળાઓના સમય પછીથી પ્રસિદ્ધિમાં આવેલું છે. **મહાવીર**ના કેવલજ્ઞાનવાળા સ્થાને જે નદી હોવાનું શાસ્ત્રોમાં જણાવેલ છે, તે નદીનું નામ છે **ઋજુવાલુકા**, અને જે ગામનું નામ આપવામાં આવ્યું છે તે ગામ છે **જંભીયગામ**; અને તે કવિયોના કથન પ્રમાણે સમ્મેતશિખરથી દક્ષિણ દિશામાં આવેલ છે. જ્યારે અત્યારે જે સ્થાન મનાય છે ત્યાં છે **બરાકર** (Barakar) નદી અને **જંભીયગામ** કે તેના અપભ્રંશ વાળું તો કોઇ પણ ગામ નથી. તેમ આ નદી સમ્મેતશિખરથી ઉત્તર દિશામાં આવેલ છે. એટલે આ એક સ્થાપના છે, એ ચોક્કસ થાય

થયું હતું. ઉપરની પાંચે તીર્થમાળાઓમાં આ સ્થાનનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે; પરન્તુ એકે કર્ત્તાએ આ સ્થળ જોયેલું નથી. માત્ર લોકકથન ઉપરથીજ દરેકે તેનું કથન કર્યું છે અને તેથીજ દરેકના મતમાં ફેરફાર જણાય છે. પં૦ વિજયસાગર કથે છે:—

" ગિરિ આગિં કોશે બારે ઊપરિથી દેવ જુહારે;
રિજુવાલુઅ જંભીગામ વીરહજિન કેવલ ઠામ." ૧૨ (પૃ. ૮)

છે. જો કે અહિં એક દેરાસર અને ધર્મશાળા છે; પરન્તુ તે નવાં બનેલ છે. આ મંદિરનો જીર્ણોદ્ધાર સં. ૧૯૩૦ માં મુર્શિદાબાદ નિવાસી બાબૂ ધનપતસિંહજીએ કરાવ્યાનો શિલાલેખ છે; પરન્તુ તે શિલાલેખ નવો હોઇ તે ઉપરથી સિદ્ધ નથી થતું કે—આ સ્થાન કેવળજ્ઞાનવાળું સ્થાન છે.

હવે કેવળજ્ઞાનવાળું મૂળ સ્થાન કયું, એ શોધવું જોઇએ. આને માટે કંઇપણ ચોક્કસ પ્રમાણ કે ચિહ્ન નથીજ મળતું. તીર્થમાળાઓના કર્ત્તાઓએ પણ ખાસ કોઇ નિશાન નથી બતાવ્યું, માત્ર સમ્મેતશિખરથી દક્ષિણ દિશામાં હોવાનું જણાવ્યું છે, અને સૌભાગ્યવિજયજીએ વધારામાં 'દામોદર નદી ત્યાં વહે છે,' એટલું કહ્યું છે; પરન્તુ આટલા ઉપરથી કંઇ સ્થાનનો પત્તો મળી શકે નહિં. વળી 'ટ્રીગ્નોમેટ્રીકલ સર્વે'ના નકશામાં તપાસ કરતાં 'દામોદર નદી' ઉપર જંભીયગામ જેવું કોઇ ગામ પણ જણાતું નથી. આ સ્થાન સંબંધી એક કલ્પના થઇ શકે છે. અને તે એ કે--પાર્શ્વનાથ હીલ (સમ્મેતશિખર) થી દક્ષિણ-પૂર્વમાં આજી (Ajiy) નામની મ્હોટી નદી વહે છે. આ નદીના એક કાંઠે લગભગ બે માઇલ ઉપર જમગ્રામ (Jamgram) નામનું પ્રાચીન ગામ છે, અહિં જૂનો કિલ્લો વિગેરે પણ છે. આ ગામ પાર્શ્વનાથ હીલથી દક્ષિણ--પૂર્વમાં લગભગ પચાસ માઇલ એટલે પચીસેક ગાઉ થાય છે. આજ આજી (Ajay) નદીની સાથે ઉપર્યુક્ત બરાકડ નદી આગળ વધીને મળી ગઇ છે. એટલે એવી કલ્પના થઇ શકે છે કે--આ આજી નદી, એજ તે વખતની ઉજુ (ऋजु) નદી હોય, અને આ જમગ્રામ, એજ તે વખતનું જંભીયગ્રામ હોય. અપભ્રંશ થતાં થતાં અત્યારે આ પ્રમાણેનાં નામો બન્યાં હોય. આ સ્થાનને મહાવીરસ્વામીના કેવળજ્ઞાનનું સ્થાન માનવામાં એનો પણ વિરોધ નથી આવતો કે--શાસ્ત્રામાં જંભીયગ્રામથી પાવાપુરી ૧૨ યોજન (૪૮ ગાઉ) બતાવવામાં આવેલ છે, કારણ કે આ જમગામથી પાવાપુરી લગભગ તેટલેજ દૂર થાય છે.

પં૦ હંસસોમે આ સ્થાન **સમ્મેતશિખરથી** વીસ કોશ બતાવેલ છે; એટલુંજ નહિં, પરન્તુ **'ઇમ સુણીઇં લોકાંની વાત'** એ વાક્યથી સ્પષ્ટ જણાવ્યું છે કે–લોકોના કથનથી એમ જણાય છે. **પં૦ જયવિજયે, સમ્મેતશિખરથી** જંભીયગામ કેટલું દૂર થાય છે, તે નથી બતાવ્યું, પરન્તુ **સમ્મેતશિખરથી** જમણી બાજૂ છે, એટલુંજ કહ્યું છે; અને **પં૦ શીલવિજયજીએ** તો નામ માત્રજ લીધાં છે. જ્યારે **પં૦ સૌભાગ્યવિજયજી** કહે છે:—

"ગિરિથી દૂરેં દક્ષિણ દિશિં દેષિઇં **રિજુવાલુકા** રે નાંમ; સ૦
દામોદર તટની હમણાં વહેં વીરજિન કેવલ ઠાંમ." સ. હું. ૧૮ (પૃ. ૮૮)

ઉપર્યુક્ત કથનો ઉપરથી **ઋજુવાલુકા** અને **જંભીયગામનો** નિશ્ચય થઇ શકતો નથી કે તે ક્યાં છે અને અત્યારે ત્યાં શું છે ?

કાશીથી પૂર્વ તરફનાં તીર્થો વર્ણવ્યા પછી **કાશીથી** આ તરફનાં તીર્થોનું વર્ણન કવિઓ કરે છે. **કાશીથી** આ તરફ સાઠ કોસ ઉપર આવેલ,

અયોધ્યા[1]

તીર્થ છે **પં૦ વિજયસાગર** કેટલાક આચાર્યોના મતને અનુસરી કહે છે:—

---

૧ ફૈઝાબાદથી ઉત્તર-પૂર્વમાં ૩–૪ માઇલ ઉપર **ઘાઘરા** નદીને કાંઠે આ નગરી આવેલી છે. **જિનપ્રભસૂરિ** 'અયોધ્યા કલ્પ' માં આ નગરીનાં આઠ નામો બતાવે છે:—

" अउज्झाए एगट्ठियाइं, जहा:-अउज्झा, अवज्झा, कोसला, विणीया, साकेयं, इक्खागुभूमी, रामपुरी, उत्तरकोसल त्ति. "

તે આઠ નામો આ છે:—અયોધ્યા, અવધ્યા, કોશલા, વિનીતા, સાકેત, ઇક્ષ્વાકુભૂમી, રામપુરી અને ઉત્તરકોશલા.

અહિંનાં કેટલાક સ્થાનોનો **જિનપ્રભસૂરિ** પણ ઉલ્લેખ કરે છે, તેઓ કથે છે:—

"પાંચ તીર્થંકર જનમીઆ, મૂલ અયોધ્યા દૂરિ,
જાણી થિતિ થાપી ઈહાં, ઈમ બોલઈ બહુ સૂરિ." મ૦ ૬ (પૃ. ૧૧)

પં૦ વિજયસાગર, પં૦ જયવિજય, પં૦ સૌભાગ્યવિજય અને **પં૦ શીલવિજયજીએ અયોધ્યાનું વર્ણન** કર્યું છે. તેમાં **સીતાનો ધીજકુંડ**, જ્યાં **સીતાએ** અગ્નિ પ્રવેશ કર્યો હતો, તે કુંડ, **રામચંદ્રજીનાં** પગલાં, અને બીજાં પણ સ્થાનોનો ઉલ્લેખ કર્યો છે. **પં૦ હંસસોમે** સ્પષ્ટ જણાવ્યું છે કે "**ઋષભદેવ, અજીતનાથ, અભિનંદન, સુમતિનાથ** અને **અનંતનાથની** જન્મભૂમી આ **અયોધ્યા** છે. અહિં અત્યારે જેને **સ્વર્ગદ્વાર**[1] કહેવામાં આવે છે, ત્યાં **મરૂદેવી** માતાનું નિર્વાણ થયેલ, એમ કહેવામાં આવે છે. આ **અયોધ્યાની** પાસે **સરયૂ** નદી છે. નગરમાં **મહાવીરસ્વામીની** મૂર્ત્તિ છે."

जत्थ अज्ज वि नाभिरायमंदिरं । जत्थ पासनाहवाडिया सीयाकुंडं सहस्सधारं च । पायारट्ठिओ य मत्तगइंदजक्खो, अज्ज वि जस्स अग्गे करिणो न संचरंति, संचरंति वा ता मरंति, गोपयराईणि अणेगाणि य लोइयतित्थाणि वट्टंति ।"

અર્થાત્—જ્યાં આજ પણ **નાભિરાજાનું** મંદિર છે, જ્યાં **પાર્શ્વનાથવાટિકા**, **સીતાકુંડ** અને **સહસ્રધાર** છે. વળી પ્રાકારમાં રહેલ **મત્તગજેંદ્ર** યક્ષ છે, જેની આગળ હાથી આજ પણ જઇ શકતો નથી, અને જાય છે તો મરી જાય છે. તેમજ ગોપતાર આદિ અનેક લૌકિક તીર્થો પણ છે."

અત્યારે અહિં શ્વેતામ્બરોનું માત્ર એકજ **અજિતનાથનું** મંદિર **કટરા** મહોલ્લામાં છે, તેમાં જુદા જુદા તીર્થંકરોનાં કલ્યાણકોની સ્થાપના વિગેરે છે.

૧ આ **સ્વર્ગદ્વારનો** ઉલ્લેખ **જિનપ્રભસૂરિએ** પણ 'અયોધ્યા કલ્પ'માં કર્યો છે:—

"जत्थ घग्घरदहो सरऊनइए समं मिलित्ता सग्गदुवारं ति पसिद्धिमावन्नो ।"

ઘગ્ઘર, જેને અત્યારે **ઘાઘર** કહેવામાં આવે છે. તે અને **સરયૂ** નદીનો જ્યાં સંગમ થયો છે, તે સ્થાનને **જિનપ્રભસૂરિ** 'સ્વર્ગદ્વાર' બતાવે છે. અત્યારે આ નામનો એક મહોલ્લો છે, જ્યાં દિગમ્બરોનું એક મંદિર છે.

આ સિવાય વિશેષ કંઇ હકીકત જણાવી નથી. **અયોધ્યાથી** વીસ કોસ ઉપર

સાવત્થી[1]

તીર્થ બતાવ્યું છે. અહિં **સંભવનાથનો** જન્મ થયેલો છે, **પં૦ સૌભાગ્યવિજય** કહે છે કે—

"જીહો તે સાવત્થીને કહે, જીહો હવણાં તિહાંના લોક;
જીહો નામે **કોના** ગામડો, જીહો વન ગહ્વર છે થોક. સુ. ૬
(પૃ. ૯૪)

---

૧ **અયોધ્યાથી** ઉત્તરમાં **બલરામપુર** સ્ટેશનથી ૧૨ માઇલ અને જે **અકોનાનો** ઉપર ઉલ્લેખ કર્યો છે, તેનાથી ૫ માઇલ ઉપર '**સહેતમહેત**'નો કિલ્લો છે. આનેજ અત્યારે **સાવત્થી** તીર્થ માનવામાં આવે છે. આ કિલ્લામાં એક ખાલી મંદિર છે, જેને **સંભવનાથનું** મંદિર કહેવામાં આવે છે **જિનપ્રભસૂરિના** સમયમાં પણ આજ **સહેતમહેતને સાવત્થી** તીર્થ માનવામાં આવતું હતું, એમ એમના '**સાવત્થીકલ્પ**' ના "**संपइकाले महेठि त्ति रूढा**" આ શબ્દોથી માલૂમ પડે છે. **જિનપ્રભસૂરિ**, અંહિના એક મંદિરનું અને રક્ત અશોકવૃક્ષનું વર્ણન આપે છે, તે ખાસ ધ્યાન ખેંચનારૂં છે. તેઓ કહે છે:—

"**जत्थ अज्ज वि घणगहणवणमज्झट्ठियं सिरिसंभवनाहपडिमाविभूसियं गयणग्गलग्गसिहरं पासट्ठियजिणबिंबमंडियदेउलियाअलंकरियं जिणभवणं चिट्ठइ पायारपरियरियं। तस्स चेइयस्सदुवारअदूरसामंते विल्लिरउल्लसिरं अतुल्लपल्लवसिणिद्धच्छाओ महल्लसाहाभिरामो रत्तासोयपायवो दीसइ ॥**"

અત્યારે જે મંદિર છે, તેજ આ મંદિર હોય તેમ જણાય છે; પરન્તુ અત્યારે આ મંદિરમાં મૂર્તિ વિગેરે કંઇ નથી.

અત્યારે જેને સેતમહેત (Set Mahet) કહેવામાં આવે છે, તેનાં કેટલાંક ખંડીયરો ગોંડા જીલ્લામાં છે, જ્યારે કેટલાંક બેરાઇચ (Bahraich) જીલ્લામાં આવેલી **રાપ્તી** નદીના દક્ષિણ કાંઠા ઉપર પણ છે. આ નદી તે છે કે જેને શાસ્ત્રકારો **ઇરાવતી** નદી કહે છે.

આ ઉપરથી જણાય છે કે-સુપ્રસિદ્ધ **સાવત્થી** નગરી, એ અત્યારનું **કોના** (**અકોના**) નામનું ગામડું છે. આ કવિ અહિં પ્રતિમા અને પગલાં હોવાનું જણાવી આ વનખંડને **દંડક દેશની** સીમા હોવાનું કથે છે:—

" જિહો તિન વનખંડે જાંણુજ્યો જીહો ડંડક દેશની સીમ, સુ. ૭
(પૃ. ૯૪)

પં૦ વિજયસાગર આ **સાવત્થી દરિયાબાદથી** ત્રીસ ગાઉ ઉપર હોવાનું જણાવે છે:—

" દેખું દરિયાબાદથી દોઇ દિશિં કોસ ત્રીસ;
સાવત્થી સંભારીઇ શંભવ જન્મ જગીસ. મ. ૯ (પૃ. ૧૨)

અયોધ્યાથી લગભગ સાત કોસ ઉપર

રત્નપુરી[1]

નામનું તીર્થ છે. **ધર્મનાથનાં** અહિં કલ્યાણકો થયેલ છે. **પં૦ જયવિજયે** અહિં બે મંદિરો હોવાનું જણાવ્યું છે. તેમાં પગલાં અને ત્રણ પ્રતિમાઓ બતાવી છે. પં૦ **સૌભાગ્યવિજય** કહે છે કે-આ ગામને અત્યારે ' **રોઇનાઇ** ' કહે છે.

---

૧ આ તીર્થ, અવધ એન્ડ રોહિલખંડ રેલવેના **સોહાવલ** સ્ટેશનથી લગભગ દોઢ-બે માઇલ ઉપર આવેલું છે, અત્યારે પણ આ ગામને ' **રૂનાઇ** ' કહે છે. **જિનપ્રભસૂરિના** સમયમાં આ ગામ **રત્નવાહના** નામથી પ્રસિદ્ધ હોય, એમ **કલ્પ** ઉપરથી જણાય છે. વળી **જિનપ્રભસૂરિના** સમયમાં અહિં **ધર્મ**નાથનું મંદિર અને તેમાં **નાગમૂર્ત્તિ** યુક્ત **ધર્મનાથની** પ્રતિમા હોવાનું પણ જણાવે છે. તેમના શબ્દો આ છે:—

" तत्र च तथैव नागमूर्त्तिपरिवारिता श्रीधर्मनाथप्रतिमाऽद्यापि सम्यग्दृष्टियात्रिकजनैरनेकविधप्रभावप्रभावनापुरस्सरं पूज्यते । "

અત્યારે અહિં બે મંદિરો છે. **પાર્શ્વનાથનું** અને **ઋષભદેવપ્રભુનું.**

કંપિલા[1]

તીર્થ પણ કલ્યાણકભૂમીજ છે. **વિમલનાથ**નો અહિં જન્મ થયો હતો. **પં૦ જયવિજય** અહિં '**વિમલવિહાર**' અને **વિમલનાથ**નાં પગલાં હોવાનું જણાવે છે. **પં૦ વિજયસાગર** અને **પં૦ સૌભાગ્યવિજયજી** **કંપિલા**ની પાસેના **પટિયારી**નો પણ ઉલ્લેખ કરે છે.

આ તીર્થ પછી

સૌરીપુર[2]

તીર્થ છે. **પં૦ જયવિજય** **ફીરોઝાબાદ**, **ચંદવાડ** અને તેની પાસેના **સરપડી** ગામથી આ તીર્થ ત્રણ કોસ ઉપર આવેલું છે, અને અહિં સાત મંદિર છે, એમ કથે છે.

ઉપરની પાંચે તીર્થમાળાઓમાં ઉપર પ્રમાણે થોડે ઘણે અંશે ઉપર પ્રમાણે પૂર્વદેશનાં તીર્થો (ખાસ ખાસ કલ્યાણકભૂમીવાળાં તીર્થો) નું વર્ણન કર્યું છે. તે ઉપરાન્ત કોઈ કોઈ તીર્થમાળામાં પૂર્વદેશનાં તીર્થોમાંજ કેટલાંક વધારાનાં તીર્થો ગણાવ્યાં છે.

જેમાં મુખ્ય

---

૧ ફેરૂકાબાદ જીલ્લામાં આવેલા **કાયમગંજ**થી ઉત્તર-પશ્ચિમમાં ૬ માઇલ ઉપર આ ગામ આવેલું છે. અહિં એક **વિમલનાથ**નું મંદિર છે. **સૌભાગ્યવિજયજી** જે **પટિયારી**નો ઉલ્લેખ કરે છે, એ પટિયારી (Patiali) બીજું કંઈ નહિં, પરન્તુ **કંપીલા**થી ઉત્તર-પશ્ચિમમાં ૧૮-૧૯ માઇલ ઉપર આવેલું એક ગામ છે. વધુ માટે જૂઓ—જિનપ્રભસૂરિકૃત **काम्पिल्यपुरकल्प ।**

૨ આ સ્થાન **શિકોહાબાદ**થી ૭ કોસ ઉપર **જમના** નદીના કાંઠે આવેલું છે. **નેમનાથ**પ્રભુના જન્મ કલ્યાણકના લીધે આ ગામ તીર્થ તરીકે મનાય છે. જગદ્ગુરૂ **હીરવિજયસૂરિ** મહારાજ **આગરે**થી અહિં પધાર્યા હતા અને તેમનાજ સમયમાં અહિંનો ઉદ્ધાર થયેલો; પરન્તુ તે પછી અહિંનાં મંદિરોનો ઉદ્ધાર થયો જણાતો નથી. અહિં હાલ એક પહાડીપર પાંચ મંદિરો છે. જેમાંનાં ચાર તો ખાલીજ છે અને એકમાં **નેમનાથ**નાં પગલાં છે.

અહિચ્છત્તા.[1]

છે. આ તીર્થના સંબંધમાં **પં૦વિજયસાગરે** બીજું કંઇજ લખ્યું નથી. માત્ર નામજ લીધું છે. **પં૦ સૌભાગ્યવિજયજીએ** **અહિચ્છત્તા** નગરી આગરાથી ઇશાન કોણમાં કુરૂજંગલના પ્રદેશમાં હોવાનુંજ માત્ર જણાવ્યું છે. જ્યારે **પં૦ શીલવિજયજીએ** **અહિચ્છત્તા** નગરીને મેવાત દેશમાં હોવાનું જણાવી **પાર્શ્વનાથ**ના તીર્થ તરીકે બતાવી છે. આ સિવાય કોઇએ કંઈ વિશેષ કહ્યું નથી.

હસ્તિનાપુર[2]

તીર્થનો પણ ઉલ્લેખ કોઇ કોઈએ કર્યો છે. તેમજ **પં૦ વિ-**

---

૧. **અહિચ્છત્તા.** બરેલી જીલ્લામાં **એઓનલા** (Aonla) નામનું ગામ છે, તેની ઉત્તરમાં ૮ માઇલ ઉપર **રામનગર** (Ramnagar) નામનું ગામ છે. આ **રામનગર**થી દક્ષિણમાં ૩ા માઇલના ઘેરાવામાં કેટલાક ખંડીયેરો છે. આનેજ **અહિચ્છત્તા** કહેવામાં આવે છે. **જિનપ્રભસૂરિએ** ' **અહિચ્છત્તાકલ્પ** ' માં, **અહિચ્છત્તા**ની ઉત્પત્તિ, **પાર્શ્વનાથ** પ્રભુનું મંદિર, તેની પૂર્વ દિશામાં આવેલા સાત કુંડો, મૂલચૈત્યની નજીક **સિદ્ધક્ષેત્ર**માં ધરણેન્દ્ર **પદ્માવતીયુક્ત** **પાર્શ્વનાથ** પ્રભુનું મંદિર, ગઢની પાસે **નેમિનાથ**ની મૂર્ત્તિ સહિત સિદ્ધ અને બુદ્ધથી યુક્ત, આંબાની લુંબ હાથમાં છે જેને એવી સિંહવાહનવાળી **અંબાદેવી**, તેમજ બીજાં પણ કેટલાં લૌકિક તીર્થો વિગેરેનું વર્ણન કર્યું છે. **અત્યારે** તેનાં સ્મૃતિચિહ્નો–ખંડિયેરોજ માત્ર છે. પ્રાચીન શોધ ખોળના પરિણામે અત્યારસુધીમાં જૈનોના જે બે પ્રાચીનમાં પ્રાચીન સ્તૂપો જાહેરમાં આવ્યા છે, તેમાં અહિંનો પણ એક સ્તૂપ છે. અને બીજો મથુરાનો.

૨ **હસ્તિનાપુર.** અહિં **શાન્તિનાથ**, કુંથુનાથ, અને **અરનાથ**નો જન્મ થયેલો હોઇ આ સ્થાન તીર્થ તરીકે મનાય છે. **મલ્લિનાથ**પ્રભુ પણ અહિં સમોસર્યા હતા. **ઋષભદેવપ્રભુએ** વરસીતપનું પારણું પણ અહિંજ કર્યું હતું. **જિનપ્રભસૂરિ**ના સમયમાં અહિં **શાન્તિ**, કુંથુ, **અર** અને **મલ્લિનાથ**–એ ચારે પ્રભુનાં ચાર મંદિરો હતા. ' હસ્તિનાપુરકલ્પ ' માં લખ્યું છેઃ—

" तत्थ महानयरे संतिकुंथुअरमल्लिजिणाणं चेइयाइं मणहराइं । "

જયસાગરે કહ્યું છે:-"**શાન્તિ**, **કુંથુ** અને **અરનાથ**નો અહિં જન્મ થયો હતો. **આગરાથી** ઉત્તરમાં દોઢસો કોસ થાય છે, પાંચ પાંડવો અને પાંચ ચક્રવર્તી અહિં થયા છે; વળી અહિં પાંચ થૂભ છે અને પાંચ જિનમૂર્ત્તિયો છે." **પં૦ સૌભાગ્યવિજયજી**એ પણ લગભગ **પં૦ વિજયસાગર**ની માફક વર્ણન કર્યું છે. ફરક માત્ર એટલો છે કે આમણે આ સ્થાન **દિલ્લીથી** પૂર્વ દિશામાં ચાલીસ કોસ બતાવ્યું છે, અને પાંચ સ્તૂપને બદલે ત્રણ સ્તૂપ બતાવ્યા છે.

આમજ

મથુરા.[1]

તીર્થનો પણ કોઇ કોઇ તીર્થમાળામાં ઉલ્લેખ જોવાય છે. **પં૦ વિજયસાગરે** આનું નામ માત્ર લીધું છે. **પં૦ સૌભાગ્યવિજયજી**એ આ તીર્થ **મહાવીરસ્વામી**ના તીર્થ તરીકે પ્રસિદ્ધ બતાવ્યું છે. જ્યારે **પં૦ શીલવિજયજી**એ જમના નદીના કાંઠે આ ગામ હોવાનું બતાવી **નેમનાથ**ના તીર્થ તરીકે આને પ્રસિદ્ધ બતાવ્યું છે.

એ પ્રમાણે પૂર્વદેશીય તીર્થોનું વર્ણન ઉપર્યુક્ત પાંચ તીર્થમાળાઓમાં કરવામાં આવેલ છે.

અહિં અંબાદેવીનું મંદિર હોવાનું પણ જણાવ્યું છે, પરન્તુ સં. ૧૯૨૯ સુધી અહિં એક મંદિર ન્હોતું. માત્ર એક ઝાડ નીચે પગલાં હતાં. સં. ૧૯૨૯ માં અહિં એક મંદિર બન્યા પછી આ તીર્થ પાછું જાહેરમાં આવ્યું છે. કહેવાય છે કે-અહિંથી માઇલ-સવામાઇલ ઉપર **ઋષભદેવ**નાં પણ પગલાં છે.

૧ **મથુરા.** જમના નદીને કિનારે આ એક પ્રાચીન શહેર છે. અત્યારે લગભગ સાઠ હજાર માણસોની વસ્તી છે. એકવખતે આ સ્થાન જૈનતીર્થ તરીકે મશહૂર હતું, જ્યારે અત્યારે જૈનોની વસ્તી (પચાસ દિગમ્બરોનાં ઘરો સિવાય) બિલકુલ નથી. ઘિયામંડીમાં એક **પાર્શ્વનાથ**નું મંદિર છે. અહિંની શોધખોળના પરિણામે ઘણી પ્રાચીન વસ્તુઓ અને જૂના શિલાલેખો મળ્યા છે. કંકાલીટીલામાં જે એક જૈન સ્તૂપ છે, તે અત્યારસુધીમાં પ્રાપ્ત થયેલા જૂનામાં જૂના બે સ્તૂપો પૈકીનો એક છે. વધુ માટે જૂઓ '**જૈનસ્તૂપાઝ ઑફ મથુરા.**' કર્તા **વિન્સેંટ. એ. સ્મીથ.**

શત્રુંજય.

શત્રુંજય (સિદ્ધાચળ) તીર્થના વર્ણનવાળી આ સંગ્રહમાં આઠ તીર્થમાળાઓ છે:—

૧ પં૦ દેવચંદ્ર વિરચિત ' **શત્રુંજયતીર્થ-પરિપાટી** '
પૃ. ૩૮–૪૭

૨ પં૦ સૌભાગ્યવિજય વિરચિત ' **તીર્થમાળા** '
પૃ. ૭૩–૧૦૦

૩ .... ' **શત્રુંજયચૈત્ય પરિપાટી** '
પૃ. ૧૫૪–૧૫૮

૪ પં૦ વિનીતકુશલ વિરચિત ' **શત્રુંજય તીર્થયાત્રા** '
પૃ. ૧૫૯–૧૬૫

૫ કવિ લાવણ્યસમય વિરચિત ' **આદિનાથ-ભાસ** '
પૃ. ૧૬૬–૧૬૮

૬ પં૦ વિનીતકુશલ વિરચિત ' **શત્રુંજય સ્તવન** '
પૃ. ૧૭૪–૧૭૫

૭ પં૦ મતિરત્ન વિરચિત ' **સિદ્ધાચલ-તીર્થયાત્રા** '
પૃ. ૧૭૬–૧૮૮

૮ પીમા વિરચિત ' **શત્રુંજયચૈત્ય પરિપાટી** '
પૃ. ૧૯૫–૧૯૭

ઉપરની આઠ તીર્થમાળાઓ પૈકી **પહેલી** તીર્થમાળા ઉપાધ્યાય ભાનુચંદ્રજીના શિષ્ય **પં૦ દેવચંદ્રજીએ** બનાવી છે. જો કે કવિએ રચ્યાનો સંવત્ નથી આપ્યો, પરન્તુ સિદ્ધાચલની આ યાત્રા તેમણે

" સોલ પંચાણુંઓ સાર માહ વદિ ચૌદસિ ગુરૂવાર " (પૃ. ૪૩)

સં. ૧૬૯૫ના મહા વદિ ૧૪ ને ગુરૂવારે કરેલી છે, તે ઉપરથી સ્પષ્ટ થાય છે કે–આમાં જે સમયનું વર્ણન કરવામાં આવ્યું છે, તે સમય સં. ૧૬૯૫ નો એટલે સત્તરમી સદીની લગભગ આખરનો છે. કવિ જણાવે છે કે–સં. ૧૬૯૫નું ચાતુર્માસ ઇડરમાં કરીને યાત્રા

માટે નીકળ્યા હતા. ઈડરથી જે રસ્તે થઈને તેમણે યાત્રા કરી છે તે આ છે—**પ્રીચોટ**, (પ્રીચોદ) **વલાસણ**, **વડનગર**, **વીસનગર**, **સિવાલા** (સાઉલા–Saola), **મ્હેસાણા**, **અમદાવાદ** અને **પાલીતાણા**. **અમદાવાદ** પછી ક્યાં ક્યાં ગામો ઉપર થઈને **પાલીતાણે** ગયા તે જણાવ્યું નથી.

બીજી કવિ **લાલવિજયજીના** શિષ્ય **પં૦ સૌભાગ્યવિજયજીએ** સં. ૧૭૫૦ માં બનાવી છે. આ તીર્થમાળા જો કે ખાસ **સિદ્ધાચલની** યાત્રા નિમિત્તે બનાવવામાં આવી નથી. આમાં ચારે દિશાઓનાં તીર્થોનું વર્ણન છે, તેમાં **સિદ્ધાચલનું** વર્ણન પણ ઠીક ઠીક કરેલ હોવાથી આ વિભાગમાં પણ તેની ગણતરી કરી છે. આ **સિદ્ધાચળનું** વર્ણન પૃ. ૯૬માં છે.

ત્રીજી ' શત્રુંજય ચૈત્ય–પરિપાટી ' કોણે ક્યારે[1] બનાવી છે, એ કંઈ કૃતિ ઉપરથી જણાતું નથી. આમાં કેવળ શત્રુંજયનાં મંદિરો અને અન્યાન્ય દર્શનીય સ્થાનોનો નામોલ્લેખ કરવામાં આવ્યો છે.

ચોથી પં૦ સુમતિકુશલના પ્રશિષ્ય અને **પં૦ વિવેકકુશલના** શિષ્ય **પં૦ વિનીતકુશલે** બનાવી છે. આમાં સં. ૧૭૨૨ માં કરેલી યાત્રાનું વર્ણન છે. **જૂનાગઢના** રહેવાસી સંઘવી **સહસવીરના** સાત પુત્રો પૈકીના એક **રાજસીએ** સં. ૧૭૨૨ ના આસો

---

૧ આ કૃતિ રચ્યાનો સંવત્ જણાવવામાં આવ્યો નથી, પરન્તુ તેના સમયને માટે એક કલ્પના થઇ શકે છે. તે એ કે કવિએ **સિદ્ધાચલના** વર્ણનમાં **સમરાશાહના** ઉદ્ધારનો ઉલ્લેખ કર્યો છેઃ—

" થાપીઉં એ **સમરિ નરિંદ** મૂલગભારઈ આદિપહો " ૨૧ (પૃ. ૧૫૧)

આ ઉપરથી એ કલ્પના કરવી લગારે મુશ્કેલ નથી કે—આ કૃતિ **સમરાશાહના** ઉદ્ધાર પછીની એટલે ૧૩૭૮ પછીની છે. બીજી રીતે જોઇએ તો **કર્માશાએ** કરાવેલા ઉદ્ધારનો ઉલ્લેખ આમાં થયો નથી, એટલે **કર્માશાના** ઉદ્ધાર પહેલાંની એટલે સં. ૧૫૮૭ પહેલાંની આ કૃતિ છે, એમ કહેવું પણ ખોટું નથી. નિદાન, સં. ૧૩૭૮ થી ૧૫૮૭ ની વચમાં આકૃતિ બનેલી સિદ્ધ થાય છે.

સુદિ ૧૦ (વિજયાદશમી) ના દિવસે ' સંઘવી ' તિલક કરાવી પોષ વદિ ૧ ને ગુરૂવારના દિવસે **સિદ્ધાચલ**નો સંઘ કાઢ્યો હતો. આ વખતે **જૂનાગઢ**માં નવાબ **સરદારખાન** રાજ્ય કરતો હતો, એમ કવિ જણાવે છે. રાજશ્રીના આ સંઘ સાથે **દીવ, પાટણ**, (પ્રભાસપાટણ,) **વેરાવળ** અને **પોરબંદર**ના સંઘો મળી ગયા હતા. આ સંઘ **વડાલ** થઇ **રાણપુર** આવ્યો, ત્યારે અહિં **ધોરાજી** અને **મઝેવડી**નો સંઘ પણ ભેગો થઇ ગયો. અહિંથી આગળ વધી સંઘ **પાલીતાણે** પહોંચ્યો. આ વખતે સંઘવીએ **ઘોઘે**થી **વિજયપ્રભસૂરિ**ને **પાલીતાણે** તેડાવ્યા. સંઘવીની વિનતિને માન આપી વિજયપ્રભસૂરિ એકસો પંચાવન સાધુ સાથે **પાલીતાણે** પધાર્યા અને સંઘવીને ત્યાં પગલાં કર્યાં.

પાંચમી કવિ **લાવણ્યસમયે** બનાવેલ ' **આદિનાથ-ભાસ** ' છે. કવિએ આ ભાસ રચ્યાનો સંવત્ આપ્યો નથી; પરન્તુ આમાં **સિદ્ધાચલના છ ઉદ્ધારનું** ટૂંકમાં વર્ણન કરી સાતમા **ઉદ્ધારનું વર્ણન** કર્યું છે. સાતમો ઉદ્ધાર[1] **કર્મસિંહે** (**કર્માશાહે**) કરાવ્યાનું જણાવ્યું છે. કવિ કહે છે કે:—

" સંવત પન્નર વરસ સીત્યાસીઇ વદિ વૈશાખિ લગન પ્રકાસીઇ. " ૧૧

પરકાસીઇ વરલગન **પંચમિ** વેગિ વાહણિ જોતરી;
ઉત્તર દક્ષિણ પૂરવ પશ્ચિમ પાઠવઇ કંકોતરી. " (પૃ. ૧૬૭)

આ ઉપરથી જણાય છે કે–સં. ૧૫૮૭ ના વૈશાખ વદિ ૫ ના દિવસે **કર્મસિંહે** (**કર્માશાએ**) પ્રતિષ્ઠા કરાવી હતી. આ ઉપરથી એ અનુમાન સહજ કરી શકાય છે કે–કવિની આ કૃતિ સં. ૧૫૮૭ પછીની છે.

છઠ્ઠું **વિનીતકુશલ** વિરચિત ' **શત્રુંજય સ્તવન** ' છે. આ **વિનીતકુશલ** તે છે, કે જેમની સં. ૧૭૨૨ માં બનાવેલી તીર્થમા-

---

૧ આ ઉદ્ધાર સંબંધી બહુ લાંબી સંસ્કૃત પ્રશસ્તિ કવિ **લાવણ્યસમયે** રચી છે. આ પ્રશસ્તિ સિદ્ધાચળ ઉપર સૌથી મ્હોટા અને મુખ્ય મંદિરના પૂર્વદ્વારના એક થાંભલા ઉપર વિદ્યમાન છે. તેમ ' **શત્રુંજયયાત્રા પ્રબંધ** ' માં પણ વિસ્તારથી વર્ણન કર્યું છે.

ળાનો પરિચય ઉપર કરાવવામાં આવ્યો છે. આ કવિએ આ સ્તવન પણ તેજ સમયે **સિદ્ધાચલ**માં બનાવેલું છે. કારણ કે તેઓ પોતે કથેછે:-

" સંવત સત્તર બાવીસની રે લાલ માહ સુદિ પંચમી સાર, મન૦
સંઘ સાથિં જાત્રા કરી રે લાલ સફળ કર્યો જંવાર, મન૦
સે૦ ૬ (પૃ. ૧૭૪)

આમાં કવિ સં ૧૭૨૨ ના મહા સુ. ૫ ના દિવસે યાત્રા કર્યાનું જણાવે છે. જ્યારે ઉપર ચોથી તીર્થમાળામાં પણ આજ સંઘનું વર્ણન કરવામાં આવ્યું છે, એટલે એમાં શંકા જેવું નથીજ કે—આ સ્તવન પણ તે સમયેજ બનાવેલું છે.

સાતમી 'સિદ્ધાચળ-તીર્થયાત્રા' ઉપાધ્યાય **દીપચંદ્રજી**ના પ્રશિષ્ય અને **પં૦ દેવચંદ્રજી**ના શિષ્ય **મતિરત્ને** બનાવી છે. કવિએ રચ્યાનો સંવત્ આપ્યો નથી. આમાં **સૂરત**થી **સિદ્ધાચલ**ની યાત્રાએ નીકળેલા સંઘ[1]નું વર્ણન છે. આ સંઘ મૂળ **પાટણ**ના

---

૧ **ઉદયસાગરસૂરિ** નામના એક આચાર્યે '**स्नात्रपंचाशिका**' નામનો ગ્રંથ **પાલીતાણા**માં રચ્યો છે. આ ગ્રંથની પ્રશસ્તિમાં કર્ત્તાએ લખ્યું છે-

" **श्रीमालिवंशे गुरुदेवभक्तः**
कीकासुतः श्रीकचराभिधानः ।
तदीयसंघेन समं च यात्रां
कुर्वन् कृतोऽयं जिनराजभक्त्यै " ॥ ८ ॥

અર્થાત્—દેવ ગુરૂભક્ત **કીકા**ના પુત્ર **કચરા**એ કાઢેલા સંઘની સાથે યાત્રા કરતાં જિનરાજની ભકિતને માટે આ ગ્રંથ રચ્યો છે. (જૂઓ, **પીટર્સન**નો ત્રીજો રીપોર્ટ પૃ. ૨૩૯)

જે સંઘનું પ્રસ્તુત તીર્થમાળામાં વર્ણન કરવામાં આવ્યું છે, તેજ સંઘ આ છે. આ ગ્રંથ રચ્યાનો સંવત્ કર્ત્તાએ આ આપ્યો છે.

" **वर्षेऽब्धिखाष्टेंदुमिते सुरम्ये श्रीपौषमासे च वलक्षपक्षे** ।
श्रीपूर्णिमायां शशिवासरे च श्रीपादलिप्ताख्यपुरे सुराष्ट्रे " ॥૬॥

અર્થાત્—**પાલીતાણા**માં સં. ૧૮૦૪ ના પોષ સુદિ ૧૫ ને સોમવારના દિવસે આ ગ્રંથની રચના કરેલી છે. સુતરાં **કચરા કીકા**એ આ સંઘ ૧૮૦૪ માં કાઢ્યો હતો, એ વાત સિદ્ધ થાય છે.

રહીશ, પરન્તુ પાછળથી **સૂરત**માં આવી વસેલ **રવજીશાના** કુલના **શા કચરા કીકા**એ કાર્તિક સુ. ૧૩ (સંવત્ જણાવ્યો નથી) ના દિવસે કાઢયો હતો. **રૂપચંદ** નામના ગૃહસ્થ પણ સંઘવી તરીકે તેમાં જોડાયા હતા. **ડુંમસ**થી દરિયા માર્ગે વિદાય થઈ આ સંઘ **ભાવનગર** બંદર ઉતર્યો હતો. **ભાવનગર**માં આ વખતે રાજા **ભાવસિંહજી** રાજ્ય કરતા હતા. **ભાવનગરથી વરતેજ, કનાડ** થઈ સંઘ **પાલીતાણે** આવ્યો હતો. આ સંઘમાં **ભાવનગર**થી **પં૦ ઉત્તમવિજયજી** સાથે ચાલ્યા હતા.

આઠમી ખીમા નામના કવિએ બનાવેલી ' શત્રુંજય ચૈત્ય પરિપાટી ' છે. આ ' **ખીમા** ' કોણ તે કંઈ જણાવવામાં આવ્યું નથી, તેમ રચ્યાનો સંવત્ પણ આપ્યો નથી.[1] આમાં કેવળ **શત્રું-જય** ઉપરનાં મંદિરો અને દર્શનીય સ્થાનોનું વર્ણન છે.

ઉપરની આઠે તીર્થમાળાઓ યદ્યપિ **શત્રુંજય**ને લગતી છે, પરન્તુ વસ્તુતઃ **શત્રુંજય**ની હકીકત સારા રૂપમાં પૂરી પાડનાર તો પહેલી, બીજી, ત્રીજી અને આઠમી એ ચાર તીર્થમાળાઓજ છે. બાકીની તીર્થમાળાઓમાં કાંતો સંઘનાં વર્ણનો છે, અને કાંતો **શત્રુંજય**ની સ્તુતિ અને નામ માત્ર જણાવેલ છે. આ ચારે તીર્થ-માળાઓમાં સિદ્ધાચલનાં મંદિરો, પાદુકાઓ અને અન્યાન્ય દર્શનીય સ્થાનોનાં ઓછી વત્તી સંખ્યામાં નામો ગણાવવામાં આવ્યાં છે જેમાંનાં મુખ્ય આ છેઃ—

લલિતસરોવર, **ઋ**ષભપાદુકા, કુમરવિહાર, **ઋ**ષભદેવની માતા-**ગજપર** બેઠેલ, **શાન્તિનાથ**નું મંદિર, **ચોમુખજી, પાંચ** પાંડવ, **અદબદ**, કવડયક્ષ, **વાઘણ**પોળ, **છીપા**વસહી, **મોલ્હાવ-**

---

૧ કવિએ આ તીર્થમાળામાં સિદ્ધાચલનાં જે જે સ્થાનોનું વર્ણન કર્યું છે, તેમાં **દેસલવસહી**નું પણ નામ છે. **દેસલ** એ છઠ્ઠા ઉદ્ધારક **સમરાશાહ**નો પિતા થતો. આ **દેસલવસહી સમરાશાહે**જ બનાવેલ છે. **સમરાશાહે** અહિં ૧૩૭૮ માં ઉદ્ધાર કરાવ્યો હતો. આ ઉપરથી સહજ સમજાય છે કે આ કૃતિ સં. ૧૩૭૮ પછીની છે.

સહી, ટોટરાવિહાર, સ્વર્ગારોહણ, રાજીમતીની ચોરી, થંભણ પાર્શ્વનાથ, નેમિનાથનું મંદિર (ગિરિનારની સ્થાપના), જયમલ્લનો પ્રાસાદ, તેજપાલનું મંદિર, ખરતર વસહી, તિલકાતોરણ, શામળાપાર્શ્વનાથ, રાયણવૃક્ષ, કલિકુંડ, પુંડરીકજી, સૂરજકુંડ, ભીમકુંડ, ઉલખાઝોલ, સહસ્રકૂટ, ચેલણતલાવડી અને સિદ્ધવડ વિગેરે.

ઉપરની તીર્થમાળાઓમાં કર્ત્તાના નામ વિનાની 'શત્રુંજય ચૈત્ય-પરિપાટી' અને 'ખીમા'ની 'શત્રુંજય ચૈત્ય પરિપાટી'માં ઉપરનાં નામો ઉપરાન્ત કેટલાંક વિશેષ નામો છે. તે નામો આ છે:—

ધર્મસિંહનું મંદિર, નરસિંહનું[1] મંદિર, લાધુવસહી, વેશ્યાવસહી, સ્વર્ગારોહ, સાંબપ્રદ્યુમ્નકુમાર, સમળીવિહાર, દેસલવસહી, વીસવિહરમાન, સમ્મેતશિખર, ખોખાવસહી, સોખલવસહી, વિગેરે.

—❖—

૧ નરસિંહ, એ સુપ્રસિદ્ધ પેથડશાહનો ભાઇ થતો હતો. પેથડશાહને સંઘ કાઢવાની ઇચ્છા થતાં પોતાના ભાઇઓને એકત્રિત કરી વિચાર ચલાવે છે, તે વખતનું વર્ણન કરતાં પેથડરાસના કર્તા લખે છે:—

" બઇસીય પેથડ પાટે બંધવ બોલવઇ;
નરસીહ રતન કારે મનિ મંત્ર ચલાવઇ. " ૮

પેથડ વિગેરે તેઓ સાત ભાઇ હતા, એ પણ કર્ત્તાએ આગળ ચાલતાં સ્પષ્ટ કર્યું છે:—

" સાતે બંધવિ કીયઉ વિચાર સવિહું કાજિ લિઉ નરસીઅ ભાર, " ૧૨
(જૂઓ, પ્રાચીન ગુર્જર-કાવ્ય સંગ્રહ, પરિશિષ્ટ પૃ. ૨૪-૨૫.)

ગુજરાત, કાઠિયાવાડ, મારવાડ, મેવાડ અને દક્ષિણનાં તીર્થો.

આની સાથે સંબંધ ધરાવનારી આ સંગ્રહમાં પાંચ તીર્થમાળાઓ છે:—

૧ પં૦ **મેઘ** વિરચિત '**તીર્થમાળા**' પૃ. ૪૮–૫૬

૨ પં૦ **મહિમા** વિરચિત '**ચૈત્યપરિપાટી**' પૃ. ૫૭–૬૧

૩ પં૦ **સૌભાગ્યવિજય** વિરચિત 'તીર્થમાળા' પૃ.૭૩–૧૦૦

૪ પં૦ **શીલવિજય** વિરચિત 'તીર્થમાળા' પૃ. ૧૦૧–૧૩૧

૫ **જ્ઞાનવિમલસૂરિ** વિરચિત 'તીર્થમાળા' પૃ. ૧૩૨–૧૪૦

ઉપરની પાંચ **તીર્થ**માળાઓ પૈકી **પહેલી** તીર્થમાળા **પં૦ મેઘે**[1] બનાવી છે. આ **મેઘ** કોણ ? તે તીર્થમાળા ઉપરથી જણાતું નથી. કારણ કે કવિએ પોતાનો વિશેષ પરિચય આપ્યો નથી, તેમ આ તીર્થમાળા બનાવ્યાનો સંવત્ પણ આપ્યો નથી. એટલે ક્યા સમયની આ તીર્થમાળા છે, એ પણ કહી શકાતું નથી. આ તીર્થમાળામાં ગુજરાત, કાઠિયાવાડ, **મારવાડ** અને **મેવાડ**નાં પ્રસિદ્ધ તીર્થો અને ગામોનાં મંદિરોનો ઉલ્લેખ કરેલો છે. તેમાં પણ ગામનું નામ અને ક્યા ભગવાન્ મુખ્ય છે તેજ માત્ર બતાવ્યું છે. કોઇ કોઇ સ્થળે કંઇક વિસ્તૃત વર્ણન પણ કર્યું છે. જેમ **આબૂ**નું વર્ણન. **આબૂ**નાં મંદિરોનો ઉલ્લેખ કરતાં કવિએ **વિમલ** મંત્રીએ કેવી રીતે ત્યાં મંદિરો બનાવ્યાં તેનું વર્ણન કર્યું છે. આવીજ રીતે '**ચડાઉલિ**[2]'નું વર્ણન ખાસ ધ્યાન ખેંચે છે.

---

૧ આ **મેઘ** (**મેહ**) તેજ છે કે–જેમણે 'નવસારી સ્તવન' અને સં. ૧૪૯૯ કાર્તિકમાસમાં **રાણકપુરતીર્થનું સ્તવન** બનાવ્યું છે. તેઓ **સોમસુંદરસૂરિ**ના સમયમાં થયા છે, એ નિશ્ચય થાય છે.

૨ **ચડાઉલિ**, એ અત્યારે **ચંદ્રાવતી**ના નામથી ઓળખાય છે. આ ગામ **આબૂ**રોડથી દક્ષિણ–પશ્ચિમમાં લગભગ ચાર માઇલ ઉપર આવેલું છે.

જે 'ચડાઉલી' માં અત્યારે એક પણ મંદિર નથી અને ગામ પણ નાનકડું છે, તે **ચડાઉલિ**નું કવિ કેવું વર્ણન કરે છે:—

"નગર **ચડાઉલિ**ના ગુણ ઘણા **ભવણ અઢારઇ** છઇ જિણતણા;
ચઉરાસી ચહુટે હિવ ફિરઉં ઠામિ ઠામિ દીસઇં ભૂંહરિઉં. ૨૬
મૂલનાયક શ્રીનાભિમલ્હારિ જિણ દીઠઇ મનિ હર્ષ અપાર;
કરઇ પૂજ શ્રાવક મનિ હસી નગર **ચડાઉલિ લંકા** જિસી." ૨૭
(પૃ. ૫૦)

આ ઉપરથી જણાય છે કે કવિના સમયમાં અહિં ૧૮ જિનમંદિરો હતાં.

આ તીર્થમાળામાં જે જે **તીર્થો** અને ગામોનાં નામો ઉલ્લેખ્યાં છે, તે અનુક્રમે છે, એમ કંઇ નથી. પ્રારંભમાં **શત્રુંજય**નું નામ આપી પછી **ગિરિનાર**નું અને **અષ્ટાપદ**નું આપી **ભરૂચ**, **સોપારા**, **ખંભાત** એમ નામો આપ્યાં છે. આવી રીતે **મારવાડ મેવાડ**નાં તીર્થોનો પણ અનુક્રમ સાચવ્યો જોવાતો નથી. એકંદર કવિ આ તીર્થમાળામાં એકસો વીશ તીર્થોનું વર્ણન કર્યાનું જણાવે છે:—

"એકસઉ તીરથ વિસોતર નામ
ઇણિઇં ભણિઇં હુઇ સવિહં પ્રણામ." ૮૮ (પૃ. ૫૬)

આ ઉપરાન્ત આ **તીર્થ**માળામાં વિશેષ કંઇ જાણવા જેવી હકીકત જણાતી નથી.

બીજી આગમ ગચ્છીય **પં૦ મહિમા** વિરચિત '**ચૈત્યપરિપાટી**' છે. આ **મહિમા** કોણ, તે પણ આ કૃતિ ઉપરથી જણાતુ નથી. કારણ કે–આ કવિએ પણ પોતાનો વિશેષ કંઇ પરિચય આપ્યો નથી. કવિએ આ **ચૈત્યપરિપાટી** રચ્યાનો પૂરો સંવત્ આપ્યો નથી. માત્ર છેલ્લી કડીમાં એટલુંજ જણાવ્યું છે કે—

"બાવીસિ શ્રાવણ પષિ ત્રીજ ભલી ગુરૂવાર
ગોડીમંડણ ધ્યાનથી રિદ્ધિ વૃદ્ધિ ભંડાર." સ૦ તી. ૧૧ (પૃ. ૬૧)

પ્રાકૃતમાં આ ગામનું નામ '**चड्डावल्ली**' થાય છે. જ્યારે સંસ્કૃતમાં '**चंद्रावती**' ના નામથી ઉલ્લેખ્યું છે. આ તેજ **ચંદ્રાવતી** છે, જ્યાં પરમાર ધારાવર્ષ રાજા રાજ્ય કરતો હતો અને જ્યાં **વિમલમંત્રી** પાટણ છોડી રહ્યો હતો.

આમાં સૈકો જણાવ્યો નથી. માત્ર સૈકા ઉપરનાં વર્ષ ૨૨ જણાવી **શ્રાવણ** પક્ષની **ત્રીજ**ને **ગુરૂવારે** આ પરિપાટી રચી, એમ જણાવે છે[૧]. વળી આમાં વર્ણવેલ તીર્થોનાં નામો પૂરાં કરી કવિ કથે છે—

"સંવત **એકવીસ** ભેટીયા ભયભંજન ભગવંત" સ૦ તી૦ ૬ (પૃ. ૬૧)

આમાં પણ સૈકો ન બતાવી માત્ર ચાલુવર્ષ 'એકવીસમું' બતાવેલ છે. ઉપરનાં બે કથનોથી સ્પષ્ટ થાય છે કે-કવિએ ૨૧ મા વર્ષમાં યાત્રા પૂરી કરી, અને બાવીશમાં વર્ષમાં આ ચૈત્યપરિપાટી બનાવી.

આમાં વર્ણવેલ તીર્થોની યાત્રા **અમદાવાદ**થી શરૂ કરી છે અને ગુજરાત અને મારવાડનાં ગામોનાં મંદિરો ગણાવી પૂરી કરી છે. આ તીર્થમાળામાં ખાસ એક વિશેષતા છે. અને તે એ કે-આ કૃતિમાં કવિનો ઉદ્દેશ્ય મૂર્ત્તિયોની સંખ્યા બતાવવાનો છે અને તેથી તેઓ પ્રત્યેક ગામનાં મંદિરોમાં કેટલી કેટલી મૂર્ત્તિયો-જિનબિંબો છે, તેની સંખ્યા બતાવતા ગયેલ છે. પોતાનો આ ઉદ્દેશ્ય કવિએ શબ્દોમાં પણ વ્યક્ત કર્યો છે:-

"સંખ્યા કહું જિનબિંબની રે લો અંગથી આલસ છાંડિ રે" સ૦ પ્ર૦ ૨ (પૃ. ૫૭)

છેવટ જતાં આમાં વર્ણિત સંખ્યા કવિના શબ્દોમાં કહીએ તો આટલી છે:-

"સહિસ ઉગણીસ નિ ઊપરિં બાવન છિ ગુણવંત" સં૦ (પૃ. ૬૧)

---

૧ કવિએ આ તીર્થમાળામાં જે જે તીર્થોનું વર્ણન કર્યું છે, તેમાં 'કાપડહેડા' તીર્થનું પણ નામ છે. 'કાપડહેડા' તીર્થની ઉત્પત્તિ સં. ૧૬૭૮માં થયેલી છે, એ વાત મુનિ **દયારત્ન** વિરચિત 'કાપડહેડા' રાસથી અને 'કાપડહેડા'ના શિલાલેખોથી સિદ્ધ થાય છે. સુતરાં, કવિની આ રચના અઢારમી શતાબ્દિના ૨૨ મા વર્ષમાં (૧૭૨૨) માં બનેલી છે, એ કલ્પના કરવી અસ્થાને નહિંજ ગણાય.

એકંદર ઓગણીસ હજાર અને બાવન જિનબિંબો આમાં જણાવ્યાં છે.

ત્રીજી પં૦ સૌભાગ્યવિજયજી વિરચિત **તીર્થમાળા** છે. આ તીર્થમાળાનો પરિચય પહેલાં કરાવ્યો છે. આ તીર્થમાળામાં જેમ પૂર્વદેશીય તીર્થોનું વર્ણન છે, તેમ ગુજરાત, મારવાડ, મેવાડ, મેવાત અને દક્ષિણનાં તીર્થોનું પણ ટૂંકમાં વર્ણન કર્યું છે. આ વર્ણનમાં કવિએ દેરાસરો અને મૂર્તિઓની સંખ્યા બતાવી નથી, પરન્તુ ગામ અને ત્યાંના મુખ્ય મંદિરનું નામજ ઉલ્લેખ્યું છે. દક્ષિણનાં જે તીર્થોનાં નામો આપ્યાં છે, તેમાં મોટો ભાગ દિગમ્બર તીર્થોનો છે. માંગીતુંગી, ગોમઠસ્વામી વિગેરે. આ વર્ણનમાં એક બે ખાસ વિશેષતાઓ છે. લાહોરમાં જહાંગીર બાદશાહે '**અષ્ટોત્તરી** સ્નાત્ર' કરાવ્યું હતું, તેનો ઉલ્લેખ કર્યો છે. બીજી વિશેષતા આ છેઃ—

"સેતબંધરામેશ્વર પાસે **જૈનરાજા** છે આજ જી" (પૃ ૯૮)

આ ઉપરથી જણાય છે કે—સં. ૧૭૫૦ ની લગભગમાં દક્ષિણમાં **જૈનરાજા** વિદ્યમાન હતા. દક્ષિણમાં દિગમ્બરોની વિશેષતા હોઇ સંભવ છે કે—આ રાજા પણ કોઇ દિગમ્બરજ હશે.

પાંચમી શીલવિજયજીની 'તીર્થમાળા' છે. આ તીર્થમાળાનો પરિચય પણ પહેલાં કરાવ્યો છે. આ કવિએ ગામોનાં નામો ગણાવતાં પ્રસંગે પ્રસંગે કેટલાક ઐતિહાસિક પુરૂષો અને રાજાઓનાં વિવેચનો વિશેષ કર્યાં છે. જેમ રાણકપુરના મંદિરના કર્ત્તાનું (પૃ. ૧૦૬), સંપ્રતિરાજાનું (પૃ. ૧૦૭), ભોજ સંઘવીનું (પૃ. ૧૧૪), દેવરાય રાજાનું (પૃ. ૧૧૭), ખંભાતનાં શ્રાવકોનું (પૃ. ૧૨૩) અને અમદાવાદના શ્રાવકોનું (પૃ. ૧૨૪).

કવિનો ઉદ્દેશ્ય પશ્ચિમ, પૂર્વ, દક્ષિણ અને ઉત્તર—એ ચારે દિશાઓનાં તીર્થોનું વર્ણન કરવાનો છે અને તે પ્રમાણે પ્રત્યેક દિશાનાં તીર્થોનું વર્ણન કરી અંતે એક એક કડીનો કળશ પણ

આપ્યો છે. ચારે દિશાનાં વર્ણનોમાં નિમ્નલિખિત દેશોનો કવિએ સમાવેશ કર્યો છે:—

૧ **પશ્ચિમ** દિશામાં **કાઠિયાવાડ**, **કચ્છ**, **સિંધ** અને **મારવાડ**નો સમાવેશ કર્યો છે.

૨ **પૂર્વ** દિશામાં **આગરા**થી લઇ **કાશી**, **મગધ**, **બંગાલ** અને **મેવાડ**નો સમાવેશ કર્યો છે.

૩ દક્ષિણમાં **ખાનદેશ**થી શરૂ કરી **દ્રાવિડ**, **મલબાર**, **વીજાપુર** તથા **સૂરત** જીલ્લો અને **ગુજરાત**નો સમાવેશ કર્યો છે.

૪ ઉત્તરમાં **દિલ્લી**, **પંજાબ**, **કાશ્મીર**, **મુલતાન** અને **લાટ** દેશનો સમાવેશ કર્યો છે.

આ કવિએ **દક્ષિણ**નું જે વર્ણન કર્યું છે, તેમાં મ્હોટે ભાગે **દિગમ્બર તીર્થો**નું વર્ણન છે. કવિનું કેટલુંક વર્ણન બહુ ધ્યાન ખેંચનારૂં છે. **કાંચી**ના વર્ણનમાં કવિએ **કાંચી**ને બે વિભાગમાં વિભક્ત કરી બતાવી છે. **જૈન કાંચી** અને **શિવ કાંચી**. (જૂઓ. પૃ. ૧૧૭) **મલબાર** અને **કલિકોટ**ના વર્ણનમાં કવિ કથે છે:—

> " ઘાટ ઉતરી આવ્યા **મલબારિ કલિકોટ** બંદિર અતિહિ ઉદાર;
> જિન મંદિર શ્વેતાંબર તણું વ્યાપારી **ગુજ્જર** તિહાં ભણું. " ૭૭
> (પૃ. ૧૧૯)

આ ઉપરથી સ્પષ્ટ સમજાય છે કે-કવિના સમયમાં **મલબાર** અને **કલિકટ**માં **શ્વેતામ્બર** મંદિર હતું, તેમ ત્યાં **ગુર્જર** વાણિયાઓ પણ વસતા હતા.

કવિના વર્ણન ઉપરથી એક ખાસ જાણવા જેવી વાત મળે છે અને તે એ કે-અત્યારે **જૈનધર્મ** જેમ વાણિયાનો થઇ પડયો છે, તેમ તે વખતે ન્હોતું. દક્ષિણમાં તે વખતે ચારે વર્ણના લોકો જૈનધર્મ પાળતા હતા. કવિ એક સ્થળે કથે છે:—

> " ચાર વર્ણના શ્રાવક ભદ્ર બ્રહ્મ ખ્યત્રિ વૈસ્ય નિ સૂદ્ર;
> નાતિતણો એહજ વિવહાર મિથ્યા દેવ તણો પરિહાર. " ૮૩
> (પૃ. ૧૧૯)

આ કથન સ્પષ્ટ કરે છે કે **બ્રાહ્મણ**, **ક્ષત્રિય**, **વૈશ્ય** અને **શૂદ્ર** એ ચારે વર્ણના લોકો **જૈનધર્મ** પાળતા હતા. જ્ઞાતિનો વ્યવહાર જ એ પ્રમાણે હતો. જે લોકો જૈનધર્મી હતા, તેઓ ઇતર દેવોને માનતા પણ નહોતા.

બેશક એ વાત ખરી કે–આ લોકો પ્રાયઃ દિગમ્બર જૈન હશે. શ્વેતામ્બર નહિં, કારણ કે–એ દેશોમાં શ્વેતામ્બર સાધુઓનો પરિચય સેંકડો વર્ષોથી ઓછો થઇ ગયેલો, અત્યારે પણ દક્ષિણના ઊંડા પ્રદેશમાં બ્રાહ્મણાદિ લોકો જૈનધર્મ પાળે છે.

આ ઉપરાન્ત બીજું પણ કેટલુંક જાણવા જેવું ઐતિહાસિક વર્ણન કર્યું છે.

પાંચમી જ્ઞાનવિમલસૂરિ વિરચિત 'તીર્થમાળા' છે. સં. ૧૭૫૫ ના જ્યેષ્ઠ સુ. ૧૦ ના દિવસે કવિએ આ તીર્થમાળા રચી છે, એમ છેલ્લી કડી ઉપરથી જણાય છે. કવિએ આ યાત્રા **સૂરત**થી શરૂ કરી છે **સૂરત**થી પ્રારંભ કરી **રાનેર**, **ભરૂચ**, **ગંધાર**, **કાવી** વિગેરે તીર્થોનું વર્ણન કરી ગુજરાતનાં કેટલાંક ગામોનાં તીર્થો બતાવ્યાં છે, તે પછી **મારવાડ**નાં તીર્થો વર્ણવ્યાં છે. **મારવાડ**નાં તીર્થોની યાત્રા કરી **સિદ્ધપુર**, **મહેસાણા** અને અમદાવાદ થઇ પાછા **સૂરત** આવ્યા છે. કવિ કહે છે કે—

"વિધિસ્યું છઇંરી પાલતા સુ૦ ષટ્માસેં કરી યાત્ર." સા૦ (પૃ. ૧૪૦)

આ તીર્થમાળામાં વર્ણિત યાત્રા કવિના કથન પ્રમાણે છ મહીને પૂરી થઇ છે અને તે છરી પાળતાં કરી છે.

આ સિવાય આ તીર્થમાળામાં વિશેષ હકીકત જાણવા જેવી કંઇ જણાતી નથી.

ઉપરની પાંચે તીર્થમાળાઓમાં ગુજરાત, **કાઠિયાવાડ**, **મારવાડ**, **મેવાડ** અને **દક્ષિણ**નાં તીર્થોનું વર્ણન આવી જાય છે, અને તેજ પ્રમાણે પૂર્વદેશનાં તીર્થોનું વર્ણન કરનારી તીર્થમાળાઓ આપણે જોઇ ગયા. હવે આપણે એ તીર્થમાળાઓનું નિરીક્ષણ કરીએ, કે જેમાં **પાર્શ્વનાથ**નાં તીર્થો અને નામો બતાવવામાં આવ્યાં છે.

પાર્શ્વનાથનાં તીર્થો.

કેવળ **પાર્શ્વનાથનાં** તીર્થો બતાવનારી આ સંગ્રહમાં ચાર તીર્થમાળાઓ છે:—

૧ પં૦ કલ્યાણસાગર વિરચિત '**પાર્શ્વનાથ ચૈત્ય પરિપાટી**' પૃ. ૭૦–૭૨

૨ **મેઘવિજય** ઉપાધ્યાય વિરચિત '**પાર્શ્વનાથ નામમાલા**' પૃ. ૧૪૯–૧૫૩

૩ પં૦ રત્નકુશલ વિરચિત '**પાર્શ્વનાથસંખ્યા સ્તવન**' પૃ. ૧૬૯–૧૭૦

૪ **શાંતિકુશલ** વિરચિત '**ગોડીપાર્શ્વનાથસ્તવન**' પૃ. ૧૯૮–૨૦૦

ઉપરની ચાર તીર્થમાળાઓ પૈકી **પહેલી** '**પાર્શ્વનાથ ચૈત્ય પરિપાટી**' પં૦ **ચારિત્રસાગરના** શિષ્ય કલ્યાણસાગરે[1] બનાવી છે. કર્ત્તાએ રચ્યાનો સંવત્ આપ્યો નથી. આ તીર્થમાળામાં **સંખેશ્વરથી** શરૂ કરીને ગુજરાત, કાઠિયાવાડ અને **મારવાડ**, **મેવાડનાં** જે જે ગામોમાં **પાર્શ્વનાથ** બિરાજમાન હતા, તે તે ગામોનાં નામો આપ્યાં છે. કવિએ અન્તમાં પાર્શ્વનાથની આરાધનાથી કેવાં કેવાં વિઘ્નો દૂર થાય છે, અને કેવું ફળ મળે છે, તે જણાવ્યું છે તે ઉપરાન્ત એ પણ સ્પષ્ટ કર્યું છે કે–આ તીર્થમાળામાં પાર્શ્વનાથનાં ૧૦૮ તીર્થો ગણાવવામાં આવ્યાં છે, કવિના શબ્દો આ છે:—

> " એકસો આઠે આગલા એ તીરથ હો જગના સાધાર; " ૨૯
>
> (પૃ. ૭૨)

બીજી મેઘવિજય ઉપાધ્યાય વિરચિત '**પાર્શ્વનાથ નામમાલા**' છે. આ **મેઘવિજય** તે **વિજયપ્રભસૂરિના** સમયમાં થયેલ

---

૧ આ કલ્યાણસાગર તેમના સમયના એટલે અઢારમી શતાબ્દિના પ્રારંભ કાળના અનેક વિદ્વાનો પૈકીના એક વિદ્વાન્ તરીકે વિખ્યાત થઇ ગયા છે. આ તીર્થમાળા ઉપરાન્ત તેમની પદ્માવતીસ્તોત્ર, ભવાનીસ્તોત્ર, ચિંતામણિ પાર્શ્વનાથ સ્તોત્ર, સંખેશ્વરપાર્શ્વનાથ સ્તવન, શિક્ષા સજ્ઝાય અને આત્મબોધ સજ્ઝાય વિગેરે કૃતિયો પણ જોવાય છે.

કૃપાવિજયના શિષ્ય થતા હતા. છેલ્લી કડી ઉપરથી જણાય છે કે આ નામમાલા કવિએ **દીવબંદિર**માં બનાવી હતી. કવિના આ શબ્દો-" **संवत् १७२१ वर्षे भट्टारक श्री १०६ श्रीविजयप्रभसूरीश्वरचरणसेवां कुर्वता चतुर्मासकमध्ये पं० मेघविजयेन कृता लिखिता च श्रीशत्रुंजयादितीर्थयात्रासंघपतिपट्टभक्त वसा० श्रीनेमीदास सामीदास वीरदास पठनार्थम् ।** "-૨૫૯ બતાવે છે કે-**પં૦ મેઘવિજયે** વિજયપ્રભસૂરિની સાથે કરેલા ચોમાસામાં સં. ૧૭૨૧ માં આ કૃતિ કરી છે.

આ નામમાળામાં પણ જે જે ગામોમાં **પાર્શ્વનાથ** બિરાજમાન હતા, તે ગામોનાં નામો આપ્યાં છે. અને તેવાં ૧૦૮ નામો આપ્યાંનું '**અહોત્તરસઉ પરણામઈ**' શબ્દથી કથે છે. આમાં પણ ગુજરાત-કાઠીયાવાડ અને **મારવાડનાં** ગામોનાં નામો આવી **જાય** છે.

ત્રીજું પં૦ રત્નકુશલ વિરચિત '**પાર્શ્વનાથ સંખ્યા સ્તવન**' છે. રત્નકુશલે પોતાના પરિચયમાં માત્ર અંતમાં એટલું જ કથ્યું છે:-

" ગણિ **દામા** શિષ્ય '**રતનકુશલ**[1]' ભગતિઇ કહઇ રે આપો ચરણઈ વાસ " ૨૦ (પૃ. ૧૭૦)

આ ઉપરથી સમજાય છે કે-તેમના ગુરૂનું નામ '**દામા** હતું

---

૧ આ **રત્નકુશલ** સત્તરમી શતાબ્દિની મધ્યમાં થયા છે. તેમણે '**पंचाशकवृत्ति**' ની એક પ્રતિ લખી છે. તેની અંતમાં લખેલી પંક્તિયો ઉપરથી તેમનો સમય અને તેમના ગુરૂનો પણ પરિચય મળી જાય છે. તે પંક્તિઓ આ છે:-

" **संवत् १६५२ वर्षे आश्विनसितपंचमीदिने । रविवारे । उंझा ग्रामे । पंडितोत्तम पं० श्री ५ मेहर्षिगणि शिष्य श्रीदामर्षिगणिश्रेष्ठचरणारविंदचंचरीकायमानविनेयाणुरत्नकुशलगणिनालेखि...** "

(મારા પ્રશસ્તિ સંગ્રહમાંથી)

આમાં પણ **પાર્શ્વનાથનાંજ** નામો બતાવ્યાં છે, પરન્તુ ઉપરની એ તીર્થમાળાઓ કરતાં બહુજ થોડાં. રચ્યાનો સંવત્ કવિએ આપ્યો નથી.

ચોથું શાંતિકુશલ વિરચિત '**ગોડીપાર્શ્વનાથ સ્તવન**' છે. કવિએ આપેલા પરિચય ઉપરથી જણાય છે કે–તેઓ **વિનયકુશલના** શિષ્ય થતા હતા. વળી ૩૧ મી કડી ઉપરથી એ પણ જણાય છે કે–વિજયસેનસૂરિના સમયમાં સં ૧૬૬૭ માં આ સ્તવન બનાવ્યું છે. યદ્યપિ કવિએ આ કૃતિને '**સ્તવન**' તરીકે ઓળખાવી છે, પરન્તુ વસ્તુતઃ ઉપરની ત્રણ કૃતિઓની માફક આમાં પણ પાર્શ્વનાથનાં નામોજ બતાવવામાં આવ્યાં છે. જો કે–છેવટ જતાં થોડીક કડીઓમાં **પાર્શ્વનાથની** સ્તુતિ કરવામાં આવી છે.

ઉપરની ચારે તીર્થમાળાઓમાં ઓછી વત્તી સંખ્યામાં પાર્શ્વનાથનાં નામો ગણાવવામાં આવ્યાં છે, તેમાં મુખ્ય આ છેઃ–

સંખેશ્વર, **નવખંડા**, ગાડરિયા, **જીરાઉલા**, **પંચાસરા**, **પાહૂલણ**, **પોસીના**, **અમીઝરા**, **લોઢણ**, **નવપલ્લવ**, **કુરહેડા**, **ચિંતામણિ**, **નવલખા**, **ભીડભંજણ**, **અંતરીક**, **અવંતી**, **મગસી**, **ફલોધી**, **અજારા**, **ગોડી**, **વરકાણા**, **અરિગંજન**, **ચેલણ**, **ડોકરિયો**, **સમફણા**, **થંભણ**, **ભાભા**, **મોઢેરા**, **સહસફણા**, **પંચાસરા**, **કોકા**, **કુંસારી**, **ભટેવા**, **વાડી**, **નવરેખ**, **વિઘનહરા**, **ઓટિંગો**, **કાપરહેડા**, **અહિછત્તા**, **શામળા**, **રાવણ**, **સમીના**, **દૂધાધારી**, **નારિંગ**, **માણિક્ય**, **ઘૃતકલ્લોલ**, **શુદ્ધદંતી**, **નવફણા**, **નવસારી**, **ચાંચલીઆ** અને **દાદો** વિગેરે.

જો કે–આ તીર્થમાળાઓમાં બીજાં ઘણાં નામો એટલે બધાં મળીને **એકસો આઠ** નામો આપવામાં આવ્યાં છે, પરન્તુ અહિં સારમાં માત્ર **પ્રસિદ્ધ નામોનોજ** ઉલ્લેખ કર્યો છે.

પરચૂરણ વિભાગ.

આ સંગ્રહમાં ૬ તીર્થમાળાઓનો સમાવેશ થાય છે. જેમાંની ૨ **સૂરત** સંબંધી છે, ૧ ગિરિનાર સંબંધી, ૧ **શાસ્વત** તીર્થો સંબંધી, ૧ **જેસલમેર** સંબંધી અને ૧ કાવી તીર્થ સંબંધી. તે તીર્થમાળાઓ આ છે:—

૧ રત્નસિંહસૂરિશિષ્ય વિરચિત '**ગિરિનાર તીર્થમાળા**' પૃ. ૩૩–૩૭.

૨ લાધાસાહ વિરચિત '**સૂરત ચૈત્ય પરિપાટી**' પૃ. ૬૨–૬૯

૩ કીર્ત્તિ મેરૂ વિરચિત '**શાશ્વત તીર્થમાળા**' પૃ. ૧૪૧–૧૪૫

૪ જિનસુખસૂરિ વિરચિત '**જેસલમેર ચૈત્ય પરિપાટી**' પૃ. ૧૪૬–૧૪૮

૫ કવિ **દીપવિજય** વિરચિત '**કાવી તીર્થવર્ણન**' પૃ. ૧૭૧–૧૭૩

૬ વિનયવિજયોપાધ્યાય વિરચિત '**સૂર્યપુરચૈત્યપરિપાટી**' પૃ. ૧૮૯–૧૯૪

ઉપરની છ તીર્થમાળાઓમાં પહેલી 'ગિરિનારતીર્થ' સંબંધી છે.

ગિરિનાર તીર્થ.

આ તીર્થમાળાના કર્ત્તા છે રત્નસિંહસૂરિના શિષ્ય. તેમનું નામ જણાવવામાં આવ્યું નથી. તેમ રચ્યાનો સંવત્[1] પણ આપ્યો

---

૧ કવિએ યદ્યપિ આ તીર્થમાળા રચ્યાનો સંવત્ આપ્યો નથી, પરન્તુ અહિંનાં મંદિરો બનાવનાર તથા ઉદ્ધાર કરાવનારનાં જે નામો આપ્યાં છે, તેમાં ૪૦ **શાણા** અને **ભૂંભવનું** નામ આપ્યું છે, આ **શાણો** અને ભૂંભવ વિક્રમની સોળમી શતાબ્દિમાં થયા છે, એવું ગિરિનાર ઉપરના એક લેખથી માલૂમ પડે છે, અત એવ આ કૃતિ સોળમી શતાબ્દિની—ખાસ કરીને સં. ૧૫૨૩ પછીની—છે, એ વાત નિર્વિવાદ છે. **શાણા** અને **ભૂંભવ**વાળો શિલાલેખ આ છે:—

નથી. કર્ત્તાએ આ તીર્થમાળામાં ગિરિનારતીર્થનું—ત્યાંનાં દર્શનીય સ્થાનોનું વર્ણન કર્યું છે, એટલુંજ નહિં પરન્તુ આ તીર્થ ઉપરનાં મંદિરો બનાવનાર અને ઉદ્ધાર કરાવનારાઓનો પણ પરિચય આપ્યો છે. આવા જે જે પુરૂષોનાં નામો કવિએ આમાં આપ્યાં છે, તેમાંનાં મુખ્ય આ છે:—

વસ્તુપાલ, **ધરણીગ**, **સલખ**, **સમરસિંહ**, **ધૂંધલ**, **તેજપાલ**, **આંબો**, **પૂનાશાહ**, **સિદ્ધરાજ** જયસિંહ, **સાજણ**, ગોઇઆ, **શાણો**, ભૂંભવ, **નરપાલ**, **સાલિગ**, **મેલા**, **રામસિંહ**, ડૂંગર, **ચીતરં** અને **સામલ** વિગેરે.

કવિએ અહિંનાં જે જે મુખ્ય સ્થાનોનો ઉલ્લેખ કર્યો છે, તેમાં સૌથી પહેલાંજ તેણે **તેજલપુરનું**[1] નામ ઉલ્લેખ્યું છે, આ

" **संवत् १५२३ वर्षे वैशाष सुदि १३ गुरौ श्रीवृद्धतपापक्षे श्रीगच्छनायकभट्टारकश्रीरत्नसिंहसूरीणां तथा भट्टा० उदयवल्लभसूरीणां [च] उपदेशेन । व्य० श्रीशाणा सं० भूंभवप्रमुखश्रीसंघेन श्रीविमलनाथपरिकरः कारितः प्रतिष्ठितो गच्छाधीशपूज्यश्रीज्ञानसागरसूरिभिः** "

જે રત્નસિંહસૂરિના શિષ્યે આ તીર્થમાળા બનાવી છે, તેજ રત્નસિંહસૂરિના ઉપદેશથી ઉપર્યુક્ત શ્રાવકોએ અહિં સં. ૧૫૨૩ માં **વિમલનાથનું** પરિકર બનાવી પ્રતિષ્ઠા કરાવી છે, એટલે કવિનો સમય અનાયાસ સોળમી શતાબ્દિનો સિદ્ધ થાય છે.

૧ આ તેજલપુર, વસ્તુપાલે પોતાના ભાઇ **તેજપાલના** નામથી વસાવ્યાનું કવિ જણાવે છે, પરન્તુ તે ઠીક નથી. આ તેજલપુર ખાસ મંત્રી **તેજપાલે** પોતાના નામથી વસાવ્યું હતું. એનું પ્રમાણ એ છે કે—

નાગેન્દ્રગચ્છીય વિજયસેનસૂરિ, કે જેઓ તેરમી શતાબ્દિમાં—વસ્તુપાલ-તેજપાલના સમયમાંજ થયા છે અને જેઓ વસ્તુપાલ-તેજપાલના ગુરૂ થાય છે, તેમણે ' **રેવંતગિરિરાસુ** ' માં લખ્યું છે:—

" તેજપાલિ ગિરનારતલે **તેજલપુરૂ નિયનામિ**;
કારિઉ ગઢમઢપવપવરૂ મણુહરૂ ઘરિ આરામિ. " ૯

ઉપરાન્ત અહિંનાં જે જે સ્થાનો આમાં વર્ણવ્યાં છે, તેમાં મુખ્ય આ છે:—

સુવર્ણરેખા નદી, દામોદર, કાલમેઘ, નેમનાથનું મંદિર, પાંપામઢી, શત્રુંજયાવતાર, સમ્મેતશિખર અને **અષ્ટાપદની સ્થાપના, કપર્દી યક્ષરાજ, મરૂદેવીમાતા, તિલકપ્રાસાદ, રાજીમતીનું સ્થાન, કંચનવિહાર, ગંગાવતારકુંડ, અંબિકામાતા, સિદ્ધવણાયગ, સહસાવન, લાખાવન** અને **ચંદ્રગુફા**[1] વિગેરે.

સૂરત.

સૂરત શહેરનાં મંદિરોનું વર્ણન કરનારી ઉપરની તીર્થમાળાઓમાં બે તીર્થમાળાઓ છે. એક કટુકમતીય **લાધાશાહ** વિરચિત '**સૂરતચૈત્યપરિપાટી**' અને બીજી ઉપાધ્યાય શ્રી**વિનયવિજયજી**વિરચિત '**સૂર્યપુરચૈત્યપરિપાટી**.' **લાધાશાહે**[2] આ 'સૂરતચૈત્યપરિપાટી' સં. ૧૭૯૩ ના માગશર વદિ

આવીજ રીતે જિનપ્રભસૂરિએ પણ **રૈવતકલ્પ**માં કહ્યું છે:—

"**तत्थ तेजपालमंतिणा गिरनारतले निअनामंकिअं तेजलपुरं पवरगढमढपवामंदिरआरामरम्मं निम्माविअं ।**"

આ ઉપરથી સ્પષ્ટ થાય છે કે—આ તેજલપુર મંત્રી તેજપાલેજ વસાવ્યું હતું; નહિં કે તેના ભાઇ વસ્તુપાલે. અત્યારે આ ગામ વિદ્યમાન નથી.

૧ આ સ્થાનો સંબંધી ક્યું સ્થાન ક્યાં છે? અને તેની ઉત્પત્તિ શી રીતે થઇ, એ બાબતોની માહિતી **નાગેન્દ્રગચ્છીય વિજયસેનસૂરિ**કૃત **રેવંતગિરિરાસુ**, જિનપ્રભસૂરિકૃત **રેવતકપ્પસંખેવો, રૈવતકલ્પ** તથા ધર્મઘોષસૂરિકૃત **गिरिनारकल्प** માં સારી રીતે આપવામાં આવી છે. આ કૃતિયો 'ગાયકવાડ ઓરિયન્ટલ સિરીઝ'માં **પ્રાચીન-ગુર્જર કાવ્ય-સંગ્રહ** ના ભાગ ૧ લામાં પ્રસિદ્ધ થઇ છે, ત્યાંથી જોઇ લેવાની ભલામણ છે.

૨ આજ **લાધાશાહે** વિ. સં. ૧૭૯૫ માં '**શિવચંદજીનારાસ**' બનાવ્યો છે. આ રાસમાં કવિ પોતાને ગચ્છના **ગચ્છપતિ** તરીકે પોતે ઓળખાવે છે:—

> "કડૂઆમતિ ગચ્છપતિ સાહજી **લાધો** કવિરાય;
> તિણે રાસ રચ્યો એ સુણત ભણત સુખ થાય." ૧૧
> (મારી પાસેના પ્રશસ્તિ સંગ્રહમાંથી)

૧૦ ના દિવસે સૂરતમાં ચોમાસુ રહીને બનાવી છે. કવિ લાધાએ સૂરતના દેરાસરોનાં નામોજ માત્ર નથી આપ્યાં, પરન્તુ પ્રત્યેક દેરાસર કયા કયા પુરામાં આવ્યું તે, પરામાં કેટલાં મ્હોટાં દેરાસરો અને કેટલાં ઘર દેરાસરો છે તે, અને પ્રત્યેક દેરાસરની પાષાણ અને ધાતુની મૂર્તિયોની, પંચતીર્થી, પટ, પાટલી અને સિદ્ધચક્ર વિગેરેની પણ સંખ્યા બતાવેલી છે. કવિએ પ્રત્યેક ઢાળની અંતે બબ્બે દૂહા આપી એક એક ઢાળમાં વર્ણવેલ મંદિરો, ઘર દેરાસરો અને જિનબિંબોની સંખ્યા આપી છે. એવી રીતે ત્રણ ઢાળોમાં કવિએ સૂરતનાં—સૂરત અને પરાંનાં મંદિરોનું વર્ણન કર્યું છે. છેવટે ત્રીજી ઢાળની અંતમાં કવિ મંદિરો, ઘરદેરાસરો અને બિંબોની કુલ સંખ્યા આ પ્રમાણે આપે છે:—

" સૂરતમાંહે ત્રણ ભૂયરાં દેહરાં દશ શ્રીકાર;
દોયસય પણતીસ છે દેહરાસર મનોહાર. ૧
સરવાલે સરવે થઇ બિંબ સંખ્યા કહું તેહ:
તીન હજાર નવસે અધિક બોહોતેર પ્રણમું તેહ. ૨

(પૃ. ૬૭)

એટલે કે—૧૦ મ્હોટાં દેરાં, ૨૩૫ ઘરદેરાસરો અને ૩૯૭૨ જિન બિંબો સૂરતમાં હતાં.

ચોથી ઢાળની પાંચમી કડીથી કવિએ જિનબિંબો વિગેરેની સંખ્યા જેમ બહુ સ્પષ્ટ રીતે આપી છે, તેવી રીતે તીર્થમાળાની અંતમાં ગદ્યમાં પણ સંખ્યા બતાવી છે. તે આ પ્રમાણે:—

" શ્રીસૂરત મધ્યે દેહરા ૧૦ છે, દેરાસર (ઘરદેરાસર) ૨૩૫, ભૂયરાં ૩, પ્રતિમા એકેકી ગણતા ૩૯૭૮, પંચતીરથીની ૫, ચોવીસવટાની ૨૪, એકલમલ, પટ, પાટલી, સિદ્ધચક્ર, ચૌમુખ સર્વે થઇને ૧૦૦૪૧ છઇ. "

(જૂઓ પૃ. ૬૯)

ઉપાધ્યાય વિનયવિજયજીએ 'સૂર્યપુર ચૈત્ય પરિપાટી ' સં. ૧૬૮૯ માં બનાવી છે. ઉપાધ્યાયજીએ આ પરિપાટી એકંદર

૧૪ કડિયોમાં પૂરી કરી છે. જેમાંની પ્રથમની અગિયાર કડિઓમાં **સૂરત**નાં અગિઆર દેરાસરોનાં નામો આપ્યાં છે. પ્રત્યેક કડીમાં દેરાસરમાં બિરાજમાન મુખ્ય ભગવાનનું નામ–જેના નામથી દેરાસર પ્રસિદ્ધ હોય તે ભગવાનનું નામ–આપી સ્તુતિ કરી છે. તે ઉપરાન્ત મૂર્ત્તિયોની સંખ્યા કે એવી બીજી બાબત કંઈ બતાવી નથી. બારમી અને તેરમી કડીમાં **રાનેર**, **વલસાડ**, **ગણદેવી**, **નવસારી** અને **હાંસોટ**માં બિરાજમાન પ્રભુની સ્તુતિ કરી ૧૪ મી કડીમાં પોતાનો પરિચય આપ્યો છે. જેમાં **વિજયસિંહસૂરિ**ના શિષ્ય **કીર્ત્તિવિજય** અને તેમના શિષ્ય **વિનયવિજયે** આ કૃતિ કર્યાનું જણાવ્યું છે. આ ઉપાધ્યાયજીએ **સૂરત**નાં જે ૧૧ દેરાસરોનાં નામો ગણાવ્યાં છે તે અનુક્રમે આ છેઃ—૧ **ઋ**ષભદેવનું, ૨ **શાન્તિનાથ**નું, ૩ **ધર્મનાથ**નું, ૪ **પાર્શ્વનાથ**નું, ૫ **સંભવનાથ**નું, ૬ **ધર્મનાથ**નું, ૭ **અભિનંદન**નું, ૮ **પાર્શ્વનાથ**નું, ૯ **કુંથુનાથ**નું, ૧૦ **અજિતનાથ**નું અને ૧૧ **ચિંતામણિપાર્શ્વનાથ**નું.

શાશ્વતતીર્થ.

ઉપરની ૭ તીર્થમાળાઓ પૈકી ત્રીજી ‘ તીર્થમાળા ’ **શાશ્વતતીર્થો** સંબંધી છે. આ તીર્થમાળાના કર્ત્તા છે વાચનાચાર્ય [1]**કીર્ત્તિમેરૂ**. કર્ત્તાએ પોતાનો વિશેષ પરિચય આપ્યો નથી, તેમ આ તીર્થમાળા રચ્યાનો સંવત્ પણ આપ્યો નથી. કવિએ આ તીર્થમાળામાં શાશ્વત તીર્થોની સંખ્યા બતાવી છે, જેમાં ગત ચૌવીસી, વર્ત્તમાન ચોવીસી, અનાગત ચૌવીસી, વીસ વિહરમાન, ૪ શાશ્વત અને તે ઉપરાન્ત સ્વર્ગ, પાતાલ અને તિર્યગ્લોકની તમામ શાશ્વત જિનબિંબોની સંખ્યા બતાવી છે, એટલુંજ નહિં

---

૧ આ **કીર્ત્તિમેરૂ** વિક્રમની પંદરમી શતાબ્દિમાં થયા છે. કારણ કે—તેમણે, નાગપુર તપાગચ્છીય રત્નશેખરસૂરિકૃત ‘ **दिनशुद्धिप्रदीपिका** ’ ની પોતે લખેલી પ્રતિની અંતમાં ‘ **संवत् १४९७ वर्षे कार्तिक मासि लिखिता वा० कीर्तिमेरुणा** ’ એમ લખેલ છે.

પરન્તુ આ લોકમાં સમેતશિખર, શત્રુંજય, સોપારા, જીરાઉલા, ફલવર્દ્ધિ, રતનપુર, સાચોર, ખંભાત, ઘોઘા વિગેરે ગામોમાં જ્યાં જ્યાં અલૌકિક જિનબિંબો હોય તેને વંદણા કરી છે. એ પ્રમાણે તમામ જિનબિંબોની સ્તવના કરી કર્ત્તાએ પાંચમહાવ્રતધારી સાધુઓને વંદન કર્યું છે. એકંદર ૨૮ કડિયોમાં આ તીર્થમાળા સમાપ્ત કરી છે.

જેસલમેર તીર્થ.

આ તીર્થ સંબંધી ઉપરની ૭ તીર્થમાળાઓ પૈકી એક તીર્થમાળા છે, જે **જિનસુખસૂરિ**[1] નામના આચાર્યે બનાવી છે. કર્ત્તાએ પોતાનો પરિચય આપ્યો નથી, પરન્તુ આ ચૈત્યપરિપાટી રચ્યાનો સંવત્ ૧૭૭૧ આપ્યો છે. આ તીર્થમાળામાં કવિએ જેસલમેરનાં ખાસ ખાસ મંદિરોનું વર્ણન કર્યું છે. મંદિરોનુંજ વર્ણન નથી કર્યું, કિન્તુ પ્રત્યેક મંદિરમાં કેટલાં કેટલાં જિનબિંબો છે, તેની સંખ્યા પણ આપી છે. આમાં એકંદર ૮ મંદિરોનું વર્ણન કર્યું છે. તે ૮ મંદિરો આ છેઃ—૧ **મહાવીરનું**, ૨ **આદિનાથનું**, ૩ **ચંદ્રપ્રભુનું**, ૪ **અષ્ટાપદનું**, ૫ **શાન્તિનાથનું**, ૬ **સંભવનાથનું**, ૭ **શીતલનાથનું** અને ૮ **પાર્શ્વનાથનું**. આ આઠે મંદિરોમાં જિનબિંબોની સંખ્યા કેટલી હતી, તે સંબંધી કવિ સ્પષ્ટ કહે છેઃ—

"ઇમ મહા આઠ પ્રાસાદમાંહે બિંબ પેંતાલીસસેં;
ચોરાસી ઉપર સરબ જિનવર વંદતાં ચિત ઉલસૈં."

(પૃ. ૧૪૮)

એકંદર આઠે દેરાસરોમાં ૪૫૮૪ જિનબિંબોની સંખ્યા આપી છે.

---

૧ **જિનસુખસૂરિ.** તેમનો જન્મ સં. ૧૭૩૯ ના માર્ગશીર્ષ સુદિ ૧૫ મે થયો હતો. પિતાનું નામ **રૂપસી** અને માતાનું નામ **સુરૂપા** હતું. સં. ૧૭૫૧ માઘ સુ. ૫ પુણ્યપાલસરમાં દીક્ષા, દીક્ષાનું નામ **સુખકીર્ત્તિ**. સં. ૧૭૬૩ માં સૂરિપદ અને ૧૭૮૦ના જ્યેષ્ઠ વદિ ૧૦ મે **રીણી** નગરમાં સ્વર્ગવાસ. વધુ માટે જૂઓ, રત્નસાગર ભાગ ૨ જો, પૃ. ૧૩૦.

કાવીતીર્થ.

કવિવર **દીપવિજયજી**એ સં. ૧૮૮૬ માં આ તીર્થની તીર્થમાળા બનાવી છે. **કાવી**માં હાલ બે જિનમંદિરો છે. આ બન્ને દેરાસરો 'સાસુ–વહુનાં દેરાસરો'ના નામથી પ્રસિદ્ધ છે. આ પ્રમાણે 'સાસુ–વહુનાં દેરાં' શા માટે કહેવાય છે? એ કારણ કવિએ આ તીર્થમાળામાં બતાવ્યું છે. અર્થાત્ આ બન્ને દેરાસરોની ઉત્પત્તિ આમાં વર્ણવી છે. કવિએ આ બન્ને દેરાસરોની ઉત્પત્તિનું જે વર્ણન કર્યું છે, તેનો ટૂંક સાર આ છે:—

વડનગરના રહેવાસી **નાગરજ્ઞાતીય** અને **ભદ્રસિવાણા** ગોત્રીય ગાંધી **દેપાલ** ખંભાતમાં આવીને રહેવા લાગ્યો. વ્યાપાર કરતાં તેણે કોટી દ્રવ્ય પેદા કર્યું. તેનો પુત્ર **અલુઓ** ગાંધી હતો, અને તેનો પુત્ર **લાડકો** ગાંધી હતો. **લાડકા**ને બે પુત્રો થયા:—**વાડુઓ** અને ગંગાધર. **વાડુઆ**ને બે સ્ત્રિયો હતી:–**પોપટી** અને **હીરાબાઇ**. **હીરાંબાઇ**ને ત્રણ પુત્રો થયા:–**કુંઅરજી**, **ધર્મદાસ** અને **સુવીર**. **કુંવરજી**ની એક સ્ત્રી હતી. જેનું નામ હતું **વીરાંબાઇ**.

આ કુટુંબે **કાવી**માં એક જિનમંદિર બનાવ્યું. અને સં. ૧૬૪૯ માં **વિજયસેનસૂરિ**ના હાથે તેમાં **ઋષભદેવ** ભગવાનની પ્રતિષ્ઠા કરાવી.

એક વખત **હીરાંબાઇ** સાસુ અને **વીરાંબાઇ** વહુ આ મંદિરમાં દર્શન કરવાને આવેલાં. તે વખતે વહુ ઊંચી અને મંદિરનું બારણું નીચું હોવાના કારણે, વહુએ સાસુને ધીરે રહીને કહ્યું. "બાઇજી! મંદિરનું શિખરતો બહુ ઊંચું બનાવ્યું, પણ બારણું બહુ નીચું કર્યું." વહુનું આ વચન સાંભળી સાસુને રીસ ચઢી, તેણીએ વહુને મ્હેણું મારતાં કહ્યું.—"વહુજી! તમને હોંશ હોય તો પીયરથી દ્રવ્ય મંગાવી મ્હોટા શિખરવાળું મંદિર બનાવો અને તેનું બારણું સમજી વિચારીને ઊંચું–નીચું કરાવો."

સાસુના મ્હેણા ઉપર વહુને ચટકો લાગ્યો. તેણીએ તત્કાળ પીયરથી દ્રવ્ય મંગાવ્યું, અને સંવત્ ૧૬૫૦ માં મંદિરનું ખાત મુહૂર્ત કર્યું. પાંચ વર્ષે મંદિર પૂરૂં થયું. મંદિરનું નામ **રત્નતિલક** રાખ્યું. અને તેજ **વિજયસેનસૂરિ**ના હાથે તેમાં સંવત્ ૧૬૫૫ ના શ્રાવણ સુદિ ૯ ના દિવસે **ધર્મનાથની** પ્રતિષ્ઠા કરાવી.

બસ, આજ ઉપરથી આ બન્ને દેરાસરો[1] 'સાસુ વહુનાં દેરાસરો' ના નામથી પ્રસિદ્ધ થયાં. અત્યારે પણ આ બન્ને મંદિરો વિદ્યમાન છે.

કવિ અન્તે કથે છે કે—

" જંબૂસરનો સંઘ દીપતો વિ૦ એ તીરથનો રખવાલ; ગુ૦
તીરથની રષ્યા કરે વિ૦ પુન્યતણી પરનાલ " ગુ૦ ૫

(પૃ. ૧૭૩)

આ ઉપરથી સ્પષ્ટ જણાય છે કે તે સમયે-કવિના સમયમાં આ તીર્થની સાર સંભાળ જંબૂસરનો સંઘ રાખતો હતો. જ્યારે અત્યારે ખંભાતના એક ગૃહસ્થે રાખે છે.

---

૧ ઉપરનાં બન્ને દેરાસરોમાં દેરાસરોના બનાવનારાઓનો પૂર્ણ પરિચય આપનારા શિલાલેખો વિદ્યમાન છે. આ શિલાલેખોમાં પણ કવિએ દેરાસરોના બંધાવનારાઓનાં જે નામો આપ્યાં છે, તેજ નામો આપેલાં છે. પરન્તુ સાસુ વહુના મેણા સંબંધી જે કથા ઉલ્લેખી છે, તે કથાનો એક અંશપણ શિલાલેખોમાંથી મળતો નથી. આ ઉપરથી જણાય છે કે કવિએ દંતકથા ઉપરથીજ આ કથા આ તીર્થમાળામાં આપી હશે. આ બન્ને મંદિરોના શિલાલેખો મારી પાસેના લેખસંગ્રહમાં વિદ્યમાન છે.

ॐ

पं०–विजयसागरविरचित

सम्मेतशिखर–तीर्थमाला.

પ્રણમીય પ્રથમ પરમેસરૂ જી આગરાનગર સિંણગાર કઇ;
પાસ ચિંતામણિ જી.
પરતિષ પરતા એ પૂરવઇ જી સુગતિ મુગતિ દાતાર કઇ. પા૦ ૧
એકવાર જો સિર નામીઇ જી પામીઇ કોડિ કલ્યાણ કઇ; પા૦
સામીસેવા ફલ સહુ કહઇ જી મહમહઇ પરિમલ કપુર કઇ. પા૦ ૨
આનંદદાયક આગરઇ જી દેવ દેહરાસર સાલ કઇ; પા૦
સઇંહથ હીરગુરૂ થાપીયા જી સંવત સોલ અડયાલ કઇં. પા૦ ૩
રાજરાણિમ ઋદ્ધિ રંગરલી જી રાગ રમણિ રંગરેલિ કઇ; પા૦
ગિરૂઅડઇ ગયવર ગોરડી જી ગરજતા ગજ ગુરૂ ગેલિ કઇ. પા૦ ૪
તેહ પ્રભુપાસ સુપસાઉલઇં જી તપગચ્છગુરૂકુલ વાસ કઇ; પા૦
નગર રતનાગર આગરઇ જી રહીય ચઉમાસિ ઉલ્હાસિ કઇ. પા૦ ૫
પંચકલ્યાણક ભૂમિકા જી ફરસતાં ફલ બહુ જોઇ કઇ; પા૦
પૂરૂવ ઉત્તર પૂજીઇ જી જિહાં જિન ચૈત્યબિંબ હોઇ કઇ. પા૦ ૬
સુગુરૂ ગીતારથ સુખિ સુણી જી પુસ્તક વાત પરતીતિ કઇ; પા૦
જનમકલ્યાણક ભેટિવા જી અલજયો હું નિજચિત્ત કઇ. પા૦ ૭

વંદીય દશદોય દેહરે જી બિંબ બહુ ધાતુમય માણિ કઇ; પા૦
દરસણ કરીય દેહરાસરે જી આગરા પ્રથમ પ્રયાણ કઇ. પા૦ ૮
પુન્યવંતા જગિ જે નરા જી જે કરઇ તીરથ બુદ્ધિ કઇ; પા૦
જિમજિમ તીરથ સેવીઇ જી તિમ તિમ સમક્તિ સુદ્ધિ કઇ. પા૦ ૯

॥ ઢાલ ૧ ॥

શુભ શકુને શ્રીઅ સંઘસમેલા મલિયા સજ્જન સહુઅ સમેલા;
બોલઇ મંગલવેલા તઓ જયુ જયુ બોલઇ મંગલવેલા. ૧
વ્યવહારી કરિ દક્ષિણ વલિઓ હય સપલાંણા સાંમો મિલિઓ;
ગલ ગર્જિત ગજરાજ તઓ. જ૦ ૨
વામા વાયસ પૂરઇ આસ ખર ડાવો દક્ષણ દિશિ ચાસ;
તાસ શકુન પંચાસ તઓ. જ૦ ૩
ઇમ અનેક શુભ શકુન વિચારી મિલિઅ સવચ્છ દોઇ ગાય તિવારિં;
પહુતા યમુનાપારિં તઓ. જ૦ ૪
કુંથુનાથ પ્રભુ પાસ જિણેસર દોઇ જિણહર પૂજું અલવેસર;
કેસર ચંદન કુસુમે તઓ. જ૦ ૫
બાર કોસ પીરોજાવાદિં મુનિસુવ્રત પૂજું પ્રાસાદિં;
દેહરાસરિ ઋષભાદિં તઓ. જ૦ ૬
દોઢસો કોસ સાહિજાદાપુર મિલિં જિહાં દશદિશિ દેસાઉર;
દેહરાસરિ બહુ દેવ તઓ. જ. ૭
તિહાંથકી ત્રિણિ ગાઉ મઉગામ જિણહર એક તિહાં જૂનુ ઠામ;
પ્રતિમા પનર પ્રણામ તઓ. જ૦ ૮
મૃગાવતી તિહાં કેવલ પામ્યું ચંદનબાલા ચરણિ શિર નામ્યું,
ઇણિપરિ સૂધઉં ખામ્યું તઓ. જ૦ ૯
માસી પગિ લાગી સુકુમાલા વયણ વદઇ તવ ચંદનબાલા;
કેવલ લહઇઅ રશાલા તઓ. જ૦ ૧૦

તિહાંથકી નવકોશ કોસંબી જાણે અમરપુરી પ્રતિબિંબિ;
યમુનાતીર વિલંબી તઓ. જ૦ ૧૧
ઉત્પતિ સુણિઇં પુરૂષ બહુની પદ્મપ્રભુ જિન જનમધૂની;
તે કોશંબી જૂની તઓ. જ૦ ૧૨
જિનહર દો ઇહાં વંદીજઇં ખમણાવસહી ખિજમતિ કીજઇં;
ગઢ ઉત્પત્તિ સુણીજઇ તઓ. જ૦ ૧૩
ચંદનબાલ છમાસી તપસી પ્રતિલાભ્યો જિણવીરો હરસી;
વૃષ્ટિ કોડિ ધન વરસી તઓ. જ૦ ૧૪
ઋષિ અનાથી ઇહાંના વાસી નયણહ વેયણ જિણિ અહિઆસી;
અવધિ કહીય છમાસી તઓ. જ૦ ૧૫
પહિલું સમકિત એહથી લાધું શ્રેણિકરાય જિણપદ બાંધું;
ધના સરોવર સાધું તઓ. જ૦ ૧૬
વીસ કોસ પિરાગ તિહાંથી સીધો અર્ણિકપુત્ર જિહાંથી;
પ્રગટચો તીર્થ તિહાંથી તઓ. જ૦ ૧૭

॥ ઢાલ ૨ ॥

જિહાં બહુલો મિથ્યાત લોક મકરિ નાહિં
કુગુરૂ પ્રવાહિં પાંતર્યા એ;
ગંગા યમુના સંગિં અંગ પખાલિં એ
અંતરંગમલ નવિ ટલઇ એ. ૧
અખ્ખયવડનઇ હેઠિ જિનપારણઠામિ
ભૂંહિરઇ ભગવંતપાદુકા એ;
સંવત સોલેઙયાલ લાડ મિથ્યાતીઅ
રાયકલ્યાણ કુબુદ્ધિ હુઓ એ ૨
તિણિ કીધો અન્યાય શિવલિંગ થાપીઅ
ઉથાપી જિનપાદુકા એ;
કોસ ચ્યાલીસ સુપાસ પાસ જનમભૂમિ
કાસીદેશ વાણારસી એ. ૩

ગંગાતટિ ત્રિણિ ચૈત્ય વલિ જિનપાદુકા
પૂજી અગર ઊખેવીય એ;
દીસઇં નગર મઝારિં પગિ ૨ જિનપ્રતિમા
ગ્યાન નહી શિવલિંગનો એ. ૪

એક વદઇ વેદાંત અવર સહુ મિથ્યા
હરિહર ભજન ભલો કરો એ;
એક વડા અવધૂત લંબ જટાજૂટ
ત્રીકમસું તાલી દિય એ. ૫

કાસીવાસી કાગ મૂઉઇં મુગતિ લહઇ
મગધિ મૂઓ નર ખર હુઇ એ;
તીરથવાસી એમ અસમંજસ ભાષઇં
જૈનતણા નિંદક ઘણા એ. ૬

દેખો કલિયુગ જોર સમકિતપર્યાય
ઇણિપુરિ વસતા સહિ ઘટઇ એ;
ઇણિપુરિ હરિચંદ રાય વાચા પાલિવા
પાણહ ઘરિ પાણી વહ્યું એ. ૭

ગંગાતટિ દૂહેઠિ સીહપુરિ ત્રિણિ કોસ
જનમ શ્રેયાંસનો એ;
નવા જીર્ણ દોઇ ચૈત્ય પ્રતિમા પાદુકા
સેવઇ સીહ સમીપથી એ. ૮

ચંદ્રપુરિ ચ્યાર કોશ ચંદ્રપ્રભ જનમ
ચંદનઇં ચરચિઉં ચઓત્તરૂં એ;
પૂજું પગલા કૂલિં ચંદ્રમાધવ હવડાં
પ્રથમ ગુણઠાણીઆ એ. ૯

આવી ગંગા પાર કોસ નવાણું એ
પહુંતા પુરવર પાડલી એ;

પટંણું લોકપ્રસિદ્ધ શ્રેણિક કોણિક
પુત્ર ઉદાઈ થાપીઓ એ. ૧૦

તત્પટ્ટે નવ નંદ કલિયુગિ કુલહીણુ
રાજા કુલવંત કિંકરા એ;
તત્પટ્ટે ચંદ્રગુપ્તિ બિંદુસાર વલી
અશોક કુણાલહ માલવઇ એ. ૧૧

તસ સુત સંપ્રતિ ભૂપ સવા લાષ ચૈત્ય
કોડિસવા બિંબ કરાવીઆ એ;
ઇણિપુરિં શ્રાવક સીહ ચાણાયક મુહતો
જિણિ જિનધર્મ જગાવીઓ એ. ૧૨

॥ ઢાલ ૩ ॥

પહુતા પુરવર પાડલી ભેટયા શ્રીગુરૂ હીરો જી;
થૂભિ નમું થિર થાપના નંદ પહાડીની તીરો જી. ૧

શ્રીજિનવર ઇમ ઉપદિસિં ઇંદ્ર સુણો અમ વાણ્યો જી,
અધિકો એ ગિરિ ગિરૂઅડો સુત્રુંજાથી જાણ્યો જી. શ્રી૦ ૨

દીઠો ડુંગર દુઃખ હરઇં મહિમા મેરૂ સમાણ્યો જી;
સમેતાચલ સમરીઇં જિહાં જિન વીસ નિરવાણ્યો જી. શ્રી૦ ૩

સીરીઓ સુદર્શન પાદુકા થૂલિભદ્ર બહિનડ સાતો જી;
અવર અનેક ઇહાં હૂઆ પુહુવી પુરૂષ વિષ્યાતો જી. શ્રી૦ ૪

નયરિ મઝારિં દોઇ દેહરા ષમણાવસહી એકો જી;
બિંબ બહુઅ દેહરાસરે ઘરિ ૨ નમું અ વિવેકો જી. શ્રી૦ ૫

સંઘ મિલ્યો શ્રીઅ આગરા પાડલીપુરનઓ સમેલ્યો જી;
વલીઅ મિલ્યો સંઘ માલવી દૂધિં સાકર ભેલો જી. શ્રી૦ ૬

આલોચી આડંબરિ બદરે ઘાલ્યા દામો જી,
તરલ તુરંગમ પાષર્યા વૃષભ વહઇ ઠામિ ઠામો જી. શ્રી૦ ૭

સષર સુષાસણ પાલષી ચતુર ચડઇ ચકડોલો જી;
પગિ ૨ જિનપદ પૂજતાં ધનસારાદિક ઘોલો જી. શ્રી૦ ૮

વાનર વનિ જન મન ખુસી તિહાં ખેલિં ખિણમાત્રો જી;
પ્રગટ દિગમ્પટ દેહરે વૈકંઠપુરિ કરી યાત્રો જી. શ્રી૦ ૯

કોશ ઇગ્યાર વિહારપુરિં તિહાં નમું ત્રિણિ ચૈત્યો જી;
એક દિગંબર દેહરૂં દૂરિ કરૂં દુઃખ દૈત્યો જી. શ્રી૦ ૧૦

કોશ ત્રિહુંઅ તિહાંથકી પાવાપુરીઅ પ્રસિદ્ધો જી,
જલ થલ થૂભ જિહાં ભલા જિહાં જલ તિહાં જિન સિદ્ધો જી. શ્રી૦ ૧૧

બાર જોઅણ જાંભીગામથી દેવે કીધો ઉદ્યોતો જી;
ત્રિગડઇ બીજઇં પ્રગડા સમઇં ઇણિપુરિ વીર પહુંતો જી. શ્રી૦ ૧૨

ઇણિપુરિ બહુ પ્રતિબૂઝવ્યા બાંભણ સયચઉમાલો જી;
ગોયમ ગણહર દિક્ખિઆ દિખી ચંદનબાલો જી. શ્રી૦ ૧૩

કાતી માસ અમાવસિં સોલ પહર ઉપદેસો જી;
કાસી કોશલ પોસહી સીધા વીર જિણેશો જી. શ્રી૦ ૧૪

નખ ચૂટીઅ માટી ગ્રહી લોકે લીધી રાષો જી;
જિનનિર્વાણ મહી તિહાં પાલિપષિં સર સાષ્યો જી. શ્રી૦ ૧૫

પુસ્તક વાત મીઠી હુઇ જબ તે દીઠી ભૂમ્યો જી;
બલિહારી ગુરૂ બોલડે સમરિ ૨ મનિ ધૂમ્યો જી. શ્રી૦ ૧૬

ગામ ગુણાઊઅ જણ કહઇં ત્રિહુ કોસે તસ તીરો જી;
ચૈત્ય ભલું જેહ ગુણસિલં સમોસર્યા જિહાં વીરો જી. શ્રી૦ ૧૭

નયર નવાંદઇ જિન વાંદીઆ નવ કોસે નવસાલો જી;
ગોમા ઘાટીઅ સંચર્યા સંતોષી ઘટવાલો જી. શ્રી૦ ૧૮

તીરથભૂમિં ન નિંદીઇ તોઈ કહું દોઇ બોલો જી;
લોક સહુઅ લંગોટીઆ શિરિ જુડો તનુ ષોલો જી. શ્રી૦ ૧૯

નારિ ન પિહિરેં કોઈ કાંચલી કાંચલી નામિં ગાલ્યો જી;

જોઓ અચરિજ ઇમ કહિં સંઘની નારિ નીહાલ્યો જી. શ્રી૦ ૨૦

બાલું તેહ કુદેસડો જિહાં એ નારિ કુનાર્યો જી;
શિર ઢાંકિં કિસું કોઢિણી એ અવતાર નિવાર્યો જી. શ્રી૦ ૨૧

ચૂલા ફૂંકિં એ સુંષિણી કાસું બાલિં નાકો જી;
રૂંષિ રસોઇય નીપજિં અમઘરિ સૂરિજપાકો જી. શ્રી૦ ૨૨

મીઠા મેવા મહુઆ હુઆ ભલા ૨ ભલ ભોગો જી;
બહુલ કતૂહલ જંગલિં સહુઅ સરાહિં લોકો જી. શ્રી૦ ૨૩

કટહલ વડહલ ફલ વડાં ચારોલીઅ વિદામો જી;
હુરડઇ પીંપરિ પીંપલીમૂલ ફ્રણુસ ફલ નામો જી. શ્રી૦ ૨૪

ગજ ટોલાં દોલાં વનિ ચરિં ગાંડા સાવજરાજો જી;
જરષાં અજગર ગરજતાં બારહસીંગા અગાજો જી. શ્રી૦ ૨૫

કોઈ ન ઓલષઇ:ઓષધિ જલ થલ રૂંષ વિશેષો જી;
જંગલિ જોયાં તે જેહનો લિખ્યો ન:જાઇ લેષો જી. શ્રી૦ ૨૬

દૂહા.

દીઠો ડુંગર દૂરિથી અટવી અટક ઉલાંધિ;
પાલિગંજા ગિરિ તલહટી પામી કુશલે સંગિ. ૧

સંઘપતિ ભૂપતિ ભેટિઓ ભરિ ૨ ભેટણુ પાત્ર;
અહ્મે અછું દેસાઉરી દેવ કરાવો યાત્ર. ૨

॥ ઢાલ ૪ ॥

તવ ભૂપતિ બોલઈ ભદ્ર નામિં જે પૃથિવીમલ્લ;
અબ જીવિત સફલ હમારૂં જો દરિસણુ દીઠું તુહ્મારૂં. ૧

હુમસ્યું તુહ્મ મહોત વધારો ગિરિ ઉપરિ તુહ્મેઅ પધારો;
સીધા જસ શ્રીજિનવીસ કરિ જાત્રા નઇ નામું સીસ. ૨

આદેશ લહી નરપતિનો સવિ સંગ ચડઇ સયજતનો;

તબ હુઓ અચરિજ એહ વિણુવાદલિ વૂઠો મેહ. ૩
ફાગુણ સુદિ સુર ગુરૂવારિં પંચિમદિન દેવ જુહારિં;
કરી તીરથ તપ ઉપવાસ ગાવિં ગુણ ગોરી ભાસ. ૪
નરનારી પહિરી ઓઢી પૂજિં પ્રભુપ્રતિમા પોઢી;
ફરસિં વલી વીસે ટુંક ઢાલી મલ મૂત્ર નઇ થૂંક. ૫
શ્રીઅ અજીત સંભવ અભિનંદન શ્રીઅસુમતિ પદમપ્રભુ નદંન;
સુપાર્શ્વ ચંદ્રપ્રભુ સુવિધિ શીતલ શ્રેયાંસ વિમલ વિધિ. ૬
શ્રીઅ અનંત અનઈં ધર્મ સંતિ કુંથુ અર મલ્લિ નમું એકાંતિ;
મુનિસુવ્રત શ્રીનમિ પાસ ઇહાં કીધો કર્મ વિણાસ. ૭
કીધો અણુસણુ જિહાં રહી ઉભ તિહાં દેવે થાપ્યા થૂભ;
મહી માંડયા જિનવરપાય મોટો એ મુગતિ ઉપાય. ૮
સીધો જિહાં શીલસનાહ કરી અણુસણુનો નિરવાહ;
લષભવલગિ રૂપીરાય રૂલિઓ આલોઅણુઠાય. ૯
પ્રતિબોધીય જયતો જાટ જસભદ્ર ગ્રહી ગિરિવાટ;
બપભટ્ટ ગુરૂ પાલિત્ત ઇહાં જાત્રા કરતા નિત્ત. ૧૦
અવદાત ઘણા છિં ગિરિના કહવાઈં કિમ બહુપરિના;
ભવ્ય હુઇ તે એ ગિરિ ફરસિં જિહાં નિશદિન જલહર વરસઈં. ૧૧
ગિરિ આગિં કોશે બારે ઊપરિથી દેવ જુહારે;
રિજુવાલુઅ જંભીગામ વીરહજિન કેવલ ઠામ. ૧૨
ઇમ યાત્ર કરી નિરદંભ તલહટીઈં પારણારંભ;
સંઘભગતિ કરી સાહ તોડઈં સાહ રૂપજી જગજિ જોડઇ. ૧૩
તિહાંથી હવિં કીધ પયાણું વાટિં છઇ ચંપ વખાણું;
શ્રેણિક સુત કોણિઅવાસી તિહાં વીર રહ્યા ચઉમાસી. ૧૪
સદ્દહતા જે ગુરૂવયણે તેહ નયરી દીઠી નયણે,
વીર શ્રમણોપાસક રહતા તે તુંગીઆ નયરી પહુતા. ૧૫

રાજગૃહી કોસે સાતે તિહાંથી પહુતા પરભાતે;
જિહાં જનમ્યા સુવ્રતસ્વામી તિહાં પર્વત પંચે નામી. ૧૬

વૈભાર વિપુલગિરિ ઉદયગિરિ સુવર્ણ રતનગિરિ સદય;
વૈભાર ઉપરિ નિશદીસ ઘર વસતાં સહસછત્રીસ. ૧૭

ગિરિ પંચે દઓઢસો ચૈત્ય ત્રિણિસિંત્રિણ બિંબ સમેત;
સીધા ગણધર જિહાં ઇગ્યાર વંદું તસપદ આકાર. ૧૮

સાહ સાલિભદ્ર ઇહાં ધન્નો હુઆ ધર્મ કીઓ એકમન્નો;
અણસણ શિલિં કાઉસગ્ગ લેવી રહીઆ શાલો બહિનેવી. ૧૯

મુનિ મેઘ અભય કઇવન્નો બીજો કાકંદી ધન્નો;
એણે કીધો સંથારો રાખ્યો નવિ દુઃખ ઉધારો. ૨૦

હાંસાંપુરિ ગ્રહણા કૂયો તેહ ઉપરિ ગોમઠ હૂઓ;
એક પત્થર વીર પોસાલ લાંબી છઇ હાથ છયાલ. ૨૧

ઉન્હાજલ ચઉદઇ કુંડ ભીઝઇ જિહાં ધાન અખંડ;
પંચે ગિરિ એ સિદ્ધિખેત્ર નિરખંતાં નિરમલ નેત્ર. ૨૨

બાહિરિ નાલંદોપાડો સુણયો તસ પુન્ય પવાડો;
વીર ચઉદ રહ્યા ચઉમાસ હવડાં વડગામ નિવાસ. ૨૩

ઘર વસતાં શ્રેણિક વારઇ સાઢી કુલ કોડી બારઇ;
બિહું દેહરે એકસો પ્રતિમા નવિ લહીઇ બોધની ગણિમા. ૨૪

ગોયમ ગુરૂ પુગલાં ઠામિ પ્રગટી મુનિ પાત્રાની ખાણિ;
તસ પાસઇ વાણિજગામ આણંદોપાસક ઠામ. ૨૫

દીઠા તે તીરથ કહીઆ ન ગિણું જે ખુણઇ રહિઆ;
હરખ્યા બહુ તીરથ અટણઇ આવ્યા ચઉમાસું પટણઇ. ૨૬

કલશ.

તપગચ્છપતિ શતશાખા પસર્યો પરંપરા પરિવાર,
પરિઘલ પરિમલ પહુવી પ્રગટ્યઓ પારિજાત જિમ સાર;

2

વિજયસેનસૂરિ પ્રકટ પટોધર વિજયદેવસૂરીશ,
સહજસાગર ગુરૂ સીસ સુહંકર પૂગી સકલ જગીસ. ૨૭

॥ ઢાલ ૫ ॥

ષાંતિ ષરી ષત્રીકુંડની જાંણી જનમકલ્યાણ હો વીરજી;
ચૈત્ર સુકલ તેરસિ દિને યાત્ર ચઢી સુપ્રમાણ હો વીરજી.
ષાંતિ ષરી ષત્રીકુંડની. ૧

માસ વસંતિ વન વિસ્તરઇ મયલાચલના વાય હો; વી૦
વનરાજી ફૂલી ભલી પરિમલ પુહવી ન માય હો. વી૦ ૨

મઓરિય મચકુંદ મોગરા મરૂઆ મંજરિવંત હો; વી૦
વઉલસિરિ વલી પાડલી ભૃંગયુગલ વિલસંતિ હો. વી૦ ૩

કુસુમકલી મનિ મોકલી બિમણા દમણાની જોડિ હો; વી૦
તલહટીઈં દોય દેહરા પૂજ્યા જિન મનિ કોડિ હો. વી૦ ૪

સિદ્ધારથ ઘર ગિરિશિરિં તિહાં વંદું એક બિંબ હો; વી૦
બિહું કોશે બ્રહ્મકુંડ છઇ વીરહ મૂલકુટુંબ હો. વી૦ ૫

પૂજીઅ ગિરથકી ઉત્તર્યા ગામિ કુમારિય જાય હો; વી૦
પ્રથમ પરીસહ ચઉતરઈં વંદ્યા વીરના પાય હો. વી૦ ૬

સુવિધિ જનમભૂમિં વાંદીયઇ કાકંદી કોસ સાત હો; વી૦
કોસ છવીસ વિહારથી પૂર્વદિશિં દોય યાત્ર હો. વી૦ ૭

પટ્ટણાથી દિશિ પૂરવિં સો કોશે પુર ચંપ હો; વી૦
કલ્યાણક વાસુપૂજ્યનાં પંચ નમીજઇ આપ હો. વી૦ ૮

દિવાનો એક દેવસી કીધી તેણિં ઉપાધિ હો; વી૦
શ્વેતાંબર થિત્તિ ઉથપી થાપી દિગપટ વ્યાધિ હો. વી૦ ૯

પિણ પરપુત્ર સપુત્ર કો ન હૂઓ કો એ સંભાલિ હો; વી૦
જે નર તીરથ ઉથપઇ તેહનિ મોટી ગાલ્ય હો. વી૦ ૧૦

ચંપવરાડી જણુ કહિ ગંગ વહઇ તસ હેઠિ હો; વી૦
સતીઅ સુભદ્રા ઈહાં હૂઈ હૂઓ સુદર્શન શેઠ હો. વી૦ ૧૧

હાજીપુર ઉત્તરદિશિં કોસ વડા ચ્યાલીસ હો; વી૦
મહિમા મલ્લિ નમીસરૂ જનમ્યા દોય જગદીસ હો. વી૦ ૧૨

પ્રભુપગ આગિં લોટિંગણાં લીધાં સીધાસિં કામ હો; વી૦
લોક કહિં એ સુલખ્ખણી સીતાપીહર ઠામ હો. વી૦ ૧૩

પટ્ટણાથી દક્ષિણ ગયા મારગિ કોસ પંચાસ હો; વી૦
શીતલ જનમ મહિ લહી ભદ્દલપુર બહુ આસ હો. વી૦ ૧૪

સુલસા નિસુણિ સંદેસડો કહઇ અંબડ જિનવાણી હો; વી૦
કન્હ સહોદર ઇણિપુરિં ચંદેલા સહિનાણ હો. વી૦ ૧૫

॥ ઢાલ ૬ ॥

મધુકર મોહ્યો માલતી પરીમલ બહુલો જાસ; મ૦
મુઝ મન મોહ્યું ઇણિંગિરિ જાણું કીજઇ વાસ. મ૦ ૧

પૂરવ યાત્રા મિં કરી સંભારિ પરિવાર; મ૦
દેયો દરસણ આપણું વલી મુઝ બીજીવાર. મ૦ ૨

માનિ નિહોરો માહરો કરિ મુઝ પંષનું દાન; મ૦
પંષ બલિં ઊડી મિલું ઇહથી કરસ્યું ધ્યાન. મ૦ ૩

ભલિં એ માનવ ભવ લહ્યો ધર્માધર્મ વિચાર; મ૦
તીરથયાત્રા મિં કરી જનમ લગઇઅ વિચાર. મ૦ ૪

ધરનિં સિદ્ધિ શ્રવણિ હૂઆ કાશીથી કોસ સાઠિ; મ૦
અડક અયોધ્યા આવિઆ જેવાસિ વરૂ કાઠિ. મ૦ ૫

પંચ તીર્થંકર જનમીઆ મૂલ અયોધ્યા દૂરિ; મ૦
જાણી થિતિ થાપી ઇહાં ઇમ બોલઇ બહુ સૂરિ. મ૦ ૬

બહુલ કુતૂહલ લોકના રામધરણી ધીજકુંડ; મ૦
હરિચંદ્રઇ દીધો ઇહાં હરિણી હત્યા દંડ. મ૦ ૭

સત કોસે સરજુતટઇ ધર્મજિણેસર જન્મ; મ૦
રંગિ રૂણાઈ પ્રણમીઇં ભાજઇ ભવભય ભર્મ. મ૦ ૮

દેષું દરિઆબાદથી દોઇ દિશિં કોસ ત્રીસ; મ૦
સાવત્થી સંભારીઇં શંભવ જન્મ જગીસ. મ૦ ૯

ખંધક મુનિ પીલ્યા ઇહાં તિહાં ઊગઇ વિષજાતિ; મ૦
ઊગઇ કિરીઆઇતો કડૂ દંડકવનિ અવદાતિ. મ૦ ૧૦

પિટીઆરિ પુરિ કંપિલા વિમલ જનમ વંદેસ; મ૦
ચુલણીચરિત્ર સંભાલચો બ્રહ્મદત્ત પરવેસ. મ૦ ૧૧

કેસરવનરાય સંજતી ગર્દભિલિ ગુરૂપાસિ; મ૦
ગંગાતટિ વ્રત ઊચરઇ દ્રૂપદી પીહરવાસિ. મ૦ ૧૨

સુર પૂજઇ સોરીપુરિં સામલવરણો નેમિ; મ૦
ચંદ્રપ્રભ ચંદ્રવાડિમાં રૂપડિ રાષું પ્રેમ. મ૦ ૧૩

હત્થિણાઉરિ હરષઇ હીઓ શાંતિ કુંથુ અર જન્મ; મ૦
આગરાથી દિશિ ઉત્તરિં દોઢસો કોશે મર્મ. મ૦ ૧૪

પાંડવ પંચ હુઆ ઇહાં પંચ હુઆ ચક્રવર્ત્તિ; મ૦
પંચ નમું થૂભ થાપના પંચ નમું જિનમુર્ત્તિ. મ૦ ૧૫

અહિચ્છત્તાઇ ઉત્તમ નમઇ મથુરા ગઢગ્વાલેર; મ૦
ઊજ્જલગિરિ વિમલાચલિં દિલ્લી જેસલમેર. મ૦ ૧૬

ચંદ્રપ્રભ ચિંતા હરઇં માલપુરઇ મનલાડિ; મ૦
સુખ સાખી સંખેસરો થંભણ બંભણવાડિ. મ૦ ૧૭

રાણિગપુર રૂલિઆમણો વરદાઈ વરકાણ; મ૦
આબૂ આરાસણિ નમું ફલવધિ સફલ મંડાણ. મ૦ ૧૮

જે મિં તીરથ સંકલ્યા નયણિ નિહાલ્યા જેહ; મ૦
મહિયલિ અવર અનેક છિં નમોર મુઝ તેહ. મ૦ ૧૯

તીરથ સેવા જઓ ફલઇં તઓ જાચું જગદીશ; મ૦

સુલહબોહી તો હું હુયો રમયો તુહ્મ પાએ સીસ. મ૦ ૨૦
વિનય કરી કરૂં વંદના હોયો હીયાપદેસ; મ૦
સુહાખમા એ જિનતણી નિશ્ચય સારૂં સેવ. મ૦ ૨૧
અણુગામિં ફૂલ એ હોયો જનમિ ૨ ઉપગાર; મ૦
તીરથમાલા સફ્લી ફ્લઓ શતશાખા પરિવાર. મ૦ ૨૨

કલસ.

ઇતિ તીરથમાલા અતિરસાલા પૂરવ ઉત્તર વર્ણવી,
સમકિત્તવેલી સુણિ સહેલી સફ્લ ફ્લી નવપલ્લવી;
તપગચ્છરાજા બહુ દિવાજા વિજયસેનસૂરીસરો,
તસ્સ પટ્ટિ પૂરો જિસઓ સૂરઓ વિજયદેવયતીસરો. ૨૩
તસ ગચ્છિ રાજઇ ભવિ નિવાજઇ વાચક વિદ્યાસાગરો,
તસ સીસ પંડિત સુગુણમંડિત સહજસાગર ગણિવરો;
વીસાસઓ ચઉવીસ જિનવર કલ્યાણક યાત્રા કરી,
તસ સીસલેસિં પૂરવદેશિં વિજયસાગર બહુ સુખકરી.
થૂઈ ભણી બહુ સુખ ધરી. ૨૪

ઇતિ શ્રીસંમેતશિખરગિરિતીર્થમાલાસ્તવનં સંપૂર્ણં સકલપંડિતમંડિતાખંડલાયમાનપંડિતશ્રી૧૯વિજયસાગરગણિશિષ્યગણિહેતુસાગર લિપીકૃતં.

શ્રીકૃષ્ણગઢમહાનગરે સંવત્ ૧૭૧૭ વર્ષે શ્રીચિંતામણિપાર્શ્વનાથપ્રસાદાત્.

શુભં ભવતુ.

॥ अर्हम् ॥

पं०—हंससोमविरचित

पूर्वदेशीय चैत्य—परिपाटी.

સંતિજિણેસર નમીઅ પાય મન વંછિત કામી,
પછઇં સહિગુરૂ ચરણકમલ ભાવિ સિર નામી;
ચૈત્રપ્રવાડી રચિસુહેવ પૂરવદિસિ કેરી,
દિખ્યા નાણુ નિરવાણુ ઠાણુ તિણિ ભૂમિ ભલેરી. ૧

ચંદેરીનયરીથિકી સો કોસ કોસંબી,
જમુનાતટિ જે વસઇ નયર મન રહિઉં વિલંબી;
શ્રીપઉમપ્પહુ જનમભૂમિ દેખી હરષીજઇ,
ચઉસઠ્ઠિ બિંબસ્યું પૂજ કરી ભાવના ભાવીજઇ. ૨

ચરમ જિણેસર પારણૂં એ હૂઉં જિણુ ઠામિ,
ચંદનબાલ કરાવીઉં એ પુહુતી સિવગામિ;
તિહાંથી આગલિ મનહ રંગિ હર્ષઇ ચાલીજઇ,
પંચવીસ કોસ પ્રયાગતિત્થ નયણે નિરષીજઇં. ૩

સરવ સંગ પરિત્યાગ કરી ચિહું સહસ્સે સાથઇં,
અક્ખયવડતલિ વ્રત લિઉં પહિલું આદિનાથઇં;
તિણિ કારણુ પ્રયાગ નામ એ લોક પ્રસિદ્ધઉ,
પાયકમલ પૂજા કરી માનવ ફલ લીદ્ધઉ. ૪

ગંગા જમુના સરસતિ ત્રિવેણી સંગમ,
વેણી માધવ લોકનઇ તીરથ છઇં જંગમ;
તિહાંથી આગલિ છહજ કોસ સીકંદર ગામ,
ષમણાવસહી પૂજીઇં પાસ જિણવર ઠામ. ૫

વસ્તુ.

સંતિ જિણવર ૨ નમીઅ ગુરૂપાય,
ચંદેરીથી ચાલતાં સો કોસ કોસંબી નયરી,
શ્રીપઉમ્મપહ જનમભૂમી વીરનાહ પારણૂં;
કરાવીઅ ગંગા જમુના દેષી કરી વંદુ તિત્થપયાગ,
આગલિ સીકંદરપુરઇં પાસનાહ જુહારિ. ૬

ભાષા.

તિહાં હુંતી હિવ કીધ પયણૂં તીસ કોસ વાણારસિ જાણૂં,
હઇડઇ હરષ આણૂં;
ગઢ મઢ મંદિર પોલિ સુચંગ ચોહટઇં દીસઇ નવનવ રંગ,
ગંગાનઈ વષાણૂં. ૭
ગંગા નિરમલ નીર સનાન પહરી ધોતિ ધરી મન ધ્યાન,
કીજઇ ચૈત્રપ્રવાડિ;
નયરમાહિં શ્રીપાસ સુપાસ પૂજ્યા સામિ લીલ વિલાસ,
પૂરઇ મનહરૂંહાડિ. ૮
હવઇ દેષીજઇ જૂની કાસી આસસેણરાઈ જે વાસી,
ભવિઆ દૂરિ જાઇ નાસી;
પાસસુપાસ તીથંકર જનમ તેહનાં થૂભ અચ્છઇં અતિરમ્મ,
પ્રતિમા પૂજ્યઇ ધરમ. ૯
પાસ સુપાસહ જનમહ જાણી સયલતીરથના પાણી આણી,
ઈંદ્રઇ નિરમિત કૂપ;
તે દેષીનઇ આણંદ હુઉ પાસઇં કમઠ તપ તપઇં જૂઉ,
દીસઇ કોપ સરૂપ. ૧૦

ગંગાતટ મનકેસર તીરથ, સાધઇ લોક બહુ પરમારથ,
મરહઠ કેરૂં ઠામ;
તિણિ ઠામિ કીધી રષવાલી હરિચંદરાઇં વાચા પાલી,
રાષિઉં સાચું નામ. ૧૧

કાસી હુંતી પૂરવ પંથિઇં દોઇ કોસ સીહાપુર અચ્છઇ,
શ્રીશ્રેયાંસહ જનમ;
તે વંદી આગલિ પંચ કોસ ચંદ્રાવતી કરિઓ પ્રવેસ,
ચંદ્રપ્રભ તિહાં જનમ. ૧૨

પ્રતિમા થૂભ અછઇ બેહૂ સાર તે પૂજતાં ન લાગઇ વાર,
છૂટઇ પાપ અપાર;
હવઇ ગંગાનઈ ઊતરીઈં પછઇ મગધદેસ સાંચરીઈં,
કોસ વીસા સોપાર. ૧૩

રાજગૃહપુર નયણે દીઠઉં તતષિણ હીઅડઇં અમીપઇઠઉં,
પૂરવ પુણ્ય સંભાર;
ચઉદ કુંડ ઉન્હઇ જલ ભરિઆં અંગ પખાલી પાજઇ ચઢીઆં,
પુહુતી ગિરિ વૈભાર. ૧૪

તે ઉપરિ ચઉવીસ પ્રાસાદ દેવલોકસ્યું મંડઇ વાદ,
દેહરી ઝાકઝમાલ;
મૂલનાયક મુનિસુવ્રતસામી દરસણ ભવિઆ આણંદ પામી,
પૂજ રચઈં સુવિસાલ. ૧૫

સઘલે દેહરે સાતસઇં દેવ સુરનર કિંનર સારઇ સેવ,
આગલિ મોટઉં શૃંગ;
અરધ કોસ તે ઊંચો સુણીઇં ઇગ્યારઇં ગણધર તિહાં થુણીઇં,
વાંદીજઇં ધરિ રંગ. ૧૬

રોહણીઆની ગુફા જવ દીઠી પુસ્તક વાત હુઈ સવિ મીઠી,
અઠોત્તર સોબાર;

જાત્ર કરી સારિયા સવિ કામ આગલિ ધન્ના સાલિભદ્ર ઠામ,
કાઉસગ્ગીઆ બેહુ સાર. ૧૭

વૈભારગિરિ હુંતી ઊતરીઇં જઈ વિપુલગિરિ ઊપરિ ચઢીઇં,
ભેટિયા પાસજિણિંદ;
છઇં પ્રસાદઇં પૂજ કરીનઇં સાહમો ઉદયાગિરિ દેષીનઇં,
ચઉમુખ નમુ નરિંદ. ૧૮

સોવનગિરિ નયણે નિહાલું પાપપંક સવિ દૂરિ ટાલું,
જોઉં નયર વિસાલ;
શ્રેણિક સાલિભદ્ર ધન્નાવાસ ગ્રહણુઇં ભરિઓ કૂઉ પાસ,
દેષૂં વીરપોસાલ. ૧૯

વસ્તુ.

નયર કાસી નયર કાસી પાસ સુપાસ,
ચંદ્રાવતી ચંદ્રપ્રભ સીહપુર શ્રેયાંસ જિનવર,
હવિ ગંગાનઈ ઊતરીઇં રાજગ્રહી નયરી મનોહર;
વૈભારગિરિ વિપુલગિરિ ઊપરિ બહુ પ્રાસાદ,
તે વાંદીનઇં ઊતરિયા જીત્યઉ કલિસું વાદ. ૨૦

ભાષા.

પશ્ચિમ પોલઇ સમોસરણ વીરહ દેષીજઇ,
નાલંદઇ પાડઇ ચઉદ ચઉમાસ સુણીજઈ;
હવડાં લોક પ્રસિદ્ધ તે વડગામ કહીજઈ,
સોલ પ્રાસાદ તિહાં અછઇ જિનબિંબ નમીજઈ;
કલ્યાણક થૂભ પાસઈં અચ્છઇ એ મુનિવર યાત્રાખાણિ,
તે યુગતિઇં સ્યું જોઈઇં નિરમાલડી એ કીધી પાપની હાણિ.
મણોરહીએ કીધી પાપની હાણિ. ૨૧

રાજગ્રહથી તીન કોસ પાવાપુર નયરી,
રજ્જુસભાઈં વીરનાહ પુહુતા સિવનયરી;

તે જાઈ જવ જોઈઇ પાલીજઇ છયરી,
પૂજ્યા જિનવર પાદુકા નાઠા સવિ વયરી;
દોઇ થૂભ સોહામણા એ ટાલઈ મન અસમાહિ,
પાસ જિણેસર ગાયસ્યું નિરમાલડી એ સજલ સરોવરમાહિ.
મણો૦ ૨૨

હવઇં ચાલિયા ક્ષત્રીકુંડ મનિ ભાવ ધરીજઇં,
તીસ કોસ પંથઇં ગયા દેવલ દેષીજઇં;
નિરમલ કુંડિ કરી સનાન ધોઅતિ પહિરીજઇં,
વીરનાહ વંદી કરી મહાપૂજ રચીજઇં;
બાલપણિ ક્રીડા કરી એ દેષી આમલી રૂંષ,
રાયસિદ્ધારથ તિહાં ઘરઇ નિર૦ પેષતાં ગઈ ત્રસ ભૂષ. મણો૦ ૨૩

દોઇ કોસ પાસિઇં અચ્છઇં માહણકુંડગામ,
દેવાણંદાતણી કૂષિ અવતરવા ઠામ;
તે પ્રતિમા વંદી કરી સારિયા સવિ કામ,
પંચ કોસ કાકંદનયર શ્રીસુવિધહ જનમ;
તે વંદીજઇ ભાવસિઉં એ આગલિ ચંપ વષાણિ,
સાઠિ કોસ તિહાંથીકી નીર૦ વાસુપૂજ્ય હીઅડલઇ આણિ. મણો૦૨૪

પાછા પુહુતા વલી વિહાર રાજગ્રહી પાસઇં,
તુંગિઆ નયરી પ્રથમ નાથ આગમ ઇમ ભાસઇ;
વીરનાહ વંદી કરી પૂરૂં મન આસ,
ભાવના ભાવઇં ગોરડી ગાઇં નિતુ રાસ;
વીરનાહ નિહાલતાં એ નયણે ત્રિપતિ ન હુંતિ,
વંછિત સામી પૂરવઇં નિર૦ ભાંજઇ ભવની ભ્રાંતિ. મણો૦ ૨૫

ભાષા.

સમેતિસિષરિ હવઇ જાત્ર કરેસિઉં પાવાપુર પંથિં ચાલેસિઉં,
ટાલેસિઉં દુહરાસિ તુ; જય જય ટા૦

અસી કોસ તિહાંથી જાણું તિણિ વાટઇં હવિ કીધ પયાણું,
આણું મનિ સુભભાવ તુ. જય જય આ૦ ૨૬

વાટઇં તીરથ દોઇ વંદિસિઉં પહિલું મહિઅલનયર જાએસું,
ધ્યાએસું આદિનાથ તુ, જય જય ધ્યા૦;
તિહાં હુંતી ભદ્દિલપુર રહિસ્યું સીતલનાથ નમી ગહગહસ્યું,
લહસ્યું મુગતિનો સાથ તુ. જય જય લ૦ ૨૭

આગલિ અછઇ વિસમી વાટ સાથઇં લીજઇ કોલીના થાટ,
વાટ કરઇ સવિ સુદ્ધ તુ, જય જય વા૦;
કોસ પંચાસઇં ચંપાનયરી આગલિ જાતાં પાલઇ છહરી,
વયરી દૂરિ કીધ તુ. જય જય વ૦ ૨૮

તલહટ્ટિ પાલઇં ગુંજાગામ સંઘઇ જઇનિઇ કીધું મુકામ,
રાય દુઓ તિહાં લીધ તુ, જય જય રા૦;
સાત કોસ છાઇં વિસમી વાટ વાઘ સિંઘ હાથીનાં રાજ,
ચઢતાં સીઝઇં કાજ તુ. જય જય ચ૦ ૨૯

વંસજાલનાં મોટાં રણુ ડાભા જિમણા કદલીવણુ,
જે દેષઇં તે ધન્ન તુ, જય જય જે૦;
ઉપરિ શ્રીસંઘ જબ સદ્ધાવઇં વીસ થૂભ દેષી વદ્ધાવઇં,
ગાઇં ગીત રસાલ તુ. જય જય ગા૦ ૩૦

થૂભ વિચાલઇં કુંડ ત્રિકોણૂં પાસઇં હાથી ષેલઇ જોણૂ,
ધોણૂં પાપહુપંક તુ, જય જય ધો૦;
નિરમલ નીરઇં અંગ પષાલી ધોઅતિ પહિરઇ દક્ષણફાલી,
ટાલી મનની સંક તુ. જય જય ટા૦ ૩૧

પંચામૃત હવઇ કલસ ભરીજઇં પ્રતિમા માંડી સનાત્ર કરીજઇં,
ઊષેવીજઇ ધૂપ તુ, જય જય ઊ૦;
ધજ દેઇ આરતી ઊતારી મંગલવઇ કાજ સવિ સારી,
વારી દુરગતિ કૂપ તુ. જય જય વા૦ ૩૨

સસિવયણી મૃગનયણી બાલી જિણવર ભાસ દીઈં રલીઆલી,
નાચઈં વાલી અંગ તુ, જય જય ના૦;
તેણિ અવસર વરસઈ મેઘમાલી જાઈં તાપ નઇ ભીજઇ ફાલી,
ચોલી અતિહિ સુરંગ તુ. જય જય ચો૦ ૩૩

સમેતસિખર આગલિ વીસ કોસ રજુવાલુકાનઇનિઇ પાસઇં,
જંભીગામ વિસાલ તુ, જય જય જં૦;
વર્દ્ધમાન તિહાં નાણુ ભણીજઇં સુમુખિ જિનહર વીર નમીજઇં,
આણી ભાવ રસાલ તુ. જય જય આ૦ ૩૪

ઇમ સુણીઇં લોકાંની વાત તિહાં જઇનિઇ કીધી જાત્ર,
ઈહાંથી કીજઇં ધ્યાન તુ, જય જય ઈ૦;
વીસથૂભ પ્રતેકઇં વંદુ પાપરાસિ હું સય નિકંદું,
છેદું મોહનું માન તુ. જય જય છે૦ ૩૫

તીહાં કીજઇ તીરથ ઊપવાસ રહીઅઇ રાતિ ગુફામાહિં વાસ,
આસ ફલી સવિ ચંગ તુ, જય જય આ૦;
પ્રહ ઊઠી પાજઇં ઊતરીઇ તલહટ્ટિઇ જઇ પારણૂં કરીઇ,
આણીજઇ મનિ રંગ તુ. જય જય આ૦ ૩૬

વસ્તુ.

વીર પૂજ્યા વીર પૂજ્યા નયર વિહાર સમેતસિષરથી ચાંલતાં,
આદિનાથ મહિઅલિ જુહારીઇ,
આગલિ ભદ્દિલપુર જઈ જનમભૂમિ સીતલ નમીજઇં;
અનુક્રમિ પુહુતા સમેતસિષર વંદી વીસઇ થૂભ,
તલહટ્ટીઇ જઈ ઊતર્યા કીજઇ પારણારંભ. ૩૭

ભાષા.

તિહાંથી પાછા ચાલીઆ એ મહાલંતડિ, રાજગ્રહી પુરમાંહિ;
મુનિસુવ્રત તિહાં ભેટસિઉં એ માલ૦ પાંચઇ પર્વતમાહિં. સુણિ૦ ૩૮

રાજગ્રહીથી ચાલતાં એ મા૦ દોઇસઇ કોસ વષાણિ; સુણિ૦
અવજ્ઝાનયરી અતિભલિ એ મા૦ ઇંદ્રઇં વાસી જાણિ. સુણિ૦ ૩૯

આદિ અજિત અભિનંદનૂ એ મા૦ સુમતિ અનંતહ નાથ; સુણિ૦
જનમભૂમિ તિહાં વંદતાં એ મા૦ સફલ હૂઆ મુઝ હાથ. સુણિ૦ ૪૦

મરૂદેવી મુગતિં ગઈ એ મા૦ સરગદુઆરી ઠામિ; સુણિ૦
તાસ પાસ નઈ પેખીઇં એ મા૦ અચ્છઇ સરજજૂ નામિ. સુણિ૦ ૪૧

નયરમાહિં હવઇ પૂજસિઉં એ મા૦ ચઉવીસમો જિણુંદ; સુણિ૦
સનાથ કરી હવઈં ચાલસ્યું એ મા૦ હીઅડલઇ અતિ આણુંદ. સુણિ૦ ૪૨

સાત કોસ રણુવઈ અચ્છઇં મા૦ પહિલું રયણપુર નામ; સુણિ૦
ધર્મનાથ તિહાં જનમીઆ એ મા૦ ચઉમુખ કેરઇં ઠામ. સુણિ૦ ૪૩
પૂજી પ્રણમી પાદુકા એ મા૦ મઇ કીધી જિનવર સેવ; સુણિ૦
નયર કાલપી હવઇ આવીઆ એ મા૦ મઇ પૂજ્યા જિનવરદેવ. સુણિ૦ ૪૪

ચંગપંથ ચંદેરીઆ એ મા૦ આવ્યા કુસલેષેમ; સુણિ૦
સાંતિ પાસ દોઇ પૂજતાં એ મા૦ હીઅડલઈં હરષ ધરેવિ. સુણિ૦ ૪૫

સંવત પનરપાંસઠઈં એ મા૦ જાત્ર કીધી ઉદાર; સુણિ૦
સંઘ સહૂ ઘરિ આવીઆ એ મા૦ દિન દિન ઉછવ સાર. સુણિ૦ ૪૬
ચિંતામણી કરિ પામિઉં એ મા૦ સુરતરૂ ફલિઉ બાર; સુણિ૦
મુગતિ હૂઈ તસ ઢૂકડી એ મા૦ સયલ સુખ સંસાર. સુણિ૦ ૪૭

કમલધરમ પંડિતવરૂ એ મા૦ જાત્ર કીધી સંઘ સાથિ; સુણિ૦
સફલ જનમ હવિ મુઝહૂઉ એ મા૦ મુગતિ હૂઈ હવઇ હાથિ. સુણિ૦ ૪૮

કલસ.

તપગચ્છનાયક સર્વ સુખદાયક શ્રીહેમવિમલસૂરિંદ ગુરૂ,
તસ આણ ધુરંધર વિબુધપુરંદર કમલધર્મ પંડિતવરૂ;
તસ સીસ નામઇ 'હંસસોમઇ' તીરથમાલ રચી સુવિમલો,
જે ભવિઅ ભણેસઇં અનઇં સુણેસઇ તે નર પામઇં જાત્ર ફલો. ૪૯

॥ अर्हम् ॥

पं०—जयविजयविरचित

सम्मेतशिखर—तीर्थमाला.

રાગ રામગિરી.

પ્રણમીઅ સહગુરૂતણા પાય સુહસંપતિકારી,
સરસતિ સામિણિ વીનવું દિઉ મુઝ મતિ સારી;
ચૈત્યપ્રવાડી ભણું ભાવિ પૂરવદિસિકેરી,
જનમભૂમ જિનવરતણી વંદું ઉદેરી.

ત્રોટક.

સંઘનાયક બિંબૂ ભણુંઈ એ કુંઅરજી સમજોડિ;
સમેતશિષર સંઘ ચાલવીઇ નિરમાલડી એ, પૂરીઇ વાંછિત કોડિ.
મણોરઇએ પૂરીઇ વાંછિત કોડિ. ૧

ઉગ્રસેનપુર રાજીઉ ચિંતામણિપાસ,
પૂજી પ્રણમી સાંચર્યા મનિ ધરી ઉલ્લાસ;
ઉતરી જમુનાનદી પાર આવઇં તેણીવાર,
નયણે દીઠા દોઇ તુંગ જિણવર આગાર.

ત્રોટક.

પહિલઇ કુંથજિણેસરૂ એ બીજઇં પાસ જિણંદ;
પૂજી જિનગુણ ગાઈઇ નિર૦ મનિ ધરી અતિ આણંદ. મ૦ ૨
સંઘ મિલિયા ચિહુંદિસિતણાં એ નરનારી વૃંદ,
સેજવાલા બહુ સજ કીઆ દિગવાસ મુણિંદ;
પોઠ સુષાસન પાલષી વલી બહુ અસવાર,
ભટ ભોજિગ ગુણિજના જેહ મિલિયા તેણિવાર.

ત્રોટક.

તિહાંથિ આગલિ ચાલિયા એ પહુતા પીરોજાબાદ,
જાણિ જલનિધિ ઊલટિઉ નિર૦વાજઇ વાજિત્રનાદ. મ૦ ૩
અનોપમ જિનપ્રાસાદ એક પૂજી જિનરાય,
તિહાંથી જઇઇ ચંદવાડ કરી નિરમલકાય;
ચંદ્રપ્રભ પૂજી કરી વલી કીધ પયાણ,
સરપડી નયરિ જઇ કરી કીજઇં મેલ્હાણ.

ત્રોટક.

ભૂમિ ભવનજિન પૂજીઇં એ મૂંકી નિજમનિ રોસ;
નયર સોરીપુર જાઈઇ નિર૦ તિહાંથી હુવઇં ત્રિણ કોસ. મ૦ ૪
શ્રીજિનવર પ્રાસાદ સાત પૂજી બહુભગતઇં,
જનમભૂમિ પ્રભુનેમીની પ્રણમી બહુ જુગતિઇં;
સોરીપુરથી કરિ પયાણ સહજાદપુર આવઇં,
એકસઉ પનર કોસ માન સહુઇ સુષ પાવઇં.

ત્રોટક.

પંચ દેહરાસર પૂજીઇં એ કોસ ત્રિણ મઉ ગ્રામ;
મૃગાવતિરાણીતણઉ નિર૦ નિરષીઇં ચારિત્ર ઠામ. મ૦ ૫
વીરભવનિ જિનવીરનિ પૂજા વિરચિજઇં,
પંચકોસ કોસંબિઆ નયરી નિરષીજઇં;

પૂજિ જિનપ્રાસાદ દોય નરભવફલ લીજઈં,
પદ્મપ્રભજિન જનમભૂમિ પગલાં પ્રણમીજઈં.

ત્રોટક.

ચંદનબાલા બાકુલા એ વીરજિણેસર દીદ્ધ;
બાકુલવિહાર તિહાં હુઉ નિર૦ પ્રણમીઈં લોકપ્રસિદ્ધ. મ૦ ૬

વસ્તુ.

પાય રહિં પાય રહિં સંઘ જયકાર,
જિનભવન દોઇ દીપતાં બિંબ તિહાં દસ ચ્યાર સોહઇ;
ચઉવીસ બિંબ સુષચયનપુરિ ચંદવાડ જિન આઠ મોહઇ,
ચાલિ સરપડી નયરમાં એ સોરીપુર દસ ચ્યારિ;
જિનપ્રતિમા એકત્રીસ નમું સહજાદપુરહ મઝારિ. ૭
મણિગ્રામઈં મઉગ્રામઈં નમું જિનબિંબ,
ષટ્ સંખ્યાયઈં સોભતાં પંચકોસ કોસંબિપલીઇ;
શ્રીજિનઘર દોય અતિભલાં બિંબ તેર ઘણુપુણુ મિલીઇ,
પદ્મપ્રભ જિન પાદુકા એ કીજઈં તાસ પ્રણામ;
શાલિભદ્ર ધન્નાતણુઉ જુઉ સરોવર અભિરામ. ૮

॥ ઢાલ ॥

રાગ દેશાષ

કોસ અઢાર તિહાંથકી એ ફતેપુર નયર વિભાગ તઉ;
પ્રતિમા ત્રિણ પૂજા કરિ એ જઈઈં તીરથ પયાગ તઉ. ૯
ગંગા જમુના સરસતી એ દીઠઉ ત્રિવેણીસંગ તઉ;
પ્રથમજિણંદ સમોસર્યા એ અષયવડતલઈં રંગ તઉ. ૧૦
રાયકલ્યાણ મિથ્યામતી એ કીધઉ તેણઇ અન્યાય તઉ;
જિનપગલાં ઉઠાડીયાં એ થાપા રૂદ્ર તેણુ ઠાય તઉ. ૧૧
કોસ પઇંત્રીસ વાણારસી એ ગંગાતીર પવિત્ર તઉ;

પરતષિ અલકાપુરી જિસી એ દીસઈ જિહાં બહુ ચિત્ર તઉ. ૧૨

એણિ નયરિં હોય જિનવરૂ એ જનમ્યા પાસ સુપાસ તઉ;
તિણિં ઠામઇ હોઇ જિણહરૂ એ પુહવિં કરઈં પ્રકાસ તઉ. ૧૩

પ્રથમ ચતુર્મુખ ચર્ચીંઇ એ પગલા કરીઅ પ્રણામ તઉ;
સુરનર જસ સેવા કરઇ એ ભવિજણમન વિશ્રામ તઉ. ૧૪

મૂરતિ મોહનવેલડી એ બઇઠા પાસ જિણંદ તઉ;
કેસર ચંદન કુસુમસ્યું એ પૂજિઇ પરમાણંદ તઉ. ૧૫

જઈ સુપાસનઇ દેહરઇ એ પૂજી પ્રભુ જયકાર તઉ;
નયરમાંહિં તવ નિરષીઇ એ પ્રતિમા સંષ ન પાર તઉ. ૧૬

કેઈ દીસઇ રૂદ્રભવનમાં એ કેઈ થાપી તરૂછાહિ તઉ;
કેઈ દીસઇ વિપ્ર આંગણઈ એ કેઇ માંડી મઠમાંહિ તઉ. ૧૭

ભાવઇસ્યઉં પૂજા કરી એ છાંડી રાગ નઈ રોસ તઉ;
વાણારસીનયરીથકી એ સિંહપુરી ત્રિણ કોસ તઉ. ૧૮

જનમભૂમિ શ્રેયાંસની એ દેષી અનોપમ ઠામ તઉ;
જિનમૂરતિ જિનપાદુકા એ પૂજી કરૂં પ્રણામ તઉ. ૧૯

ચંદ્રપ્રભ જિન અવતર્યા એ ચંદ્રપૂરી સુવિસાલ તઉ;
શ્રીચંદ્રપ્રભપાદુકા એ નિત નમીઈં ત્રિણ કાલ તઉ. ૨૦

અસીયકોસ વલી તિહાંથકી એ પાડલિપુરિ વિખ્યાત તઉ;
સીલવંત નર તિહાં હૂઆ એ જેહના બહુ અવદાત તઉ. ૨૧

સીલકનકનઉ કસવટઉ એ શ્રીથૂલિભદ્ર મુનિરાય તઉ;
જેહનું નામ અચલ હવું એ ચઉરાસી ચઉવીસીતાય તઉ. ૨૨

સેઠ સુદર્શન જગિ જયો એ સીલગુણે અભિરામ તઉ;
સૂલી સિંહાસણ થયું એ પૂજું પગલાં તેણિં ઠામ તઉ. ૨૩

ષમણાવસહી ભૂંહરઇ એ ષટ્ પ્રતિમા સુહકાર તઉ;
પૂજી પ્રણમી ભાવસું એ ઉર જિનભવનઇ ચ્યાર તઉ. ૨૪

પંચકોસ વૈકુંઠપુરી એ ગંગતટ ગાજઈ આજ તઉ;
મારગિ કૌતિક પેષીઇ એ વાનરકેરૂં રાજ તઉ. ૨૫

દસકોસ નયરી તુંગિઆ એ સંપ્રતિ નામ વિહાર તઉ;
ત્રિણુ જિનભવનઈં પૂજીઇ એ બિંબ પંચવીસ ઉદાર તઉ. ૨૬

વસ્તુ.

નયર નવાદઉ નયર નવાદઉ કોસ ઇગ્યાર,
જિનપ્રતિમા જગિ મોહની અછઇ ચ્યાર વર પૂજ કીજીઇ,
નયરસીહોરઇં જાઈઇ કોસ ચ્યાર ભવલાહ લીજઇ;
મિલી રાયશિવરામનઇ એ લેઇ સાથઇં ઘટવાલ,
સમેતશિષરભણી ચાલીઇ એ આગલિ કોસ બયાલ. ૨૭

॥ ઢાલ ॥

રાગ સામેરી.

આગલિ છઇ વિસમી વાટ રે ઘટવાલ કરઇં સુઘાટ;
સંઘલોક સયલ સંચર્યા રે ડોલી પોઠ સુષાસન વરીઆ. ૨૮
પંથઇ બહુ અચરિજ દીસઇં રે મુઝ કહતાં હિઅડું વિહસઇં;
સવે લોક લંગોટીવાલા રે સિર નાગા કુરકઇ બાલા. ૨૯
રૂપહીણ નારી તન પોલઇ રે અહંકાર ધરી મનિ બોલઇ;
દેષ્યો યાહિ અચંભો ભારી રે સિરિ ઢાંકી આવતહઇ નારી. ૩૦
દવ દાધા દારૂ સમાણા રે ભિલ્લ દીસઇ કરિ ધણુ બાણા;
હલ્લીસ કરઇં મનિ હરસી રે કરિ લેઈ નચાવઇ ફરસી. ૩૧
કદલીવન મારગિ બહકઇ રે નાલીકેર પૂગતરૂ લહકઇં;
પુન્નાગ નાગ ગિરૂમાલઇં રે હંતાલહ તાલ તમાલ. ૩૨
વડ પીંપલ જંબૂરૂંષ રે પેષંત સમઇ તસુ ભૂષ;
કંકોલ કરંઝ સુકીર રે નારિંગહ ચારૂ જંબીર. ૩૩
પાડલ કેતકી સહકાર રે જાઇ જૂઈ ચંપક સાર;
કિંકિલ્લિહ બિલ્લ અપાર રે વિકસ્યાં વન ભાર અઢાર. ૩૪

ચિહૂં દિસિ પરિમલ પસરંતિ રે મધુકર લીના ગુંજંતિ;
સુક સારસ મોર કિંગાર રે કરઇ કોકિલ બહુ ટહૂકાર. ૩૫
પરવતનીઝરણાં બહૂ વાજઇ રે જાણે સંઘતણો જસ ગાજઇ;
વનછાયા ગુહિરી જાણુ રે નવિ લહકઇ કોઈ ઉગ્યો ભાણુ. ૩૬
કોલા કોલાહલ ઘુરકઈ રે સુણી માનવ તે પણિ ડરપઇ;
દીસઈ મદમત્તા હસ્તી રે જેહની ગતિ સહજઈ સસ્તી. ૩૭
ચરતાં દીસઈ મૃગયૂથ રે મારગિ પણિ રૂઅડા સૂથ;
સાલિષેત્ર ભલા દોઇ પાસઇ રે દેષંતા દાલિદ્ર નાસઇ. ૩૮
ઇમ જોતાં કૌતિક વાટઇ રે ઊતરીઇ વિસમઇ ઘાટઇ;
સમેતાચલ દીઠો નયણે રે સ્તવીયો બહૂ અમૃતવયણે. ૩૯
નાલિકેર વધારી લીજઈ રે સંઘભગતિ વધાઈ દીજઇ;
હરષઇ કરી તનમન ભરીયઈ રે ગિરિતલહટી જઈ ઊતરીયઈ. ૪૦

વસ્તુ.

પાલગંજઉ પાલગંજઉ નયર પ્રસિદ્ધ,
પૃથ્વીચંદ્ર નરનાયકો ન્યાયવંત નિજપરજા પાલઈ,
અરિજનનઈ રવિકરસમું ભુવનમાંહિ જસુ ખ્યાતિ માલ્હઈ;
વિનયકરી સંઘપતિ ભણઇ યાત્ર કરાવઉ દેવ,
અમ્હ મનિ અતિ અલજો ઘણો કરિવા તીરથ સેવ. ૪૧

ઠવણી ઢાલ.

સંઘસાથઈં તવ નરપતિ આવઇ સમેતશિષરની યાત્રા કરાવઇ,
રંગઈ અપચ્છરા ગાવઈ;
પંચકોસ ગિરિ ચઢીયઇ પાલા નાહના મોટા અતિસુકુમાલા,
રાસ રમઈ વરમાલા. ૪૨
પ્રથમ ત્રિકોણીઅ કુંડઇ જઈયૈં અંગ પષાલી નિર્મલ થઈયૈં,
કુસુમકરંડ કરિ ગ્રહિયૈં;
કેશર ચંદન મૃગમદ ઘોલી અતિઘન ઘનસારસ્યું રોલી,
ભરીઈં કનકકચોલી. ૪૩

નરનારી મિલિઆ ગુણવંત કરિવા પૂજા નિરમલ ચિત,
તીરથ મહિમાવંત;
વીસ પાદુકા ભવનમઝારઇ અનુક્રમઇ પૂજ કરી ઉદાર,
કીજઇ નરભવ સાર. ૪૪
છઠ્ઠા પદ્મપ્રભજિનદેવ ત્રણુસઇઅઠ્ઠ તવસીસિઉં હેવ,
મુગતિ વર્યા ઝત્તેવ;
શ્રીસુપાસ સમેતાચલ શૃંગઇં પંચસયા મુનિસિઉં મનિ ચંગઇ,
મુગતિ ગયા રંગઇં. ૪૫
છ સહસ મુનિવર સાથઇં સીધ વિમલજિનેસર શિવપદ લીધ,
સયલકરમ ષય કીધ;
સાતસહસ મુનિસ્યું પરિવરિયા અનંતનાથ સિવરમણી વરીયા,
ભવસાયર ઊતરીયા. ૪૬
અદ્ધસયાં મુનિવરસ્યું જુત્તા ધર્મનાથ જિન મુગતિં પહૂત્તા,
તિત્થેસર જયવંતા;
શાંતિનાથ નવસયસિઉં જાણુ પંચસયાસ્યું મલ્લિ વષાણુ,
સમેતશિષર નિરવાણુ. ૪૭
તેત્રીસમુનિવરસ્યું જિનપાસ મુગતિ પહૂતા લીલવિલાસ,
પૂરઇ ભવિઅણુ આસ;
અજિતાદિક જિણુવર સુહકાર સહસ સહસ મુનિવર પરિવાર,
પામ્યા ભવનો પાર. ૪૮
એણિં ગિરિ વીસ તીર્થંકર સીધા વીસ ટુંક જગિ હૂઆ પ્રસિધા,
પૂજી બહુફલ લીધા;
સમોતાચલ શત્રુંજય તોલઇ સીમંધર જિણુવર ઇમ બોલઇં,
એહ વયણુ નવિ ડોલઇ. ૪૯
સીધા સાધુ અનંતાકોડિ અષ્ટકર્મઘનસંકલ ત્રોડિ,
વંદૂ બે કર જોડિ;
સિદ્ધષેત્ર જિણુવર એ કહીઇ પૂજી પ્રણુમી વાસઇ રહીઇ,
મુગતિતણા સુષ લહીયઇ. ૫૦

ત્રિભુવનમાંહિ તીરથરાજઇ દેવદુંદુહી દિનપ્રતિ વાજઇ,
મહિમા મહિઅલ ગાજઇ;
કીજઇં વલી તીરથ ઉપવાસ.તો નવિ અવતરીઇ ગ્રભવાસ,
કહિ મહિમા જિનપાસ. ૫૧
કીજઇં પૂજા દીજઇં દાન સમેતશિષરનું કીજઇં ધ્યાંન,
લહિઇ કેવલગ્યાન;
એહ ગિરિ દીઠઇ મનિ ઉલ્લાસ એહ ગિરિ ફરસઇ કર્મવિણાસ,
હોવઇ મુગતિનિવાસ. ૫૨

વસ્તુ.

સમેતગિરિવર સમેતગિરિવર કરૂં વષાણ,
રસપૂરિ રસકુંપિકા વિવિધ વેલી ઊષધી સોહઇ,
અચરચ્છાંહ દ્રુમ દીપતો વજ્રષાણી ત્રિણભુવન મોહઇ;
સયલતીર્થમાંહિં રાજીઉ.એ સિધષેત્ર સુષધામ,
મહિમા પાર ન પામીયઇ વલિ વલિ કરૂં પ્રણામ. ૫૩

॥ ઢાલ ॥

આસાઊરી.

જાત્રાકરી ગિરિ ઊતર્યા ભરીયા.સુકૃતભંડારો રે;
દેશ મગધભણી ચાલીયા મનિ ધરિ હરષ અપાર રે. ૫૪
જયો જયો એહ ગિરિ રાજીઉ ભુવિ નંદઉ ચિરકાલો રે;
મનહ મનોરથ પૂરણો।પ્રણમીજઇ ત્રિણકાલો રે. જયો૦ ૫૫
નયર રાજગૃહ આવીયા જે જગમાંહઇ વિખ્યાતો રે;
જિહાં મુનિસુવ્રત અવતર્યા પુસ્તકિ ચડી અછઇ વાતો રે. જયો૦ ૫૬
શ્રેણિકરાય ઇહાં હૂઉ મંત્રી અભયકુમારો રે;
જંબૂઅસ્વામિ પ્રમુષ નરા હૂઆ એહ નયરશૃંગારો રે. જયો૦ ૫૭
કુંડ ચઉદઇ ઊન્હઇ જલ ભર્યા કીજઇ નિર્મલ અંગો રે;
ચરચીઇ વૈભારગિરિ ચડી વીરજિણંદ મનિ રંગો રે. જયો૦ ૫૮

એકાદસ ગણધરતણી પૂજી પાદુકા જેણિ રે;
પંચવીસ દેહરઇ પૂજા કરી ટાલિ દુરગતિ તેણિ રે. જયો૦ ૫૯
અણુસણ લઇ અણુત્તરિ ગયા ધના સાલિભદ્ર મુનિરાય રે;
કાઉસગિયા દોઇ પાદુકા પૂજીજઇં તિણિ ઠાય રે. જયો૦ ૬૦
ચોર રોહણીયાતણી ગુફા અચિરજકારણિ દીઠ રે;
કાલંબરિદ્રુમ હેઠલઇં બાવન જિનાલય પૂઠ રે. જયો૦ ૬૧
વૈભારગિરિથકી ઊતરી ચઢિયઇ વિપુલગિરંદ રે;
ષટ્ પરિમાણઇં એ જિણવરૂ પૂજ કરૂં જિનચંદ રે. જયો૦ ૬૨
ચોમુષ એક ઉદયગિરિ પંચ સોવનગિરિ જાણુ રે;
રયણગિરિસિરિ ઊપરઇં દોય પ્રાસાદ વષાણુ રે. જયો૦ ૬૩
પંચ એ પર્વત ફરસીયા નિરખી વીર પોસાલ રે;
પાસઇ કૂપ ભૂષણ ભર્યા સાલિભદ્રતણઉ નિરમાલ રે. જયો૦ ૬૪
નયરમાંહઇ ઋષભ જિણેસરૂ પૂજી કીજઇ પ્રણામ રે;
નાલંદઇ પાડઇં આવીયા લોકપ્રસિદ્ધ વડગામ રે. જયો૦ ૬૫

વસ્તુ.

વૈભારગિરિવર વૈભારગિરિવર ઊપરિ ઉદાર,
શ્રીજિનબિંબ સોહામણાં એકસો પંચાસ થુણીઇ,
નવ વિપુલગિરિ ઊપરઇં ઉદયગિરિસિરિં ચ્યારી ભણીઇં;
વીસ સોવનગિરિ ઊપરઇ રયણગિરિસિરિ પંચ,
રિષભ જિણેસર પૂજીયઇ રાજગૃહી રોમંચ. ૬૬

ચઉપઈ.

નાલંદયઇ સવિ લોકપ્રસિદ્ધ વીરઇ ચઉદ ચઉમાસા કીધ;
મુગતિ પહૂતા સવે ગણહાર સીધા સાધ અનેક ઉદાર. ૬૭
દીસઇ તેહતણું અહિનાણ પુહવઇ પ્રગટી યાત્રાષાણિ;
પ્રતિમા સતર સતર પ્રાસાદ એક એકસ્યું મંડઇં વાદ. ૬૮
પગલાં ગૌતમ સ્વામીતણાં પૂજીનઇં કીજઇ ભામણાં;
વીર જિણેસર વારાતણી પૂજી પ્રતિમા ભાવઇ ઘણી. ૬૯

નાલંદયનું બોલિ ઉચરી તિહાંથી જઇયઇ પાવાપુરી;
તેહતણો અતિ મહિમા ઘણુઉ પભણું ભાવઇ ભવિઅણુ સુણુઉ. ૭૦
સમેતશિષરથી જિમણુઇ પાસ જંભીયગામ અછઇ બહૂવાસ;
રિજુવાલુકા નદીનઇ તીર કેવલ પામ્યઉ શ્રીમહાવીર. ૭૧
દેવઇ તવ સમવસરણુ કીધ બેસી ષિણુ એક દેસન દીધ;
કનકકમલ પરિ ઠવતઉ પાય પાવાપુરિ આવઇ જિણરાય. ૭૨
ઈંદ્રભૂતિપ્રમુષ ઇગ્યાર યજ્ઞકર્મ કરઇં તેણીવાર;
સઇ ચોમાલીસ બ્રાહ્મણ મિલ્યા મિથ્યામતિ મોહઇં ઝલહલ્યા; ૭૩
મનિ અભિમાન ધરી આવીયા નામ લેઈ જિન બોલાવીયા;
મનસંસય ટાલઈં જિનવરૂ દેઈ દિક્ષા થાપ્યા ગણધરૂ. ૭૪
સંઘ ચતુર્વિધ થાપી તામ વિચરઇ દેસ નયર પુર ગ્રામ;
ભવિકજીવ પ્રતિબોધિ કરી અનુક્રમઇ આવઇ પાવાપુરિ. ૭૫
જીવિત વરસ બહુત્તરિ જાણુ પુણ્ય પાપફલ કહઇ સુજાંણુ;
પ્રધાન અધ્યયન મનિ ભાવઇ ધીર મુગતિ પોહતા શ્રીમહાવીર. ૭૬
ગૌતમસ્વામી કેવલ-વરઇ ચોસઠી ઈંદ્ર મહોચ્છવ કરઇ;
સંઘ ચતુર્વિધ હર્ષ અપાર જગમાં વર્ત્યો જયજયકાર. ૭૭
વીરજિણેસર ગણધરવાદ પૂજી તિહાં પગલાં પ્રાસાદ;
મુગતિં પોહતા જિહાં જિન વલી પૂજીજઇ પગલાં મનિ રલિ. ૭૮
સરોવરમાંહિં સુદ્ધ વિહાર જાણે ભવિઅણુનો આધાર;
જિનપ્રતિમા પંચ પગલાં હેવ પૂજી પ્રણમી કીજઇ સેવ. ૭૯
અનુક્રમે જઉણુપુરિ આવીયા જિન પૂજી ભાવન ભાવીયઇ;
દોઇ દેહેરઇ પ્રતિમા વિખ્યાત પૂજી ભાવઇ એકસો સાત; ૮૦

વસ્તુ.

પંચ જિણવર પંચ જિણવર તણો અવતાર,
નયરી અયોધ્યા જાણીઇ અમરપુરીથી અધિક રાજઇ,
ઋષભ અજિત અભિનંદનો સુમતિનાથ જિન અનંત ગાજઇ;
પંચે જિણવર પાદુકા એ કીજઇ તાસ ગુણ ગાન,
પઢમ જિણેસર પૂજીઇ આણી નિરમલ ધ્યાન. ૮૧

॥ ઢાલ ॥

ધન્યાસી.

નયરી અયોધ્યા રાજીઓ પૂજી પઢમજિણંદો રે;
રામચંદ્ર પગલા નમું મનિ ધરી પરમાણંદો રે. ૮૨
ધન એ તીરથ વંદીઇ સમેતસિષર ગિરિરાજ રે;
સંઘપતિ નિજમનિ હરષીઇ કીધાં અનોપમ કાજ રે. ધન૦ ૮૩
બીજથાનકિ સીતાતણું અગનિષાઇ અસરાલ રે;
સીલપ્રભાવઇ જલ હૂઉ દીઠ તે કુંડ વિશાલ રે; ધન૦ ૮૪
રતનપુરી રલિઆમણી જિનમંદિર શુભ હોય રે.
ધર્મનાથ પદ પૂજીઇ જિન પ્રતિમા ત્રિણ જોય રે. ધન૦ ૮૫
કંપિલપુર વરમંડણો પૂજીઇ વિમલવિહાર રે;
વિમલપાદુકા વંદીયઇ કીજઇ વિમલ અવતાર રે. ધન૦ ૮૬
તીરથ જે શ્રવણે સુણ્યા દીઠા નયણે જેહ રે;
જે મારગિ ભોમિં રહ્યાં નમું કર જોડી તેહ રે. ધન૦ ૮૭
સકલસંઘ પરિવારસિઉં યાત્રા કીધ પ્રમાણ રે;
ઉચ્છવ કરિ ઘરિ આવીયા દિન દિન હોઇ કલ્યાણ રે. ધન૦ ૮૮

કલશ.

તપગચ્છનાયક સુભમતિદાયક સિરિવિજયસેનસુરિંદ,
તસ પટગયણિં વિભાસણ દિનકર સિરિવિજયદેવમુણિંદ;
વાચકસયલચૂડામણિ સોહઇ નિરમલ ન્યાનનિવાસ,
સિરિકલ્યાણવિજય ગુરૂચરણ પ્રસાદઇ હૂઓ મુઝ બુદ્ધિપ્રકાસ. ૮૯
સસિરસસુરપતિવચ્છર આતપ એકાદસિ બુધવારઇં;
સમેતાચલ મહાતીરથ કેરૂં સ્તવન રચ્યું મતિસારઇં. ૯૦
પઢઇ ગુણઇ જે શ્રવણે નિસુણઇ તીરથમહિમા ભાવઇ;
'જયવિજય' વિબુધ ઇમ જંપઇં સુષ અનંત સો પાવઇ. ૯૧

॥ ॐ ॥

रत्नसिंहसूरिशिष्यविरचित

गिरनारतीर्थमाला.

ગિરિવર સિરિ ગિરનારહ સામી નેમિનાથપય સીસ જિ નામી,
કામી તીરથમાલ;
વસ્તુપાલિ નિયબંધવ નામિહિં થાપીય પાસ તેજલપુરગામિહિં,
સરોવર લહરિ વિશાલ. ૧

પહિલૂં દીઠઉ જુ ગઢજૂનુ સફલ મનોરથ મઝ આજૂ નુ,
જૂનુ પુણ્ય પ્રકાસો;
ગઢ ગરૂઅડિ કહુ કેતી કહીઇ જોતાં એહની આદિ ન લહીઇ,
ધનપતિ લોક નિવાસ. ૨

ઉસવાલહ ધરણિગ થાપી વસહી વીરભુવણિ જસ વ્યાપી;
સચરાચરિ જયકારો,
શ્રીશ્રીમાલી સલષઇ લિખીઓ ચંદ્રિ નામ નિયભવ ઓલખીઓ;
રિપુ કેસરીઅ વિહારો. ૩

તે ઉદ્ધરીઅ સુથિર બઇસારી તેજલપુરનુ પાસ જુહારી,
સમરસિંહિ કીઉં કાજ;
સંઘવી ધૂંધલ દેહરઇ વંદુ રિસહજિણિંદ નમી ચિરનંદુ,
હિવ જોઉ ગિરિરાજ. ૪

સોવનરેષ નદી ચિહુ પહિલી પરવતિ ચડતાં આવઇ વહિલી,
દામોદર મનોહાર;
વસ્રાપથિ ભવદેવ મહોસર કાલમેઘ ક્ષેતલ અલવેસર,
વસ્તુપાલ ઉદ્ધાર. ૫

રાણિગ સુત આંબઇ મંતીસરિ વાવિ પરવસ્યૂં પાજ નવલપરિ,
વિરચી અતિ સુવિશાલ;
ચડતાં દીસઇં ડાવઇં જિમણઇં વિવિધ બારવણુ હરષિઇં બિમણઈં,
ન ગણુઈં મનિ દુખજાલ. ૬

સાહ પૂનાની પહિલી પોલિઇં સંઘપતિસ્યૂં સવિ ગાઇઠા ઉલિઇં,
લીધુ ક્ષણુ વિશ્રામ;
વસ્તિગ પોલિઇં પહુતા રંગિઇં રાસ ભસલ કુટા રસભંગિઇં,
અંગિઇં અતિ અભિરામ. ૭

સંવત ઇગ્યાર ચુરાસી વરસિઇં સિદ્ધરાય જયસિંહ આદેસિઇં,
અભિનવું અંગિ ઉલ્હાસો;
ધન ધન સાજણુ મંત્રિ મુકુટમણિ પૃથવીજય પ્રાસાદ રચીઉ જિણિ,
ગરૂઅડિ કરિ કિવલાસો. ૮

ત્રિણ્હિ પ્રદક્ષિણા દેઈ જંગિઇં નેમિનાથ દીઠા મન રંગિઇં,
હીઅડઇ અતિ ઊમાહો;
સુરતર કામધેનુ ચિંતામણિ કામકુંભસવિ હૂંતા તાં મણિ,
જાં નવિ નરિષિઉ નાહો. ૯

ન્હવણુ વિલેવણુ પૂજ રચીનઇ જગગુરૂ ભમતી જિણુ ચરચીનઇ,
ભરિઉ સુકૃત ભંડારો;
ઉત્તર દક્ષિણ પૂરવ પશ્ચિમ નવ નવ ચુકીજે જિણુ ઉત્તમ,
પાઊ મંડપ સારો. ૧૦

બહુતરે દેહરી બહુ બિંબાવલિ ષંતિ ન પૂજઇં પુજઈ વલિ વલિ,
તીરથ સવિ અવતારો;

ગઈ ચુવીસી મૂરતિ અભિનવ પાંપામઢિ પૂજતાં સફલ ભવ,
લાભઇ પુણ્ય ન પારો. ૧૧
વસ્તુપાલિ મંતીસરિ સેતુજ ઊજિલિ આણિઉ ભવુદહિ સેતુજ,
નિરૂવમ રિસહજિણિંદો;
ઠાવઇ શ્રીસંમેતસિહગિરિ જિમણુઇ અષ્ટાપદ નવલીપરિ,
વીસ ચુવીસ જિણિંદો. ૧૨

યક્ષરાજ કવડિલ તિહિં પૂઠિઈં માતા મરૂદેવા ગજપૂઠિઈં,
ચંદ્રપ્રભ પ્રણમેસો;
સંઘાહિવ ગોઇઆ અવતારી જીરાઉલિપતિ પાસ જુહારી,
દાદુપાસ નમેસો. ૧૩
પુરૂષરયણુ વ્યવશાણુઈં કીધુ સંઘાહિવ ભૂંભવિં જસ લિદ્ધઉ,
બાવન જિણહર સારો;
ઈંદ્રનીલ તિલકપ્રાસાદો હેમબલાણાસિઊં અનુવાદો,
સાદર કરઇ અપારો. ૧૪

સામી વિમલનાથ તિહિં ગાજઇ નિરૂમલ સોવનમય તનુ છાજઇ,
રાજઇ મહિમનિધાન;
ચિંતામણિ શ્રીપાસજિણેસર સુરતરૂ અજિતનાથ તિત્થેસર,
બિહુપરિ સોવન વાન. ૧૫
પીતલમય જિનપ્રતિમા બહુવિધ સમવસરણિ શ્રીવીરચતુર્વિધ, .
પૂજુ પુણ્યનિધાન;
પનરનવોત્તર ફાગુણ માસિઈં સામી બઇઠા અતિ ઉલ્હાસિઈં,
વંદુ જાં સસિ ભાણુ. ૧૬

કલ્યાણ ત્રય ત્રિહુ ભૂમિઠિય કવિ કાસગિ કવિ પ્રતિમા સંઠિય,
નેમિ નમેસિ સુરંગો;
વસ્તુપાલ મંતીસર કીરતિ પ્રકટીઅ સમરસિંહિ જિહાં ઈરિતિ,
બાવન જિણહર તુંગો. ૧૭

થાપી શ્રીતિલકપ્રાસાદિહિં સાહુ નરપાલિં પુણ્યપ્રસાદિહિં,
સોવનમય શ્રીવીરો;
અષ્ટાપદ સંમેતસિહરસ્યૂં ડાવઇ જિમણઇ બિહુ જિણહરસ્યૂં,
રચના અતિગંભીરો. ૧૮

એકમના મ– કોતારી વસહી સંતિ નમિ સવઇ સારી,
બહુતરિ દેહરી દેવ;
ઇંદ્ર મંડપ ગજપદ વાસિઠરિષિ નાગ મોર ઝિરિ કુંમ સુણી સષિ,
જિહાં જિન તિહાં કરૂં સેવ. ૧૯

ઉસવાલ સાલિગ મેલા ગરિ ધરમનાથ થાપીયં વર જિણહરિ,
પણમિસુ સુભપરિણામ;
રામસિંહુ વ્યવ ડૂંગર દેહરી જિણપય પૂજિઇં દુગ્ગય બેહરી,
રાજમતી બિહુ ઠામિ. ૨૦

આગઇ જિહાં કંચણહુ વિહારો સંપઇ તિહાં ગંગા અવતારો,
નિરષી નિરમલ કુંડ;
પાજે પગિ પગિ દાન સુદેતાં સાહુ ચીતરનૂં નામ જિ લેતાં,
રહનેમિ નમિ ઉતરંડ. ૨૧

ઊજ્જયંતગિરિ સિહરિ નિવટ્ઠી સાહ સામલિ પ્રાસાદિ પરટ્ઠી,
દિટ્ઠી અંબિકિ માત;
સિંહાસનિ સુત સુભકર વિભકર અંબ લુંબિ કર સેવક સુખકર,
જિનશાસનિ વિખ્ખાત. ૨૨

અવલોકું અવલોકન નામિ સંષપજૂન સિહરિ ત્રિહુ ઠામિ,
નેમિસર પણમેવિ;
સિદ્ધવણાયગ ટૂક જિ પામી સહિસા લાષાવનિ વિશ્રામી,
સામી નિમિ નમેવિ. ૨૩

ગાંધી વઇચઇ વિરચી જિણહર ચંદ્રગુફા જે પ્રતિમા મણહર,
સહસબિંદુ જે કિવિ;

ઇંદ્રિ રચી સોવનપ્રાસાદિહિં માતા અંબિકિ દેવપ્રસાદિહિં,
જગગુરૂ તે વિનમેવિ. ૨૪

આજ કૃતારથ મનુજ જનમ મઝ નિરમલ કુલ ભવ વિભવ સફલ મઝ,
તુઝ દરસણિ જગનાહ;
યાદવકુલિ કમલાઅવયંસ ત્રિભુવનજન માનસસરહંસ,
દીસઇ અતિ ઉત્સાહો. ૨૫

દેવ સદૈવત જુ તમ્હ સેવા તાસ પસાઈ પુણ્ય કરેવા,
હોયો બુદ્ધિ પ્રકાસ;
રયણસિંહસૂરિસીસ જિ જંપઇ સિવસુખ માગૂં સુંદર સંપઇ,
સંપઇ સિદ્ધિ વિલાસ. ૨૬

ઇય રેવઇમંડણુ અલિયવિહંડણુ નેમિનાથ ગુણ જો થુણઇ એ,
તસ તીરથમાલા પુણ્યવિશાલા ભાવસહિત અનુદિન ભણઇ એ;
તિહૂયણજણવલ્લહ ભવસયદુલ્લહ નિરૂવમગુણ રયણે કલિય,
સો નિજ્જિયરિઉમલ સાસય સુહફલ પામઇ સિવકમલા લલિય. ૨૭

॥ अर्हम् ॥

पं०–देवचन्द्रविरचित

शत्रुंजयतीर्थ–परिपाटी.

સકલ સભા રંજન કલા દિઓ સરસતિ વરદાનો જી;
શ્રીવિમલાચલ સ્તવનભણું પામી શ્રીગુરૂ માનો જી. ૧

આવો શેતુંજયઇં ચઢીય નવાણુ વારો જી;
મનમાં ઉલટ અતિઘણો હઇડિં હર્ષ અપારો જી. આ૦ ૨

ઉમાહો મનમાહિ ઘણો કરસ્યું ચૈત્રપ્રવાડ્યો જી;
શ્રીશેત્રુંજય ભાવસું લાગી મનહરૂ હારો જી. આ૦ ૩

સંવત સોલ પંચાણુયેં ઇડર રહી ચોમાસો જી;
યાત્રા કરવા સંચર્યા શુભ દિવસ શુભ માસો જી. આ૦ ૪

પ્રથમ પ્રયાણે પાંગર્યા ફીચોટ ગામ મઝારો જી;
સાહ સહજૂનેં દેહરઇ વીરજિણંદ જુહારો જી. આ૦ ૫

તિહાંથી વલાસણે જઈ પાટલી પ્રતિમા વાંદો જી;
પોહતા શેત્રુંજય તલહટ્ટી આનંદપુર આનંદો જી. આ૦ ૬

એ ભરતઇં વાસ્યું ભલુંઇ પુણ્યતણું અહીઠાંણો જી;
શ્રાવક સમકિતધર તિહાં વસઇં નવઇં તત્ત્વના જાંણો જી. આ૦ ૭

આદિ પાસ માહવીરના ત્રિણ પ્રાસાદ ઉત્તંગો જી;
વડનગરમાહિં વાંદતાં ઉપનો અધિકો રંગો જી. આ૦ ૮

વીસલનગરેં જુહારીઈ એ જિન ત્રિણ્ પ્રાસાદો જી;
માહોમાહિં તે કરઈ એક એકસ્યું વાદો જી. આ૦ ૯

ગામ સિવાલે એક જિનાલય વંદુ દો કર જોડ્યો જી;
મહિસાણે નવ દેહરાં પૂજી પાપ વિછોડ્યો જી. આ૦ ૧૦

મારગિં જે જે જિનહરૂં તે તે કરૂ પરિણામો જી;
અનુક્રમિ ઉસમાપુર નમું શાંતિનાથ ગુણધામો જી. આ૦ ૧૧

॥ ઢાલ ૧ ॥

અહમદાવાદ નગર સુવિચાર શ્રાવક સુકૃત ભરઇ ભંડાર;
પૂજેં શ્રીજિન સાર તુ; જયો જયો પૂજેં શ્રીજિન સાર. ૧

ગઢમઢ મંદિર પોલિ ઉત્તંગ નગર દેષતાં હુઇ મનરંગ;
સાભ્રમતી વહેં ચંગ તુ. જ૦ ૨

મોટો માણિકચોક ચોસાલ ચોહટઇં હાટ ઓલ સુવિશાલ;
વાડી વનહ રસાલ તુ. જ૦ ૩

લોક વસઇં જિહાં વર્ણ અઢાર વ્યવહારીયાતણો નહી પાર;
વિવિધ વસ્તુ વ્યાપાર તુ. જ૦ ૪

માન મોહત શુભ ભોજન ભગતિ આભરણાદિક પહિરણ યુગતિ;
કરિં નિત્ય સાહમીની ભગતિ તુ.જ૦ ૫

દેહરાં દીઠેં પરિમાનંદ મહાવીર પમુહ જિનચંદ;
વંદુ સુખનો કંદ તુ. જ૦ ૬

અવર તીરથ જે છેં અનેક તેહનો પાર ન પામુ છેક;
વંદો ધરિય વિવેક તુ. જ૦ ૭

બીબીપુરિ ચિંતામણિ પાસિ વિજયચિંતામણિ પુરિં આસ;
ભાભો અસાઉલ વાસ તુ. જ૦ ૮

ચોવીસ વટા ચોવીસઇ સાર અહમદપુર જિન કરૂ જુહાર;
રાજાપુરાદિ મઝારિ તુ. જ૦ ૯

રાજનગર પ્રીયમેલક ઠામ ત્રિભુવનમાહિં જેહની મામ
ફીજેં વંછિત કામ તુ. જ૦ ૧૦

સંઘવી આગરાનો સંઘ લાવ્યો હરષ ધરીનેં તેહ વધાવ્યો;
ભરતની ઓપમ આવ્યો તુ. જ૦ ૧૧

ગામ ગામના સંઘ ઉદાર પાલખી સેજવાલાં અસવાર;
મનુષ્યતણો નહી પાર તુ. જ૦ ૧૨

આસ ફલી સઘલી મનકેરી નિસુણી કાન પ્રયાણ નફેરી;
સંઘ ચાલ્યો ઉદેરી તુ. જ૦ ૧૩

ગામ નયર પુર પાટણ જેહ મારગિ પ્રતિમા આવેં તેહ;
પ્રણમુ ધરીય સનેહ તુ. જ૦ ૧૪

કાઠી ચોર ચરડના થાટ ઉલ્લંઘ્યા વિસમા વાટ ઘાટ;
દીઠો ગિરિ આઘાટ તુ. જ૦ ૧૫

॥ ઢાલ ૨ ॥

હવેં સંષેપઇં ચૈત્રપરવાડિ કહું શેતુંજઈ કેરી;
એ ગિરિ ફરસ્યો ભાવસ્યું ટાલેં ભવફેરી. ૧

પાલીતાણુઇં તલહટીય આવ્યા ઉમાહિં;
લલીતસરોવર સજલ ભર્યૂ દીઠુ અવગાહી. ૨

નગરીમાહિ કુમરવિહારિ જિનપાસ નમીજઇં;
લલિતપાલિ પ્રભુ વીર વંદી ભવપાર લહીજઇં. ૩

ત્રણ્ણિ કોસ છેં વિષમી પાજ ચઢીઇ ધસમસતા;
ચોકી પરવતિં કુંડ ઠામિ વિસામે વસતા. ૪

ધાઈઇ ચઢતાં સરઇ કાજ અનઇ હઇડુ હીસઈ;
કોતિક દીસઈં કોડિપરિ રોમરાઈ વિકસઈ. ૫

અનુક્રમિં ગઢની પ્રથમપોલિ પોહતા શુભ ભાવઇ;
શ્રાવક લોક હરષઇ કરી મોતીએ વધાવેં. ૬

॥ ઢાલ ૩ ॥

આજ સફલ દિન મુઝ થયો એ કીધો પોલિ પ્રવેશ કિ;
ગજ બેંઠી દીઠી ભલી એ માડી રિસહજિનેસ કિ. આ૦ ૧

શાંતિનાથ જિન સોલમો એ ભેટ્યો ડાવઇ અંગિ કિ;
ચોમુખ નમી પાંડવ પંચ એ પ્રણમુ મનનઇં રંગિ કિ. આ૦ ૨

મોટી મૂરતિ અતિભલી એ અદભુદ આદિજિનંદ કિ;
જિમણે આંગઇં જુહારતાં એ ઉપજિં મન આનંદ કિ. આ૦ ૩

કવડયક્ષ પરતષ્ય થયો એ બોલાવ્યો દિઇ બોલ કિ;
વિઘ્ન નિવારિં સંઘતણાં એ બેંઠો થઈ અડોલ કિ. આ૦ ૪

વલી વાઘણુ જોઈ કરી એ છીંપાવસહી વંદ કિં;
મોલ્હાવસહી ટોટરા વિહાર એ પૂજી પાપ નિકંદ કિ. આ૦ ૫

ત્રિહુરૂપેં ઋષભ નમું એ સરગારોહિણી નાંમ કિ;
ચોરી રાજીમતીતણી એ દીઠી અતિ અભિરામ કિ. આ૦ ૬

પોલિ મઝારિ જિમણા જઈઇ એ થંભણપાસ જુહાર કિ;
વસ્તક થાપ્યો નેમજિન એ અવતાર્યો ગિરનારિ કિ. આ૦ ૭

જયમલ્લજી જિમણે ગમે એ થાપ્યો નવોય પ્રસાદ કિ;
શ્રીવિજયદેવસૂરિ વયણુથી એ લીધો જગ જસવાદ કિ. આ૦ ૮

સાહ તેજપાલ સિરોહીઉં એ પુણ્યવંત જગ હોઇ કિ;
દેહરૂં એક મંડાવીઉં એ કીરતિ કહેં સહુ કોઇ કિ. આ૦ ૯

ષરતરવસહી નમી કરી એ ઘોડા ચોકી ગોષ કિ;
રોમંચીનિં દેષતાં એ મનમાં ઉપજિં હરષ કિ. આ૦ ૧૦

તિલકા તોરણ જોઈઇ એ ચઢતા સીહ દુવારિ કિ;
પાવડીઆરે ચઢી કરી એ પોહતા ભુવનમઝારિ કિ. આ૦ ૧૧

ડાવઈં પાસઇં વંદી એ સામલા પ્રમુહ વિહાર કિ;
દેહરા પાષલિં દીજીઇં એ ત્રિણ પ્રદક્ષણા સાર કિ. આ૦ ૧૨

ઠામિ ઠામિ પ્રતિમા ઘણી એ દેહરાંમાહિ જુહાર કિ;
રાયણિરૂષ દેષી કરી એ મન ઠર્યું માહરૂ કિ. આ૦ ૧૩

રાયણતલિં પ્રભુ પાદુકા એ ફૂલફૂલેં પૂજિંત કિ;
મુગતાફલે વધાવીઈં એ ઇહાં સિદ્ધ હૂયા અનંત કિ. આ૦ ૧૪

આગલિં કલિકુંડપાસજી એ વંદુ શ્રીવર્દ્ધમાન કિ;
મૂલ ગભારિં ઋષભજી એ પ્રણમી માગું માન કિ. આ૦ ૧૫

અનુક્રમિં ઉપરિં ભૂમિકા એ પ્રતિમા નામું સીસ કિ;
નાહની મોટી સવિ મિલી એ સાત સહસ એકવીસ કિ. આ૦ ૧૬

દેહરી સઘલી સંખ્યા સુણો એ મતિ સારૂ મેં કીદ્ધ કિ;
લઘવી પોઢી ત્રિણસો એ ઉપરિ પંચવીસ લીધ કિ. આ૦ ૧૭

પગ પગ પ્રતિમા જિનતણી એ પામઈં કોઈ નહી પાર કિ;
ભોલપણઈં મુઝ વીસરી એ તે સવિ કરૂં જુહાર કિ. આ૦ ૧૮

ઋષભદેવ સાહમા રહ્યા એ પુંડરીક ગણધર જેહ કિ;
ચોરાસીમાહિં મુલગા એ ત્રિવિધિ પ્રણમું તેહ કિ. આ૦ ૧૯

સુરજકુંડ આગલિ થઈ એ પોહતા ઉલષા ઝોલ કિ;
આગલિં ચેલણ તલાવડી એ સહુ કો કરઈં અંઘોલ કિ. આ૦ ૨૦

તિહાંથી સિદ્ધવડ ઉત્તરી એ ફરસ્યું તીર્થ ઠામ કિ;
સિદ્ધ અનંત વડતલિં હુયા એ તિણે એ સિદ્ધવડ નામ કિ. આ૦ ૨૧

શત શાષાઈં વિસ્તર્યો એ વડવાહી નહી પાર કિ;
અષઈવડ દીઠાથકી એ પુણ્ય ભર્યો ભંડાર કિ. આ૦ ૨૨

સિદ્ધવડ વધાવી કરી એ વલી ચઢ્યા આદિપુર પાજ કિ;
દેહરા દીઠાં દુરથકી એ જાણુ પાંમ્યું રાજ કિ. આ૦ ૨૩

ઇમ પ્રદક્ષણા દેઈ કરી એ ભેટ્યો આદિજિનંદ કિ;
લોટેંગણેં પાએ નમુ એ મુઝમનિં હુઓ આનંદ કિ. આ૦ ૨૪

બેંઠો આદિજિણેસરૂં એ ઉદયાચલ જિમ સૂર કિ;
વાર વાર પ્રણમું સહી એ દિન દિન અધિકો નૂર કિ. આ૦ ૨૫

॥ ઢાલ ૪ ॥

એ ગિરિ ગુણ ભરપૂર પાપ જાઇં સવિ ચૂર;
દીઠેં દુષ ટલઇં એ નવનિદ્ધિ ઋદ્ધિ મિલઇં એ. ૧

જન્મ સફલ થયો આજ સીદ્ધાં માહરા કાજ;
નાભિરાય કુલતિલો એ મરૂદેવીસુત મિલ્યો એ. ૨

મહાપાપી નર જેહ પાતક છૂટાં તેહ;
એણુગિર ભાવસ્યૂં એ જેહનું મન વસ્યું એ. ૩

કીધી હત્યા સાત બીજી બહુ જીવઘાત;
તે નર ઉધર્યા એ સિદ્ધવધૂ વર્યા એ. ૪

મુઝમનિ એ વિશ્વાસ એ ગિર પૂરિં આસ;
સકલ તીરથ ધણી એ જિનવાણી ભણી એ. ૫

ઇમ જાંણી જંજાલ મુકી બીજાં આલ;
ભેટવા આવીયો એ વિમલગિર પાવીયો એ. ૬

ભલઇં દીઠો ભગવંત હૂઓ લાભ અનંત;
મન મોહી રહુ એ હીયડું ગહગયુ એ. ૭

ધન એ વરસ ઉદાર ધન માસ વડો સાર;
ધન પષિ જાંણીઇં એ દિવસ વષાંણીઇં એ. ૮

સોલ પંચાણુઓ સાર માહવદિ ચોદસિ ગુરૂવાર;
ભેટ્યો જગધણી એ આસ્યા મનિ ઘણી એ. ૯

પુણ્ય ફલ્યુ મુઝ આજ તું મલીઓ જિનરાજ;
દેવ દયા કરો એ તું સાહિબ ષરો એ. ૧૦

હું સેવક તુઝ દાસ આવ્યો તાહરિં પાસ;
સરણિં રાષીઇં એ છેહ ન દાષીઇં એ. ૧૧

તું સાહિબ સમરથ ધણીપણિં ધરિ હત્થ;
જિમ હું વીનવું એ બાલક પરિ લવું એ. ૧૨

તારિ તારિ જગબાપ સાંભલિં માહરાં પાપ;
કરજોડી કહું એ તુઝ આણ્યાં વહું એ, આલોયણ કહું એ. ૧૩

છોડિ છોડિ મુઝ કર્મ તું જાંણે સહું મર્મ;
કહતાં લાજીઇં એ ભવ ભય ભાજીઇં એ. ૧૪

ન લહું ભવનો પાર જીવની આદિ લગાર;
સુહુમનિગોદમાં એ જનમ મરણ ષમ્યાં એ. ૧૫

સાઢાસતર ભવ વાસ એકણિ સાસોસ્વાસ;
એણિપરિ લાગલગા એ કરતા ઉભગા એ. ૧૬

બિસેં છપન્ન તિણેં ભવિં આવિલીકા કહેં કવિં;
એક આવિલીતણા એ અસંખ્યાતસમેં તે ભણ્યા એ. ૧૭

સમય સમય પ્રતિં જીવ બાંધઇં બોંદિ સદૈવ;
કર્મ ઘણા કરઇં એ ધર્મ ન આચરિં એ. ૧૮

તિહાંથી બાદર થાઇં અકામનિજરા પસાઇં;
ત્રસપણું આચરિં એ બિતિચોરિંદ્રી ભવ ફૂરિં એ. ૧૯

સન્નિ અસન્નિ અનંત પંચેંદ્રી તીર્યંચ જંત;
ક્ષણનારકિ પણિં એ દેવલોક અવતરિં એ. ૨૦

અનુક્રમિં માણુસ જન્મ પાંમ્યો શ્રીજિનધર્મ્મ;
વિમલગિરિં આવીયો એ તું પ્રભું પાવીયો એ. ૨૧

॥ ઢાલ ૫ ॥

આજ સષી મઇં નયણે નિરષ્યો વિમલાચલ ડુંગરીયો રે;
જાંણું ચિંતામણિ મઇં પામ્યું ભવસાયર હું તરીયો રે. આ૦ ૧

કામધેનું મુઝ આંગણિ આવી કલ્પવૃક્ષ ઘરિ ફલીયો રે;
યુગલાધર્મ નિવારણ સ્વામી ઋષભદેવ જો મુઝ મલીયો રે. આ૦ ૨

ષટ ષંડ ચૌદરયણ નેં નવનિધ ચક્રવર્ત્તિ પદ પાંમ્યુ રે;
જો શેત્રુંજો ડુંગર ફરસી ઋષભદેવ સિર નામ્યું રે. આ૦ ૩

બારઇં દેવલોક મેં લાધા ગ્રૈવેક નવ ભોગ રે;
સરવારથસિદ્ધિનાં સુખ વિલસ્યાં જો શેત્રુંજય સંયોગ રે. આ૦ ૪

મુગતિ મલી મુઝનિં મટકાલી જેહુનો અવીહડ રંગ રે;
ભાગ્ય જોગ્યેં જો ગિર પાંમ્યો તો હું થયો અભંગ રે. આ૦ ૫

દશ દૃષ્ટાંતે દોહિલો લાધો માણુસનો ભવ શુદ્ધ રે;
શ્રાવકકુલ શેત્રુંજે યાત્રા જિમ સાકર જિમ દુધ રે. આ૦ ૬

સિદ્ધ અનંત એણિં વિમલાચલેં કાકરિ કાકરિ કહીઇ રે;
તીણેં સિદ્ધાચલ નામ પ્રસિધુ એહનેં ધ્યાને રહીયેં રે. આ૦ ૭

નેમવિના ત્રેવીસ તીર્થંકર એણુગિરિં કીધી યાત્ર રે;
પૂરવ નવાણુ વાર આદિસર સમોસર્યા વરગાત્ર રે. આ૦ ૮

અમૃતકુંડ અનેક ઇણિ ગિરેં વિવિધ ઓષધી ઠામ રે;
વિવધરત્નતણો એ આગર તિણિં રત્નાકર નામ રે. આ૦ ૯

ચૈત્રીપૂનિમ ઋષભદેવના ગણધર પુંડરીક નામ રે;
પંચકોડિસ્યું એણિ ગિરિ સિદ્ધા તીણેં પુંડરગિર નામ રે.આ૦ ૧૦

અસી જોયણ પહિલેં આરેં બીજેં સિતર માન રે;
ત્રીજેં સાઠિ પંચાસ વલી ચોથેં પાંચમેં બાર પ્રધાન રે. આ૦ ૧૧

છઠ્ઠે આરે સાત હાથ એ પોહુલો પ્રભુ પ્રકાસે રે;
મુગતિ બારણું એ વિમલાચલ સયલ તીર્થંકર સાસે રે. આ૦ ૧૨

અજિત ધર્મ નેં શાંતિનાથ જિન ચોમાસું ઇહાં કીદ્ધ રે;
ભાવ ધરી ભગતિ જે ભેટી તેહનાં વાંછિત સિદ્ધ રે. આ૦ ૧૩

જે નર નારી નિજ ઘરિ બેઠાં ધ્યાન ધરેં આદિનાથ રે;
સહસ પલ્યોપમ કરમ તે ષપવેં ઇંમ જંપિં જગનાથ રે.આ૦ ૧૪

અભિગ્રહ લીધ કર્મ ષેપવિં લાષ પલ્યોપમ બાધુ રે;
શેત્રુંજે પંથે ચાલ્યો ધામી એક સાગર કરમ દાધુ રે. આ૦ ૧૫

ઋષભદેવ દરસણ જબ દીઠું સહસગણું કર્મ જાય રે;

પૂજા કરતાં મુગતિ જાવા સામસીતે થાઇ રે. આ૦ ૧૬
નાટક ગીત ગાન નેં વાજિત્ર કરતાં ફલ અનંત રે;
રાસ ભાસ પ્રભુજીનેં સ્તવતાં પંચમગતિ પામંત રે. આ૦ ૧૭
નેમતણી વાંણી ઇમ નિસુણી નંદીષેણુ અહીં આવ્યા રે;
અજિતશાંતિ પ્રસાદ વચ્ચિ રહી અજીસંતો કરી ફાવ્યા રે. આ૦ ૧૮

॥ ઢાલ ૬ ॥

એ ગિરિનાંમેં ધરિ નિર્વાનિધ એ ગિરિ નાંમેં વાંછિત સિદ્ધ;
એ ગિરિ નાંમથકી વર બુદ્ધિ એ ગિરિ નામ જપો મન શુદ્ધિ. ૧
એ ગિરિનામિં સુણો નિસદીસ એ ગિર નાંમ જપો એકવીસ;
વાચક ભાનુચંદ ગુરૂ સીસ દેવચંદ મનિં એ જિગીસ. ૨
શેત્રુંજો સિદ્ધાચલ નમો વિમલાચલ મોરે મનિ રમો;
સિદ્ધસિષર નેં તીરથરાજ સિદ્ધષેત્ર નેં નગાધિરાજ. ૩
અટ્ઠોત્તરશત કુટ મનિ ધરો સહસકમલની સેવા કરો;
કવડનિવાસ વલી તાલજધજો ભગીરથ તીર્થ ભાવેં ભજો. ૪
બાહુબલી મરૂદેવી ગિરિંદ મુગતિનિલય દીઠેં આનંદ;
સહસપત્ર શતપત્ર કદંબ વારઇં પાપતણા નિકુરંબ. ૫
ઢંકો લોહીવો રમણીક પુંડરીક મંગલ તરૂણીક;
વિદ્યાપાહુડ ગ્રંથઇ લહ્યાં વિદ્યાધર સુર નર મુનિ કહ્યાં. ૬
એ ગિરિ મહિમા જાંણી ઘણો એકવીસ નામ સદા સાહુ ભણો;
ભવિજિન ભાવેં ભેટેં જેહ દુરગતિ નીચ નિવારેં તેહ. ૭

॥ ઢાલ ૭ ॥

આસ ફલી મુઝ મનતણી એ માલંતડે, ભેટચો તું જિનરાય;
ભાગી ભાવઠ ભવતણી એ મા૦ લાધો મુગતિ ઉપાય. સુણિ સુંદરી.લા૦ ૧
વંદન માહરી માનયો એ મા૦ સેવક કરચો સાર;
કરજોડી આગલિ રહ્યો એ મા૦ અરજ કરૂં વારોવાર. સુ૦ ૨
હું અપરાધી છું સહી એ મા૦ હું છું ગુનહગાર;
માય બાપ ગિરૂયા હોઇ એ મા૦ છોરૂની કરઇં સાર. સુ૦ ૩

ઘણું કાંઈ માંગુ નહી એ મા૦ કરો મુઝ એકજ કાજ;
મયાકરીનેં આલયો એ મા૦ મુઝને મુગતિનું રાજ. સુ૦ ૪
યાત્રા મનોરથ મુઝ ફલ્યો એ મા૦ પૂરવ પુણ્ય પ્રમાણ;
બંધવ વિવેકચંદ બુધવરૂ એ મા૦ બારિં શિષ્ય સાથેં જાંણુ. સુ૦ ૫
શ્રીવિજયદેવસૂરિગછતણા એ મા૦ મુનિવર બિસિં વષાણિ;
બીજા નવસેં દર્શની મિલ્યા એ મા૦ અવરને રાંણો રાંણિ. સુ૦ ૬
સેવકની પોહુતી રલી એ મા૦ ઋષભનેં કીદ્ધ પ્રણામ;
પાછો પોહતો સંઘ વલી એ મા૦ પાલીતાંણિઇં ગામ. સુ૦ ૭
સમુદ્ર તિહાંથી ઢૂકડો એ મા૦ આવેં વ્યાપારી લોક;
વસ્તુ કીયાણા નવ નવાં એ મા૦ આલી લ્યેં નાણું રોક. સુ૦ ૮
પાલીતાણાથી ચાલીયા એ મા૦ કરતા પંથ પ્રયાણ;
કુશલે રાજનગર ગયા એ મા૦ કીધાં કોડિ કલ્યાણ. સુ૦ ૯
ભણેં ગણેં નેં સાંભલેં એ મા૦ એહ તવન જે જાંણ;
ઘરિ બેંઠાં યાત્રાતણો એ મા૦ ફલ પાંમઇ સુવિહાણ. સુ૦ ૧૦
શ્રીતપગછપતિ ગુણનિલો એ મા૦ શ્રીવિજયદેવસૂરિંદ;
જાંણે જિગિં ઉદયો સહી એ મા૦ મૂરતિવંતો ચંદ. સુ૦ ૧૧
સાહ થિરા નંદનવરૂ એ મા૦ મોહનવલ્લી કંદ;
જે સેવઇં ભાવઇં કરી એ મા૦ તસ ઘરિ નિત્ય આણંદ. સુ૦ ૧૨
શ્રીવિજયદેવસૂરિ પાટિં જયો એ મા૦ શ્રીવિજયસિંહસૂરિરાય;
જેહનેં પ્રણમેં નિત્ય પ્રતિં એ મા૦ સુરનર ભુપતિ પાય. સુ૦ ૧૩
સીસ વાચક ભાનુંચંદનો એ મા૦ માગઇં દેવચંદ દેવ;
વલી વલી મુઝનેં આલયો એ મા૦ શેત્રુંજય કેરી સેવ. સુ૦ ૧૪

કલસ.

ગુરૂ શ્રીહીરવિજયસૂરિ પસાયેં શ્રીભાનુચંદ ઉવઝાયા,
કાસમીર અકબરસા પાસઇં શેત્રુંજય દાણ સુરાયા;
તાંસ સીસ દેવચંદ કહેં એ ગિર ગિરનો રાયા,
ભેટયો ભાવ ધરી એ તીરથ મનવંછિત સખદાયા.
આજ મનવાંછિત સુખ પાયા. ૧૫

સંવત્ ૧૭૬૯ વર્ષે પં૦ દાનચંદ્રેણ લિષતં પત્તનનગરે.

॥ ॐ ॥

पं०—मेघविरचित

तीर्थमाला.

સેત્તુંજ સામી રિસહજિણંદ પાપતણાં ઉમ્મૂલઇ કંદ;
પૂજ્યા સિવસુખ્ખ સંપત્તિ દિયઇ તૂઠઉ આપણુ કન્હઇ પ્રભુ લિઇ. ૧

જગચિંતામણિ ત્રિભુવનધણી પૂજ કરિસુ રિસહેસરતણી;
નામિ તુહ્મારઇ મન ઊલટઇ પાપ પડલ સહુ પગિં ડાબટઇ. ૨

સુરઠદેસ મંડણુ ગિરિનાર તસુ સિરિ સામી નેમિકુમાર;
તજી રાજ રાજિમતી નારિ નેમિનાથ બાલબ્રહ્મચારિ. ૩

તીરથ અષ્ટાપદ મંડાણિ કંચણ મણિવર બિંબ વખાણુ;
માનિ પ્રમાણિ ચઉવીસ જિણંદ તીરથ થાપિઉ ભરત નિરંદ. ૪

ભરૂઅછ નયર ભલઉં સાંભલી મુનિસુવ્રત પૂજં મનિરૂલી;
જાતી સમલિકુંયરિ રાયતણી સમલીથકી ખાટકીયઇ હણી. ૫

મુનિવર સુમુખિ સુણિં નવકાર તતખિણિ પામિઉ મોખ દુઆર;
રાજ રિદ્ધિ સુખ લાધા ઘણાં એ ફલ સુણિ નવકારઇતણાં. ૬

સોપારઇ શ્રીજીવતસામિ સંકટ ભાજઇ જેહનઇ નામિ;
કુંકુંણુ કલહથ નઇ મલબાર સોપારઇ શ્રીનાભિ મલ્હાર. ૭

ખંભનયર તીરથ હિ ભણઉં સકલ સામિશ્રી છઇ થંભણઉં;
ધણદત્તતણાં પરહુણ જે હુંતા સમુદ્રમાહિ રાખિયાં બૂડતાં. ૮

ધણુદત્ત સાહુ સ્પનંતર લહઇ સાસણુતણી દેવિ ઇમ કહઇ;
ત્રેવીસમઉ દેવ મનિ ધરે કુસલ ખેમિ પરહુણુ જાઇ ઘરે. ૯
મંગલોર હું તઉ સાંચરિઉં ખંભનયર સોપારઇ ફિરિયાં;
પૂજ્યા સકલ સામિથંભણા અજી મનોરથ છઇ મનિ ઘણા. ૧૦
જાણુઉં સુરઠદેસિ જાઈઇ ઘોઘે પાસદેવ ધ્યાઈઇ;
ચંદ્રપ્રભ પાટણિ દેવકઈ કરઉ સાર સામી સેવકઇ. ૧૧
વીરમગામિ નયર પાટરી ઝાલાવાડિજ પૂજા કરી;
ધંધૂકઇ ધવલકઇ મઝારિ હરષઇં પૂજ માડઇ નરનારિ. ૧૨
નરસમુદ્ર પાટણ વર નમઉં નગરમાહિ સવિહું મૂલિગં;
પંચાસરઉ પાસ તિહાં ભલુ આસસેણરાય તિહિં કુલિતિલઉ. ૧૩
કરઉ પ્રસાદ સામિણિ સરસતી નયરમાહિ ધુરિ કરણાવતી;
વિનય વિવેક દેસ દંડાહિ કરિસુ પૂજ્ય મહિસાણામાહિ. ૧૪
વીસલનયર ધર્મ અહિઠાણ પાસભવણિ નિતુ કરઉં મંડાણ;
વીતરાગ ચલણે લાગી સામી કન્હા મુગુતિ માગીઇ. ૧૫
વડઉં નયર સેતુજ તલહટી કાલિ ભાવિ પરગત ગિઉ ગલી;
રિષભદેવ સામીનઉં ઠાણ વડઊં નયર આણંદપુરૂ માણિ. ૧૬
સીધપુરે વહલી વડગામ ધાણદઇ જિનવર કરઉં પ્રણામ;
હાથીદરે ગામિ હિંગાલિ જિણપૂજ માડિઇં ત્રિકાલ. ૧૭
આદિનગર પાલ્હણપુરૂ વલી પાસ જિણિંદ પુજઉ મનિ રૂલી;
પાલ્હણ આંગિ રોગ સવિ ગમિઆ પારસનાથઇ હેલાં નીગમ્યા. ૧૮
ચઉરાસી સીકરિધરસાહ પાસ ભૂવણિ નિતુ કરઇ ઉચ્છાહ;
સોલ કોસીસા સોનાતણાં બીજા જિણહ ભૂયણિ અતિ ઘણાં. ૧૯
સીતાપુરિ અનઇ સુરતરઇ માલવણિમાહિ પૂજા કરઇ;
ધાણધારમાહિ તીરથ અનેક કરિસુ પૂજ નિતુ નવી વિવેક. ૨૦
ઈડરગઢિ રિસહેસર ભલઉ નાભિરાય મરૂદેવી કુલિ તિલઉ;

ગ્યાસી પૂરવ લક્ષ કિઉં રાજ સંજમ લેઈ પ્રભુ કિઉં કાજ. ૨૧

તારણગઢિ શ્રીઅજિત જિણિંદ હરષિઇં થાપ્યા કુમરનરિંદ;
ચઊદસય ચુમાલ જિણભૂયણિ અવર રાય તું જામલિ કવણ. ૨૨

પાંસીને છઇ પાંચ પ્રસાદ સુરગિરિસિઉં તે માડઇ વાદ;
ચંદણ કુસુમિ ધૂપ ધરિ ધરઉ જિણવરતણી પૂજ નિતુ કરઉ. ૨૩

તીરથ આરાસણ મંડાણિ જિહાં રૂપા સોનાની ખાણિ;
સાત ધાત કહીઇ જૂજઇઅઈ ત્રાંબા તરૂઆની છઇ કુઈ. ૨૪

સરલ તરલ વનસપતી ઘણી આદિ નેમિ લોડણ તિહિ ધણી;
સંતિ વીર પૂજઉ નિતુ ભાવિ વિઘન સવે ટાલઇ અંબાવિ. ૨૫

નગર ચડાઉલિના ગુણ ઘણા ભવણ અઢારઇ છઇ જિણતણા;
ચઉરાસી ચહુટે હિવ ફિરઉં ઠામિ ઠામિ દીસઇં ભૂંહરિઉં. ૨૬

મૂલનાયક શ્રીનાભિ મલ્હારિ જિણ દીઠઇ મનિ હુર્ષ અપાર;
કરઇ પૂજ શ્રાવક મનિ હસી નગર ચડાઉલિ લંકા જિસી. ૨૭

આઉલિ તડિતોલી પ્રાસાદ એ બિહુ થાનકિ દેવ યુગાદિ;
ત્રિસલાદેવિ ઊયરિ ધરિ ધીર મુંડથલઇ પૂજઉં મહાવીર. ૨૮

ઊંબરણી લઘુ બાણારસી તેહની વાત કહઉં હિવ કિસી;
ઊંબરણી અરબદ તલહટી પ્રાસાદ કરાવિઉં સંઘિઇ હટી. ૨૯

ઘર દેવાલે છઇં બિંબ ઘણા લિઉં નામ સવિહં તેતલા;
કારઉલી શ્રીસંતિજિણંદ આંમથલઇ આદીસર વંદિ. ૩૦

કાસદ્રે અરબદ તલહટી આદિ નેમિ પૂજઉં પાય લટી;
ઓલ(ઉંડ)દેલાણઉં છઇ બે ગામ ચંદ્રપ્રભ સામિ લિઉં તસ નામ. ૩૧

ડીડલઉદ્રિ સંતીસર નમઉ ત્રીસોલી જિણ ત્રેવીસમઉ;
ભારિજઇ શ્રીદેવયુગાદિ તડંથલી મહાવીર પ્રસાદ. ૩૨

ભીમાણઇ શ્રીસુવ્રત નમઉ તીર્થંકરમાહે વીસમઉ;

પ્રથમ તીર્થંકર શ્રીયુગાદિ ચલણે સિરિ નામીઅ;
તુમ્હ સાથિ અમ્હ મુગતિ આપિ સેવક કહઇ સામી. ૩૩

નાભિરાયકુલ મંડણુઉ અર્બુદ અવતાર;
વિમલ મંત્રીસર થાપિઅં નિરમાલડીએ દીઠઇ હરષ અપાર. ૩૪

સૂતઉ જાગિઉ વિમલસાહ નિસિ હુઉં વિહાણું,
મઇ દેઉલિ દીધી ધજા કુંજર સાહિઉ કાનિ;
ગુરૂ આગલિ સપન કહઇ નિરમાલડીએ બઇઠઉ વિમલપ્રધાન. ૩૫

તઈં ડંડી સવિગમ દેસ ભૂપતિન ભૂપાલ,
તઈં દુહવ્યા ત્રિજંચ ઢોર અસ્ત્રી અનઇ બાલ;
આલોઅણ આપઉં કિસી ન લહં સંખ ન પાર,
શ્રીઅરબદગિરિ ઊપરિઇ નિરમાલડીએ થાપે તું જઇન વિહાર. ૩૬
ગુરૂ ઉપદેસિઇ વિમલસાહ મનિ કેરઇ વિચાર,
અભંગ તીરથ અરબદ ભલઉ વેચિસૂ ભંડાર;
ઋષભદેવ મનમાહિ ધરઉ મન સમરઉ અંબાવિ,
શ્રાવકનઇ દ્રવ્ય સંપડિઉ નિરમાલડીએ વેચઇનઇ સરલ ભાવિ. ૩૭
ડંડનાયક શ્રીવિમલસાહ તીર્થ થિર થાપિઅ,
ભરડા કહ્યા લેઇ ભૂઇ ગર્થ તેહનઇ ઘણુઉ આપી;
અંબાઈ આવી ઇમ કહિઅં માડે અડપ્પ અપાર,
થાનક શ્રીમાતાતણઇ નિરમાલડીએ થાપે જૈન વિહાર. ૩૮
પિહુલા તેડાવ્યા સૂત્રધાર મુહુરત લિઉ મ લાઉ વાર;
રાંગ ખણાવઉ દેઉલતણી મૂં મનિ ઉકંઠા છઇ ઘણી. ૩૯
સૂત્રધાર જોઈં એક માહ દ્રવ્ય કેતે તુ વેચિસિઇ સાહ;
રાંગ ખણાવઉ દેઉલતણી બદરેસિઉં કરિજયો પૂરણી. ૪૦
કે સોના કે રૂપાતણા વિમલિ નખાંવિઆ આણી ઘણા;
સૂત્રધાર જોઇં કસવટી વિમલસાહએ ગાઢઉ હઠી. ૪૧

તિલક વધાવઉ વિમલસાહુ જિણસાસણિ જિણિ કીધ ઉત્સાહ;
તીરથની કીધી થાપના નાઠા સુભટ સવે પાપના. ૪૨

ઠવણિ.

દિગવિજઇ કરી શ્રીવિમલ ઘરિ આવિઆ,
ગુરૂતણે વચને પ્રસાદ મંડાવિયા;
મોકલિયા જણ ઘણા ખાણિ આરાસણે;
રૂપમઇ થાંભ તુમ્હે કાઢિજો તિહાં ખણી;
પાટ થંભાસિરાં ઘાટ દેઉલતણાં,
ખાણિ તીરઇ રહિઅ ઘડઉ અતિઘણાં;
જોતરિયા રહકલ વૃષભ કૂલિરિ ચરઈં,
દેવિ અંબાઈ વિનઇ સદા નેવજ કરઈ. ૪૩
વાટ રહકલતીણી ગામ વાસિયાં ઘણાં,
પૂરવી ચિંતવિઉં સાર સવિહું તણઉં;
નયર ચંદ્રાવતી ઘાટ આવિઉ ઘડિઉ,
પાજ આરાસણતણી વેગિ ઊપરિ ચડિઉ;
પૂરિયાં ભિડલાં પીઠ બાંધ્યાં ઘણાં,
નીપનઉ ગભારઉ શ્રીવિમલવિસહીતણઉ. ૪૪

ઠવણિ.

ક્ષેત્રપાલ મનિ કસમસ કરઇ મો આગલિ કુણ દેઉલ કરઇ,
ઘણા દીહ દાખિન સાસહિઉં અંબાઈ જઈ આગલિ કહિઉં;
અંબાઈ કહિઉં ખેતાવીર જિણ જીતા છઇ રાય હમીર,
દેવિ અંબાઈ વિવસઇ ખવે એહસિઉં પ્રાણ મ માંડે ભવે. ૪૫
બાંભણિઉ રાય અરબુદિ લીઉ રૂવનયર પૂરવદિસિ લીઉ;
ઈણિ જીતા બારઇ સુરતાણ કોઇ ન માંડઇ એહસિઉં પ્રાણ. ૪૬
એ વર આલઇ દેવિ અંબાવિ એ બલિબાકલ દેસિઈં ભાવિ;
વિનઉ કરીનઇ નેવજ માગિ એહ વિણાયગ ઇહઇ લાગિ. ૪૭
મ કરિ રોસ જૂઠઉ વાણિઉ દુસટકાલ એહનઉ પ્રાણિઉ;
અવર કોઈ બીજઉ જાણિસિઇ તઉ પગિ સાહીનઇ તાણિસિઇ. ૪૮

ખેતલ વીર મ હુઉ આકુલા તમ્હનાં દિવશવિસ બાકુલા;
તિલવટિ તેલ રંધાવ્યા ચિણા ખેતલનઇ દેવરાવ્યા ઘણા. ૪૯
વિમલિ મનાવિઉ વાલી નાગ ટાલિઉ ભૂતપ્રેતનઉ લાગ;
દીહ બિ ચ્યારઇ ઈડિઉં ઘડિઉં તતખિણિ દેઉલ ઊપરિ ચઢિઉં. ૫૦
મનમાહિ હરષઉ વિમલ અપાર દાદઉ પ્રગટ હુઉ મઢમાહિ;
અંબાઈ આવી ઇમ કહિઉં બિંબહુતઉ તે થાનક ખણિઉં. ૫૧
મનમાહિ હરષિઉ વિમલડસાહ તતખિણિ તેડાવ્યા સૂત્રધાર;
ઘડઉ ઘાટ દેઉલતણુઉ મુહમાગિ ગરથ લિઉ ઘણુઉં. ૫૨
ઘડઉ ઘાટ માંડઉ કોરણી એકએક પાહિઈં અતિ ભલી;
હસ્રત મુખ થાંભે પૂતલી કુતિગ કરઇ રૂપ તે વલી. ૫૩
અરબદગિરિ તીરથ કિવિલાસ જિણિ થાનકિ જણુજણ પૂજંઇ આસ;
ગુફામાહિ દાદઉ ધુરિ ઠવિઉ વિમલમંત્ર સપનઇ આવિઉ. ૫૪
કરઉ પ્રસાદ ટાલઉ સવિ અલી વિમલ મંત્રીસર પૂગી રૂલી;
નેમિભુવણુ જિસિઉ રૂલિઆમણુઉં વસ્તુપાલ વિત વેચઉં ઘણુઉં. ૫૫
આરાસણ અણિઉ પાષાણુ નેમિભુવણુ જિસિઉં ઇંદવિમાણુ;
પીતલ ઉર સિરિ રિસહજિણુંદ જિણિ દીઠઇ મનિ હુઇ આણુંદ. ૫૬
જાઇવેલ સેત્રંત્રાં લીયાં પૂજ્યા હુયા પાપ સવે ગયાં;
જિમણઇ પાસઇ છઇ દેહરા તે મંડાવ્યા ખમણાતણા. ૫૭
તીણઇ બિંબ બઇસારિયાં ઘણાં તે કહીઇ સવિ ખમણાતણાં,

વસ્તુ.

તીરથ થાપિઅ તીરથ થાપિઅ અભંગ ઇણિ ઠામિ;
શ્રીઅર્બ્બદગિરિ ઊપરિઇં વિમલમંત્રિ આઘાટ રોપીઅ,
બાર પાજ વહતી કરી આવઇ સંઘ અપાર;
અંબાઇ સાનિધિ કરઇ આવિઉ ગઢિ ગિરિનારિ. ૫૮
ઘણી વાત અરબદની ભલી અમ્હિ જાસિઉં હિવ જીરાઉલી;
પ્રગટ પાસ કરઉ અતિ ભલઉ સકલસામિ શ્રીજીરાઉલઉ. ૫૯

સદા સંઘ આવઈં અતિ ઘણા પ્રત્યા પૂરઈં સવિહું તણા;
ભાજઈં ભીડ રોગ સવિ ગમઇ જીરાઉલઉ પાસ ઇણિ સમઇ. ૬૦

મડાહડી સાહિ વડગામ સાચરઉ શ્રીવીર પ્રણામ;
કાકરિ થિરાઉદ્રિ જિણુ ચઉવીસ રતનપુરિ પૂરઇ નિસિદીસ. ૬૧

જાઉં ભટાણે વીજૂએ પ્રાસાદે પૂજઉં જૂજૂએ;
સીરોહડી સકલ શ્રીપાસ મનહતણી જિણિ પૂજઇ આસ. ૬૨

સિરિ રિદરિ વેલાંગરી વિચારિ ખુરહાડઇ પૂજઇ ત્રિણિકાલ;
અરબદ ગોઢિ આદિ અહિચરે કરિસુ પૂજ જિણવર ટોકરે. ૬૩

શ્રીજાલઉરિ નયરિ ભીનવાલિ એક વિપ્ર બહુ નંદ વિચાલિ;
નિઊ સહસ વાણિગના ઘણાં પંચિતાલીસ સહસ વિપ્રાંતણાં. ૬૪

સાલાં તાલાં નઇ દેહરાં પ્રાસાદે જિણ પૂજા કરાં;
મુનિવર સહસ એક પોસાલ આદિનગર એહવઉં ભીનમાલ. ૬૫

ઉડૂંલાસ નઇ કોરટઉં રાણિગગામમાહિ તિલહટઉં;
કાલધરી ગામ ગોહિલી દિઇ મુગતિ સામી સોહિલી. ૬૬

આદિનાથ અવદાત અનેક સીરોહી નિતુ નવી વિવેકિ;
લોટાણુઇ નાંણુઇ નાદીઇ નીતોડઇ જિણવર જો વાંદીઇ. ૬૭

કોડીદરઇ સંતિ લિઉં નામ અજાહરી ગઢિ વીરપૂર ગામિં;
ઝાઝઉલી સિરિ સંતિ જિણંદ પાપતણા ઉમ્મૂલઇ કંદ. ૬૮

પીડરવાડઇ સિરિવર્દ્ધમાન સકલસામિ ઇક બાંભણવાડ;
એકલમલ્લ કાહનઇ પાનહીપાડિ...................... ૬૯

વગડામાહિ લિઇ ભોગ ખણવચન સવિ ટાલઇ રોગ;
વીરવાડઇ ઇક ધમ્મર્ વિચારૂ નાણુઇ ત્રિસલાદેવ મલ્હાર. ૭૦

જાઉં સીવેરઇ સીંધલઇ માલ્હણસૂમાહિ પૂજા ભલઇ;
જાઇ વેલ ચંપક રૂલીયડી પાદ્રાડઇ પૂજઉં મઊઅડી. ૭૧

સકલ સામિ સાંનિધિ કરઇ આવ્યા લોક સરણિ ઊગરઇ;

વીસલપુરિ વાલ્હડો ઊદરિ બાલીસઈમાહિ પૂજા ફિરી. ૭૨

તીરથતણઉ ન જાણઉં પાર જાષોરઇ જિણ કરઉ જુહાર;
બહેડઉં હાથુડી ગામ સિણવાડી જિણ કરઉં પ્રણામ. ૭૩

મૂડાડઇ માદડી સનાથ વરકાણઇ સિરિ પારસનાથ;
જાઉં હેવઈ દેસ સાતસઇ નાડોલાયા મન ઉલ્લસઇ. ૭૪

જિણહ પૂજ તિહા દિન વિહાણ આસલકોટમાહિ મંડાણ;
તીરથ સંખ્યા કરઉં મેવાડિ તે પુણ નહી અમ્હારઇ પાડિ. ૭૫

દેઉલવાડઉં નાગદ્રાહા ચીત્રોડ આહડ કરહેડઉ વધણોર;
જાઉર મજજયઉર સાદડી જિનવર નામ ન મૂંકઉં ઘડી. ૭૬

અજીઅ તીરથ ઘણાં છઇ ભલાં મઈં દીઠા કહિયા તેતલાં;
કઇલવાડઇ કરહેડઉ પાસ મનહતણી જિણ પૂરઇ આસ. ૭૭

કુંભલમેરૂ રિસહેસર દેવ અરબદથિકા આવિયા હેવ;
અરબદ સિખિરથિકા ઊતરી વલાશ્રૃંગિ રહિયા ઘર કરી. ૭૮

કુંભકર્ણ સપનંતર દિયઉં તઉ વિંધ્યાચલ ગિરિ આવિઉં;
દુર્ગકોટ રાય દિઉં નામ કુંભમેરૂગિરિ વિસમઉં ઠામ. ૭૯

વર્ણ છત્રીસ નહી કામણા આણ્યા લોક ચિહું દિસિતણાં;
કરઇ ભગતિ રિસહેસરતણી વિઘન સવે જાઇ તિહિં ટલી. ૮૦

વિવહારીયાતણી ગજઘટા સાત સહસ કીધા એખટા;
ઘણા બોલ બોલિયા ગુણવંત નાગોરઉ આણિઉ હણુમંત. ૮૧

સોઝતિથિકઉ વિણાયગ લીઉ કઇલવાડી પોલિઇ માંડીઉ;
નાગોરઉ આણિઉં હણુમંત રાણપુરી પોલિઇ માંડીઉ. ૮૨

સોઝતિ સામી અનઇ ફલવર્દ્ધ પાસ જિણેસર આલઇ બુદ્ધિ;
માય બાપ ઠાકુર તિહા ઘણી પાછા વલિઆ રાણપુરભણી. ૮૩

નગર રાણપુરિ સાત પ્રાસાદ એક એકસિઉં માંડઇ વાદ;
ધજા દંડ દીસઇ ગિરિવલઇ ઈસિઉં તીરથ નથી સૂરિજ તલઇ. ૮૪

પાઉ રોપિઉ પુરસ સાત તેહતણુઉ થડાબદ્ધિ દ્રવ્ય લાગઉ ઘણુઉ;
બાર સાખ તોરણિ પૂતલી ઘણુઉ દ્રવ્ય લાગઉ તિહિ વલી. ૮૫

ધન જીવીઉં ધરણિગ તુમ્હતણુઉં વિત વેચિઉં ચઉમુખિ આપણુઉં;
વલાશ્રૃંગિ રોપીઆ ઘાટ પુણ્યતણી કીધી વહતી વાટ. ૮૬

પાંચ તીરથ તિહાં પાંચ પ્રાકાર પાવા પ્રગટ નઇ વૈભાર;
ચંપા મથુરા રાજગિહી તે થાનકિ જે દીસઇ સહી. ૮૭

એકસઉ તીરથ વિસોતર નામ ઈણિઇં ભણિઇ હુઇ સવિહું પ્રણામ;
શ્રાવક મુગતિથિકઉ અલજયા એહ તવન ભણિજ્યો હો ભયા. ૮૮

'મેહેઉ' કહઇ મુગતિનઉં ઠામ સદા લિઉં તીર્થંકર નામ;
તીરથમાલા ભણઉ સાંભલઉ જાઈ પાપઘટ હુઇ નિરમલઉ. ૮૯

શ્રીસોમસુંદરસૂરિ ॥ શ્રીરત્નશેષરસૂરિ ॥ શ્રીલક્ષ્મીસાગરસૂરિ ।પં૦॥
સંવેગજયગણિ ॥ પં૦ ધર્મસુંદરગણિ । સુમતિજયગણિ ।
લિખિતં પં૦ હાસાસુત મના પઠનાર્થં શુભં ભવતુ ॥

ॐ

पं०—महिमाविरचित

चैत्यपरिपाटी.

ઢાલ.

ગિરથી નદીઆં ઉતરિ રે લો, એ દેસી.

શ્રીવાગેશ્વરી વીનવું રે લો કહિસુ જિનગુણગ્રામ રે; સાહેલી.
રથ મોટાં માનીઇ રે લો જોયાં ઠાંમોઠામિ રે. સા૦ ૧

પ્રણમું હૂં પરમેસરૂ રે લો રાજનગરથી માંહિ રે; સા૦
સંખ્યા કહું જિનબિંબની રે લો અંગથી આલસ છાંડિ રે. સા૦ પ્ર૦ ૨

પ્રતિમા સંપ્રતિરાયની રે લો શ્રીસરષેજ મઝારિ રે; સા૦
સાણંદગાંમિ શાંતિજી રે લો જિનવર અતિમનોહારિ રે. સા૦ પ્ર૦ ૩

પ્રતિમા પુરંજગાંમિની રે લો દીઠી નયણે દોય રે; સા૦
હરખ્યા વીરમગાંમિથી રે લો બિંબ સતાવન જોય રે. સા૦ પ્ર૦ ૪

માંડલમાંહિ મૂલગાં રે લો સતાવીસ જિનરૂપ રે; સા૦
પંચાસરમાં પાસજી રે લો શ્રીસંષેસર ભૂપ રે. સા૦ પ્ર૦ ૫

પૂરવ દેહરિ જાંણીઇ રે લો એકસો બિતાલીસ રે; સા૦
ગામ સમીઇં વષાંણીઇ રે લો પ્રતિમા દોઇ જગીસ રે. સા૦ પ્ર૦ ૬

રાધનપુર રલીઆંમણું રે લો જિનહર છિ સુખકંદ રે; સા૦
પ્રતિમા તિહાંકણિ ચ્યારસિં રે લો વંદ્યા તિહાં જિનંદ રે. સા૦ પ્ર૦ ૭

સોઈ ગાંમનિ દેહરિ રે લો ત્રણિસિ સડતાલીસ બિંબ રે; સા૦
પારકરિમાં પ્રતિમા વલી રે લો વેદ સંખ્યા અચંભ રે. સા૦ પ્ર૦ ૮

ધવલ ધીંગ ગોડી ધણી રે લો પાસિં ચઉવીસ દેવ રે; સા૦
ભાટુરમાંહિં જિનબિંબની રે લો સંખ્યા ત્રીસ છિ હેવ રે. સા૦ પ્ર૦ ૯

થિરપુર મંડન વીરજી રે લો જિનહર છિ તિહાં પંચ રે; સા૦
ઘરિ દેહરાસર છિ ભલાં રે લો પ્રતિમા સહિસનુ સંચ રે. સા૦ પ્ર૦ ૧૦

સત્યપુરિં જિનવીરજી રે લો એકસુ અહિસી માંન રે; સા૦
પ્રતિમા પાંચિ દેહરિ રે લો કહિ મહિમા પ્રમાણુ રે. સા૦ પ્ર૦ ૧૧

ઢાલ.

સહિર ભલો પણિ સાંકડું રે, એ દેસી.

ભીનમાલનિ છ દેહરિ રે છસિં નિ પચતાલ રે; ચતુરનર,
મોદિરામાંહિં જાંણજ્યો રે લાલ પ્રતિમા ચ્યાર વિશાલ રે. ચ૦ પ્ર૦ ૧

જાલુરગઢમાં સુંદરૂ રે દેહરાં છિ ઊતંગ રે; ચ૦
સહિસ દોઇ એકતાલસ્યું રે લાલ પ્રતિમાસ્યું મુઝ રંગ રે ચ૦ પ્ર૦ ૨

સોવિનગિરમાં સાહિણા રે ઊપરિ ત્રણ્ય પ્રસાદ રે; ચ૦
પંચ્યાસી પ્રતિમા કહૂં રે લાલ ભમરાંણીઇં ઉલ્હાદ રે. ચ૦ પ્ર૦ ૩

ચ્યાર મજિલ છગામમાં રે ધ્રુણાલિ સુષકાર રે; ચ૦
ચુરાસી પ્રતિમા કહૂં રે લાલ છવીસ પુનાસિ સાર રે. ચ૦ પ્ર૦ ૪

જોધપુરઈ પ્રાસાદમાં રે સાતિ દેહરિ તેમ રે; ચ૦
પાંચસિં સાત્રીસ બિંબનિં રે લાલ પુજું આણી પ્રેમ રે. ચ૦ પ્ર૦ ૫

મંડોરગાંમનિ ડુંગરિં રે મોટા ત્રિણિ પ્રાસાદ રે; ચ૦
એકાવન પ્રતિમા ભલી રે લાલ ગંગાણીસ્યું વાદ રે. ચ૦ પ્ર૦ ૬

બિંબ નેઊ બિ દેહરિ રે બિધાણિ ચોવીસ રે; ચ૦
કાપ્રેડિ બેહું મંદિરિં રે લાલ પંચ્યોત્તરિ જગદીસ રે. ચ૦ પ્ર૦ ૭

પીપ્રાડિ ઉગણુસટ્ઠિની રે લાલ પ્રતિમા મંદિર જોઇ રે; ચ૦
બોરાણિ દસ એકની રે લાલ કઠનારિં રસ હોઇ રે. ચ૦ પ્ર૦ ૮

ફૂલવદિ શ્રીજિનપાસજી રે પ્રતિમા સડતાલીસ રે; ચ૦
મેડતામાંહિ મોહિની રે લાલ ઇગ્યાર નિ તેરઇં ઇશિ રે. ચ૦ પ્ર૦ ૯

સહિસ એક શત એકનિં રે ઉગણુચ્યાલીસ તેમ રે; ચ૦
આણંદપુર બિ દેહરિ રે લાલ એકસો સાત્રીસ એમ રે. ચ૦ પ્ર૦૧૦

ઢાલ રસીયાની.

જિતારણિ હો મંદિર બેહૂની બિંશત ત્રાંણું રે સંત; સષીરી૦
આણુવાગાંમિં રે આઠિ જિનવરૂ દેવલી દોઇ ગુણુવંત રે. સ૦ ૧

હું નિત પ્રણુમું શ્રીપરમેસરૂ કાલુપિ પ્રતિમા રે ચ્યાર; સ૦
સોઝિતમાંહિ સાતિ જિનહરેં એકસો ત્રેવીસ જુહારિ. સ૦ હું૦ ૨

દૂધવડમાંહિ ચ્યારિ મનોહરૂ વીઠેડિ નવ અપાર; સ૦
બાંતિ છત્રીસ ત્રણિ પાંચોટીઇં નીપુરિં રસ ગુણુકાર. સ૦ હું૦ ૩

નાંડોલિ નવ મંદિર મૂલગાં છસઇં છન્નૂં ગુણુવંત; સ૦
ઘણોરઇ છત્રીસ પ્રતિમા વંદીઇ કુંભલમેરેં રે કંત. સ૦ હું૦ ૪

છત્રીસ જિનની મૂરતિ પેષીઇં સાદડીમાંહિ શ્રીવંત; સ૦
નવસિં છત્રીસ પ્રતિમા દેષીઇં દેહરિં શ્રીભગવંત. સ૦ હું૦ ૫

રાંણુપુરિં દેહરાં પાંચિ પ્રભુતણાં સહુસબિચ્યારસિં માંનિ; સ૦
ત્રિહિપન અધિકી પ્રતિમા પૂજીઇં માદલિ ત્રણિ ગુણુષાંણિ. સ૦ હું૦ ૬

નીદ્રંડી ગાંમિ ત્રિણિ મૂરતિ વલી શ્રીવરકાણે રે ભાવિ; સ૦
પ્રતિમા પાંચસિં પૂજી પ્રેમસું પંચાવન્ન બિંઝેવાવિ. સ૦ હું૦ ૭

ષીમેલિ પાંત્રીસ પ્રતિમા રૂઅડી પુરાડિ પંચવીસ; સ૦
જાષોરિં ચૌદિ જિન દિનકરૂ પાલિં ચૌદિ રે જગીસ. સ૦ હું૦ ૮

પોસાલી ત્રિણિ ઇટવાલિ દસ ભલી વાઘતલાઇ રે દેષિ; સ૦
વાઘપૂરમાં વીસ મૂરતિ લહી કોલરગામિ રે પેષિ. સ૦ હું૦ ૯

પ્રતિમા અઠાવીસ તે પ્રણમીંઇ શિવપુરનગરિં રે નિવાસ; સ૦
મંદિર ઇગ્યારિ સહિસચ્યારસું એકોત્તરિ સુવિલાસ. સ૦ હું૦ ૧૦

ઢાળ.

સીતા તો રૂપિં રૂડી, એ દેસી.

નાંકોડિ પ્રતિમા આઠિ ઘાણિ મહાવીર સીતરિ ઘાટિં હો; મૂરતિ અતિ રૂડી.
ફિરગાંમિ દેહરાં બિ સોહિ દેહરાસરિ મનડું મોહિ હો. મૂ૦ ૧
માંડલઇ ત્રિણિ પ્રતિમા દીસિ માંદ્રોડિ હીયડું હીસિ હો. મૂ૦ ૨
નીતોડિ પાત્રીસ દીઠી કાચોલી ચ્યારિ મીઠી હો. મૂ૦ ૩
સાગવાડિ રૂપ અઢાર અચલગઢમાંહિ વિહાર હો. મૂ૦ ૪.
ત્રિણિ દેહરિ ત્રિણિસિં પંચાસ આબુસિષરિં પાંચ ઉલ્હાસ હો. મૂ૦૫
ચૌદસિં છ પ્રતિમા જાણું કાંસિંદ્રિ દેવ વષાણું હો. મૂ૦ ૬
પ્રતિમા દસ મોહનગારી આમથલિ છત્રીસ સારી હો. મૂ૦ ૭
એકસો પચતાલીસ કહીઇં મુંગથલિ પ્રતિમા લહીઇ હો. મૂ૦ ૮
રોહમાંહિ અડતાલીસ ત્રણ્ય દેહરિ શ્રીજગદીસ હો. મૂ૦ ૯
સીડોત્તરિ દેહરાં બિ માનું બિંસિ અઢારબિંબ પ્રમાણું હો. મૂ૦ ૧૦
સરોત્તરિ દેહરાં બિ મોહી આઠ મૂરતિ નયણે જોઈ હો. મૂ૦ ૧૧
શ્રીમહિમા કહિ સુષવાસી ઢાલ ચોથી લીલવિલાસી હો. મૂ૦ ૧૨

ઢાલ.

સુમતિ સદા દિલમાં ધરૂ, એ દેસી.

ગોલા ગામનિ દેહરિ પ્રતિમા છત્રીસ સાર; સષી રે
વડગાંમિ દસ પૂજીઇ મગરવાડિ બાર. સ૦ ૧
તીરથિ મનડું મોહીઉં ભેટ્યા શ્રીજિનપાય; સ૦
આબુ ગોડી ફૂલવદિં પાતિક દૂરિં જાઇ. સ૦ તી૦ ૨

એકસોનેઊ સિદ્ધપુરિં દેહરાં ત્રિણ્ય અપાર, સ૦
ઉંઝાવિ દસ દેવની ઊનાવિ સુખકાર. સ૦ તી૦ ૩

એકસો નેઊ વંદીઇ મિસાણી વલી ચેહ, સ૦
એકસો બાર તે ભાવસું સાતિ દેહરિ તેહ. સ૦ તી૦ ૪

કલોલિ ગાંમિ બઇ મંદિરૂ બેહૂ મિલીનિ જોઇ, સ૦
પંચદસ પ્રતિમા સુંદરૂ એ બિંબ સંખ્યા હોય. સ૦ તી૦ ૫

સહિસ ઉગણીસ નિ ઊપરિં બાવન છિ ગુણુવંત, સ૦
સંવત એકવીસ ભેટીયા ભયભંજન ભગવંત. સ૦ તી૦ ૬

સાહુ સૂરચંદના સંઘમાં લોક ઘણુ દાતાર, સ૦
સૂરધીર ગ્યાંની ભલા કરતા પરઊપગાર. સ૦ તી૦ ૭

ભવિજનના આદર થકી સદ્દહિણા દિલમાંહિ, સ૦
આગમગચ્છપતિ ગુણનિલુ શ્રીમહિમા ગુણગાય. સ૦ તી૦ ૮

ભણિ ગુણિ જે સાંભલિ સીઝિ વંછિતકાજ, સ૦
યાતર સફલી તેહની પ્રણમિ શ્રીજિનરાજ. સ૦ તી૦ ૯

વિજઈ શ્રીજિનરાજની કીરતિ દેસ મઝારિ. સ૦
સૂરધીર ગ્યાંની ભલા વાંણી અમૃતધાર. સ૦ તી૦ ૧૦

બાવીસિ શ્રાવણ પષિ ત્રીજ ભલી ગુરૂવાર, સ૦
ગોડીમંડણ ધ્યાંનથી રિદ્ધિ વૃદ્ધિ ભંડાર. સ૦ તી૦
શ્રી સંઘનિ જયકાર. સ૦ તી૦ ૧૧

ॐ

कडुकमतीयलाधासाहविरचित

सूरत चैत्यपरिपाटी.

પ્રણમી પાસ જિણંદના ચરણકમલ ચિત લાય;
રચના ચૈત્યપ્રવાડની રચસુ સુગુરૂ પસાય. ૧

સુરતબંદીરમેં અછે જિહાં જિહાં જિનવિહાર;
નામ ઠામ કહી દાખવું તે સુણજ્યો નરનારિ. ૨

ઢાલ પ્રથમ.

ચતુર સનેહી મોહના, એ દેશી.

સુરતનગર સોહામણું સોહમણા જિનપ્રાસાદો રે;
ગોપીપુરામાહે નિરખંતા ઉપનો અધિક આલ્હાદો રે. ૧

શ્રીજિનબિંબ જોહારીયેં ધારીયે જિનમુખ ચંદો રે;
તારીયે આતમ આપણો વારીયે ભવદુખફંદો રે. શ્રીજિન૦ ૨

પ્રથમ નમું આદિનાથને દેહરે ચૈત્ય ઉદારો રે;
બિંબ ચૌદ આરસમેં ધાતુમય ચિત ધારો રે. શ્રીજિન૦ ૩

એકલમલ પંચતીરથી પાટલી નેં પટ જાણું રે;
સર્વ થઇ શત દોય નેં બોહોત્તર અધિક વખાણું રે. શ્રીજિન૦ ૪

બીજે શ્રીશાંતિનાથને દેહરે શ્રીજગદીસો રે;
દ્વાદસબિંબ પાષાણમેં પંચતીરથી ત્રીસો રે. શ્રીજિન૦ ૫
એકલમલ પટ પાટલી એકતાલીસ વિરાજે રે;
ત્યાસી બિંબ સર્વે થઇ જિનમંદીરમાંહે છાજે રે. શ્રીજિન૦ ૬
ત્રીજે શ્રીધર્મનાથને દેહરામાંહે સુણો સંતો રે;
સુરજમંડણ પાસજી ભૂયરામાંહે ભગવંતો રે. શ્રીજિન૦ ૭
ચોવીસ બિંબ પાષાણમેં સાત રતનમેં દીપે રે;
એકસો સીતેર ધાતુમેં નિરષંતા નયન ન છીપે રે. શ્રીજિન૦ ૮
ચોથે સંભવનાથનેં પ્રાસાદે પ્રભુ ભેટ્યા રે;
એકવીસ બિંબ પાષાણમેં પૂજંતાં પાતક મેટ્યા રે. શ્રીજિન૦ ૯
ચોવીસવટા પંચતીરથી એકલમલ પટ જાણો રે;
એકસો ઇકોતેર ધાતુમેં સર્વ સંખ્યાયેં પ્રમાણો રે. શ્રીજિન૦ ૧૦
પાંચમે શ્રીમહાવીરજી ભુવનબિંબ અતિ સોહે રે;
પાંચ પ્રભૂ પાષાણમેં નિરષંતા ભવિમન મોહે રે. શ્રીજિન૦ ૧૧
એકલમલ પંચતીરથી પાટલીયેં પ્રભુ ધારો રે;
એકતાલીસ સર્વે થઇ ધાતુમય સુવિચારો રે. શ્રીજિન૦ ૧૨
શ્રી ઘર ઘર દેરાસરતણી હવે કહું સંખ્યા તેહો રે;
સુરા રતનના ઘરથકી પંચોતેર છે જેહો રે. શ્રીજિન૦ ૧૩
તિહાં જિનબિંબ સોહામણા ધાતુમેં પાષાણો રે;
સર્વ થઇ સવાપાંચસેં વાંદો ચતુર સુજાણો રે. શ્રીજિન૦ ૧૪
ઢાલ પ્રથમ પૂરી થઈ પુરા કહ્યા પાંચ પ્રાસાદો રે;
સાહાજી લાધો કહેં નિત્યપ્રતે રણઝણ ઘંટા નાદો રે. શ્રીજિન૦ ૧૫

દુહા.

પંચ્ચોતેર દેરાસરે દેહરા પાંચ વિસાલ;
સવાતેરસે બિંબને વંદન કરૂ ત્રિકાલ. ૧

ખપાટીયાચકલાતણા દેહરાસર છે જેહ;
અભિનંદન જિન દેહરે હવે હુ પ્રણમુ તેહ. ૨

ઢાલ બીજી.

મુની માનસરોવર હંસલો, એ દેશી.

ગોપીપુરાથકી પાધરા ચાલો ચતુર મન લાયો રે;
ષપાટીયે ચકલે જઈ વંદો શ્રીજિનરાયો રે. ૧

શ્રીજિનબિંબ જોહારીયેં વારીયેં કુમતિકુસંગો રે;
મોહમિથ્યાત નીવારીયેં ધારીયેં જિનગુણ રંગો રે. શ્રી૦ ૨

પ્રથમ નમુ જિન દેહરે અભિનંદન જિનચંદો રે;
છયાસી બિંબ પાષાણમેં ભાવસુ ભવિ વંદો રે. શ્રી૦ ૩

ધાતુમેં સંખ્યા કહું દોયસત નેં અડસટ્ઠો રે;
પાંચ રતનમેં સર્વે થઈ તીનસયા ગુણસટ્ઠો રે. શ્રી૦ ૪

ઘર ઘર દેરાસરતણી સંખ્યાયે ચોવીસો રે;
એકસો બ્યાસી બિંબને પ્રણમીજે નિસદિસો રે. શ્રી૦ ૫

તિહાથી કેલાપીઠે જાઇયેં સરાસુધી સુજાણો રે;
ઉગણીસ દેરાસરતણી બિંબસંખ્યા હવે જાણો રે. શ્રી૦ ૬

દોયસયા પાંચ ઉપરે પ્રણમી કર્મનિકંદો રે;
કૃષ્ણજી વર્ધમાનને ઘરે પાસ ચિંતામણિ વંદો રે. શ્રી૦ ૭

તિહાંથી વડાચૌટાભણી જઇ જિનબિંબને વંદો રે;
વાઘજી ચીલંદાની પોલમેં ભેટ્યા અજિત જિણંદો રે. શ્રી૦ ૮

એકાદસ પાષાણમેં ધાતુમે તેર ધારો રે;
દેહરે શ્રીજિન પ્રણમતાં પામીજેં ભવપારો રે. શ્રી૦ ૯

સાહા કેસરીસંઘને ઘરે દેહરૂ એક વિસાલો રે,
મૂલનાયક પ્રભુ વાંદીયેં અજિતજિણંદ ત્રિકાલો રે. શ્રી૦ ૧૦

એસી બિંબ પાષાણુમેં ધાતુમય હવિ સુણીયે રે;
ત્રણુસે ચ્યાસી બિંબનેં પ્રણુમી પાતક હણીયે રે. શ્રી૦ ૧૧

વાઘજી વીલંદાની પોલથી વડે ચૌટે આવી રે;
નાણાવટ સાપુરતણાં દેરાસર નમો ભાવી રે. શ્રી૦ ૧૨

સંખ્યાઇં સર્વે થઇ દેરાસર ગુણુસટ્ઠો રે;
બિંબ સંખ્યા સર્વે મલી છસયને અડસટ્ઠો રે. શ્રી૦ ૧૩

નેમીસર જિન દેહરે પારેષ પ્રેમજીને પાસે રે;
ઉપરેં સાંતિ સોહામણા પ્રણુમુ અધિક ઉલાસે રે. શ્રી૦ ૧૪

અધ ઉરધ સર્વે થઇ આરસમેં બિંબ પંચો રે;
ચુમોતેર પ્રભુ ધાતુમેં તેહમાં નહી ષલષંચો રે. શ્રી૦ ૧૫

ઢાલ બીજીમાહે એ કહ્યાં દેહરા ચ્યાર પ્રમાણો રે;
દેરાસર સર્વે થઇ એકસો ને દોય જાણો રે. શ્રી૦ ૧૬

દુહા.

સરાથકી સાહાપુર લગેં ત્રિણ જિનભૂવન ઉદાર;
એકસો દોય દેરાસરે વાંદો જગ આધાર. ૧
ધાતુમેં આરસમેં બિંબ અછે તિહાં જેહ;
સાહાજી લાધો કહેં દોયસહસ ભાવસું પ્રણુમુ તેહ. ૨

ઢાલ ત્રીજી.

નવમી નિરજરા ભાવના ચીત ચેતો રે. એ દેશી.

નાણાવટ સાપુરથકી ભવિ વંદો રે ચાલો ચતુર નરનારિ; ભવિ૦
સોનીફલીયામાંહે જઇ ભ૦ શ્રીજિનબિંબ જોહાર. ભ૦ ૧

લાલભાઇના ડેલા તાંઇ ભ૦ દેરાસર છે ઇગ્યાર; ભ૦
એકસો સતાવન બિંબને ભ૦ પ્રણમંતાં જયજયકાર. ભ૦ ૨

તિહાંથી વિલંદાવાડમાં ભ૦ દેહરાસરમાંહે દેવ; ભ૦
સંખ્યાઇ ચૌદ સોહામણા ભ૦ કીજેં નિત્યપ્રતેં સેવ. ભ૦ ૩

બિંબ આરસના ધાતુમેં ભ૦ એકસોને અડવીસ; ભ૦
સરવાલે સરવે થઇ ભ૦ ભેટીયા શ્રીજગદીસ. ભ૦ ૪

તિહાંથી અમલીરાણમેં ભ૦ ગંધરપ ફલીયા મુઝાર; ભ૦
આઠ દેરાસર અતિભલા ભ૦ યાત્રા કરો નરનારિ. ભ૦ ૫

બિંબ ઇકોતેર જિનતણા ભ૦ નિરખંતા આણંદ થાય; ભ૦
જિનપ્રતિમા જિન સારીષી ભ૦ પૂજંતા પાપ પુલાય. ભ૦ ૬

સૂરત શહેરના ચૈત્યની ભ૦ થઇ પુરણ જિનયાત્ર; ભ૦
તિહાંથી પુરામાંહે જઇ ભ૦ યાત્રા કરો ગુણપાત્ર. ભ૦ ૭

નવાપુરામાંહે દેહરે ભ૦ સોલસમાં શાંતિનાથ; ભ૦
ભૂયરામાંહે પ્રભૂ ભેટીયા ભ૦ મૂલનાયક જગનાથ. ભ૦ ૮

ત્રણ્ય બિંબ પાષાણમેં ભ૦ ધાતુમેં નવ સાર; ભ૦
દ્વાદસ બિંબ જોહારતાં ભ૦ ઉપનો હરષ અપાર. ભ૦ ૯

સૈદપુરાને દેહરે ભ૦ હિદરપુરામાંહે જેહ; ભ૦
એકાદસ દેરાસરે ભ૦ જિનપ્રતિમા ગુણ ગેહ. ભ૦ ૧૦

સંખ્યાઇં સર્વે થઇ ભ૦ બિંબ એકસો વીસ; ભ૦
નગરથી બાહિર પુરાતણા ભ૦ ભેટીયા ત્રિભોવન ઇસ. ભ૦ ૧૧

સુરતથી મનમોદસુ ભ૦ જઇ રાનેર મુઝાર; ભ૦
શ્રીજિનબિંબ જોહારીયે ભ૦ તે સુણજો નરનારિ. ભ૦ ૧૨

ભૂયરૂ એક અછે તિહાં ભ૦ ચૌદ દેરાસર સાર; ભ૦
એકસો ત્રહતાલીસ બિંબનઇં ભ૦ પ્રણમીજે બહુ વાર. ભ૦ ૧૩

સોનીના ફલીયાથકી ભ૦ જિનમંદિર છે એક; ભ૦
અઠાવન દેરાસરે ભ૦ રાનેર તાંઇ છેક. ભ૦ ૧૪

ઢાલ ત્રીજીમાંહે એ કહી ભ૦ બિંબ છસેય એકત્રીસ; ભ૦
સાહાજી લાધો કહે સમરીયેં ભ૦ ભાવસુ નિસદિસ. ભ૦૧૫

દુહા

સૂરતમાંહે ત્રણ ભૂયરા દેહરા દસ શ્રીકાર;
દોયસય પણતીસ છે દેહરાસર મનોહાર. ૧

સરવાલે સરવે થઇ બિંબ સંખ્યા કહું તેહ;
તીન હજાર નવસે અધિક બોહોતેર પ્રણમું તેહ. ૨

ઢાલ ચોથી.

કનકકમલ પગલા ઠવે એ, એ દેશી.

યાત્રા સૂરત સહેરની એ કીધી અધિક ઉહલ્લાસ,
ભવિજન સાંભલો એ;
રાનેરતાંઇ ભાવસું એ પોહોતી મનતણી આસ. ભ૦ ૧

દેહરે દેરાસરતણી એ જિનપ્રતિમા છે જેહ; ભ૦
રચના ચૈત્યપ્રવાડની એ સંખ્યાયે કહી તેહ. ભ૦ ૨

એકીકી ગુણતાં થકાં એ પ્રતિમા ચ્યાર હજાર; ભ૦
સરવાલે સર્વે થઇ એ સૂરત નગર મુઝાર. ભ૦ ૩

બિંબ પાષાણ ને ધાતુમેં એ રતનમય છે જેહ; ભ૦
વિગતેસું હવે વર્ણવું એ નરનારી સુણો તેહ. ભ૦ ૪

પાંચસે બિબ પાષાણમેં એ માંહે રતનમય સાર; ભ૦
એકસો એક ચોવીસવટા એ ચૌમુખ ષટ ચિતધાર. ભ૦ ૫

નવસેં દસ પંચ તીરથી એ પટ અઠ્યોતેર જાણ; ભ૦
નવસેં બ્યાસી પાટલી એ નવ તિહાં કમલમંડાણ. ભ૦ ૬

એકલમલ છે ઇગ્યારસે એ અધિકી સડતાલીસ; ભ૦
સિદ્ધચક્ર કહ્યા દોયસે એ ઉપરે ગુણચાલીસ. ભ૦ ૭

ચોવીસવટાની ચોવીસગુણી એ પંચતીરથીની પંચ; ભ૦
અઠાણગણી કમલની એ ચૌમુખે ચોવીસ સંચ. ભ૦ ૮

એકલમલ સર્વે થઇ એ સહુસ દસ એકતાલ; ભ૦
સૂરતમાંહે જિનબિંબને એ વંદન કરૂં ત્રિણુકાલ. ભ૦ ૯

જિનપ્રતિમા જિન સારીષી એ સૂત્ર ઉવાઇ મુઝાર; ભ૦
રાયપસેની ઉવાંગમાં એ સૂરીઆભને અધિકાર. ભ૦ ૧૦

નિક્ષેપા ચૌ જિનતણા એ શ્રીઅનુયોગદુયાર; ભ૦
ઠવણુસત્ય જિનવર કહે એ ઠાણુંગે સુવિચાર. ભ૦ ૧૧

શ્રીજિનપૂજા ચાલતી એ ભાષી ભગવઈઅંગ; ભ૦
જ્ઞાતાસૂત્રે દ્રુપદી એ જિન પૂજે મનરંગ. ભ૦ ૧૨

ઇત્યાદિક સૂત્રે ઘણા એ જિનપ્રતિમા અધિકાર; ભ૦
સમકિત નિરમલ કારણી એ સિવસુખની દાતાર. ભ૦ ૧૩

ઉથાપક જિનબિંબના એ તેહના સંગ નિવાર; ભ૦
સંકા કંષ્યા પરિહરી એ જિન પૂજો નરનારિ. ભ૦ ૧૪

ચોથી ચૈત્યપ્રવાડની એ ઢાલ થઈ સુપ્રમાણ; ભ૦
સાહાજી લાધા કહે જેહ ભણે એ તસ ઘરે કોડ કલ્યાણ. ભ૦ ૧૫

દુહા.

જેણી રીતે જિમ સાંભલુ સંષ્યા કીધી તેહ;
અધિકુ ઉછૂ જે હોય મિચ્છાદુકડ તેહ. ૧

સતરસેં ત્રાણુલગેં યાત્રા કરી મનકોડ;
વર્તમાન જિનબિંબની યુગતે કીધી જોડ. ૨

ઢાલ.

રાગ ધન્યાસી.

ઇમ ધન્નો ધણનેં સમઝાવે, એ દેશી.

યાત્રા સૂરતબિંદીર કેરી કીધી સેરી સેરી જી,
ટાલી ભવોભવ ભ્રમની ફેરી સિવરમણી થઇ ને રીઝી જી.

ઇણીપરે શ્રીજિનબિંબ જોહાર્યા દુરીગતના દુષ વાર્યા જી;
આતમગુણ અનુભવસુ વિચાર્યા એ પ્રભૂ તારણહારા જી. ઇ૦ ૨

સમકિત સુદ્ધ દસા આરોપી કુમતિલતા જડ કાપી જી;
કીરત તેહની જગમાં વ્યાપી જેણે જિનપ્રતિમા થાપી જી. ઇ૦ ૩

આગમ અધ્યાતમના અંગી સ્યાદ્દવાદ સતસંગી જી;
નય પ્રમાણ જાણે સપ્તભંગી તે જિનપ્રતિમા રંગી જી. ઇ૦ ૪

જિનપ્રતિમા જિન સરીષી જાણી ભાવસુ પૂજે પ્રાણી જી;
સીવસુષની સાચી સહિનાણી ભાષી ગુણધર વાણી જી. ઇ૦ ૫

જિનગુણ સમ નિજગુણ અવધારી જિનપ્રતિમા સુખકારી જી;
ઉપાદાનમાહેં સુવિચારી નિમત્ય સબલ ઉપગારી જી. ઇ૦ ૬

કટુકગછેં કલ્યાણ વિરાજે સાહા લહુજી ગુણચંદા જી;
શોભણસી તસ પાટ પ્રભાવિક પંડિતમાંહે દિણંદા જી. ઇ૦ ૭

સંવત સતર ત્રાણુયા વરસેં રહી સૂરત ચોમાસે જી;
માગસિર વદિ દશમી ગુરૂવારે રચીઉ સ્તવન ઉલ્લાસે જી. ઇ૦ ૮

તપગછનાયક સુજન સુલાયક વિજયદયાસૂરિરાજે જી;
સાહા લાલચંદતણા આગ્રહથી રચના અધિક વિરાજે જી. ઇ૦ ૯

અધિકું ઉછૂ જે હોય એહમાં શુદ્ધ કરજ્યો કવિરાયા જી;
સાહાજી લાધો કહે સૂરતમાંહે હરષસુ જિનગુણ ગાયા જી. ઇ૦ ૧૦

ઇતિ શ્રીસૂરતનગરની ચૈત્યપ્રવાડની સંખ્યાનું સ્તવન સંપૂર્ણં સર્વગાથા ૮૧ શ્રીસૂરતમધે દેહરા ૧૦ છે દેરાસર ૨૩૫ ભૂયરા ૩ પ્રતિમા એકેકી ગણતા ૩૯૭૮ પંચતીરથીની ૫ ચોવીસવટાની ૨૪ એકલમલ પટ પાટલી સિદ્ધચક્ર કમલ ચૌમુષ સર્વે થઇનેં ૧૦૦૪૧ છઇ.

ॐ

पं०—कल्याणसागरविरचित

पार्श्वनाथचैत्यपरिपाटी.

ગોડી પરતા પૂરવૈ, એ ઢાલ.

ભગવતી ભારતી ચિત્ત ધરી હું ગુણ ગાવું હો પાસજિણંદ;
સંષેસરપુર રાજીઓ મુઝ સાહિબ હો તું નયણાનંદ. ૧
સંષેસર સુષ પૂરવૈ પ્રભુ પારસ હો નાથ જિણંદ;
અસરણ સરણો તાહરો તુઝ પ્રણમઈ હો સુરનરવૃંદ. સંષે० ૨
સેતુંજૈ રૈવતગિરિ ષંભાતિ હો પાસ જિણંદ;
ઘોઘે નવષંડ રાજિઓ ગાડરીઓ હો તું ત્રિભુવનચંદ. સં० ૩
જીરાઉલિ જગમૈ જાગતો સૂરતિમઈ હો દીપઈ સુખકંદ;
મહિમાવાદે તું જયો દીવે ચે હો દીઈ આણંદ. સં० ૪
માંડલિ મહિમા તાહરો પંચાસર હો પૂરૈ મન આસ;
પાટણમૈ તું પરગડો અહમદાવાદેં હો દીપઈ શ્રીપાસ. સં० ૫
મહિસાણૈં મહિમા ઘણો પાલ્હણપુર હો તું ત્રિભુવનભાણ;
સીધપુરૈ તું સુષકરૂ વડાલી હો કહિઈં જગજાંણ. સં० ૬
પોસીનેં પરતિષ પ્રભૂ સાબલીઈં હો સાચો સુષકાર;
ઈડરનયરે અભિનવો અહમદાનગરે હો આપૈ ભવપાર. સં० ૭
અમીઝરો અતિસય ઘણો કલ્લોલૈં હો કહીઈં જિનનાહ;
લોડણ લષમી પૂરવઈ સાગવાડે હો સાચો જગનાહ. સં० ૮
ડૂંગરપુરમૈ દીપતો વડપદ્રૈં હો વાટિં રષવાલ;

વંસવાલેં વાસઇં વસૈ જાઉરે મેં હો જિન ઝાંઝમાલ. સં૦ ૯
સમીનો સાહિબ મિલ્યો આહડમેં હો અવિહડિ દાતાર;
ઉદયપુરઇં ઉદયાકરૂ દિલવાડઇં હો તું દીનદયાલ. સં૦ ૧૦
નાગદ્રહે નામઇં સદા ભૂતાલેં હો ભવિઅણ હિતકાર;
ગોગુંદે નઇં નવપલ્લવઇં ભોઆણઇં હો તું ધન દાતાર. સં૦ ૧૧
કરહેઠઇ કામિતિ દિયઇં અણુંદો હો આપૈ સુષવૃંદ;
એકલમલ ચંવેલરમૈં ભાનુમતી હો મહિમામૈં કંદ. સં૦ ૧૨
પઠાંગઇં પ્રણમું સદા વધનોરે હો વાધઇ આણંદ;
ભડકોલઇ ભલ ભેટીઓ ચિંતામણી હો તું આગરૈ સુઠાય;
નવલષો નામૈ સદા અહિછત્તેં હો દીઠે સુષ થાય. સં૦ ૧૩
વાણારસી હો નગરી ભલી જિહાં જન્મ્યા હો પાસકુમાર;
સમેતસિષરઇં જઇ કરી પ્રભુ પહુતા હો મુગતિ મઝારિ. સં૦ ૧૪
મોરિલા ગામેં અમીઝરો કિસનગઢઇં હો ચિંતામણી પાસ;
ભીડભંજણ ભગવાનજી મનમોહન હો મન પૂરૈ આસ. સં૦ ૧૫
અંતરીક કૂકડેસરઇં અવંતી હો શ્રીમગસી પાસ;
રામપુરઇ રલીયામણો મંડલિગઢ હો રાયરાંણા દાસ. સં૦ ૧૬
મેડતઇં નગર સુહામણો ફલવર્ધિ હો તું તસ્કરમાર;
નાગોરઇ નામઇ સદા વિક્રમપુર હો તું હિ જયકાર. સં૦ ૧૭
જેસલમેરેં તું જાગતો તિમરીપુર હો તું રષવાલ;
મંડોવર મહિમા ઘણો ચોધનયરઇં હો તું સુખકાર. સં૦ ૧૮
વાગોરઇ અંતરઇ નમું વાડીઇં હો શ્રીપાસજિણિંદ;
નીંબાજઇં નવવિધિ દીયઇં અઝારઇં હો દાઠઇં આણંદ. સં૦ ૧૯
સોઝિતમાંહિ સુંદરૂ પાલી હો પરમેસર પાસ;
નવલષો નાંમૈં જયો વીલ્હાવાસ હો પૂરઇં જગ આસ. સં૦ ૨૦
જાલોરૈ જગ જાગતો સરવાડૈ હો સેવક સાધાર;
ભિનમાલેં મહિમા ઘણો ગોડી જિન હો સુષનો દાતાર.સં૦ ૨૧
વીંઝેવૈ વલી વાલહો શ્રીવરકાણૈં હો તું ઠાંમ બયટ્ઠ;
સાદડીઇં સાંનિધિ કરૈ તીન મૂરતિ હો ભવિઅણ જણ ઇટ્ઠ. સં૦ ૨૨

રાણુપુરઈ જગ જાગતો માહામેં હો તું મહિમામેરૂ;
છેછલીઇ સીરોહીઇં વીકાનેરે હો કીજૈ સબ જેર. સં૦ ૨૩
આબૂગઢમે ભેટીયો અચલગઢમાં હો શ્રીજિન નાંમ;
રાવણ મનમાં સાંભર્યો અલવરપુર હો બેઠો પ્રભુ ઠાંમ. સં૦ ૨૪
મથુરા માલપુરઈ ભલો અંટાલી હો અરિગંજણનાહ;
ટુંક તોડઈ ઘંટાલીઇ રણથંભેર હો આપૈ તું બાહ. સં૦ ૨૫
ચેલણપાસ વીંઝોલીઇં ઠીકરીયો હો સુષસંપતિગેહ;
ચાણસમાં ચિહું ષડં જયો ગુઆલેરે હો મહિમામેહ. સં૦ ૨૬
દોલતાવાદેં દીપતો ચંપાપુર હો ચિંતિતદાતાર;
બાહડમેં રે વીનવું કલિકુંડે હો કલપતરૂ સાર. સં૦ ૨૭
મેરૂસિખર નંદીસરે રૂચકાદિક હો ઇમ ઠાંમ અનેક;
ઠામિ ઠામિ તુજનૈ નમું પ્રાત ઉઠિ હો મનિ ધરિ વિવેક. સં૦ ૨૮
એકસો આઠેં આગલા એ તીરથ હો જગના સાધાર;
રડવડીયાં રષ્યા કરઈ લડથડીઆં હો લ્યૈં તુંહિજ સાર. સં૦ ૨૯
વાટ ઘાટ રષ્યા કરૈ ભય પીડ્યાં હો સેવક સાધાર;
ભાવઠિભંજનૈ ભય હરૈ ભવસાયર હો ઉત્તારઈ પાર. સં૦ ૩૦
અહનિસિ સેવું સાહિબો ધરિ મનમાં હો પ્રભુ તાહરો ધ્યાન;
અહનિસિ સૂતાં જાગતાં ગુણ ગાવું હો જિન તાહરા ગાન. સં૦ ૩૧
અષ્ટ મહા ભય દૂરૈ કરેં પૂરઈ મનની હો વંછિત આસ;
ઋદ્ધિ વૃદ્ધિ સુષ સંપદા મુઝ દીજૈ હો સંષેસર પાસ. સં૦ ૩૨
ઇહભવિ પરભવિ માહરઈ પરમેસર હો તું પ્રાણ આધાર;
બાલક જાંણી આંપણો સુખ દીજૈ હો સેવક સાધાર. સં૦ ૩૩
દિન દિન દોલત દીજીઇ વલી દીજૈ હો સમકિત દાન;
બુધ ચારિત્રસાગર ગુરૂ શિષ્ય વીનવઇ હો પ્રભુ ઇમ કલ્યાણ. સં૦ ૩૪

કલશ.

ઇમ ગામિ ઠામિં પાસ નામિં નગર તીરથ જગધણી,
જિન નાંમ જાણી ભાવ આણી પાસ પડિમા મૈં થુણી;
તપગચ્છદીપક મોહજીપક વિજયપ્રભસૂરીસરો,
બુધ ચારિત્રસાગર શિષ્યસેવક 'કલ્યાણસાગર' જયકરો. ૩૫

॥ अर्हम् ॥

पं०–सौभाग्यविजयविरचित

तीर्थमाला.

દૂહા.

આણંદદાઈ આગરેં પ્રણમું પાસ જિણંદ;
ચિંતામણિ ચિંતાહરણ કેવલજ્ઞાન દિણંદ. ૧

સમરૂં સારદસામિનિ જિનવાણી સુષદાય;
જાસ પ્રસાદ કવિયણતણી વાણી નિર્મલ થાય. ૨

પ્રણમિ શ્રીગુરૂચરણયુગ આણિ અધિક ઉલ્હાસ;
તીરથમાલ પૂરવતણી કરસ્યેં વચન વિલાસ. ૩

જિહાં જિહાં શ્રીજિનરાજનાં કલ્યાણક કહેવાય;
નિજ નયણે નિરષ્યાં જિકે દેશ ગાંમ નેં ઠાય. ૪

કહિસ્યું તે સઘલાં જિકે સુણજ્યો ચતુર સુજાણ;
સુણતાં તીરથમાલનેં જનમ હુવે સુપ્રમાંણ. ૫

॥ ઢાલ ૧ ॥

સુગુણ સનેહી મેરે લાલા, એ દેશી.

અધિક પ્રતાપિ આગરેં સોહેં શ્રીચિંતામણિ જનમન મોહેં;
સંવત સોલસેં ઓગણચ્યાલીસઈ શ્રીગુરૂ હીરવિજઈ સુજગિસઈ. ૬

કીધી પ્રતિષ્ટા પાસજિ સાર ષરચેં ધન સાહ માનસિંધ ઉદાર;
તે ચિંતામણિ પાસજિ સ્વામી વંદ્યા આગરેં આણંદ પામી. ૭

ચોમુષ મહીયલમાંહિં પ્રસિદ્ધો ચંદ્રપાલ સંઘવિયેં કીધો;
શ્રીસીમંધર વંદુ પાયા હીરાનંદ મુકીમ ભરાયા. ૮

સંકટભંજન પાસ બિરાજે તગાતણી બાજારેં છાજેં;
મોતિકટકલેં બંદઓ પાયા વાસુપૂજ્ય જિનવર મન ભાયા. ૯

ઇમ દેહરાસર દેહરાં સાર વંદ્યાં બિંબ અનેક પ્રકાર;
કરિ ચોમાસા આગરામાંહિં પૂરવ દેષણ મન ઉચ્છાહિં. ૧૦

પંચકલ્યાણક ભૂમિ વંદીજે અલજયો ચિંતજો દરશણ કીજેં;
ગીતારથ ગુરૂ પુસ્તક ભાષી તે જોવા મન થયો અભિલાષી. ૧૧

કર્યો ચોમાસો સત્તર છયાલિસે શ્રીવિજયપ્રભ ગુરૂ આદેસઇં;
આગરાથી શુભદિન સુભવાર જમુનાં ઉત્તરી આવ્યા પાર. ૧૨

પાતિસાહી મહિમાઇં જાણ્યો તપગચ્છ પોષધશાલ વષાણ્યો;
દેહરાસરના દેવ જુહારી પીરોજાવાદ આયા સુષકારી. ૧૩

તિહાંથી દક્ષણદિશિ સુવિચારી ગાઉ એક ભૂમિ સુષકારી;
ચંદવાડિમાંહેં સુષદાતા ચંદ્રપ્રભ વંદો વિખ્યાતા. ૧૪

સ્ફટિક રતનની મૂરતિ સોહેં ભવિજનનાં દીઠાં મન મોહેં;
તે વંદી પીરોજાવાદ આવ્યા જાણી મન આલ્હાદ. ૧૫

તિહાંથી છ કોસ સકુરાવાદ જિહાં શ્રાવકના ધવલ પ્રાસાદ;
કોરટા જિહાંનાવાદ વિચારો ઇહાં સમવાય દિગંબર ધારો. ૧૬

તિહાંથી કડા માણકપુર કહીજે અંતરાલિ ગંગાજી વહીજેં;
જયચંદ પાંગુલો રાજા પ્રસિદ્ધો કોટ સબલ કડામાંહિ કીધો. ૧૭

દારાનગર સાહિજાદપુર આયા દેષી શ્રાવક ગુરૂ મન ભાયા;
ગંગાજી તટ નગરી વિશાલ પણિ એક ષોટિ નહિં પોસાલ. ૧૮

કોઈ કુમતિ રહ્યો તિણ ગામઇં સબલ ઉપાધિ કરી તિણ ઠાંમઇં;
લાલચી અધરમી અરીત ઉપાસિરાની કરાવી મસીત. ૧૯

દૂહા.

નગર ભલા શ્રાવક ભલા ધર્મવંત સુવિચાર;
એક ધર્મશાલા વિના કઠિન ધર્મ વ્યવહાર. ૨૦

તે જાંણી શ્રાવક સુણો દો વસતિનો દાંન;
કલ્પસૂત્રમાંહે ભાષીઓ વસતીદાંન સુપ્રધાંન. ૨૧

॥ ઢાલ ૨ ॥

બહિનિ રહિ ન સકિ તિસેં જિ, એ દેશી.

સાહિજાદપુરથી સુણો જી દક્ષણ દિશિ સુષકાર;
મહુઆ ગાંમ વષાંણીઈં જી ત્રિણ કોશ ઉદાર રે. ૧

પ્રાણી વાણી શ્રીજિન સાર, પુંહચાડે ભવપાર રે. પ્રા૦-આં.

જિનવર દોય જૂના હતા જી હિવેં તે ઠામ કહેવાય;
મૃગાવતી કેવલ લહ્યો જી વલિ સુચરણ નમાય રે. પ્રા૦ ૨

ચંદનબાલા પણ લહે જી નિરમલ કેવલનાણ;
તિહાંથી નવકોસેં હુવે જી નયરી કુસંબી ઠાંણ રે. પ્રા૦ ૩

જમનાતટિ ઉપરિ વસઈં જી જનમપૂરી જિનરાજ;
પદ્મપ્રભુ તિહાં અવતર્યા જી તિણેં કોસંબી કહે આજ રે. પ્રા૦ ૪

જીરણ છે જિનદેહરો જી પ્રતિમા સુંદર સાજ;
ચંદનબાલા પણિ ઈહાં જી બાકુલ દીધા છાજ રે. પ્રા૦ ૫

વૃષ્ટિ બાર કોડહતાણી જી સોવન કેરો રે જાંણ;
ઋષિ અનાથી રૂઅડો જી ઇણ કોશંબી વષાંણ રે. પ્રા૦ ૬

નયણ વેદના જેહનેં જી રહીય છમાસી રે સીમ;
વયરાગેં સંયમ લીયો જી વેદન મિટિયાં તેમ રે. પ્રાં૦ ૭

શ્રેણિક રાજા પાંમિયો જી પહેલો સમક્તિ સાર;
એ મુનિદર્શન દેષીનેં જી સફલ કીયો અવતાર રે. પ્રા૦ ૮

તે તીરથનેં ભેટીનેં જી આવ્યા ઉલટ અંગ;
સાહિજાદપુરથી હિવેં જી પુરૂષ દેષણ રંગ રે. પ્રાં૦ ૯

દૂહા.

સાહિજાદપુર નગરમાં વંદ્યાં બિંબ ઉદાર;
નિત પૂજેં જિનરાજને પૂરણુમલ્લ સુવિચાર. ૧
આગરાનગરથી માંહિને સાહિજાદપુર તાંહિં;
ઓસવાલ શ્રાવક નહિ કોઇ મારગમાંહિ. ૨

॥ ઢાલ ૩ ॥

કપૂર હોઇ અતિ ઉજલું રે, એ દેશી.

પનરકોસેં પરગડો રે તીર્થ પ્રયાગ પ્રસિદ્ધ;
જવન અકબર પાતિસા રે ઇલ્લાવાસ નાંમ કિદ્ધ રે. ૧
સગ્યાનિ, ધરિ જિન વચન પ્રતીત; એ સમકિતની રીત રે;
પ્રાંણી ધરિ૦ સ૦ ૨
અરણિકાપૂત્ર નાંમ જાંણજો રે આચારજ ગુણધાર;
પુફચૂલા વચનેં કરી રે ઉતરેં ગંગાપાર રે. સ૦ ૩
પૂરવભવના વયરથી રે દેવ કરે ઉપસર્ગ;
કેવલ સમભાવેં લહેં રે સુષ પામેં અપવર્ગ રે. સ૦ ૪
તે દિનથી મહિમા વધ્યો રે એ તીરથનો ઉદાર;
ગંગા જમુના સરસતી રે ત્રણ્યેં મલિ જિહાં ધાર રે. સ૦ ૫
એ અધિકારહ જાણજો રે પરિશિષ્ટપર્વ મઝાર;
ઉપદેશમાલાઇં કહ્યો રે એ મોટો અધિકાર રે. સ૦ ૬
મકરસુરજેં નાહેં ઘણા રે મિથ્યાતિ મન ભાય;
કુગુરૂ કુદેવેં ભોલવ્યા રે કાપે ગલાં તિણેં ઠાય રે. સ૦ ૭
ત્રિવેણી સ્નાંને કરી રે માનેં પવિત્ર શરીર;
અંતરંગ મલ નવિ ટલેં રે નાહ્યાં નિર્મલ નીર રે. સ૦ ૮
અષયવડ છેં તિહાં કનેં રે જેહની જડ પાતાલ;

તાસતલેં પગલાં હુતાં રે ઋષભજીનાં સુવિશાલ રે. સ૦ ૯
શ્રીઆદિસર પારણો રે વડતલેં કીધો પ્રેમ;
ગીતારથ વચનેં સુણ્યો રે નિશ્ચેં કહીઇં કેમ રે. સ૦ ૧૦
સંવત સોલ અડતાલિસેં રે અકબર કેરે રાજ;
રાયકલ્યાંણ કુબુધિઇં રે તિહાં થાપ્યા શિવસાજ રે. સ૦ ૧૧
તે દિનથી માંડિ કરી રે પૂજેં મિથ્યાતિલોક;
તે થાંનક અવરંગના રે રાજ્યમાંહિં થયો ફોક રે. સ૦ ૧૨
એહવા પ્રયાગનેં દેખિનેં રે આવ્યા ગંગા પાર;
ઝૂસીને ઘાટેં ચડી રે કાસીનિ સુવિચાર રે. સ૦ ૧૩
દેશ ભલા હોય વાટમાં રે વિષમ વડો એ દેશ;
નિવડ રાગ નેં દ્વેષથી રે જેહવો ગ્રંથી પ્રવેશ રે. સ૦ ૧૪
કોસ ચ્યાલીસ પ્રયાગથી રે વાણારસી વિષ્યાત;
અંતરાલ એ દેશની રે થોડિસી કહી વાત રે. સ૦ ૧૫

દૂહા.

દેષ્યો નગર સુહામણો વાણારસી વિલાસ;
ધવલ ગેહેં વષાંણના ઉંચા અતિ વિશેસ. ૧
તિણ નગરિ ભેલુપુરો તિહાં ભાટનાં ગેહ;
પ્રતિમા પાસ જિણંદની પૂજો પૂરણ નેહ. ૨

॥ ઢાલ ૪ ॥

મોરા સાહિબ હો શ્રીશીતલનાથ કે; એ દેશી.

એક વરણા હો દુજી આસા નાંમ કેં હોય નદિ મધ્ય ભાગમેં જી;
વસી વારૂ હો નગરીનો નાંમ કેં દીધો વાણારસી રામીઇ જી. ૧
ષટ દરસન હો જે કહિયેં ભાષિ કેં તે સઘલા તિહાં પાઇએં જી;
પાષંડી હો મુંડી જટાધાર કેં ગંગાતટ નિત નાહિયેં જી. ૨

શિવસેવક હો સેવેં શિવલિંગિ કેં વેદાંતિ બ્રહ્મા વસેં જી;
બુદ્ધિહિતા હો બોધમતની વાત કેં કરતા નેહચાયક ભજેં જી. ૩
મીમાંસક હો માનઈં ષટકર્મ કેં ભરમ ભર્યાં માંહિં કરેં જી;
સહુ દરસણ હો માંહિં નિરદોષ કેં જે નિત ભવસાયર તરેં જી. ૪
હરિહર હો કરતા જલ સ્નાંન કેં પૂજા કરેં શિવલિંગની જી;
વલી ચઉમુષ હો બ્રહ્મા નેં ગણેશ કેં કાંમિનિ સહુનેં સંગનિ જી. ૫
કાસીમાંહિં હો વાસી જે કાગ કેં મૂઓ મુગતિ પાંમેં સહી જી;
ઇત્યાદિક હો મિથ્યાત્વીની વાત કેં કલિયુગ તિણ નગરી લહી જી. ૬
જિહાં જનમ્યા હો શ્રીસુપાસ નેં પાસ કેં કલ્યાણક જિનરાજનાં જી;
થયાં ઇણ પુરેં હો તિણે ભણિયેં પવિત્ર કેં ફરસે જે જિનરાજનાં જી. ૭
એ તીરથ હો હતો જૈનનો જાંણ કેં કાલેં મિથ્યાત્વ વધ્યો ઘણો જી;
જિનધર્મના હો નિંદક બહુ લોક કેં ગુણઠાણું પહેલું ગિણો જી. ૮
ઇણ નગરી હો રાજા હરિચંદ કેં વાચાપાલણ પ્રેમસ્યું જી;
પાંણી ભરિઓ હો ચંડાલનેં ગેહ કેં ચૂકો ન આપણા નીમસ્યું જી. ૯
કાસીથી હો ત્રિણ કોસ સાર કેં સોહેં તે સીહપુરી ભલી જી;
જિહાં જનમ્યા હો શ્રીશ્રેયાંસજિણંદ કેં પગલાં પૂજેં મન રૂલિ જી. ૧૦
તિણ પાસેં હો ચંડમાધવ નાંમ કેં કહેં પ્રથમ ગુણઠાંણિઈં જી;
તિણેં ઠાંમેં હો ચંદ્રપુરી નાંમ કેં જનમ ચંદ્રપ્રભ જાણીઈં જી. ૧૧
તીરથની હો ફરસીઈં ભૂમિ કેં ગંગાપારેં આવિયા જી;
કુશલેસ્યું હો પુંહતા પરસિદ્ધ કેં કર્મનાસા તટ પાવિયાં જી. ૧૨
મિથ્યાત્વી હો તિણેં તટનિ તોય કેં પગ બોલેં નહિં કો કદા જી;
કહે જલનો હો પરસંગ પ્રમાણ કેં તીરથ હોવે વિરથા સદા જી. ૧૩
તિહાંથી હો સહસરા ગાંમ કેં સબલ તલાવ છે સોહતો જી;
થયો સેરસા હો પાતિસાહ પઠાણ કેં તાસ જનમ ઠાંમ એ હુંતો જી; ૧૪
અનુક્રમેં હો સોવન નદિ ઘાટ કેં વાટવહેં પટણાતણી જી;

જિહાં વીરનો હો વલગો રહ્યો વસ્ત્ર કેં સ્વર્ણવાલકા તે ભણી જી. ૧૫
વડ વિસ્તારેં હો નદિનો પાટ કેં ત્રિણ કોસ થકો તદા જી;
એક વાટેં હો ગયા દિશિ જાય કેં અટવિ દુષદાયક સદા જી. ૧૬

દૂહા.

કોસ એંસી કાશી થકી પટણો લોકપ્રસિદ્ધ;
પાડલિપુર વર મૂલગો નામ ઉદાઈ કિદ્ધ. ૧

॥ ઢાલ ૫ ॥

દાન કહે જગ હું વડો, એ દેશી.

ઉતપતિ પટણા નગરની સુણજો શાસ્ત્ર મઝાર, હો સુંદર;
શ્રેણિકપુત્ર કોણિકતણો રાજ્ય ચંપામાં સાર હો. સુંદર૦ ૧

સુણજો સુગુરૂ વાંણી સદા આંણી ભાવ ઉદાર હો; સું૦
ગુરૂ વિના ગ્યાન ન પાંમીઇં છેં ગુરૂ ગ્યાન દાતાર હો. સું૦ સુ૦ આં૦૨

નાંમ ઉદાઈ રૂઅડો કોણિકનો અંગજાત હો; સું૦
તાતમરણથી મન વિષઇં રાજ્ય તિહાં ન સુહાત હો. સું૦ સુ૦ ૩

મંત્રીસર રાય વીનવ્યો કરો નવનગરી મંડાણ હો; સું૦
ગંગા તટ જોતાં થકાં આયા સેવક રાય આણ હો. સું૦ સુ૦ ૪

અરણિકાપુત્રની ષોપરી વહતી ગંગા વાર હો; સું૦
તિણમેં પાડલી નીપની તે દેષી નિરધાર હો. સું૦ સુ૦ ૫

મન્ન કીઓ મંત્રીસરૂ ઇણે તટ કીજેં વાસ હો; સું૦
પાડલી ફૂલી પરગડી ઉદય હોસ્યેં ઉલ્લાસ હો. સું૦ સુ૦ ૬

નગર વસાવ્યો રૂઅડો રાજા પ્રસન્ન કાજ હો; સું૦
પાડલીપુર નાંમ થાપીઓ પટણો પ્રસિદ્ધ છેં આજ હો. સું૦ સુ૦ ૭

પ્રથમ રાજા એ નગરમાં હુઓ ઉદાઈ ઉદાર હો; સું૦
હેમાચાર્ય ઉપદેશથી પરિશિષ્ટપર્વ મઝાર હો. સું૦ સુ૦ ૮

તદનંતર નવનંદ હુઆ ઇણ નગરીમાં રાય હો; સું૦
લોભાલોભ લાગા થકા ધન કીધા ઇક ઠાય હો. સું૦ સુ૦ ૯

ચંદ્રગુપતિ પણ ઇહાં થયો મંત્રી ચાણાયક જાસ હો; સું૦
શ્રાવક શુદ્ધસમકિત ધરેં ચિત જિનધર્મ પ્રકાસ હો. સું૦ સુ૦ ૧૦

દોઈ દેહરાં થાં નગરમાં એક વેગમપુર સાર હો; સું૦
થૂભ હુતો ગુરૂ હીરનો છેં પગલાં સુષકાર હો. સું૦ સુ૦ ૧૧

પંચ પહાડિ પરગડી જિહાં છેં ઇંટની ખાંણ હો; સું૦
તેહનેં ગુરૂમુષ સાંભલી નંદ પહાડિ જાંણ હો. સું૦ સુ૦ ૧૨

સેઠ સુદર્શન તિહાં થયો કેવલજ્ઞાન ઉદાર હો; સું૦
ઉપસર્ગ અભયાઇં કીયો સહિયો ષિમાભંડાર હો. સું૦ સુ૦ ૧૩

તિણ થાનકમાં થૂભ છેં નમિઇં મન વચ કાય હો; સું૦
પૂજો પગલાં પ્રીતિસું કેવલજ્ઞાનની જાય હો. સું૦ સુ૦ ૧૪

થૂલિભદ્ર પણ ઇણ પુરી અવતરિયા બ્રહ્મચાર હો; સું૦
કોશ્યા પ્રતિબોધી ભલી કીધી શ્રાવિકા સાર હો. સું૦ સુ૦ ૧૫

ઇમ અનેક ઇહાં હૂઆ પુહવી પુરૂષ વિખ્યાત હો; સું૦
હિવેં કહસ્યું સમેતશિષરની જાત્રા જાવાની વાત હો. સું૦ સુ૦ ૧૬

શ્રાવક પટણા નગરમાં ધરમી નેં ધનવંત હો; સું૦
સામગ્રિ દીઇં પંથની સાધુ સેવા કરેં સંત હો. સું૦ સુ૦ ૧૭

દૂહા.

પટણાથી એક પૂર્વદિશેં દૂજી દક્ષણ વાટ;
જે દક્ષિણ દિશિ પંથ છેં તિહાં વિષમા છે ઘાટ. ૧

પહેંલી પૂરવની કહું વાત વાટની જેહ;
સુણજો આલસ છોડિને આણી અવિહડ નેહ. ૨

ત્રિણ કોસેં પટણાથકી ફતુઓ નગર સુઠાંમ
દિગપટ સામગ્રી તિહાં સહૂ પામેં વિસરાંમ. ૩

॥ ઢાલ ૬ ॥

મંગલ કમલાના કંદની, એ દેશી.

પટણાથી કોસ પંચાસ રે વૈકુંઠપુરી સુભ વાસ રે;
શ્રાવક સેવેં જિનરાજ રે દેહરાસર વંધા પાજ રે. ૧

તિહાંથી દશ કોસેં જાણુ રે ગામ નામેં ચાડ વષાણુ એ;
ભગવંતદાસ શ્રીમાલ રે નિત પૂજા કરેં સુવિશાલ રે. ૨

દેહરાસર દેવ જુહાર રે વલી રયણની પ્રતિમા નિહાર રે;
વંદી જિનજીના પાય રે જસ વંધાં શિવસુષ થાય રે. ૩

ગંગાજીનેં મધ્યભાગ રે એક ડુંગરી દીસેં ઉદાર રે;
તિહાં દેહરી એક પવિત્ર રે પ્રતિમા જિન પ્રથમની નીત્ત રે. ૪

કહેં અષ્ટાપદની રીત રે ગંગા મધ્ય થઇયેં પ્રતીત રે;
મિથ્યાતિ સ્નાંન વિચાર રે માંને ઉરવાહેં નિરધાર રે. ૫

તિહાંથી દક્ષિણ કોસ ત્રીસ રે જિહાં વૈજનાથ છેં ઈસ રે;
કાવડિયા ગંગા નીર રે લે ઢાઈ લેઇ શરીર રે. ૬

તે જિહાં ગિરાંથી જબ જાય રે દશ કોશે મારગ થાય રે;
ચંપા ભાગલપુર કહેવાય રે વાસપૂજ્ય જનમ તિહાં ઠાય રે. ૭

ચંપામાં એક પ્રાસાદ રે શ્રીવાસપૂજ્ય ઉદાર રે;
પૂજ્યા પ્રભુજીના પાય રે કીધી નિજ નિર્મલ કાય રે. ૮

ચંપા ભાગલપૂર અંતરાલ રે એક કોશતણો છે વિચાલ રે;
વીચેં કરણરાયનો કોટ રે વહે ગંગાજી તસ ઓટ રે. ૯

કોટ દક્ષિણ પાસ વિશાલ રે જિહાં જિન પ્રાસાદ રસાલ રે;
મોટા દોઈ માણકથંભ રે દેષી મન થયો અચંભ રે. ૧૦

તિહાંના વાસી જે લોક રે બોલેં વાણી ઈંહાં ઇમ ફોક રે;
એ વિષ્ણુપાદુકા જાણુ રે અતિ જીરણ છેં કમઠાંણ રે. ૧૧

તિહાં થંભની ઠામ હોય રે પંચ કલ્યાણક જિન જોય રે;
ઉદ્ધાર થયા ઇણે ઠામ રે કહિઇં કિણ કિણરા નાંમ રે. ૧૨

ઇણ નગરી સુદર્શન સાર રે રહ્યા પ્રતિમા કાઉસગ્ગ દ્વાર રે;
અભયાદાસી લેવાય રે રાણીને દેં મન લાય રે. ૧૩

ન ચલ્યો બ્રહ્મચારિ ચિત્ત રે રાખી જગમાંહિ કિત્ત રે;
સૂલી સિંહાસન થાય રે રાજાદિક પ્રણમેં પાય રે. ૧૪

થઇ સતી સુભદ્રા નારી રે ઉઘાડ્યાં ચંપા બાર રે;
ચાલણિઇં કાઢ્યો નીર રે ઇણ ચંપા નગરી ધીર રે. ૧૫

ચંદનબાલા ઇણ ગાંમ રે જનમિ નિર્મલ પરિનાંમ રે;
ઇમ હુઆ અનેક ઉદાર રે ધર્મિં ઇણ નગર મઝાર રે. ૧૬

ચંપાથી દક્ષિણ સાર રે ગિરિમક્ષૂદા નામ મંદાર રે;
કોશ સોલ કહેં તે ઠાંમિ રે તિહાં મુક્તિ વાસપૂજ્ય સ્વાંમિ રે. ૧૭

પ્રતિમા પગલાં કહિવાય રે પણિ યાત્રા થોડા જાય રે;
એહવી વાંણી વિખ્યાત રે કહેં લોક તે દેશી વાત રે. ૧૮

તે તીરથ ભૂમિ નિહાર રે આયા ભાગલપુર સુવિચાર રે;
જયવંતા તિહાં ઓસવાલ રે માનેં ષટ્દર્શન પ્રતિપાલ રે. ૧૯

દિગંબર શ્રાવક સાર રે દેહરાસર દેવ જુહાર રે;
વયરાડી છેં ગાંમ પાસ રે ભાગલપુરને ઉલ્લાસ રે. ૨૦

એક દેવલ તેણેં ગાંમ રે હતો હમણાં છેં તે ઠાંમ રે;
તિહાંથી ચાલ્યા ચિત્તચંગ રે હિવેં આવ્યા તે દેશજ બંગ રે. ૨૧

બંગાલો છેં લોક પ્રસિદ્ધ રે જિણેં દેશે છેં બહુલિ ઋદ્ધિ રે;
નવલાષ છેં કામરૂ દેશ રે એક દ્વાર ગલી છઇં પ્રવેશ રે. ૨૨

બંગાલેં લોક કંગાલ રે મુંહ કાલા નેં દાંત લાલ રે;
ઉંચ નીચ વિણ સ્નાંન રે ન કરેં કોઈ જલપાંન રે. ૨૩

બંધ કોષ્ઠ રોગ નિરધાર રે કહો કિણિપરેં હોવેં કરાર રે;
મલશ્રાવ સમય કરેં જેહ રે વાત કહે કેં કેંહી તેહ રે. ૨૪

માટી પીંડી પાંચ સાત રે મલદ્વાર પ્રવેશ વિખ્યાત રે;

ઉભા થઈ કૂટે પેટ રે એ વાત દેષી નિજ દ્રેઠ રે. ૨૫

કહેં ગોરષનાથ સરાપ રે દીધો ઇણે દેશેં આપ રે;
ન વિચારેં કર્મ કુરીત રે કહેં બંગાલેં એ રીત રે. ૨૬

ત્રસજીવ કરેં તે જુક્ત રે ઉપજેં અંબફલ અયુક્ત રે;
ઘર ઘર વાડી વિસ્તાર રે દેષ્યો તે બંગાલેં ઉદાર રે. ૨૭

રાજમહલ આયા આનંદ રે શ્રાવક ગૃહેં વાંધા જિણંદ રે;
તિહાંથી મજલ ચિહું થાય રે નાંમ મક્ષુદાબાદ કહેવાય રે. ૨૮

રેસમ ઉપજેં જયું સૂત રે કીડાનેં ચરાવેં તૂત રે;
કીડા કરેં ઓગાલ રે બંગાલેં એહવી ચાલ રે. ૨૯

દેશ દેશના આવેં લોક રે આવી વસ્યા વારૂ થોક રે;
બ્રાહ્મણ નેં ક્ષત્રી વૈશ્ય રે સૂદ્ર એ ચારેં નિવેશ્ય રે. ૩૦

ગંગાજી ફિરતિ ફેર રેં વન વાગ ભલા ચોફેર રે;
કોટીધ્વજ કેઈ સાહ રે રેસમીની કોઠી ઉચ્છાહ રે. ૩૧

વર્ણવતાં વાધેં વાત રે સહુ જાણેં તેહની ખ્યાત રે;
છપ્પરની છાયેં છાંન રે વાસણ ઉપજેં ભલેં વાંન રે. ૩૨

દૂહા.

કોસ દોઢસો જાણજો પટણાથી એ ગાંમ;
સેયંવરા આસંવરા સહુ રહેં એક ઠાંમ. ૧

જિણ ગામેં જિનરાજનેં શ્રાવક સેવેં નિત્ત;
ગુણવંતા ગુરૂની ભગતિ કરેં ઉદારહ ચિત્ત. ૨

॥ ઢાલ ૭ ॥

બિંદલીની દેશી

મક્ષુદાબાદ મઝાર શ્રાવક સઘલા સુષકાર હો;
સુંદર, સુણજયો જી ઓસવંશ સિરદાર
દાની ષડગવંશ ઉદાર હો. સું૦ ૧

વીર ધીર વિખ્યાતા ધરમિ નેં સુપાત્રે દાતા હો; સું૦
વંદ્યા શ્રીગુરૂના પાય હરખ્યા ઘણું હીયડામાંહિં હો. સું૦ ૨

યાત્રાઇં ગુરૂજી પધારો મન ચિંત્યાં કારિજ સારો હો; સું૦
સામગ્રી મારગ કેરી જોઇઇ તે દીધી ભલેરી હો. સું૦ ૩

મક્ષુદાબાદથી આવ્યા કાસમબાજારેં ભાવ્યા હો; સું૦
ભાગીરથી તિહાં ગંગા વહેં પશ્ચિમ દિશિ મન રંગા હો. સું૦ ૪

તિહાં જિણહર એક વિશાલ વંદ્યા પ્રભુ ચરણ રસાલ હો; સું૦
તિહાંથી મારગ દોય થાઇં એક વર્દ્ધમાન થઇ જાઇં હો. સું૦ ૫

શૂલપાંણુ જક્ષ ઠાંમ જસ કહેતા અસ્થિગ્રાંમ હો; સું૦
અબ વર્દ્ધમાંન વિખ્યાતા જાંણે એ કેવલી વાતાં હો. સું૦ ૬

દૂજેં પંથેં ગિરિરાજ જાતાં વીરભૂમિનો રાજ હો; સું૦
વીર હુંતો જમીદાર તસ નામેં દેશ વિચાર હો. સું૦ ૭

તે દેશનો ધણી છેં પઠાંણ ન્યાયી નિં નિપટ સુજાંણ હો; સું૦
બકલેસર ઇશિનો ઠાંમ ઉષ્ણકુંડ ઘણા તિણેં ગાંમ હો. સું૦ ૮

કૌતિક જોઇ દિલ ભાયા અનુક્રમેં પંચેંટે આયા હો; સું૦
ગિરતટ વાસ વિરાજેં રાજા ગરૂડનારાયણ રાજેં હો. સું૦ ૯

એ શિષર ભૂમિ કહિજેં તે દેશનો નાંમ લહિજેં હો; સું૦
પર્વત ઉપર અતિચંગ દેવલ રઘુનાથજીનો રંગ હો. સું૦ ૧૦

કુંડ ઘણા જલકેરા જિહાં વન વાંનરના વસેરા હો; સું૦
લહિ તે રાજા આદેશ રઘુનાથ પૂરે સુવિશેશ હો. સું૦ ૧૧

બિંદા નગરી ચલિ આયા દેખ્યા દેવલ મન ભાયા હો; સું૦
જીરણબિંબ પૂજી વંદ્યા જિનજી દેષી આનંદ્યા હો. સું૦ ૧૨

નદી દામોદર બીચ નિર્મલ પાંણિ નહિં કીચ હો; સું૦
ઝરીઇં સંઘ આયા ચાલી વલી માટસરો રહ્યો ષાલી હો. સું૦ ૧૩

વિકટ મારગ વનજાલ પિણ ડર ભય નહિં વિચાલ હો; સું૦
તે પ્રભુનો પરતાપ કરત સમેદાચલ જાપ હો. સું૦ ૧૪

ઝરીઈ વન વૃક્ષ ઝાઝા રઘુનાથસિંઘ મહારાજા હો; સું૦
સોમદાસ ગુણગ્રાહિ સંપતિ સારૂં રહિ હો. સું૦ ૧૫
જર જાતિ તિહાં દીવાણ ભર બેસેં સભા મંડાણ હો; સું૦
જાત્રે જે કોઇ આવેં અદ્ધોં લેઇ આગે બોલાવેં હો. સું૦ ૧૬
ભીંતરિ લેવે રાજા મુંડકાથિ હોવેં તાજા હો; સું૦
વિચમેં ફિરેં રે દલાલ શ્રાવકસેં કરેં લાલપાલ હો. સું૦ ૧૭
પારસનાથના પાલ્યા અમે છું પ્રભુના રખવાલા હો; સું૦
સંઘ લેઇ તુમેં આવ્યા દ્યો અમને જે કંઈ લાવ્યા હો. સું૦ ૧૮
કતરાસું આવ્યા ઉલ્લાસ તિહાં તીરથરાયનો વાસ હો; સું૦
કૃષ્ણસિંઘ નામે રાજા પરતાપી સબલ દિવાજા હો. સું૦ ૧૯
કહે રાજા કિરિયા કીધી યાત્રા દેષી મનસા સીધી હો; સું૦
તીરથ એ પવિત્ર તુમારો સમ્મેદશિષર જુહારો હો. સું૦ ૨૦
હમ સેવક એ તીરથના તિણ કારણ કીજેં જતના હો; સું૦
અમ હાસલ દીજેં દાંણ અવરાંસું નહિં તાંણ હે. સું૦ ૨૧
દીઈં સેવક સબલ સનૂરા સાથે ચોકિ નેં પૂરા હો; સું૦
સાતજ કોશ ગિરિરાજ થાઈં તિહાંથી ગરિબનિવાજ હો. સું૦ ૨૨
તલહટિઈં ગામનો વાસ રઘુનાથપુરો છે ષાસ હો; સું૦
મોટો વડ ડાલ વિશાલ તિહાં જઇ ઉતરે સંઘ રસાલ હો. સું૦ ૨૩
આવ્યા તિણેં ગાંમ ઉલ્લાસે તિહાંથી ગિરરાજ છેં પાસે હો; સું૦
કોસ દોય વલી કહેવાય સરષી ધરણીની જાય હો. સું૦ ૨૪
રહ્યા એકદિન તિણેં ગાંમે સહુ ધરમી શુભ પરિણાંમે હો; સું૦
તન વસન પવિત્ર કરીજેં ડુંગર ચઢવા મનડું કીજેં હો. સું૦ ૨૫
પૂજાની સામગ્રી સાર કરી અષ્ટ પ્રકારી વિચાર હો; સું૦
નૈવેદ્ય નવનવિ ભાંતે શુદ્ધ કિરીયાસું કરિ ષાંતે હો. સું૦ ૨૬

દૂહા.

વસંત રાગે.

દેષ્યો ડુંગર નયનભરી હુઓ હર્ષ અતિ જોર,
જું પાવસ ઋતુ દેષીને મુદિત હોઇ મન મોર.. ૧

ધન્ય દિવસ ધન્ય એ ઘડી દેખ્યો શ્રીગિરિરાજ;
સુણતાં ગુરૂમુખ શાસ્ત્રમાં પાયો પરતષિ આજ. ૨

॥ ઢાલ ૮ ॥

રામચંદકે બાગ ચંપા મોર રહ્યો રી; એ દેશી.

તિણ દેશમેં માસ વસંત આયો સબ મન ભાયો;
ફૂલી ફલી વનરાય મલયપવન પણ વાયો. ૧

અંબ કદંબ તમાલ સરસ ફૂલની વાસા;
માંજર દેષી મનમાંહિ કોયલ બાંધી આસા. ૨

કટહલ વડહલ નાંમ રાયણ રૂડાં કેળાં;
વડ પીંપલ વિસ્તાર ચારોળીસું ભેલાં. ૩

વંશજાલ કચનાલ નાલેરી જંભિરી;
પૂગી કરણા રંગ લાંબી સરલ ખજૂરી. ૪

તાડ ચંપક ને અશોક ફૂલ્યા લાલ પલાસા;
અષરોટ અવલ અનાર કેતકી ફૂલ સુવાસા. ૫

મોગરો માલતિ જાય દમણો મરૂઓ જાંણો;
લાલ ગુલાબ સુવાસ સેવંત્રી સેત વષાંણો. ૬

મલયાચલ મચકુંદ ચંદન વાસ ભલેરી;
સરલ સાગ નેં સાલ ધવલ ખદરી નેં ગંગેરી. ૭

આંબલી લીંબુ રસાલ વેલ કોઠફલ સોહેં;
વનરી એ ઇહ ભાંતિ દેષી જન મન મોહેં. ૮

હાથીની ઉતપત્તિ પહિલી ઇણ ગિર સુંણિઇં;
યે દીઠો પરતષિ વાત તાસ હિવઇ ભણિઇં. ૯

વાઘ વડા વિકરાલ વલી વાનરના ટોળા;
સાંમરસીંગા જીવ હિરણ રોઝ ફરેં દોલા. ૧૦

આરણા ભેંસા અ[illegible] ગેંડા ગજસમ સોહેં;

જરષ રીંછ નેં પાઢ ઇણુકો જ્ઞાંન ન કોહેં. ૧૧

ધન પસુ પંષી તેહ જે સેવેં ગિરિરાજા;
લહિસેં સુગતિ સૂં દેસ મહિમા એહના તાજા. ૧૨

ધન માંનવ અવતાર ધન આરિજ કુલ આયો;
ધન જિનધર્મ પ્રભાવ ધન તીરથ મેં પાયો. ૧૩

દૂહા

ઇણુપરિં તલહેટીતણા કીયા વષાંણુ અનેક,
હિવેં સુણજ્યો ગિરિ ઉપરેં ચઢવાતણી સુવિવેક. ૧

॥ ઢાળ ૯ ॥

રસિયાની દેશી.

ચોષો ચિત્ત કરિ ચઉવિહ સંઘસોં ચઢિયા શ્રીગિરિરાજ; સનેહી,
મંનડો વિકસ્યો તન મન ઉલસ્યો જનમ સફલ થયો આજ. સ૦
હું બલિહારી હો સમ્મેતશિષરકી સિદ્ધા વીસ જિણંદ એ આંકણી.સ૦૧

કેવલી કોડ અસંખ્ય મુનીશ્વરૂ પામ્યા શિવપુર વૃંદ; સ૦
દર્શન પરસન એ તીરથતણો આપેં પરમાનંદ. સ૦ હું૦ ૨

નીઝરણેં ઝરણેં પાંણી ઝરેં સંઘ ઊતરે વૃક્ષની છાંહ; સ૦
ઉપરી સીતા નામ નાલો વહેં શીતલપાણી છેં તાંહ. સ૦ હું૦ ૩

ચઢતાં ચઢતાં રે તિહાં પગથિયાં સાવધાંનની રે વાટ; સ૦
જયજયકાર કરતાં મુષથકી આયા પાંણીનેં ઘાટ. સ૦ હું૦ ૪

ટૂંક પ્રથમ જિહાં જિનદેહરો જલનો કુંડ છેં પાસ; સ૦
ભૂંહિરે બિંબ બિરાજૈં છે સદા ઉપરિ ગોમઠ ષાસ. સ૦ હું૦ ૫

જાત્રા આવી જિનબિંબનેં મુદા ઉપરિ આંણો રે રંગ; સ૦
પૂજા અરચા પ્રભુજીની કરેં પૂજેં લેઈ લેઈ નાંમ. સ૦ હું૦ ૬

અજિત સંભવ અભિનંદન સુમતિજી પદમપ્રભ શ્રીસુપાસ; સ૦
ચંદ્રપ્રભ સુવિધિ શીતલનાથજી શ્રેયાંસ વિમલ અનંત ધર્મ. સ૦ હું૦ ૭

શાંતિ કુંથુ અર મલ્લિ મુનિસુવ્રતજી નમિ શ્રીપારસનાથ; સ૦
વીસ જિણંદનાં પગલાં પૂજીનેં થાપીજે પટ્ટ સાથ. સ૦ હું૦ ૮

સજ્જ થઇયેં સાહસ મનમેં ધરી તિમ હું સીઝેં રે કાંમ; સ૦
ટૂંકતણિ કહીયેં હવેં વાતડી જે સાંભલિયાં રે નાંમ. સ૦હું૦૯

ટૂંક પ્રથમથી અગનિકુંણ મેં અજિતનાથનો રે ટૂંક; સ૦
પૂરવદિશિ ચંદ્રપ્રભજીતણો કહીઇ વિષમો રે ટૂંક. સ૦ હું૦ ૧૦

પાશ્ચમદિશિ દુરો દુઝ દેષીઇં પારસનાથ સહાય; સ૦
અવર તીર્થંકર નાંમે ટુંકડો નવિ દેષ્યો તિણેં ઠાંમ. સ૦ હું૦ ૧૧

દેહરાથી ચઢતાં ઉત્તરદિશિં હુમઠ નામ પ્રસિદ્ધ; સ૦
પગલાં પૂજો પ્રભુજીનાં તિહાં જીરણ ઠામ તે કીધ. સ૦ હું૦ ૧૨

તે દેહરાથી પૂરવ પશ્ચિમેં છોટા છોટા દેષિઇં ટૂંક; સ૦
તિહાં તિહાં પગલાં છેં વલી માંડણી તેહનેં નામેં રે ટૂંક. સ૦ હું૦ ૧૩

ચંદ્રપ્રભ નેં પારસનાથજી એ દોય ટૂંકનાં જાણ; સ૦
તિહાંના વાસી સઘલા જાણજો અવર ટૂંકના અજાણ. સ૦ હું૦ ૧૪

કાલ પ્રભાવેં નાંમ ન કો જાણે કુંણ જિન કહેં રે ઠાંમ; સ૦
સંપૂર્ણ સિદ્ધિ જૈન વાંણીઇં નમિઇં નિજ સિર નાંમ. સ૦ હું૦ ૧૫

દૂરથકિં અવલોકી વાંદીએ શીતલનાથનો સ્થાંન; સ૦
વિકટ મારગ કો જાઇ સકેં નહિ ગુરૂમુષથી સુણિઇં સહેનાંણ. સ૦ હું૦ ૧૬

પૂજી અરચિં તીરથ વ્રત કરિ રહી રજની પરભાત; સ૦
પૂજા સ્નાંન કરી કરિ પારણો હુઇ સફલી રે જાત. સ૦ હું૦ ૧૭

ગિરિથી દૂરેં દક્ષિણ દિશિં દેષિઇં રિજુવાલુકા રે નાંમ; સ૦
દામોદર તટની હમણાં વહેં વીરજિન કેવલ ઠાંમ. સ૦ હું૦ ૧૮

વીસ તીર્થંકર ઇણેં ગિરિ સિદ્ધિ હુઆ સાધુતણો નહીં પાર; સ૦

વલિ સિદ્ધ થાસ્યેં ઇણ ગિરિ ફરસતાં પાંમી શ્રીજિનધર્મ સાર. સ૦
છે અવદાત ઘણા એ ગિરિતણા કહેતાં નાવે રે પાર; સ૦
વલિ દરિસણ હોજો મુઝ એહનો સફલ કરૂં અવતાર. સ૦ હું૦ ૨૦

ભગતિ જુગતિ કરી ભાવેં ભાવના શ્રાવક શ્રાવિકા સાર; સ૦
ગુરૂ પૂજા કરિ હવેં રંગસોં છેં જી એ વ્યવહાર. સ૦ હું૦ ૨૧

ઇમ યાત્રા કરીનેં સહુ તળહટીઇં આવ્યા અતિહિ આણંદ; સ૦
કુશલેં મક્ષુદાબાદ આવિયા પામ્યા પરમાનંદ. સ૦ હું૦ ૨૨

માસ દિવસ રહ્યા તિણ નયરી મુદા આયા ચંપાએ ચંગ; સ૦
પૂરણ પુણ્યપ્રભાવે ભાવસું જાત્રા હૂઈ થઇ રંગ. સ૦ હું૦ ૨૩

અનુક્રમેં આયા પુરવર પાડલી પટના લોક પ્રસિદ્ધ; સ૦
શ્રીવિજયપ્રભ ગુરૂ આદેશથી ચઉમાસો વલી કીધ. સ૦ હું૦ ૨૪

દૂહા.

હિવેં સાંભલજો જે અછેં તીરથ પટણા પાસ;
વંદણ તે તીરથભણી ઉપજેં અધિક ઉલ્લાસ. ૧

રાજગ્રહી પાવાપુરી ક્ષત્રિકુંડ વિચાર;
ભદ્દિલપુર મહિલાપુરી એ છે તીરથ સાર. ૨

॥ ઢાલ ૧૦ ॥

દેશી ભાવનાની.

પટણાથી દક્ષિણ દિશિ જાંણજો રે મારગ મોટા કોસ પંચાસ રે;
ભદ્દિલપુર ભાષે છેં શાસ્ત્રમાં રે હિવણાં નામ હુતારા જાસ રે. ૫૦ ૧

મારગમાંહિં મિથ્યાત્વીતણી ભણું જી રાજધાંણી છેં ગયા ગાંમ રે;
અઓતપિતર અવગતિયા જે હુવેં રે પિંડ ભરેં ભોલા તસ નાંમ રે.૫૦ ૨

ફલ્ગુ નાંમ નદીની રેતમાં રે બેંસેં મસ્તક મુંડિત મૂઢ રે;
ઇણ ઠાંમેં દશરથ નીકલ્યો રે સીતા દ્યેં વેલુપિંડ ગૂઢ રે. ૫૦ ૩

શ્રીજિનપ્રતિમા ચારેં ચોપસ્યું રે મોટા તિણ મિથ્યાત્વી ગાંમ રે;
ઘણું રહ્યાં મિથ્યાત્વીનેં થાંનકેં રે ન રહેં જૈનીનાં મન ઠામ રે. પ૦ ૪

તિહાંથી બોધ ગયા કોસ ત્રણ છે રે પ્રતિમા બોધતણો નહિં પાર રે;
જિનમુદ્રાથી વિપરીત જાણજો રે કંઠ જનોઇનો આકાર રે. પ૦ ૫

તિહાંથી સોલેં કોસેં જાંણજો રે ભદ્દિલપુર છેં દતારા પ્રસિદ્ધ રે;
વિષમ મારગ છેં વનખંડેં કરી રે સાથેં પંથદિષાઉ લિદ્ધ રે. પ૦ ૬

આવ્યા ભદ્દિલપુર ઉલટ ધરી રે ગિરિ ચઢિયા દિન પૂજેં ભાય રે;
રાજાનો આદેશ લેઇ કરી રે ફરસ્યા પારસનાથના પાય રે. પ૦ ૭

સપ્તફણામણી મૂરતિ પાસની રે એક ગુફામાં એકલ્લમલ્લ રે;
નિપટ સરોવર કમલ ફૂલેં ભર્યો રે નિર્મલ પાણી તાસ અવલ્લ રે. પ૦ ૮

પૂજીનેં તે ગિરિથી ઊતરી રે આવ્યા ગાંમ દતારે જેથ રે;
જનમ થયો શીતલ જિનરાયનો રે ચાર કલ્યાણક હુઆ એથ રે. પ૦ ૯

સુલસાનેં સંદેશો મોકલેં રે ઇણેં ભદ્દિલપુર શ્રીમહાવીર રે;
ધર્મસનેહી અંબડનેં મુખેં રે પુહચાડી પ્રશંસે ધીર રે. પ૦ ૧૦

કાંન્હસહોદર ઇણ નગરી વધ્યા રે ચંદેલા છેં ગાંમ સહિનાંણ રે;
ભદ્દિલપુર પુછ્યો જાંણે નહી રે નાંમ દતારા તાસ તે જાંણ રે. પ૦ ૧૧

તિહાંથી ગાંમ પુનાયાં આવિયા રે પગલાં વીર જિણંદનાં જાંણ રે;
કાંનથકી ખીલા તિણ થાનકેં રે કાઢ્યા સંજ્યાસી કરિ તાંણ રે. પ૦ ૧૨

તિણ થાંનકથી જઇયેં ચાલતાં રે કોસ ઇગ્યાર વિખ્યાત રે;
રાજગ્રહી નગરી રલિયાંમણી રે તાસતણી સુણજ્યો હિવે વાત રે. પ૦ ૧૩

જનમ્યા શ્રીમુનિસુવ્રત વીસમા રે તીર્થંકર ઇણ નગરી મઝાર રે;
પરવત પંચ પ્રગટ તિહાં વંદિયેં રે પંચમગતિના દાતાર રે. પ૦ ૧૪

વૈભારગિરેં પ્રાસાદ વષાણિઇં રે બાવન વંદું મન ભાય રે;
વિપુલ વિષેં છેં આઠ ઉજલા રે રતનગિરિ ત્રિણ વંદાય રે. પ૦ ૧૫

સ્વર્ણગિરિ સોલહ જિનદેહરાં રે ચોમુખ એક ઉદયગિરિ જાંણ રે;

વસતિ એકમાંહિ વલી દેહરો રે એક્યાશી પ્રાસાદ વષાણુ રે; પ૦ ૧૬

વૈભારેં એકાદશ ગણધરા રે પામ્યાં ભવસાગરનો પાર રે;
ધન્નો નેં શાલિભદ્ર મુનીસરૂ રે સંથારો ઇણ ગિરિ નિરધાર રે. પ૦ ૧૭

મેઘકુમર નેં અભયકુમર વલી રે કયવન્નો ધન્નો કાકંદી જાણુ રે;
ઇત્યાદિક અણગારે ઇણેં ગિરિં રે કીધો સંથારો શુભ ઠાંણ રે. પ૦ ૧૮

વસતા શાલિભદ્ર જિણેં થાંનકેં રે તિહાં નિર્મલ જલ કુઈ જોય રે;
તે ઉપર ગોમઠ કીધો અછેં રે ગ્રહણાં નાંષેં તિહાંથી જોય રે. પ૦ ૧૯

સૂરજકુંડ અનેં બ્રહ્મકુંડ જાંણજો રે અવર અનેક અછેં સુષકાર રે;
ઉંનાં પાંણી સહજેં ઉકલે રે સ્નાને જાઈ સકલ વિકાર રે. પ૦ ૨૦

વૈભાર પર્વત દક્ષિણ દિશેં રે તલહટીઇં છેં સોવનભંડાર રે;
પૌષધશાલા વીર જિણંદની રે તેહનેં ભાષેં લોક વિચાર રે. પ૦ ૨૧

દૂહા.

જરાસિંધુ રાજા ઇહાં થયો ત્રિષંડી રાજ;
કોટ તેહનો આજ લગેં દીઠો રૂડે સાજ. ૧

રાજગૃહી પૂરવદિશિ કોશ ત્રણ જળ જાય;
ગુણસિલ વનની જાયગા ગાંમ ગુણાયાં કહવાય. ૨

॥ ઢાળ ૧૧ ॥

ચિત ચેતો રે; એ દેશી.

રાજગૃહીથી ઉતરે ચિત ચેતો રે નાલંદો પાડો નામ; જીવ ચિત ચેતો રે.
વીર જિણંદ જિહાં રહ્યા ચિ૦ ચઉદ ચોમાસાં તાંમ. જી૦ આંકણી

વસતા શ્રેણિક વારમાં ચિ૦ ઘર સાઢી કોડી બાર; જી૦
તે હવણાં પરસિદ્ધ છેં ચિ૦ વડગાંમ નાંમ ઉદાર. જી૦ ૧

એક પ્રાસાદ છેં જિનતણો ચિ૦ એક થૂભ ગાંમમાંહિં; જી૦
અવર પ્રાસાદ છેં જૂના જિકે ચિ૦ પ્રતિમા માંહિં નાંહિં. જી૦ ૨

પાંચ કોશ પશ્ચિમ દિશેં ચિ૦ થૂભ કલ્યાંણુક સાર; જી૦
ગૌતમ કેવલ તિહાં થયો ચિ૦ યાત્રાષાણુ વિચાર. જી૦ ૩

વડગાંમેં પ્રતિમા વડી ચિ૦ બૌધમતની દોય; જી૦
તિલિયાભિરામ કહેં તિહાં ચિ૦ વાસી લોક જે હોય. જી૦ ૪

તિહાંથી પૂરવ દિશિભણી ચિ૦ ત્રિણુ કોશ કહેવાય; જી૦
પાવાપુરી રલિયામણી ચિ૦ વીર મુગતીની જાય. જી૦ ૫

પાવાગાંમ જૂદો વસે ચિ૦ પૂરીય વસેં ભિન્ન ઠાંમ; જી૦
કલ્યાણુક શ્રીજિન વીરનો ચિ૦ કહીઈ પાવા ગાંમ. જી૦ ૬

સમવસરણુ થાનક જિહાં ચિ૦ થૂભ એક તિણેં ઠાંમ; જી૦
કાયા સંસ્કારી જિહાં ચિ૦ તે જલમાંહિં છેં ધામ. જી૦ ૭

નષ ચૂંટી માટી ગ્રહી ચિ૦ નિર્વાણુક કલ્યાણુ; જી૦
દેવ દાણુવ માનવ મિલી ચિ૦ કીધું સરોવર ઠાંણુ. જી૦ ૮

કમલ સરોવર વીચ છેં ચિ૦ જીવયોનિની રાસ; જી૦
પિણુ કોઈ વધ નવિ કરેં ચિ૦ અમર દેવની ભાસ. જી૦ ૯

દીપોત્સવ ઉપરિ ઘણા ચિ૦ આવેં શ્રાવક લોક; જી૦
મહોત્સવ મન માન્યા કરેં ચિ૦ મુંકી સઘલો શોક. જી૦ ૧૦

પંચ રાત્રિ નિવસેં સદા ચિ૦ નરનારીના વૃંદ; જી૦
દાન પુણ્ય પૂજા કરેં ચિ૦ જનમ સફલ કરેં નંદ. જી૦ ૧૧

તે વંદી આનંદિયા ચિ૦ આવ્યા નગર વિહાર; જી૦
તુંગિયાનગરી તિહાં હતી ચિ૦ તિહાં વન વાડી વિચાર. જી૦ ૧૨

કોશ છવીસ વિહારથી ચિ૦ ક્ષત્રિકુંડ કહેવાય; જી૦
પરવત તલહટીયેં વસેં ચિ૦ મથુરાં પુર છેં જાય. જી૦ ૧૩

કોશ દોય પરવત ગયાં ચિ૦ માહણુકુંડ કહેં તાસ; જી૦
ઋખભદત્ત બ્રાહ્મણુતણો ચિ૦ હુંતો તિણેં ઠાંમેં વાસ. જી૦ ૧૪

હિવણાં તિહાં તટની વહેં ચિ૦ ગાંમ ઠાંમ નહિં કોય; જી૦
જીરણુ શ્રીજિનરાજના ચિ૦ વંદું દેહરાં દોય. જી૦ ૧૫

તિહાંથી પર્વત ઉપરિ ચઢ્યાં ચિ૦ કોસ જિસે છેં ચ્યાર; જી૦
ગિરિ કડખેં એક દેહરો ચિ૦ વીર બિંબ સુષકાર. જી૦ ૧૬

તિહાંથી ક્ષત્રીકુંડ કહેં ચિ૦ કોસ દોય ભૂમિ હોય; જી૦
દેવલ પૂજી સહુ વલેં ચિ૦ પિણ તિહાં નવિ જાએ કોય. જી૦ ૧૭

ગિરિફરસીનેં આવિયા ચિ૦ ગાંમ કોરાઈ નાંમ; જી૦
પ્રથમ પરિસહ વીરનેં ચિ૦ વડતલેં છેં તે ઠાંમ. જી૦ ૧૮

તિહાંથી ચિહું કોસેં ભલી ચિ૦ કાકંદી કહેવાય; જી૦
ધન્નો અણગાર એ નગરનો ચિ૦ આજ કાકંદી કહેવાય. જી૦ ૧૯

કાકંદી એ જાંણજો ચિ૦ વસતો ધન્નો એથ; જી૦
સુવિધિ જિણેસર અવતર્યા ચિ૦ તે કાકંદી અનેથ; જી૦ ૨૦

ઇણિપરેં દક્ષિણ દિશિતણા ચિ૦ તીરથ ભેટ્યાં ચંગ; જી૦
પટણેં ચોમાસું રહ્યા ચિ૦ મહિંલાસ્યું હિવેં રંગ. જી૦ ૨૧

"પટણાથી ઉત્તર દિશેં ચિ૦ કોસ પંચાસ છેં ઠાંમ; જી૦
પ્રથમ ગુણઠાંણી કહેં ચિ૦ સીતામઢી ઇસ્યું નામ. જી૦ ૨૨

મહિલા નામેં પરગનો ચિ૦ કહીઇં દફતરમાંહિં; જી૦
પણ મહિલા ઇણ નાંમનો ચિ૦ ગાંમ વસેં કોઇ નાંહિ. જી૦ ૨૩

તે સીતામઢી વિષેં ચિ૦ પગલાં જિનવર હોય; જી૦
મલ્લીનાથ ઓગણીસમા ચિ૦ એકવીસમા નમિ હોય. જી૦ ૨૪

તિહાંથી ચૌદ કોસેં ભલી ચિ૦ જનકપુરી કહેવાય; જી૦
સીતા પીહર પરગડો ચિ૦ ધનુષ પડ્યો તિણેં ઠાય. જી૦ ૨૫"

તે તીરથ વંદી વલ્યા ચિ૦ દેખ્યો ત્રિહુતદેશ; જી૦
પ્રગલ મિથ્યાત્વી વસેં ઘણા ચિ૦ નહિ તિહાં જૈન પ્રવેશ. જી૦ ૨૬

દૂહા.

પટણાથી પૂરવતણાં તીરથ ભેટ્યાં જેહ;
તિહાં સઘલેં સંભારીયા જિણસ્યું ધરમ સનેહ. ૧

નાંમ લેઈ લેઈ વંદિયા ટીકી દીધી ષંત;
ભાવપૂજાઇં જાંણિનેં મન અનુમોદો સંત. ૨

॥ ઢાલ ૧૨ ॥

જી હોની દેશી.

જી હો વણારસીથી જાંણજો, જી હો સાઠ કોસેં તે સાર;
જી હો નયરી અજોધ્યા રૂઅડી, જી હો રૂષભદેવ અવતાર;
સુગુણનર, સેવો તીરથ સાર, જી હો જિમ પામો ભવપાર. સુ૦ આંકણી.

જી હો અજિત નેં અભિનંદન ઈહાં, જી હો સુમતિ અનંત જિણંદ;
જી હો એ પાંચે જિનરાજના, જી હો કલ્યાંણક કરેં ઈંદ. સુ૦ ૨

જી હો રામ ઘરણી સીતા સતી, જી હો કીધી ધીજ ધરી ધીર;
જી હો સીયલ પ્રભાવેં તેહનેં, જી હો પાવક થાએ નીર. સુ૦ ૩

જી હો કુતુહલ નયરીતણું, જી હો દીસેં જલના રે કુંડ;
જી હો હરિચંદ રાજાઇં દીઓ, જી હો હરણી હત્યા દંડ. સુ૦ ૪

જી હો અજોધ્યાથી ઉત્તર દિશેં, જી હો તીન કોસેં તે સાર;
જી હો સાવત્થી નયરી ભલી, જી હો સંભવ જિન અવતાર. સુ૦ ૫

જી હો તે સાવત્થીનેં કહેં, જી હો હવણાં તિહાંના લોક;
જી હો નાંમે કોના ગાંમડો, જી હો વન ગહ્વર છેં થોક. સુ૦ ૬

જી હો પગલાં પ્રતિમા છેં તિહાં, જી હો પૂજો આંણી પ્રેમ;
જી હો તિન વનષંડેં જાંણજો, જી હો ડંડક દેશની સીમ. સુ૦ ૭

જી હો પાલક પાપીયેં ઘણો, જી હો પીલ્યા ષંધક સીસ;
જી હો સહિ પરિસહ કેવલ લહ્યો, જી હો પુંહતા મુગતિ જગીસ. સુ૦

જી હો ષંધક અગ્નિકુમર થઈ, જી હો બાલ્યો દંડક દેશ;
કટુક અનેં કિરાયતો, જી હો ઉપજે તિણેં પ્રદેશ. સુ૦ ૯

જી હો ગોરષપુરથી પૂરવેં, જી હો કોશ પચીશ પ્રમાંણ;
જી હો કાકંદી નગરી ભલી, જી હો સુવિધિ જનમનો ઠાંણ. સુ૦ ૧૦

જી હો હમણાં કાકંદી કહે, જી હો લોકભાષા એ જાંણુ;
જી હો પગલાં પૂજો પ્રેમસું, જી હો આંણિ નિજમન ઠાંણુ. સુ૦ ૧૧
જી હો અયોધ્યાથી પાશ્ચિમ દિશેં, જી હો કોશેં સાતે સાર;
જી હો નગર રત્નપુર રૂઅડો, જી હો ધર્મજિણંદ અવતાર. સુ૦ ૧૨
જી હો સરયુતટનીનેં તટેં જી હો એ નગરીનો વાસ;
જી હો હવણાં લોક પ્રસિદ્ધ છઇં, જી હો રોઇનાઇ નિતાસ. સુ૦ ૧૩
જી હો અયોધ્યાથી પશ્ચિમ દિશેં, જી હો કાંપિલપુર છે ઠાય;
જી હો વિમલ જન્મભૂમિ જાંણજો, જી હો પિટિયારી વહિ જાય.૧૪
જી હો બ્રહ્મદત્ત ચક્રી ઇહાં, જી હો ચૂલણીનાં ચરિત હોય;
જી હો કેસર વન મૃગ ક્રીડતો, જી હો સંજય રાજા હોય. સુ૦ ૧૫
જી હો ગર્દભિલ્લ ગુરૂવચનથી, જી હો ગંગાતટ વ્રતસાર;
જી હો ઉત્તરાધ્યયનેં જાંણજો, જી હો દ્રૂપદી પીહર વાસ. સુ૦ ૧૬
જી હો સોરીપુર રલીયામણો, જી હો જનમ્યા નેમિજિણંદ;
જી હો યમુના તટનીનેં તટેં, જી હો પૂજ્યાં હોઈ આણંદ. સુ૦ ૧૭
જી હો સોરીપુર ઉત્તરદિશેં, જી હો યમુનાં તટની પાર;
જી હો ચંદનવાડી નાંમેં કહે, જી હો તિહાં પ્રતિમા છેં અપાર. સુ૦
જી હો આગરાથી ઈશાંનમેં, જી હો શ્રીઅહિછત્તા પાસ; ।
જી હો કુરૂ જંગલના દેશમાં, જી હો પરતષ પૂરેં આસ. સુ૦ ૧૯
જી હો દિલ્લીથી પૂરવદિશેં, જી હો મારગ કોશ ચ્યાલીસ;
જી હો હત્થિણાઉર રલિયામણો, જી હો દેષણ તાસ જગીસ. સુ૦
જી હો શાંતિ કુંથુ અરનાથજી, જી હો અવતરિયા ઇણેં ઠાંણ;
જી હો પાંચ પાંડવ ઈહાં થયા, જી હો પંચ ચક્રવર્તિ જાંણ. સુ૦

દૂહા.

થૂભ તીન તિહાં પરગડાં સુણજો આંણી પ્રીત;
હિવેં જિણેં દેશેં તીર્થ જે કહેસ્યું તેણી રીત. ૧

પૂરણ પૂરવદેશની યાત્રા ચઢી પ્રમાણ;
હિવેં પશ્ચિમ દેશાંતણા તીરથ કરૂં વષાંણ. ૨

॥ ઢાળ ૧૩ ॥

શેત્રુંજે શિષર સમોસર્યા, એ દેશી.

સોરઠ દેશેં વંદિયેં આનંદિયેં રે, શેત્રુંજય સિરદાર; તીરથ તે નમું; એ
તલહટીઇં લલિતાસરેં દીઠાં દિલ ઠરેં રે, ઋષભ ચરણ જુહાર. તી૦ ૧
ગિરિતલેં કડષ ભલિય છેં તિહાં નિર્મલાં રે, પગલાં નેમિજિણંદ; તી૦
પરવત ઉપરિ દેષીઇં હીઇં હરષીઈ રે, સોહે આદિજિણંદ. તી૦ ૨
સૂરજકુંડ સોહામણો જિહાં જલ ઘણો રે, ભીમકુંડ વિખ્યાત; તી૦
રાયણતલેં રલિયામણાં લિયો ભાંમણાં રે, પ્રભુ પગલાંની જાત. તી૦ ૩
રાયણથી ઉત્તર દિશેં દીઠે મન હસેં રે, મરૂદેવીનો ટૂંક; તી૦
સવાસોમજીનો કહે ચિત્તેં ગહગહેં રે, ચોમુષ કીધો ચૂંપ. તી૦ ૪
અદભુદ મોક્ષબારી ભલી દીઠી નિરમલી રે, સહસકૂટની ઠાંમ; તી૦
સહસ બિંબ વંદ્યાં ભલા વંછિત ફલ્યાં રે, ત્રિવિધ કરૂં પરિણાંમ. તી૦ ૫
ચેલણા તલાવ ચેલાતણી આછિ બની રે, નિર્મલ પાંણી જાસ; તી૦
ઉલષા ઝોલેં નાહિયેં પરવાહિયેં રે, પૂરવ પાપની રાશ. તી૦ ૬
સિદ્ધવડ સિદ્ધ થયા ઘણાં કરિ કાંમણા રે, મુક્તિજનિત મનરંગ; તી૦
કાંકરેં કાંકરેં જાણજો મનમેં આણયો રે, મુક્તિ ગયા ચિતચંગ. તી૦ ૭
ગઢ ગિરિનાર જુહારીયેં દુષ વારિયેં રે, નિરષ્યા નેમજિણંદ; તી૦
સહસાવન સંયમ લીયો સુભ મન કીયો રે, ત્રણ કલ્યાંણક વૃંદ. તી૦ ૮
ઘોઘે નવષંડો પૂજીઇં શુદ્ધ થઇ જઈયેં રે, મહુઆમાં મહાવીર; તી૦
દીવબંદિર તીન દેહરાં સુભ સેહરાં રે, અઝારો ઉંના તીર. તી૦ ૯
ઉંનામેં પગલાં ભલાં છેં ઉજલાં રે, ગણુનાયક થૂભ તીન; તી૦
દેવકો પાટણ જાંણીઇં વષાંણીયેં રે વેલાઉલ તસ સીમ. તી૦ ૧૦

નવોનગર-પુરબંદિરેં જિનમંદિરે રે, વંદન કરૂં વારોવાર; તી૦
એ ઊભી સોરઠતણી વતિયાં ભણી રે, મધ્ય જૂનોગઢ સાર. તી૦ ૧૧

સઘલેં ગાંમેં જૂહારીયેં દુષ વારિયેં રે, પૂજી પ્રભુજીના પાય; તી૦
દેહરેં નેં દેહરાસરેં બિંબ બહુપરેં રે, વંદુ ષંભાયત આય. તી૦ ૧૨

થંભણપાસ જૂહારીયેં ચિત ધારીયેં રે, શ્રીકંસારીપાસ નાંમ; તી૦
રાજનગર ગુજરાતમાં કહેં વાતમાં રે, અમદાવાદ સુષ ઠામ. તી૦ ૧૩

નગરમાંહિ બાહિરપુરાં છેં સુષકરાં રે, સઘલેં જિનની સેવ; તી૦
બીબીપુરમાં પાસજી પૂરેં આસજી રે, ચિંતામણિ નિતમેવ. તી૦ ૧૪

સેરીસો સંષેસરો પંચાસરો રે, પાટણ બિંબ અનેક; તી૦
ગોડી દોડી જાઈયેં નિત્ય ધ્યાઇયેં રે, અમીયઝરો સુવિવેક. તી૦ ૧૫

ઇડરગઢપરિ સોહતો મનમોહતો રે, આદીસર અરિહંત; તી૦
તારંગે રંગે સદા પ્રણમું મુદા રે, અજિતદેવ જયવંત. તી૦ ૧૬

નડોરે પદમાવતી મહિમાવતી રે, ભરૂઅચિ વીસમો દેવ; તી૦
સૂરતિબંદરેં સુંદરૂ જિનમંદિરૂ રે, હોયો ભવભવ સેવ. તી૦ ૧૭

આરાસણ આબૂગઢેં જે નર ચઢેં રે, વિમલવસી વિસતાર; તી૦
આદિ જિણંદજી વંદિયેં આનંદિયેં રે, ધન માનવ અવતાર. તી૦ ૧૮

વસ્તુપાલ તેજપાલના સુષમાલના રે, સોહેં મોટા પ્રાસાદ; તી૦
ચૌમુષ ચાવો જાંણજો વષાંણજો રે, અચલગઢેં આલ્હાદ. તી૦ ૧૯

વસંતપુરીમાં દેહરાં જીરણ ષરાં રે, કાઉસગ્ગે આર્દ્રકુમાર; તી૦
બાંભણવાડે સોહતો મનમોહતો રે, વીર ચરણ આધાર. તી૦ ૨૦

સુષકારી સીરોહિયેં પડિબોહિયેં રે, વંદું ઋષભજિણંદ; તી૦
રાણકપુર રલિયાંમણો નલિની ભણો રે, ગુલ્મવિમાનઆકાર. તી૦ ૨૧

ઘાણોરે સોવનગિરેં વલી મન ધરે રે, શ્રીવરકાણો પાસ; તી૦
નડુલાઈમાં જાદવો બાવીસમો રે, ભિન્નમાલે પ્રભુ પાસ. તી૦ ૨૨

જોધાણેં મંડોવરેં છેં સુષકરે રે, ફલવધિ મેડતામાંહિં; તી૦
જેસલમેર જૂહારીયેં ચિત ધારીયેં રે, બીકાનેર ઉચ્છાહ. તી૦ ૨૩

ઉદયાપુર મેવાડમાં પહાડમાં રે, ઋષભદેવ સુષકાર; તી૦
દેવલવાડે દેવ છે ઘણા નવિ જાએ ગણ્યા રે, વંધા હરષ અપાર. તી૦ ૨૪

દૂહા.

કરહેડે કર જોડીને વંદું વામાનંદ;
એકલમલ્લ ચોલેરજી સેવે સુરનરવૃંદ. ૧

ચંદ્રપ્રભ ચિંતા હરે માલપુરે મનરંગ;
સાંગાનેરે સાહિબો વીરચરણ નમો સંગ. ૨

॥ ઢાલ ૧૪ ॥

આદર જીવ ખિમા ગુણ આદર, એ દેશી.

હિવે મેવાત દેશ વિખ્યાતા અલવરગઢ કહેવાય જી;
રાવણપાસ જુહારો રંગે સેવે સુરનર પાય જી. હિ૦ ૧

દિલ્લીમે મહાવીર વિરાજે મથુરા નેં ભમકોલી જી;
ગઢ ગ્વાલેર બાવન ગજ પ્રતિમા વંદું ઋષભ રંગ રોલી જી. હિ૦ ૨

નગર લાહોરે શાંતિજિણેસર શાંતિકરણ ગુણપાત્ર જી;
દિલ્લીપતિ જિહાંગીર પાતશા કીધી અઠ્ઠોત્તરી સ્નાત્ર જી. હિ૦ ૩

દેશ માલવે નગર ઉજ્જેણી તિહાં અવંતિપાસ જી;
મેલો પોષ દશમીનો થાઇ મનો મગસી પાસ જી. હિ૦ ૪

માંડવગઢમાં સુપાસ જિણંદા વલી નરમદા પાર જી;
ભરત અંગુઠીનાં માણકથી માંણિકસ્વાંમી કહેવાય જી. હિ૦ ૫

પહેલાં તો અસવારી નિકલતો આજ તારિક એક જાય જી;
દેશે વરાડે દોલતિ દાતા અંતરીક સુષ થાય જી. હિ૦ ૬

બીજાપુર વંદું જિનરાયા તુંગિગિરિ નમું પાય જી;
રામ તપસ્યા કીધી રંગે માંગીતુંગી કહેવાય જી. હિ૦ ૭

સેતબંધરામેશ્વર પાસે જૈન રાજા છે આજ જી;
લંકા લેવે રામ લક્ષમણે બાંધિ સાયર પાજ જી. હિ૦ ૮

ગોમટસ્વાંમી જલધર તીરેં છાયા માટી નીર જી;
આજ અનોપમ વંદે કોઈ ગુરૂમુષ વાણી સધીર જી. હિ૦ ૯

બિલગુલ પાસેં ગોમટ દેવા કરેં નાટિક પરદેષ જી.
ઋષભદેવની પ્રતિમા ઉંચી પૂજેં સંઘ વિશેષ જી. હિ૦ ૧૦

અષ્ટાપદ આદેં અવનીતલ તીરથ ઠામ અનેક જી.
સ્વર્ગ પાતાલેં હિમવૈતાઢ્યેં તાસ નમું સુવિવેક. જી. હિ૦ ૧૧

ત્રિણ લોકમાં શાસ્વતી અશાસ્વતી જિહાં જિનપ્રતિમા હોય જી.
તીનકાલ કરૂં નિત વંદન જોડીનેં કર દોય જી. હિ૦ ૧૨

જે તીરથ ઇણ માંહિ વષાંણ્યાં નયણે દીઠાં તેહ જી;
અણદીઠાં પણ ભક્તિં વંદું ત્રિકાલ લહું તેહ જી. હિ૦ ૧૩

તીરથ સેવા મુઝ ફલ દીજેં સાચો સમકિત સાર જી.
સુલભબોધિ હોજ્યો જૈન કુલ એ ધર્મતણો ઉપગાર જી. હિ૦ ૧૪
કરૂં વંદના કર જોડીનેં એ સહુ તીરથ સાર જી;
સુગુરૂ પ્રસાદેં દર્શન કીધો ધન ધન મુઝ અવતાર જી. હિ૦ ૧૫

અઢીદ્વીપમાંહિ સાધુ સાધવી શ્રાવક શ્રાવિકા જેહ જી;
પાલે શુદ્ધક્રિયા જે સાચી જંગમ તીરથ એહ જી. હિ૦ ૧૬

અનડ અકબ્બર યવનપાતિસાહ પ્રતિબોધ્યા ગુરૂ હીર જી.
સંવત સોલ ઇગતાલા વરસેં ફત્તેપુરમાં સધીર જી. હિ૦ ૧૭

તાસ સીસ વાચક પદ ધારક સોમવિજય સુષકાર જી;
ચારિત્ર આદિ વિજય ઉવજ્ઝાયા સત્યવિજય સુવિચાર જી.હિ૦ ૧૮

તાસ સીસ પંડિતપદ ધારી લાલવિજયગણિ રાય જી;
દિલ્લીપતિ અવરંગજેબસ્યું મિલ્યા આગરેં આય જી. હિ૦ ૧૯

તપગચ્છની પોશાલ વિશાલા દેઈ દિલ્લીપતિ જાસ જી;
નિજ પુરમાંન દેઈ ફુરમાવેં રહિયેં સદા સુષવાસ જી. હિ૦ ૨૦

તે કવિ લાલવિજય સુષ પાયા પાયા તીર્થ દીદાર જી;
માનવજનમ સફલ ભયો મેરો સો તો ગુરૂ ઉપગાર જી. હિ૦ ૨૧

એ તીરથની માલા કંઠે જે ધારે નર નારી જી;
ઘર બેઠાં તીરથ ફલ પાંમી સફલ કરો અવતાર જી. હિ૦ ૨૨

કલશ.

એ તીરથમાલા અતિરસાલા પંચ કલ્યાંણુકતણી,
સંવત્ સતરસેં પંચાશ વર્ષે લાભ જાણી મેં ભણી;
શ્રીવિજયરત્નસૂરીસ ગચ્છપતિ સદા સંઘ સુહંકરો,
રૂ લાલવિજય પ્રસાદ પભણે સૌભાગ્યવિજય જય જયંકરો. ૧

॥ अर्हम् ॥

શીલવિજયવિરચિત

તીર્થમાલા.

દૂહા.

અરિહંતદેવ નમું સદા જસ સેવિ સુરરાય;
તીર્થમાલ થુણસ્યું મુદા સદગુરૂતણિ પસાય. ૧

અરિહંતમુખકજવાસિની વાંણી વર્ણું વિલાસ;
કવિજન માતા વિનવું પૂરો મુઝ મન આસ. ૨

જગમાં તીરથ સુંદરૂ જ્યોતિવંત ઝમાલ;
પભણીસ દીઠાં સાંભલ્યાં સુણતાં અમી રસાલ. ૩

દેસી ચોપઈની.

સરસ સકોમલ વયણે કરી અંગતણાં આલસ પરિહરી;
જે દેસાંતરિ પર્વત ગામિ તે તીર્થનાં કહસ્યું નામ. ૪

પછિમદિસ સોરઠ મંડાણ સિદ્ધિષેત્ર શત્રુંજય જાણ;
દીઠો દુરગતિ દૂરિં કરિ સેવ્યો સંપતિ સઘલી ભરિ. ૫

આદિનાથ દીઠા મનિ રલી રાઈણહેઠિ પદ ભેટ્યા વલી;
સૂરયકુંડે નાહી કરી પરમેસર પૂજું કરિ ધરી. ૬

વિમલવિહાર અજિત નિ શાંતિ અદભુદ વંદુ મનિ ષાંતિ;
પાંડવ પાંચ મરૂદેવી ભુવન્ન ખરતરવસહી ચોમુખ ધન્ન. ૭

સર્વથઈ ત્રિણુસય છાસટ્ઠ ગઢ ઉપરિ દેહરાં ગુણુહટ્ઠ;
ભરતઈં ભરાવી મણીમેં જેહ ધનુષ પાંચસય ઉંચી દેહ. ૮

તે પ્રતિમા પૂજિં દેવતા ભવોદધિ તારણુ પદ સેવતા;
તેહતણુ જલ ઉલષાઝોલ જે ફરસિ તે કરિં કલ્લોલ. ૯

ચ્યારગતિ છેદક ચ્યારિ પાજિ પંચમ પદ સરિષો ગિરિરાજ;
ભવભયભંજન ભવિકા જાણુિ સકલ તીરથમાં એ ગુણુખાણુિ. ૧૦

સિદ્ધવડ શેત્રુંજી નદી ગંગાસરષી શાસ્ત્રિ વદી;
બાર જોઅણુ પિહુલો પર્વત ત્રિણુ ગાઉ ઊંચો મહુત. ૧૧

અક્ષયતીરથ ઉત્તમ ઠામ પ્રહિ ઉઠીનિં કરૂં પ્રણુામ;
અડસઠિ તીરથથી બહુ ફલા વિમલાચલના ગુણુ નિર્મલા. ૧૨

પાલીતાણિુ દેવયુગાદિ સેવો સ્વામી તજી પ્રમાદ;
આદિપુરપાજિ અતિ ભલું આદિબંબ વંદુ ગુણુનિલું. ૧૩

સાગરતટિ સોહિં સુંદરૂ ઘોઘાબંદિર જનમનોહરૂ;
પાસ નવષંડ નિરૂપમ નામ જીરાઉલો ચંદ્રપ્રભસ્વામિ. ૧૪

ઊભી સોરઠ અતિ ઉજમાલ તે તીરથ વંદુ ત્રિણુકાલ;
માનવભવ લાહો લીજીઈ જિનવર ભગતિ ભલી કીજીઇ. ૧૫

ગઢ ગિરિનારિ નેમિજિણુંદ પ્રણુમું પ્રેમિ ભવિ સુષકંદ;
કંચનબાલાણુ શિષર ઉદાર તિહાં દેવી અંબાવિ સાર. ૧૬

સહિસાવન લાષાવન મનોહાર જાંણે નંદનવન અવતાર;
ગજપદકુંડિ નાહી કરી નેમજી પૂજો રંગિ ધરી. ૧૭

અમીઝરો જિન ત્રેવીસમો રૈવતગિરિ ઉપરિ મન રમો;
સાત કોસ ઉંચો મનોહાર પાંચ કોસ પિહુલુ છિ સાર. ૧૮

જુનિગઢિ નિ ઉંનિ વલી અઝારો અમીઝરો મનરૂલી;
દીવબંદિર છિ સાયરતીર તિહાં ધરમી વિવહારી ધીર. ૧૯

નવલષુ સોરવાડી પાસ ધનવંત સેવિ લીલવિલાસ;

ફરંગી રાજ્ય કરિ કર છોડ પૂરિ પરજા કેરાં કોડ. ૨૦

આગલિ ઓપિ દ્વારાંમતી રાયણછોડ સોહિ સુભમતી;
કછદેસિ ભુજનગરિ પાસ શ્રીચિંતામણિ પૂરિ આસ. ૨૧

સોપારિ નિ દેવકિં ગામિ વીભયપાટણિ વીર પ્રણામ;
નવિનગરિ જઈ જિનવર નમું સિંધદેસિ ગોડી મનિ રમું. ૨૨

થલવટમાંહિ મહીમાધામ સેવ્યો આપિં વંછિત કામ;
પરગટ પરતો પૂરિ વલી સમરો સાહિબ ચૂરિ અલી. ૨૩

સાચોરિ શ્રીવીરજિણંદ થિરાદ રાધનપુરે આણંદ;
ભગવંત ભેટું મન ઉલ્હાસિ ધાણધારિ ભીલડીઉ પાસ. ૨૪

જાલોરનયરિ ગજનીષાંન પિસુન વચનિ પ્રભુ ધરીયા બાન;
વરજગસંઘવી વરીઉ જામ પાસ પેષીનિં જિમસ્યૂં તામ. ૨૫

સ્વામી મહીમા ધરણેંદ્રિ ધર્યો માની મલિકનિ વલી વસિ કર્યો;
પૂજી પ્રણમી આપ્યા યાસ સંઘ ચતુર્વિધ પૂગી આસ. ૨૬

સ્વામી સેવાતણિ સંયોગિ પાલ્હપરમારનો ટલીઓ રોગ;
સોલ કોસીસાં જિનહરસિરિ હેમતણાં તિણિ કીધાં ધરિ. ૨૭

ભિનમાલિ ભયભંજનનાથ પાલણપુર શ્રીપારસનાથ;
મગરવાડિ જષ્ય જાતો તપગછિ મહીમા જે આલતો. ૨૮

નયર ખીરાલૂ છિ સુભઠામ આદિદેવનિં કરૂં પ્રણામ;
ગઢતારિંગિ અજિતજિણંદ તીરથ થાપ્યું કુમરનરંદ. ૨૯

અહ્મનગર નિ વીજાપુરિં સાબલીઇ નિ વલી ઈડરિં;
તિહાં થાપ્યા સેત્રુજ ગિરનારિ તે વંદું હું અતિ સુષકાર. ૩૦

પોસીને છિં પાંચ પ્રાસાદ સરગસમોવડિ માંડિ વાદ;
આરાસણિ છિં વિમલ વિહાર અંબાદેવી ભુવન ઉદાર. ૩૧

આબૂધરા ઉંબરણી પુરી દેવદ્રહ ચંદ્રાવઇ ષરી;
વિમલમંત્રીસર વારિ જાણિ અઢારસેય દેવલ ગુણષાણિ. ૩૨

સાંતપુર આબથકિં તડતોલિ સાંગવાડિં ભારચે કાછોલિ;
હવિ આબૂતીરથ મંડાણિ વિમલિ થાપ્યુ સુણો સુજાણ. ૩૩

મહિતઈ પૂછ્યા શિવના દાસ તિણે કહિઉ ઈહાં શિવનો વાસ;
જો પહિલાં હોઇ જિનનું ઠામ તો થાઇ તુમ્હ વંછિત કામ. ૩૪

તાસ વયણ મનમાંહિ ધરી રાતિ પુછ્યો પુણ્ય અનુસરી;
અંબા આવી સુપનિ સહી જવારિ પુંજ સહિનાણી કહી. ૩૫

તેથી પ્રગટ્યા દાદો તિહાં ગોફામાંહિથી જાણો ઈહાં;
ભરડાકન્હિ ભુંઇ માગી કરી લીધી સોવન ટંકે ભરી. ૩૬

ષેતલ આંણ મનાવી ષરી અંબાઈની સાંનિધિ ધરી;
છપન્નકોડિ સોવન વય કીધ ભુવન કરાવ્યું જગહ પ્રસિદ્ધ. ૩૭

ધર્મઘોષસૂરી સુપસાય તીરથ થાપ્યું અવિચલ ઠાય;
આદિદેવ થાપ્યા સુષકાર સફલ કર્યો માનવ અવતાર. ૩૮

પ્રાગવંશ ચઢાવી સોભ પાપતણો વલી કીધો ષોભ;
રોમનગર બારિ સુલતાન જીતી થાપ્યા વિમલપ્રધાન; ૩૯

લુંણગવસહી નેમિજિણંદ મંત્રી વસ્તુપાલ આણંદ;
બારકોડિ કંચન વાવરી અનોપમ કરણી કોડિં કરી. ૪૦

અઢારકોડિ સેત્રુંજિ સાર સાઢીબાર કોડિ ગિરનાર;
સેત્રુંજથી ગિરિનાર પ્રમાણિ તિલષું તોરણ કીઉં સુભઠાણિ. ૪૧

ષરતરવસહી પારસનાથ ભીમવસહી નમું જોડી હાથ;
દેવ દિગંબર વસહી લહી દેલવાડિં દેવલુમિકા કહી. ૪૨

અચલગઢ અવિચલ છિ ઠામ ચોમુખિ કીજિ આદિ પ્રણામ;
માંડવગઢ વાસી વાણીયા અવર રાયસિર જાંણીયા. ૪૩

પ્રાગવંશ સહિસા સુલતાન દેઉલ કરાવ્યું તિણિ પ્રધાન;
ચઉદસીય મણ પીતલ સાર હેમવરણ કરી પ્રતિમા બાર. ૪૪

ભીમસાહ તિહાં ભાગજ કીધ હેમઘડી દસમાંહિ દીધ;

લાષ ધન સેવકનિ દીઉં ઉત્તમ કરણી ઇણીપરિ કીઉં. ૪૫

ભાણુવસહીઇ નેમિજિણુંદ તે પણિ કીધી કુમરનરિંદ;
અચલેસર માનિ શિવદાસ તેત્રીસ કોડિ દેવતાનુ વાસ. ૪૬

તીરથ સાનિધિ કરિ સર્વદા દેવી દીપિ ભલી અરબૂદા;
ગૌતમઋષિ વાશિષ્ટ વિશેષ સાત ધાત ઔષધી અસેષ. ૪૭

કુંડ નદી સરોવર ઘણાં વન વાડી તરૂ સોહામણાં;
અંબ અનેક ચંપા કેતકી સદા સોહિં ફૂલ ફૂલે થકી. ૪૮

બાર ગામનો વાસ વિસાલ ચઉપદ ઋદ્ધિ અસ્થિર સાર;
નષીસરોવર સોભા ઘણી પરવતરાજ નમું બહુ ગુણી. ૪૯

શ્રીમાતા રસીઇં મનિ ધરી બાર પાજ એક રાતિ કરી;
બાર જોયણુ સોહિ વિસ્તાર સાત કોસ ઉંચો મનોહાર. ૫૦

ગિરિ ભેટી પાજિ ઉતર્યા ગામ હણાદ્રામાંહિં સંચર્યા;
પુન્યિ પેષ્યા પારસનાથ સુર નર સેવિ જોડી હાથ. ૫૧

જીરાઉલિ દાદો દીપતો તેજિ ત્રિભુવન રવી જીપતો;
નયર મડાડ અનિ રામસેણુ પાપ પણાસિ દેવ દીઠિ જેણ. ૫૨

આદિલબંબ પીતલમય સાર હેમતણી પરિ સોહિ ઉદાર;
શ્રીરામચંદ્રનું તીરથ એહ આજ અપૂરવ અવિચલ જેહ. ૫૩

નીબજિ પ્રણમું દેવ યુગાદિ પુન્યવંત પૂજિ તજી પ્રમાદ;
સ્યાકરે સીરોધી વામાનંદ હસી હસી પુરિ પ્રણમું આણંદ. ૫૪

કાલધરી બૂઆડિ ગોહિલી પાસજી મુગતિ દીઇં સોહિલી;
લાસિં મણાઉદ્ર ગામિ દયાલ આદિ વીર કોરટિં મયાલ. ૫૫

વાગસેણુમાંહિ જિણહર જોડિ જિનપાલ દીઇં કોલર કોડિ;
વિમલ શાંતિ નિ શંભવદેવ આદિ વીરની કીજિ સેવ. ૫૬

નયર સીરોહી ઉત્તમ ઠામ દેઉલ દીપિ મહિમાધામ;
આદિ અજિત પ્રાસાદ ઉત્તંગ જીરાઉલો સંખેસરો મનિ રંગ. ૫૭

ઋષભદેવ ચોમુખિ એસાલ દીપેં દરિસણ અમીઅરસાલ;
પ્રગટમલ્લ પોરવાડહમાહિ સંઘવી સીપા સુ કહિવાય. ૫૮

મહાપુરૂષ મેહાજલ નામ તીરથ થાપ્યું અવિચલ ઠામ;
સંવત નેઉઈ સોલિ વલી સેત્રુંજ યાત્રા કરી મનિરૂલી. ૫૯

કાસીદ્રે છિ વીર યુગાદિ ધાંણિં વીર નમું પ્રાસાદ;
લોટાણિ સેત્રુજા જોડિ આદિલદેવ નમું કર જોડિ. ૬૦

વસંતપુર પાટણ અહિઠાણ આદ્રકુમારતણું સહિનાણ;
શાંતિનાથ સોહિ સુખકંદ વીરવાડિ શ્રીધર્મજિણંદ. ૬૧

ગામ અઝારી સોહિ સારદા વીર વિશેષ હરિ આપદા;
નાંણિ નિવલે નાંદીઇં જીવતસ્વામી વીર વાંદીઇં. ૬૨

બંભણવાડિં જિન વર્દ્ધમાન પૂજ્યો પૂરિ નવિ નિધાંન;
આબૂધરા એ તીરથ કહ્યાં ગોઢવાડિ ગાઉં ગહિગહ્યાં. ૬૩

બેહડિ સંથવ દાદો પાસ રાતો વીર પૂરિ મનિ આસ;
છેછલી સિણવાડી સાદડી વામાસુત વંદુ તે શુભ ઘડી. ૬૪

રાયણપુરિ રૂડો ચઉમુખ નલિનીગુલ્મ વિમાન પ્રતષ્ય;
જોતાં નયણે બહુ સુષ હોય જગમાંહિ તીરથ અનોપમ સોય. ૬૫

પ્રાગવંશ પુન્યિ બહુ ભર્યો કામલદે કુષિ અવતર્યો;
ધન ધન ધરણો સંઘવી નામ જેણિ કીધાં ઉત્તમ કામ. ૬૬

સંવત ચૌદ છિતાલિ જાણિ સોમસુંદરસૂરી ગુણખાણિ;
તસ ઉપદેશ સુણી ગહિગહ્યો જિનસાસન સોભાવક થયો. ૬૭

ચોમુખિ થાપ્યા નાભિ મલ્હાર સૂરીપદ મહોછવ સુષકાર;
સંઘતિલક વિમલાચલિ ધર્યું ઇંદ્રમાલ લેઈ વ્રત ઉચર્યું. ૬૮

વરસ બત્રીસે ભર યૌવને નારી સંગ તજ્યો સુભમનિં;
બાવન સંઘ મલ્યા તિણિ વારિ ધરણિ સાહ વરીઓ જયકાર; ૬૯

કુંભા રાણાનુ પરધાન સકલ બુદ્ધિ સદા સાવધાન;

ધન યૌવન ઠકુંશાઇ લહી ઉત્તમ કરણી કીધી સહી. ૭૦

દેસૂરીઇ દેવ યુગાદિ ઘાણેરે વલી વીર પ્રાસાદ;
નડુલાઇ નવ મંદિર સાર શ્રીસુપાસપ્રભુ નેમકુમાર. ૭૧

નાડુલ વપ્રાસુત વીનવું વામાસુત વરકાણિ ઠવું;
જાલોરિ વલી ગઢ ઉપરિ પાસ વીર પ્રણમું શુભપરિ. ૭૨

શિવાણિ ગઢિ મંડોવર મહાબલી પૂજું પાસકુમર મનિ રૂલી;
સોઝતિ જયતારણિ ફલવધિં પરમેસર સેવો બહુવિધિ. ૭૩

પદમપ્રભુ પ્રતિમા હેમની ગામ ગંગાણીમાહિ સ્થામિની;
સંપ્રતિરાય ભરાવી ષરી પ્રભુપદ પૂજો પુન્યિ કરી. ૭૪

મહાવીરથી હુઓ સુષદાય બસય વરસેં સંપ્રતિરાય;
આર્યસુહસ્તી ગુરૂ ઉપદેસ ધરમતણો પામ્યો પરવેસ. ૭૫

અવ્યક્ત સામાયક અનુસારિ જાતમાત્ર લહ્યો રાજ્ય ઉદાર;
ત્રણ ષંડિ વરતાવી આંણ જિનમંડિત ભૂમિ કીધી જાણ. ૭૬

સવાલાષ પ્રાસાદ સુચંગ સવાકોડિ પ્રતિમા મનિ રંગ;
છત્રીસ સહસ કીધા ઉદાર ઉપાસરા પણિ દોય હજાર. ૭૭

એક પ્રાસાદ નવો નિતુ હોય તો દાતણ કરિ રાજા સોય;
સાત સય શત્રુકાર દેયંત સાતેં ષેત્રે ધન વાવંત. ૭૮

મરૂધર નવ કોટી મંડાણ યોદ્ધપુર મેડતિ વષાણ;
પાલી પ્રણમું પાસ જિણંદ ઓસનયરિ વલી વામાનંદ. ૭૯

જસવંતરાય થયો રાઠોડ જ્ઞાની દસાવતારી જોડ;
અષંડ પ્રતાપી અનોપમ આજ દલ્લીપતિ પણિ માની લાજ. ૮૦

ચતુરરંગસેના સહસ છત્રીસ શ્રાવકમંત્રી કરિ જગીસ;
જસ સીમિ સુષીઆ રહિ સાથ વ્યાધિ ન ઘાલિ હિરણનિ હાથ. ૮૧

થલવટ તીરથ બાહડમેરૂ વિકાનેર નિં જેસલમેરૂ;
આદિ અજિત પાસ નિ વીર સોવનકલસે ભુવન સુધીર. ૮૨

જેસલમરૂ શ્રાવક વ્રત સુદ્ધ આગમભેદ લહિં બહુબુદ્ધિ;
ધરમતણા દિન પોતિ કરિ તેતી જીવી લેષિ ધરિ. ૮૩
નગર નાગોરિ આવ્યા જામ પાસ જિણેસર ભેટ્યા તામ;
ઇમ અનેક તીરથ છિ ઠામ પછિમદિસિનાં બોલ્યાં નામ. ૮૪

કલશ.

ઇમ અનેક તીરથ અછિ સમરથ પછિમદિસિ સોહામણાં;
જય જય કારક શિવસુષકારક ત્રિભુવન નાયક જિનતણાં.
સંવત સસી મુનિ વેદ રસભરિ આસોમાસિ અભિનવી;
બુદ્ધ શિવવિજય શિસ શીલ સેવી વદિ આણંદ વિનવી. ૮૫

દૂહા.

પૂરણ પુનિં પામીઉ માનવભવ અવતાર;
સદ્ગુરૂ સાનિધિથી લહ્યો જ્ઞાનદષ્ટિ આધાર. ૧
ચુગતિ સંઘાતિ જોઈયાં તીરથ દેશ અનેક;
કલ્યાણકકારી કહું પૂરવદિશિ વિવેક. ૨

ચોપાઈ.

દેવગુરૂ સારદ સુપસાય પભણું પુન્યિં બહુ સુષદાય;
ઉત્તમભૂમિ કલ્યાંણક ઠામ સુણયો તીરથકેરાં નામ. ૩
પહિલા દેસ મેવાંતિ કહું અહીછત્રાપુરિ પાસજી લહું;
નયર આગરિં પાસકુમાર ચિંતામણિ ભેટ્યા સુષકાર. ૪
દલ્લીમંડણ વીરજિણંદ ચંદવાડિ નેમજી સુષકંદ;
યમુના તીરિ મથુરાં જઈ નેમજી પૂજો પાવન થઈ. ૫
કાંસી દેસ પ્રસિદ્ધું ઠામ વાણારસી નયરી સુભ ગામ;
તિહાં જનમ્યા જિન પાસકુંમાર ભિલુંપુરિ બઇઠા સુષકાર. ૬
પ્રયાગતીરથનો મહીમા ઘણો અષયવડ પ્રગટ્યો તે સુણો;
વરસીતપ પૂર્યો અરિહંત રૂડા ઋષભદેવ ભગવંત. ૭

એક દિવસ પ્રભુ ધ્યાનિ ધરી તરૂહેઠિ રહ્યા કાઉસગ કરી;
તે ઉપિં અતિ ઉત્તમઠામ આજ અષયવડ કહીઇં નામ. ૮

ગંગા યમુના નિ સરસતી ત્રિવેણી તીરથ સોભતી;
એહનું જલ દેવપૂજા યોગ્ય તે વિપરીત કરિ છિ લોગ. ૯

રોમ રાષ નિ હાડે કરી મીથ્યાતી માંહિ નાષિં ભરી;
અંગ પષાલિ મલ મૂત્ર જ ભર્યાં તે કિમ પામિ સદગતિ વર્યાં. ૧૦

તિહાં પાસિ જિન જનમ્યા સહી ગામ ઠામ ભલ ભાગ્યિં લહી;
સીહપુરી શ્રેયાંસ જનમ્મ ચંદ્રપુરિ ચંદ્રપ્રભુ તિમ્મ. ૧૧

હાજીપુરપટ્ટણ સુભગામ થૂલિભદ્ર જનમ્યા તિણિ ઠામિ;
મગધદેશ રાજગૃહ નામ મુનિસુવ્રતનિ કરૂં પ્રણામ. ૧૨

પાંચે પર્વત કહીઇ સાર પાંચે મેરૂ સમ અવતાર;
વિપુલ વૈભાર રતન્ન સુવન્ન ઉદયગિરિ દેષિ તે ધન્ન. ૧૩

તે ઉપરિ જિનના આવાસ પૂજ્યા પૂરિં મનની આસ;
સાલિભદ્ર ઘર પાસિ કૂઓ નંદમણીયારની વાવિજ જૂઓ. ૧૪

ગિરિ વૈભાર રોહિણીયાગુહા આવો ફરસો બાર જૂજૂઆ;
ગઢમાંહિ ઓપિં આવાસ શ્રેણિકરાયતણા ઉલ્હાસ. ૧૫

મિથિલા નયરી મલ્લીજિણંદ વાસુપૂજ્ય ચંપા સુખકંદ;
સતી સુભદ્રા ઉઘાડી પોલિ શીલતણિં મહિમા કલ્લોલિ. ૧૬

આગલિ અયોધ્યા નયરી વાસ પાસિં ગંગા ગિરિ કૈલાસ;
રામ શીતા તિહાં કીધું રાજ ભદ્દિલપુર શીતલ જિનરાજ. ૧૭

જંભીગામ ઋજુવાલુ નદી કેવલ ભુમિકા વીરની વદી;
કોસ હજાર ઉપરિ પર્વત્ત મેષલનાંમિ અછિં મહત્ત. ૧૮

તેથી પ્રગટી રેવા નદી સુવર્ણભદ્રા બીજી વદી. ૧૯

સુવર્ણભદ્રા નદી સહિનાણુ તસ સંગિં લાકડ થાઇ પાહાણુ;
કોતિકકારી દીસિં ષરી ગંગા સંગમ આવી વરી. ૨૦

હાથી રેવામાહિં રમઇં પછિમ સમુદ્રમાંહિં વીસમિં;
દેસ કાસમીર દેવી ભારતી કેસર વન નયણે ધારતી. ૨૧

હંસવાહન વીણા વિખ્યાત જિમણિ કરિ પુસ્તક કવિ માત;
તિહાં નીપાઇં બહુ પામરી રાય રાણા ઓઢિં તે ષરી. ૨૨

સમેતાચલ આવ્યા ગહિગહી વીસ વીતરાગ તિહાં સિદ્ધા સહી;
જિનવર થૂભતણા જે ઠામ તે સવિ દીપઇ મહીમાધામ. ૨૩

પારસનાથનો પરતો ઘણો નિશિ વેલાઇં નોબતિ સુણો;
યાત્રા કરી જવ પાછા ફરિ મેઘમાલી તવ વર્ષા કરિં. ૨૪

પાલગંજ તલહટી વસઇ રાજા ખ્યત્રી મનિ ઉલ્હસિં;
પારસનાથની ઓલગ કરિ પ્રભુની આણ સદા સિર ધરિ. ૨૫

ગજ ગઇંડા આરણાની ઘટા મૃગ કસ્તુરીયા બહુ સામટા;
વન કદલી હરડિની ડાલ બાઝાં રૂંષ અનિ વંશજાલિ. ૨૬

સાત કોસ પોઢો સુવિશાલ પાંચ ગાઉ પહોલો ચોસાલ;
તિહાંથી જઇઇં દેસ બંગાલ તીરથ શિષર છિ અતિહિ રસાલ. ૨૭

પારસ પાહાણની પ્રતિમા સાર સોના રૂપાની પણિ ધાર;
તેહતણી જે કરસિ યાત્ર સફલ જનમ તસ નિર્મલ ગાત્ર. ૨૮

ઝાડષંડિ સોહિ જગનાથ વર્ણુ ચ્યાર સેવિ પ્રભુનાથ;
તિહાંથી આવ્યા ખ્યત્રીકુંડ વીરજી વંદુ માહણકુંડ. ૨૯

ચવન જનમ વીરનાં અહિઠાણ પાવાપુરિ પામ્યા નિરવાણ;
યાત્રાષાણિ મુનિવરની તિહાં વીરનુ થૂભ વંદું વલી ઇહાં; ૩૦

વિમલનાથ કંપિલપુર ચંગ ગુહ્વરગામિ ગૌતમ મનિ રંગ;
ગજપુરિ કુંથુ જિણેસર નામ કોસંબી પદમપ્રભુ ઠામ. ૩૧

પુરવપુંન્યિં પેષી સહી પૂરવ દિસિ યાત્રા કહી;
નામ નિરૂપમ જે ધનવંત જિનવર પૂજિ તે પુન્યવંત. ૩૨

નરવર અલવર રણથંભરિ રાવણપાસજી રખ્યા કરિ;

બાવનગજ પ્રતિમા દીપતી ગઢ ગુવાલેરિ સદા સોભતી. ૩૩
સિભરિ બુંદીનગર આંબેર ટુંક ટોડા નિ ગઢ અજમેર;
તિહાં મોટાં જિનહર છિ ઘણાં સોવનકલસે સોહાંમણાં. ૩૪
માલપુરિ નિ સાંગાનેર મેદપાટમાહિ કુંભલમેર;
આદિ નયર એ ઉત્તમ ઠામ ત્રિણકાલ તિહાં કરૂં પ્રણામ. ૩૫
ગોગુંદિ નવપલ્લવ પાસ નાગેદ્રહિ નમી લીલ બિલાસ;
એકલિંગ મહાદેવ પ્રાસાદ ગગન સંઘાતિ માંડિ વાદ. ૩૬
દેલવાડિ છિ દેવજ ઘણા બહુ જિનમંદિર રલીઆમણા;
દોઇ ડુંગર તિહાં થાપ્યા સાર શ્રીશત્રુંજો નિ ગિરનાર. ૩૭
નવિ તલાદિ ચોમુષ સાર દયાલસાહ મહિતિ સુખકાર;
અનોપમ કરણી કીધી આજ રાજસિંહ રાણા નિ રાજ. ૩૮
ઉદયપુર તે ઉત્તમ ઠામ શીતલનાથનિ કરૂં પ્રણામ;
બહુ જિનમંદિર દીપિ વલી પાસ સુપાસજી ટાલિ અલી. ૩૯
રાણાનું તિહાં છાજિ રાજ છત્રપતી હીંદુશિરતાલ;
શીસોદીયાશાષિ ભૂપાલ ષટદર્શન તે પ્રતિપાળ. ૪૦
સાંડેરાગચ્છના યજમાન દિન દિન દીપિં પુન્યપ્રધાન;
દાની માની જ્ઞાની ઘણૂં યશ પ્રતાપ સોહિ તેહ તણો. ૪૧
જાઉરનયરિ શાંતિ જિણંદ જસ મુષ દીઠિ અતિ આણંદ;
સાત ધાતતણું અહિઠાણ પ્રગટિ આજ સદા સપરાણ. ૪૨
ઋષભદેવ વાગડ વિખ્યાત મહિમા જેહનો જગિ આખ્યાત;
જવાસિં ડુંગરપુર થઈ જિન ભેટું વંસવાલિ જઈ. ૪૩
આદિનયર આહડ મંડાણ ધર્મનાથ વંદુ જિણભાણ;
પાસ કરહડો પૂજું મુદા સાદડીઇં જિન સોહિ સદા. ૪૪
ગઢ ચિત્રોડિ દેવ યુગાદિ પાર્શ્વનાથ વંદુ આલ્હાદિ;
ઋષભવંસિ કીરતિધરરાય સકોસલ શિવ પામ્યા ઠાય. ૪૫

માલવ તીરથ વંદુ હવિં દસોર સુવ્રત સુષ ઠવિ;
રામપુરિ નિં રતલામિ સહી સિરૂંજની ચંદેરી કહી. ૪૬

ભાવિ ભેટ્યો મગસિપાસ મોટો મહિમા જગમાહિ જાસ;
કૂકડેસર મહિમા પાસનો પ્રભુનામિ રોગ નાવે આસનો. ૪૭
પાસ અવંતી જિન ધ્યાઇઈ નગર ઉજેણી સુષ પાઇઈ.
સિદ્ધસેન મહિમા વિસ્તાર પામ્યો ઇણિ તીરથિ સુષકાર. ૪૮

વિક્રમ ભોજ સંપ્રતિ પુન્યવંત પરદુષ કાતર બહુ સતવંત;
પરસ્ત્રી બંધવ સાહસ ધીર દાતા ભોગતા ને વડવીર. ૪૯
વિણય વિવેક વિદ્યા ગુણપાત્ર પંડિતપ્રીય મહાનિર્મલ ગાત્ર;
માલવપતિ ઉજેણી રાજ કીરતિ વરતિં જેહની આજ. ૫૦
સીપ્રાનદી ગયદમસાણ ચોસઠિ જોગિનીનું અહિઠાણ;
સિદ્ધવડ હરસીદ્ધીપીઠ રામ સીતાનું તીરથ દીઠ. ૫૧
નયરી અવંતી આગલિ વલી માંડવગઢ દીપિં મહાબલી;
શ્રીસુપાસ સેવું જિનરાય આદિ વીરના પ્રણમું પાય. ૫૨
ઓસવંશ અનોપમ નામ સંગ્રામસોની એણિ ઠામ;
શીલિં સફલ કર્યો સહિકાર બહુ જસવાદ લહ્યો સંસારિ. ૫૩
જિણિ સિદ્ધાંત સુણી ભગવતી હેમમુદ્રા મેહલી દીપતી;
છત્રીસ સહસ ગૌતમનિં નામિ શાસ્ત્ર લિષાવ્યાં પુન્યનિ કામિ. ૫૪

મેવાતથી માલવ લગિ જાણિ બોલ્યાં તીરથ બહુ ગુણષાણિ;
ગુરૂવચનેથી કેતી લહી ઇણીપરિ પૂરવ યાત્રા કહી. ૫૫

કલસ.

તપગચ્છ નાયક બહુ સુષદાયક વિજયપષ્ય ધુરંધરૂ;
શ્રીવિજયરાજસુરિંદ સોહિ સૂરીગુણે કરી સુંદરૂં.

તસ તણિ રાજિ અતિહિ છાજિ સંવેગ ગુણમણિ સાયરૂ;
બુધ શિવવિજય સીસ શીલ વીરનિ સદા આણંદ જયકરૂ. ૫૬

દૂહા.

પરમપુરૂષ પ્રણુમુ વલી વાગેસરી વરદાય;
શ્રીગુરૂચરણુ પસાઉલિં સંકટ દૂરિ જાય. ૧

દષ્યણદેસિ દીપતા દોલિતદાઈ દેવ;
ગુણ.ગાઉ તીરથતણા ગામ ઠામ સુણો હેવ. ૨

ચોપઈ.

નદી નર્મદા પેલિ પારિ આવ્યા દષ્યણદેસ મઝારિ;
માનધાતા તીરથ તિહાં સુણ્યુ શિવધર્મી તે માનિ ઘણું. ૩

પાસ ષંડુઓ ષડગુણ ગામ ષાંનદેસ કહીઈ સુષધામ;
બરહાનપુર મંડણુ જિનદેવ પાસ મનમોહનની કીજિ સેવ. ૪

પાસ ચિંતામણિ નેં મહાવીર શાંતિનાથ નેમીજિન ધીર;
સ્વામી સુપાસ ગોડી ગુણવંત મહાજન મોટા તિહાં પુન્યવંત. ૫

ઓશવંશભૂષણ અભિરામ સંઘવી છીતૂં જગજીવન નામ;
તસ ઘરણી જીવાદે સિરી સકલ ગુણે સીતા અવતરી. ૬

માણિકસ્વામિ નિ અંતરીકભણી આબૂ ગોડી સેત્રુંજતણી;
યાત્રા પ્રતિષ્ટા સંઘની ભગતિ દાન:સુપાત્ર દીયાં યુગતિ. ૭

સારંગધર સંઘવી પોરવાડ યાત્રા કીધી ચૈત્રપ્રવાડિ;
સતર બત્રીસિ બહુલી ઋદ્ધિ લષમીતણો લાહો તે લીદ્ધ. ૮

માલવ નિ મેવાડિ જઇ આબૂ ગોડી ગૂજર થઈ;
વિમલાંચલમાંહિ સિદ્ધાં કામ સંઘતિલક ધાર્યું તસ ઠામિ. ૯

જેસલ જગજીવનદાસ દાતા ભોગતા લીલવિલાસ;
જિનધરમી દિગંબર મતિં અતિ ધનવંત હુઓ સુભમતિ. ૧૦

જિનપૂજા નિત્યઇ તે કરિં આઠ રૂપહીયા તિહાં વાવરિ;
સદાવર્ત્ત સોહિ દાતાર બરહાંનપુરિ વિવહારી સાર. ૧૧

આગલિ મલકાપુર સુભ ઠામ શાંતિનાથનિ કરૂં પ્રણામ;

તિહાંથી ચઢીઈં દેઉલઘાટ દેસ વરાડની ચારૂ વાટ. ૧૨

દેઉલ ગામ અછિ ધનવંત નેમીસર પ્રણુમ્યા શુભશાંત;
હવિ સઘલિ દીગંબર વસિં સમુદ્ર સુધી તે ઘણૂં ઉલ્હસિં. ૧૩

શિરપુર નયરિ અંતરીકપાસ અમીઝરો.વાસિમ સુવિલાસ;
પરગટ પરતો પૂરિ આજ નવનિધિ આપિ એ જિનરાજ. ૧૪

રાવણનો ભગપતિ કહ્યો ષર દૂષણ રાજા તે થયો;
જિનવર બિંબ પૂજીનિ જિમઇં એક દિવસ વનમાંહિ રમઇ. ૧૫

દેહરાસર પણિ ઘરિ વીસર્યું વેલુ છાણનું બિંબજ કર્યું;
ભણી નવકાર પ્રતિષ્ટિઉં ચંગ પૂજી પ્રણમી મનિનિં રંગિ. ૧૬

પ્રતિમા વજ્ર સરિષી લહી કોઈ આશાતના કરસિ સહી;
તેહ કારણ મેલ્હી જલકૂપ વેગિ આવ્યો નયરી ભૂપ. ૧૭

અનુક્રમિ એલગરાયનો રોગ દૂરિ ગયો તે જલસંયોગ;
અંતરીકપ્રભુ પ્રગટ્યા જામ સ્વામી મહીમા વ્રાધ્યો તામ. ૧૮

આગે તો જાતો અસવાર:એવડો અંતર હુતો સાર;
એક દોરાનું અંતર આજ દિન દિન દીપિ એ મહારાજ. ૧૯

ગોમુષી ગંગા ગામ લુણાર નિરમલ નીર નાહિં સંસાર;
અસૂચિ નારી નાહિ જામ તો તે પાંણી વિણસિં તામ. ૨૦

એલજપુરિ કારંજા નયર ધનવંત લોક વસિ તિહાં સભર;
જિનમંદિર જ્યોતિ જાગતાં દેવ.દીગંબર કરી રાજતા. ૨૧

તિહાં ગચ્છનાયક દીગંબરા છત્ર સુખાસન ચામરધરા;
શ્રાવક તે સુદ્ધ ધરમી વસિં બહુ ધન અગણિત તેહનિ અછિં. ૨૨

વઘેરવાલવંશિં સિણગાર નામિ સંઘવી ભોજ ઉદાર;
સમકિતધારી જિનનિ નમિ અવર ધરમ સ્યૂં મન નવિ રમિં ૨૩

તેહને કુલે ઉત્તમ આચાર રાત્રિભોજનનો પરિહાર;
નિત્યઇં પૂજા મહોચ્છવ કરિ મોતીચોક જિન આગલિ ભરિ. ૨૪

પંચામૃત અભિષેકિં ઘણી નયણે દીઠી તે મ્હિ ભણી;
ગુરૂ સાહમી પુસ્તક ભંડાર તેહની પૂજા કરિ ઉદાર. ૨૫

સંઘ પ્રતિષ્ટા નિ પ્રાસાદ બહુ તીરથ તે કરે આલ્હાદ;
કરણાટક કુંકણ ગુજરાતિ પૂરવ માલવ નિ મેવાતિ. ૨૬

દ્રવ્યતણા મોટા વ્યાપાર સદાવર્ત્ત પૂજા વિવહાર;
તપ જપ કરિયા મહોચ્છવ ઘણા કરિ જિનસાસન સોહામણા. ૨૭

સંવત સાતિ સતરિ સહી ગઢ ગિરિનારિ જાત્રા કહી;
લાષ એક તિહાં ધન વાવરી નેમનાથની પૂજા કરી. ૨૮

હેમમુદ્રા સંઘ વચ્છલ કીઓ લાછિતણો લાહો તિહાં લીઓ;
પરબિં પાઇં સીઆલિં દૂધ ઇષૂરસ ઉનાલિ સુદ્ધ. ૨૯

એલાફૂલિં વાસ્યાં નીર પંથીજનનિં પાઇં ધીર;
પંચામૃત પકવાને ભરી પોષિં પાત્રજ ભગતિ કરી. ૩૦

ભોજ સંઘવી સુત સોહાંમણા દાતા વિનઈ જ્ઞાની ઘણા;
અર્જુન સંઘવી પદારથનાથ શીતલ સંઘવી કરિ શુભકામ. ૩૧

હુવિ મુગતાગિરિ જાત્રા કહું શેત્રુંજ તોલિં તે પણિ લહું;
તે ઉપરિ પ્રાસાદ ઉતંગ જિન ચોવીસતણા અતિચંગ. ૩૨

સિંધષેડિ આંબા પાતૂર ચંદ્રપ્રભ જિન શાંતિ સનૂર;
ઓસાવુદગિરિ ગઢ કલ્યાણ સહિર બિધર પ્રસીદ્ધું ઠાણ. ૩૩

ઇહાંથી કહીઇ દેસ તિલંગ ભાગનગર અલકુંડું ચંગ;
જોઅણ ચ્યાર વસિ સુવિસાલ કુતબસાહ નામિ ભૂપાલ. ૩૪

એકલાષ હયવર હીંસતા નવલષ પાલા પદ સેવતા;
ગજરથ સોહિ દલ સિણગાર નાટિક નેજા વાજિત્ર સાર. ૩૫

ગણિકાનાં ઘર સહિસ છત્રીસ નાચગીત કરિ નિસદીસ;
જિનપૂજાઇં ઓચ્છવ વલી જાણે અપચ્છર જોડિ મિલી. ૩૬

શ્રાવકજન વસિં લષ્યમીવંત દાની જ્ઞાની ધરમી સંત;

મણિ માણિક વિદ્રુમના જાણુ દેવગુરૂ સેવિં સપરાણુ. ૩૭
ઓશવંશ ઉપિ ઉજમાલ દીપઇં દોલતિ દાન દયાલ;
દેવકરણુ સાહુ દરિસણુ ભલો રૂપિ રિદ્ધિ સદા ગુણનિલો. ૩૮
ચિંતામણિ ચૈત્યઇં ચોસાલ થાપી પ્રતિમા ઝાક ઝમાલ;
સંઘવચ્છલ પૂજા જિનની ઘણી કરિ નિત્યઈં અતિ સોહાંમણી. ૩૯
સદાવ્રત્ત દાઈ સુભમતી પુણ્ય પોષિ સઘલા યતી;
દુષીયા દીનતણો આધાર જાંણે:કલ્પતરૂ અવતાર. ૪૦
મહિપતિ માનિ મહામંડાણુ જિનશાસન સોભાવિ જાંણુ;
હય ગય રથ પાયક પરિવાર ત્રિણુ બાંધવ હુયા જોડિ ઉદાર. ૪૧
ઉદયકરણુ ઉપિં આસકરણુ રૂપિ રતિપતિ ઇંદ્ર આભરણુ;
સમકિતધારી મતિ ઉજલી ગરવ રહીત ગુરૂ ભગતાવલી. [૪૨
અંચલગછિ ગિરૂઆ ગુણવંત રાગદ્વેષ કીધા ઉપસાંત;
સંઘ ચઉવિહતણા સિણગાર વર્ણવ વારૂ સત્ય ઉદાર. ૪૩
દોઇ દેઉલિ દીપિં દોલતી આદિ પાસ સેવિં સુભમતી;
દેવ દેગંબર દેહરૂં એક મંદિર મોટા સબલ વિવેક. ૪૪
વાડી વસ્ત્ર સરોવર સાલિ શ્રીફલ મેવા દ્રાષ રસાલ;
હાથી રયણુતણી વલી ષાણિ કેતા કહીઇં અવર વષાણુ. ૪૫
કુલ્લપાકપુર મંડણ દેવ માણિકસ્વામિની કીજિ સેવ;
ભરતરાયનું મુદ્રાબિંબ નિત્ય પ્રણામતણિ અવલંબિ. ૪૬
તે તીરથને કર્યો ઉદ્ધાર શંકરરાયરાણીઇ સાર;
રાજા તે મિથ્યાતી સિરિ ત્રિણુસય સાઠિ શિવમંદિર કરિ. ૪૭
તેતાં જિનહર સોહાંમણાં અતિ દીપેં તે રાણીતણાં;
એક કોસ દેઉલ વિસ્તાર પૂજા મહોચ્છવ હોઇ અપાર. ૪૮
દ્રાવડ દેશતણાં અહિઠાણુ તે સુણુયો કહીઇં સપરાણુ;
ગંજીકોટિ સિકાકોલિ ચંજીચંજાઉરિ ને બાલિ. ૪૯

હેમં રયણ નિ રૂપાતણી જિનપ્રતિમા તિહાં દીપિ ઘણી;
જિનકાંચીઈં જિનપ્રાસાદ સરગસમોવડિ માંડિ વાદ. ૫૦

શિવકાંચીઇં શિવાલય ઘણા વિષ્ણુકાંચીઈં વિષ્ણુવતણા;
પૂજા રથયાત્રા મંડાણ નિત્યઇં મહિમા કરિ સુજાણ. ૫૧

દેસ કરણાટકનો આચાર બોલું તીરથનો સુવિચાર;
ચોરતણો તિહાં નહીં સંચાર ધરમરાજ બહુલા શત્રુકાર. ૫૨

નદી કાબેરી મધ્યે વસિ શ્રીરંગપટ્ટણ અતિ ઉલ્હસિં;
તિહાં ભેટ્યા જિન નાભિમલ્હાર ચિંતામણિ નિ વીરવિહાર. ૫૩

દેવરાય નામિ નરપતી મિથ્યાધરમી પણિ સુભમતી;
દાનિ ભોજ સરિષો ભજિ મદ્ય માંસની દૂરિ તજિ. ૫૪

પાંચ લષ્ય પાયક પરિવાર ગજ ચંદનની ષાણિ ઉદાર;
પાંસઠિ લાષ તિહાં દ્રવ્ય ઉપજિં વરસપ્રતિ ન્યાઇં સંપજિં. ૫૫

અઢાર લાષ ધન ધરમ દુઆરિ વરસપ્રતિ આપિ તે સાર;
આઠ ઠાકુરં નિ ચ્યાર જૈન છ મહાદેવતણિ આધીન. ૫૬

રંગનાથ સોવનમઇં કાય નવકરમાનિ પોઢી તિહાંય;
હરી શયનમુદ્રાઈં ઠવી વૃષવાહન ગંગાધર નવી. ૫૭

એ બેહુની પૂજાવિધિ સુણો કનક કલશ લેઈ રलीયામણો;
કુંજર કંધિં લેઈ કરી પંચશબ્દ શિર છત્રિ ધરી. ૫૮

પ્રહિ ઉઠી ગંગાજલ ભરી દેવ પષાલિ આણી કરી;
જિનધરમી પણિ ઇમ આચરિ અણુગલ પાણી નવિ વાવરિ. ૫૯

પંચામૃત પૂજા નૈવેદ ષાંડી એક તંદુલ નૃત ભેદ;
દીપકમાલા નિ આરતી ઉત્તમ વાજે અતિ સોભતી. ૬૦

સિદ્ધચક્ર નિ આદિલદેવ રાજા તેહની સારિ સેવ;
ચ્યાર ગામ અછિ દેવકાં અરકધન આણિ તેહથિકાં. ૬૧

શ્રાવકજન બહુ ધનવંત દાન દયા પાલિ સતવંત;

બ્રહ્મ જાનિ મંત્રીસર ભલો વિસાલાખ્ય નામિ ગુણનિલો. ૬૨

લોકપ્રસિદ્ધ તસુ બીજું નામ વેલાંદુર પંડિત અભિરામ;
વિદ્યા વિનય વિવેક આવાસ જિનમતનો પૂરો અભ્યાસ. ૬૩

જિનઆગમ પૂજિ ત્રિણુવાર એકાસણું નિત્યઇં દ્રવ્ય બાર;
જિનસાસન દીપાવિ સદા રાજધુરંધર ગુણ સંપદા. ૬૪

વીરપ્રાસાદ મંડાવ્યો લંબ પુરૂષ પ્રમાણિ પીતલ બિંબ;
સાત ધાતુ નિ ચંદનતણી રયણબિંબની સોભા ઘણી. ૬૫

વીસસહસ હુંસેં કરી વિત્ત વાવ્યું તેણિં નિરમલ ચિત્ત;
સાતષેત્ર પોષિ પુન્યવંત પંડિત પ્રિય બહુમાંની સંત. ૬૬

ગોમટસ્વામિતણો અભિષેક સહિ સહુ નર રચી કરિ એક;
વરસ પ્રતિ મોટિ મંડાણિ જાંણે ઇંદ્રતણિ સહિનાણિ. ૬૭

મહીપુંનિમ પૂજા વડી મોટી રથયાત્રાઇં ચડી;
અટ્ઠોત્તરસો કુંભે ભરી પંચામૃત અભિષેકિં કરી. ૬૮

બારે કોસે ગોમુટસામિ શ્રીરંગપટ્ટણથી અભિરામ;
બાહુબલીનું બીજું નામ લોકપ્રસિદ્ધ છિ ગોમટસ્વામિ. ૬૯

ચામુંડરાય હુઉ જિનમતી તિણિં તીરથ થાપ્યું સુભમતી;
સાઠિ હાથતણિ અનુમાનિ કાઉસગમુદ્રા ગોરિ વાનિ. ૭૦

પર્વતઉપરિ ઉપિં વલી જોતાં દૃષ્ટિ હુઇ નિરમલી;
બિલગોલગામ અછિ તે તીર વાસુપૂજ્ય જિન સાહસ ધીર. ૭૧

ત્રેવીસ દેઉલ દીપિ સાર દોઇં ડુંગર નિ ગામિ મઝારિ;
ચંદ્રગુપ્તરાયદેઉલ નામ ભદ્રબાહુ ગુરૂ અણુસણ ઠામ. ૭૨

ચારૂકીરતિ નામિ ગચ્છધણી ધનવંત શ્રાવક તિહાં બહુગુણી;
સાત ગામ નિ સાત હજાર દેવતણૂં ધન આવિ સાર. ૭૩

કલિયુગમાહિ ઉપિ આજ દખ્યણમાહિ તીરથરાજ;
પાઉકોસ પરબત વિસ્તાર તિહાંથી આગલિ સોહિ સાર. ૭૪

કનકગિરી જ્વાલામાલિની દેવી ચંદ્રપ્રભુ સ્વામિની;
નદી કાબેરી જળ ઉતર્યા તવ મલયાચલમાંહિ સંચર્યા. ૭૫

અંજનગિરિ તિહાં વિસમિ ઠામિ શાંતિનાથનિ કર્યો પ્રણામ;
ચંદનવન નિ હાથી ઘણા પાદપ પોઢા રલીયામણા. ૭૬

ઘાટ ઉતરી આવ્યા મલબારિ કલિકોટ બંદિર અતિહિ ઉદાર;
જિનમંદિર સ્વેતાંબરતણું વ્યાપારી ગુજ્જર તિહાં ભણું. ૭૭

સો કોસે સુભરમણી ગામ સંભવનાથનિ કરૂ પ્રણામ;
ગોમટસ્વામી પુરએ નૂર સાત ધનુષ દેહી સનૂર. ૭૮

ઇહાંથી જૈનતણાં તે રાજ પાંચે ઠામિ સોહિ આજ;
તુલદેસિ મોટો વિસ્તાર પાલિ જિન આણિ આચાર. ૭૯

બદરી નગરી અનોપમ જાણિ ઓગણીસ દેહરાં છિ ગુણ ખાણિ;
ત્રાંબા નલીએ બાહ્યાં વલી મંડપ મોટા બહુ પૂતલી ૮૦

પુરૂષ પ્રમાણિ પ્રતિમા ચંગ હેમતણી તે અછિ સુરંગ;
ચંદ્રપ્રભુ ચૈતિ ચોસાલ યાત્રા જેહની અમીઅરસાલ. ૮૧

આદીસર શાંતીસર પાસ શ્રાવક સેવિં લીલવિલાસ;
નારી રાજ કરિ જિનમતી સાધુ દિગંબર નિ મહાસતી. ૮૨

ચાર વર્ણના શ્રાવક ભદ્ર બ્રમ ષ્યત્રી વૈસ્ય નિ સૂદ્ર;
નાતિતણો એહજ વિવહાર મિથ્યાદેવતણો પરિહાર. ૮૩

તાડપત્ર પુસ્તકભંડાર ત્રાંબાપેટીમાંહિ સાર;
સાત ધાત ચંદનમય લહી રયણજાતિની પ્રતિમા સહી. ૮૪

માણિક નીલક નિ વિડૂર હીરા વિદ્રૂમ તેજઈ પૂર;
એહ અપૂરવ બિંબઝયાલ પુન્યિ પેષ્યાં પરમ કૃપાલ. ૮૫

કારકલગામિ ગોમુટસ્વામિ નવ પુરૂષ દેહી સુભધાન;
નેમિનાથ નિં ચૈત્યિં બહુ રયણબંબની સોભા સહૂ. ૮૬

ચોમુખિ સોહિ નાભિ મલ્હાર ગામ વરાંગિ નેમિકુમાર;

ગિરિ ઉપરિ વલી સાહિ પ્રાસાદ ઇમ તુલદેસ કહ્યો આલ્હાદિ. ૮૭

સાગર મલયાચલ અંતરિ જૈનરાજ તે નિશ્ચલ કરિ;
જિનવર ભગતિતણાં મંડાણુ કેતાં કહીઇં અવર વષાણુ. ૮૮

પાછા ફ્રિ આવ્યા કરણાટ નયર વિનુરિ ચડિયા ઘાટિ;
રાંણી રાજ કરિ નિતુમેવ નવલષ પાયક સારિ સેવ. ૮૯

દોઇ દેઉલિં તે ભેટ્યા ચંગ તિહાંથી હુંબસિ આવ્યા રંગિ;
પાસનાથ નિ પદમાવતી પરતા પૂરિ જગિ જાગતી. ૯૦

અહી અનેક પાસિં તિહાં ફ્રિ પણિ પરાભવ કો નવિ કરિ;
એહવું ઉપિં મહીમાધામ પૂજ્યાં પૂરિ વંછિતકામ. ૯૧

ચિત્રગઢ બનોસી ગામ વંકાપુર દીઠુ સુભઠામ;
તીરથ મનોહર વિસ્મયવંત વાત અપુરવ સુણયો સંત. ૯૨

સ્વામી સેવક સુપન મઝારિ કહિ શ્રાવકનિ વયણ ઉદાર;
નવ દિન ફૂલમાંહિં સંષ ધરે દસમે દિન દરિસનનું કરે. ૯૩

નોમિ દિન ચુ જો તિમ કરી સંષમુષિ પ્રતિમા નીસરી;
પાંઉ રહ્યા મુષમાહિ જાણિ દસમા દિવસતણિ સહિનાણિ. ૯૪

સંષપરમેસર કહીઇં એમ સંખથકી પ્રગટ્યા પ્રભુ નેમ;
લષમીસરપુર તીરથ ચંગ ગદકિં પ્રણમું મનનિ રંગ. ૯૫

ઇહાંથી કહીઇં કાનડદેશ લચ્છીલીલાનો પરવેસ;
રાયહુબેલી નયર ઉદાર અનંતનાથ નિ પાસકુમાર. ૯૬

રામરાયનું વીજાનગર હુનિં મેહ હુઓ તિહાં સનર;
લોક પ્રસિદ્ધ સહુકો કહિં કૃષ્ણાનદી તે આગલિ વહિ. ૯૭

વીજાપુરિ છિં શાંતિજિણંદ પદમાવતી દીઠિ આણંદ;
મણિધર વિવહારી બુદ્ધિવંત શ્રાવકજન તિહાં બહુ ઋદ્ધિવંત. ૯૮

ઇદિલસાહનુ સબલું રાજ પ્રજાપાલ હુઓ મહારાજ;
દોઇ લષ્ય સેના ચતુરંગ મહાજન મોટા કરિ ઉચ્છરંગ. ૯૯

પાસ કરહિડા નિ કલિકુંડ મહીમા જેહનો આજ અષંડ;
દીવાલીદિન સઘલા દેવ બ્રહ્માદિક પ્રણમિ નિતુમેવ. ૧૦૦

ચારણગિરિ નવનિધિ પાસ રાય વાગહુકેરી વાસ;
દેવ ઘણા શ્રાવક ધનવંત પંચમનાતઈં બહુ સતવંત. ૧૦૧

પંચમ વણીક છીંપી કંસાર વણકર ચોથો શ્રાવક સાર;
ભોજન ભેલા કોઇ નવિ કરિ દીગંબર શ્રાવક તે સિરિ. ૧૦૨

શિવાતણી સીમિ વલી જૈન મરહઠદેસિ રહિ આધીન;
તુલજાદેવી સેવિ ઘણા પરતા પૂરિ સેવકતણા. ૧૦૩

સ્યાહગઢ મુગી પઇઠાણ શ્રીમુનિસુવ્રત જિનવર ભાંણ;
જીવતસ્વામિ પ્રતિમા પરગડી બાંણગંગા ઉપકંઠિ વડી. ૧૦૪

સિદ્ધસેનદેવાકર વલી હરિભદ્રસૂરિ થયા મનિ રૂલી;
ભદ્રકાલી દેવી દીપતી કવિજન માતા એ ભારતી. ૧૦૫

પાસ કિસનેર તે પરવતમાહિં દોલતાવાદ કહુ ઉચ્છાહિં;
દેવગિરી અવરંગાવાદ શાંતિ વીર પ્રણમું આલ્હાદિ. ૧૦૬

ઈલોરિ અતિ કૌતુક વસ્યૂં જોતાં હીયડું અતિ ઉલ્હસ્યૂં;
વિશ્વકરમા કીધું મંડાણ ત્રિભુવનભાવતણુ સહિનાણ. ૧૦૭

દષ્યિણદિસિની બોલી કથા નિસુણી દીઠી જે મિ યથા;
ઇમ દાનગિરિ પારસનાથ નાસિક ત્રંબક સુવ્રતનાથ. ૧૦૮

ગંગા ગોમતી ગોદાવરી બલભદ્ર સોહિ તુંગીગિરી;
બગલામાંહિ નંદરબાર નીઝર ધનોરે અજિત જુહારિ ૧૦૯

કહીઇ કુંકણ દષ્યણ ચીઉલિ વડસાલિ ઘણદીવી બોલિ;
પાસ વીર નિ નાભિમલ્હાર મહુઈ વિઘનહરો સુષકાર. ૧૧૦

નવસારી સૂરતિ મંડાણ ચિંતામણિ સોહિ જિનભાણ;
ઉંબરવાડી જીરાઉલો આદિનાથ ગાઉ ગુણનિલો. ૧૧૧

જિનધરમી વિવહારી બહુ સોહિ સુરતરૂ સરિષા સહુ;

ઋદ્ધિ રૂડા લીલાવંત દાન સુપાત્રિ આપિ સંત. ૧૧૨
વિનયવંત વારૂ ગુરૂમુખી સદગુણ સોહઈં દિન દિન સુખી;
ન્યાઈ મેલિ સબલી લાછિ સાતષેત્ર પોષિ ઉલ્હાસિ. ૧૧૩
તાપીતટ સાગરનુ સંગ કૌતુક જિહાજ ગણાં ઉછરંગ;
દ્વીપાંતરની અપૂરવ વાત મેવા મોતી વસ્ત્ર વિષાત. ૧૧૪
ઋષભદેવ રાનેરિ સાર ચોપટમલ હાંસોટિ ધારિ;
આદિદેવ અંકલેસરમાહિ રેવાતટિ આવ્યા ઉછાહિ. ૧૧૫
ભરૂઅછિ આદિનયર તે દીઠ ચોસઠિ યોગિનીનું વરપીઠ;
પાસ કહારો આદિ જિણંદ મુનિસુવ્રત સેવું સુષકંદ. ૧૧૬
સંમલીવિહાર અંબડદે કરિ બત્રીસલાષ સોવન વય ધરિ;
કુંમારપાલ જવ કરિ આરતી તવ કીરતિ વરનૃપ ધારતી. ૧૧૭
વંદું વડુએ શ્રીમહાવીર સેનાપુરિ પહિલો જિન ધીર;
રાજપીપલા રેવાતીર ગજ વન છાજિં મહાગંભીર. ૧૧૮
ડભોઈ પાસ વટપદ્રિં દેવ દાદો જિન સોહિ નિતુમેવ;
ચંપાનેરિં નેમિજિણંદ મહાકાલી દેવી સુષકંદ. ૧૧૯
નગર ગંધારિ બહુ જિનબિંબ શ્રાવક ધરમ કરિ અવિલંબ;
કાવીઇં જિનમંદિર જોડિ દીપિં સેત્રુજા સરિષી હોડિ. ૧૨૦
દ્દષ્યણ કુંકણ કાન્હડતણી તીરથ કેરી યાત્રા ભણી;
હવિ ગુજર ગાઉં ગુણવંત મહિ જિ ચતુર અનિ પુન્યવંત.૧૨૧
મહીસાગર ઉતરીઅ પાર આવ્યા ત્રંબાવતી મઝારિ;
થંભણતીરથ મહિમા ઘણો ભાવિ ભવિકા ભગતિ સુણો. ૧૨૨
વાહણ થંભ્યા સાયર મધ્ય સાગરદત્ત સેઠિ તિહાં લદ્ધ
કુસલે આવ્યા મહોછવ કરી થંભણપાસજી નામિ ધરી. ૧૨૩
પ્રભુજી પામ્યા પુન્યસંયોગ અભયદેવનો ટાલ્યો રોગ;
ઘણા વરસ વલી ભૂતલિ રહી ગોષીર ઝર્યાથી પ્રગટજ થઈ. ૧૨૪

પહિલિ યુગિ હુઈ રત્નાવતી બીજિ કહીઇં કનકાવતી;
ત્રંબાવતી ત્રીજામાહિ હોય ચોથિં ખંભનયર વલી સોય. ૧૨૫

થંભણ પ્રણમું જીરાઉલો નારિંગો ભિડભંજન સામલો;
નવપલ્લવ જગવલ્લભ દેવ સુખસાગરની કીજિં સેવ. ૧૨૬

ષંભનયરના શ્રાવક શિરિં ઋદ્ધિં રૂડા ગુણ આદરિં;
તુંગીયા નયરી ઉપમા લહી ગુણરાગી સેવિ ગહિગહી. ૧૨૭

રાજસ ગુણ રાજિ ઓસવંશ સોની તેજપાલ અવતંશ;
એક લાષ ધન ષરચ્યું જિણઇં સેત્રુંજસિષર કરાવ્યું તિણઇં. ૧૨૮

સંઘવી ઉદયકરણ અનિં સોમકરણ વિજકરણ નિ જયકરણ;
દેવગુરૂની પાલી આણ લષ્યમી લાહો લીઓ સુભઠાણ. ૧૨૯

પારિષ વજીઆ નિ રાજીયા શ્રીશ્રીવંશિ બહુ ગાજીયા;
પાંચ પ્રાસાદ કરાવ્યા ચંગ સંઘ પ્રતિષ્ટા મનનિ રંગ. ૧૩૦

જેહની ગાદી ગોઆબંદિરિ સોવન છત્ર સોહિ ઉપરિ;
કોઇ ન લોપિ તેહની લાજ નામિ સીસ ફરંગીરાજ. ૧૩૧

પ્રાગવંશ કુંઅરજી વાડુઆ કાવી દેઉલ તેણે કીયા;
પુત્ર પિતાઇં હોડાહોડિ કીધી કરણી જોડાજોડિ. ૧૩૨

મોઢન્યાતિ ઠકર જયરાજ વંશવિભૂષણ સોહિ આજ;
લાલજી સુત માલજી રામજી બંધવ બે લિં સુભમતી ભજી. ૧૩૩

સતરબાવીસિં યાત્રા કરી સેત્રુંજ સંઘવી પદવી વરી;
પોતિં પોષ્યાં પાત્ર વિશેષ ધન્ય જીવ્યું ધરમિ ધરી રેષ. ૧૩૪

સંઘવચ્છલ જિનમંદિરતણી પૂજા પ્રભાવના કીધી ઘણી;
સમકીત ગુણ સોભા ઉજલી આશ્રિતવચ્છલ કહીઇ વલી. ૧૩૫

કેતા ગ્નાતા દાતા જાણિ કેતા શ્રોતા ભોગતા આણિ;
કવિતા આગમ ભેદિ કહિ ગુરૂવચને કરી નિશ્ચલ રહી. ૧૩૬

બુદ્ધિસાગર રૂડા ઋદ્ધિવંત દાન દયા સોહિં સતવંત;

ચતુર ચઉકસી આણંદતણો વેલજી વિવેક ઉપગારી ઘણો. ૧૩૭
આજ અપૂરવ સવે સિણગાર સુગુણમણિ સરિષો પરિવાર;
જિનધરમી ગુરૂ ભગતા જેહ યશસોભાગ્ય લહિ વલી તેહ. ૧૩૮
આદિનયર એ ઉત્તમ ઠામ દિન દિન દીપિ સોભા ધામ;
ઇમ અનેક ગુણરયણની ષાણ કેતા કહીઇ અવર વષાણ. ૧૩૯
જિન નમીઇ સોઝિત્રે માત્ર અમ્હદાવાદે મોટી યાત્ર;
બારેજિ નિ ગામિ ધોલકિં યુગાદિ પાસ પ્રણમું તિહાં થકઈ. ૧૪૦
અમ્હદાવાદ અનોપમ લહું ભાભો ચિંતામણિ તે કહું;
સામલો મોઢેરો મહાવીર અટ્ઠોત્તર સો જિનહર ધીર. ૧૪૧
રાજનગર શ્રાવક ચોસાલ જગપ્રસીદ્ધ માનિં ભૂપાલ;
જિનસાસન સોભાવિ સદા આશ્રિતવચ્છલ બહુ સંપદા. ૧૪૨
ઉસવંશભૂષણ શિરદાર સૂરા રતન બે બંધુ ઉદાર;
સત્યાસીઈ દીઉ સત્રુકાર વિમલાચલના સંઘ અઢાર. ૧૪૩
તસ સુત ધનજી પનજી ચંગ સમેતાચલ યાત્રા કરી રંગ;
ઈસી સહિસ એકલાષિ કરી ધન ષરચી સંઘપદવી વરી. ૧૪૪
શ્રીશ્રીવંશિં ચડતિં વાનિં દોસી મનીઓ પુન્યપ્રધાન;
ધર્મષેત્રિ ધન વાવ્યું બહુ ત્રિણે લાષ તે પોતિ સંહુ. ૧૪૫
સંવત ચોગિં શત્રુકાર વરસ એ લગિ દીધો સાર;
દુરિ દુકાલ ગયો તિણિ વારિ માણુસ મિલિયાં સહિસ ઇગ્યાર. ૧૪૬
સંઘતિલક સિદ્ધાચલતણું મોઢેરાનું મંદિર ભણ્યૂં;
સતરભેદ પૂજા મંડાણ રાજનગરિ સહુ દેઉલિ જાણિ. ૧૪૭
હેમમુદ્રા શીલવંતનિ દીદ્ધ સંઘવચ્છલ બહુ ભગતિં કીદ્ધ;
બાન છોડાવ્યાં પુન્યનિ કાજિ જિનસાસનિ વિસ્તારી લાજ. ૧૪૮
તસ સુત દોસી શાંતિદાસ પૂરણ પુન્યતણો તે વાસ;
દાની જ્ઞાની ભોજસમાન તાતતણિ પરિ વાલ્યો વાન. ૧૪૯

લહુજી પનજી મનજી ચંગ શાંતી સોમકરણ મનિ રંગ;
સૂરચંદ સુત પચેવડો ગુણનિધિ વંશ અછિ પઢવડો. ૧૫૦

ઓસવંશે શાંતિદાસ શ્રીચિંતામણિ પૂજ્યા પાસ;
પ્રભુ સેવાઇં ગજસંપદા દિલ્લીસરિ બહુ માન્યો સદા. ૧૫૧

વિત વાવરીઉં ધરમિં ઘણૂં સાતે ખેત્રે કરી સોહામણૂં;
ચિહું પુત્રે વલી સોભા ઘણી વંશવિભૂષણ તે બહુગુણી. ૧૫૨

વસ્તુપાલ મંત્રીસર વંશ શિવા સોમજી કુલ અવતંસ;
સેત્રુંજ ઉપરિ ચોમુખ કીઓ માનવભવ લાહો તિણિ લીઓ. ૧૫૩

ત્રિણ જોઅણનું નગર મંડાણ અમ્હદાબાદ અનોપમ જાણિ;
સાધુ સુધરમી નિત્યેં વાસ શ્રાવકનાં ઘર સહિસ પંચાસ. ૧૫૪

સકલ દેસતણો સિણગાર દુખિઆ દીનતણો આધાર;
જોયાં પટ્ટણ દેશ અનેક પેખ્યો પૂરો ઇહાં વિવેક. ૧૫૫

કપ્પડવાણિજ નિ સાણંદ વામાસુત નિ આદિજિણંદ;
વીરમગામથી આગલિ પાસ સંષેસરો પૂરિ મનિ આસ. ૧૫૬

યાદવ જરા નિવારી ઇણિં યદુપતિ તીરથ થાપ્યું તિણિં;
ચંદ્રપ્રભુ જિન વારિ કહી તવ મૂરતિ ભરાવી સહી. ૧૫૭

સેરીસિં લોઢણ જિનપાસ સંકટ ચૂરિ પૂરિ આસ;
જૈનકાંચીથી આણી દેવ મંત્રબલિ ચેલાની સેવ. ૧૫૮

કડી મહિસાણેં નગરિ સાર આદિ વીર નિં પાસકુમાર;
વિસલનગર નિ વીજાપુરિ જિનપ્રતિમા વંદુ સુભપરિ. ૧૫૯

આદિ તલટી આણંદપુરિ જે યાત્રાફલ સેત્રંજગિરિ;
સીદ્ધપુરિ વાસ્યું સિદ્ધરાય નદી સરસતી તીરથ ઠાય. ૧૬૦

આવ્યા પાટણિ અતિ આદરિ પાસજી ભેટ્યા પંચાસરિ;
કોકો નારિંગો ચારૂપ પાસ અઢારે સુગુણ સ્વરૂપ. ૧૬૧

વીસોત્તર સો જિન આવાસ દરિસણ આપિ લીલવિલાસ;
કુમારપાલ નિં વિમલપ્રધાન ઇહાં ઉપના તે ગુણનિધાન. ૧૬૨

હેમાચાર્ય તણિ વષાણિ અઢારસય કોટીધજ જાણિ;
પાટણિ પનોતા શ્રાવક વસિં ધરમકાર્ય કરતા ઉલ્હસિ. ૧૬૩
પાટણનયર પ્રસીધું જાણ .... ;
કુમારપાલ હુઓ ભૂપાલ અઢારદેસ દયા પ્રતિપાલ. ૧૬૪
ઇગ્યારલાષ હયવરનું સૈન ગલીઉં નીર પીઇ તે જૈન,
હેમાચાર્યથી સમકિત લહી જિનમંડિત ભૂ કીધી સહી. ૧૬૫
જિનહર બિંબ અનિ શત્રુકાર ઉપાસરા નિ જીર્ણઉદ્ધાર;
રાજઋષીની ઉપમા ધરી ગણધરપદવી તિણિં વરી. ૧૬૬
આજ અનોપમ કીરતિ જાસ ઉત્તમ પુરૂષ લીલવિલાસ;
તીરથ થાપ્યાં સમકીત ધરી અવિચલકરણી રંગિ કરી. ૧૬૭
ત્રિણ ગતિ નિ ત્રિભુવનતણાં સાસ્વતા અસાસ્વતા સોહામણા;
જે અપુરવ સુણીયા પીઠ તે ત્રિકાલિ પ્રણમું દીઠ. ૧૬૮
સતર ઇગ્યારિ બારિ ફિરી પુરવદિસિની યાત્રા કરી;
એકવીસિં અડત્રીસિં સહી દષ્યણ દેવની સેવા લહી. ૧૬૯
ચઉદ પૂરવનો જે છિ સાર તે પહિલાં પભણી નવકાર;
પૂરવાચાર્યનેં વચને ધરી દેવ દિગંબર વાંદ્યા ફિરી. ૧૭૦

यतः—

दिसह विवहचरियं जाणिज्जेइ दुज्जणसज्जणविसेसो ।
अप्पाणं च किलिज्जइ हिंडिज्जइ तेण पुहवीए ॥ १७१ ॥

ધન્ય દિવસ તે વેલા સાર ધન્ય જીવ્યું માણુસ અવતાર;
તીરથયાત્રા કરિ સુજાણ તે નર નારી લહિ કલ્યાણ. ૧૭૨

કલસ.

એ તીરથમાલા ગુણવિસાલા જે ભવિકજન કંઠિ ધરિ,
સકલલચ્છી ધેનુ સુવચ્છી નિશ્ચલ આવિ તસ ઘરિ;
શુદ્ધસંવેગી સુગુણ સંગી બુધ શિવવિજય સાનિધ કરી,
કોવિદ શીલવિજય સીસ પભણિં વીનવિ આણંદ ધરી. ૧૭૩

દૂહા.

ઉત્તરદિસિ ઉપિ સદા જૈનરાજ અશેષ;
મહાનગર રૂડાં ઘણું સુણુયો તેહ વિશેષ. ૧

દુરગમ પંથ ઉલ્લંઘતાં નદી નગર પાષાણુ;
મલેચ્છ રાજ્ય અછિ મોટાં કહિસ્યું તાસ વષાણુ. ૨

ચોપઈ.

દિલ્લીપતિ હુઓ અકબ્બરસાહ ષટ દરસણુ પોજી પાતસાહ;
દાન દયા દીપાવી જિણુંઈ ધરમ પરિખ્યા કીધી જિણેં. ૩

એક દિવસ નૃપ સભા મઝારિ ભણિ વિપ્ર તિ ધર્મવિચાર;
શ્રાવક જીવદયાઈ રમિ પણિ સૂર્યનિ નવિ નમે. ૪

છંદુ જવહિરી બુદ્ધિનિધાન શ્રાવકધરમી તાસ પ્રધાન;
મિથ્યામતિ મોડી જયવાદ વરીઉ ભૂપ સભા સંવાદ. ૫

સૂર્યદેવ નિ ગંગાનદી જિનમતમાંહી ઉત્તમ વદી;
મિથ્યામતિ તે શક્તિ જિમઈ મિલભર્યા ગંગામાહિ ભમઈ. ૬

માટી જલજલણુ નિ વાય વણુસ્સઈ જીવ અસંખ્યા થાય;
કંદમૂલના ભેદ કહાય વલી અનંતા કહિ જિનરાય. ૭

તે ઓલષાવ્યા ઉપનયન ધરી ગોપુંછિ દેવવાસિ કરી;
વિપ્રતણું ઉતાર્યું માન જિનસાસનનું વાલ્યો વાન. ૮

પાતસાહ પરસંસ્યા જૈન થિરધર્મી પોતિં લયલીન;
જેહનો વંશ વિરાજિ આજ સરવ વસિ કીધાં જેણિ રાજ. ૯

એહવું દલ્લીનયર મંડાણુ દોઈ જોઅણુ વિસ્તારિ જાણિ;
છ જોઅણુ સોહિઈ આગરૂં નદી યમુનાકંઠિ ગુણુ ભર્યું. ૧૦

ગંગા તીરિ છિ કેદાર કુરૂક્ષેત્ર નિ વલી હરદ્વાર;
એ તીરથ શિવનાં છિ સહી. ૧૧

નગરકોટમાહિ જ્વાલામુખી દેવી દરસણિ સોહિ સુખી;

નગઠી રાંણીનું તિહાં રાજ સો જોઅણુ ઉપરિ તે આજ. ૧૨

હીંગુલાજ હિમાલયગિરી દેવી દીપિ મહિમા ભરી;
ત્રણસય કોસે લાહુર ગામ નવલષ્ય ક્ષત્રી વસિ તસ ઠામિ. ૧૩

ઇહાંથી સો પંચાસે જાણિ પુર મુલતાન મહામંડાણ;
કાબિલથી કરિ રાજ્ય પઠાણ નવલષ નેજાનું દલ જાણિ. ૧૪

ત્રણસે કોસે નયર ષંધાર સવાલાષ નામિ ગિરિસાર;
કાલંજર નગથી નીસરી યમુનાનદી ગંગામાહિ વરી. ૧૫

એક માસ પંથ તે ઉપરિ મીઢા વાહન તિહાં સંચરિ;
મૃગ કસ્તુરી હાથી ઘણા સેર પ્રમાણ હરડિ ફલ બહુ ગુણા. ૧૬

માનસરોવર તિહાં કહિવાય સો જોઅણની ગંગા તિહાંય;
ઇહાંથી નવંસિ ગાઉ મિલી ઇસપાન નયર અછિ તે વલી. ૧૭

કાસમીર નામિ પાતસાહ બાર લાષતણો નિરવાહ;
તિહાંથી પૂરવદિસિમાંહિ વસિ રોમનગર અતિ ઉલ્હસિ. ૧૮

રાજ કરિ બારિ સુલતાન તે પણિ જીત્યા વિમલપ્રધાન;
આઠસિં કોસે સાસતાનગર ત્રિણ જોઅણ વિસ્તારિ સભર. ૧૯

બલષ ભુષારા છિ દલિં તિહાં લાષ અઢાર સૈનઈં કરી ઈહાં;
ત્યાગી તિહાં હુઓ મોટો મલક છોડી સોલસય નારી થયો અલક. ૨૦

ષુરાસાણ ષટસત ઉપરિ હુંનસાન તિહાં રાજાસિરિ;
ઈષૂ ગજ નિ નાગરવેલિ તિહાં વલી ન હોઇં ચોથી કેલિ. ૨૧

બારસે કોસેં ઈસ્તંબોલ જોઅણ અઢાર વસિ રંગરોલ;
તિલંગસાહ નામિ પાતસાહ ચોવીસ લાષ તુરંગ ઉચ્છાહ. ૨૨

બબરકૂલ વસિ પાંચસેં યવનરાજ ઇહાં સુધી વસિં;
મનુજરૂધિરઇ રંગઇં તે હીર નર મહિમાઈ કરિ તે કીર. ૨૩

સહિસમુષી હવિ કહીઇ ગંગ જોઅણ સવાસો પિહુલી ચંગ;
અષ્ટાપદ રષ્યાનિ કાજિ પહિલી આંણી જનુરાજ. ૨૪

તિહાંથી પૂરવદિશ છિં બૌધ છ દરસણમાહિ કહ્યા અશુદ્ધ;
દેસ દેપાલ નેપાલ ભોટાંન પઈં ગુરષાંગ કલિંગનો અંત. ૨૫

દેઉલ મહીમા મોટા ઘણા હસ્તી ભષ્ય આચારિ સુણ્યા;
કૌતુકકારી વાનરરાજ આશ્વમુષા છિં આગલિ આજ. ૨૬

સહિસમુષી ગંગાનિ પારિ સોહિ જૈનરાજ્ય ઉદાર;
સાતસય કોસે જઈઈં જામ ચાલીસ કોસ વિસ્તારિ તામ. ૨૭

લાટદેસ તારા તંબોલ જિનધરમીજન કરિ કલ્લોલ;
સૂરચંદ્ર રાજા જિનમતી ત્રણ લાષ સેના તસ દીપતી. ૨૮

ગયંવર ગાજિ ઝરિ મદ વારિ પોઢા પાંચસય જસ વર બારિ;
અનુપચંદ્ર સોહિ સુત સાર બીજો ત્રિલોકચંદ્રકુમાર. ૨૯

સદાનંદ મંત્રી મહાંત જિનધરમી મતિસાગર સંત;
પંચસત તુરંગમ જેહનિ એહવી રાજલચ્છી તેહનિ. ૩૦

જિનમંદિર સોહિ સિં સાત કહીઈં તેહના સુણો અવદાત;
ત્રિણકાલ પૂજા કરિ જિનમતી નાચ નૈવેદ અનિ આરતી. ૩૧

સંઘતણી કરિ ભગતિ રસાલ આગમ અરચા ઝાકઝમાલ;
સુવિહિત સાધુ અછિ તિહાં ઘણા વનવાસિં રહિ રલીઆમણા. ૩૨

યુગપ્રધાન યતીસ્વર જાણિ જિનવલ્લભસૂરિ ગુણષાણિ;
દાની જ્ઞાની બહુ ધનવંત શ્રાવક ન તિહાં વસિ સતવંત. ૩૩

વ્રતપાલિ બારિ મનિ ષરિ જિનશાસનની સોભા કરિ;
સંઘપ્રતિષ્ટા ગુરૂની ભગતિ દિનદિન દીપિં બહુલી યુગતિ. ૩૪

ત્રણસય શિવાલય સોહામણા મિથ્યાતી જન માનિ ઘણા;
વરતિ જીવદયા નિતુમેય આકરા કર ન કરિ નરદેવ. ૩૫

જિનધરમી મ્યારિ વલી વર્ણ ન્યાયવંત પૃથિવી આભર્ણ;
ઇમ અનેક સોભાં મંડાણ કેતા કહીઇ નગર વષાણ. ૩૬

ઇહાંથી ગાઉ સો ઉપરિ સુવર્ણકાંતિ નગરી સિરિ;

કલ્યાણસેન નામિ ભૂપાલ જિનમતિ જીવદયા પ્રતિપાલ. ૩૭

જ્યોતિવંત જિનહર ચોવીસ મહોચ્છવ મહિમા હોઇ નિસદીસ;
મહાધર પર્વત શેત્રુંજ જોડિ પાંચ પ્રાસાદ નમું કરજોડિ. ૩૮

સોલછિતાલિં સેત્રુંજભણી કલ્યાણસેન રાજા તે ગુણી;
સંઘ સબલ લેઈ મહામંડાણ ત્રિણવરસે કરી પંથ પ્રમાણ. ૩૯

સમેતાચલ આવ્યા મનરંગ જિનના થૂંભ નમ્યા તે ચંગ;
ચંપાપુરિ પહોતા નરરાજ વાસુપૂજ્ય પૂજ્યા જિનરાજ. ૪૦

ભાનુચંદ વાચક તિહા મિલ્યા તેહના સંસય મનના ટલ્યા;
વિમલાચલનો પૂછો પંથ તવ તે વચન કહિ નિગ્રંથ. ૪૧

અઢારસય કોસે ઇહાં થકી અમ્હે આવ્યા પ્રણમી તિહાંથકી;
ત્રિણપ્રદક્ષણા તેહનિ દીધ સેત્રુંજયાત્રા ફલ તે લીધ. ૪૨

પંથ દોહિલો ન સહિ વારિ માણસ માંદાં સંઘ મઝારિ;
તે કારણિ સંઘવચ્છલ કરી વિત્ત વાવરીઉં પ્રેમિ ધરી. ૪૩

બાવન મણ મિરી શાકહમાહિ દ્રવ્યસંખ્યા નહીં બીજી તિહાંહિ;
વાસપૂજ્ય મંદિરની ભીતિ તેણે લિખીઉં એણી રીતિ. ૪૪

ભક્તામર ભાષા ગીરવાણિ સમઝા સાધુ સવિ સુજાણ;
માહોમાહિ વાંધા પાય એક આચારી તે મુનિરાય. ૪૫

વલી મનમાહિ હરખ્યા ઘણૂં દરસણ દીઠું સોહામણું;
વીર પટોધરિ વંશિ હૂઆ પંચમ આરિ ગચ્છ જૂજૂઆ. ૪૬

જૈનરાજ્ય એ ઉત્તરદિસિં દાન દયાઇં કરી ઉલ્હસિં;
લાહુરવાસી ખ્યત્રી સહી એ વાત વિલાષી કહી. ૪૭

સોલ બ્યાસીઇં સુપરિ જેહ જોઈ આવ્યો ઉલ્લાસિ તેહ;
નિજગુરૂ મુખથી મ્હિં સાંભલી અતિઆણંદિ બોલી વલી. ૪૮

અષ્ટાપદ તિરથ છિ વડું દૂરિ દેસાંતર નહી ઢુંકડું;
સેત્રુજ રૈવત અરબુદગિરીં સંમેતાચલ નિં મુગતાગિરી. ૪૯

પાંચે તીરથ પરગટ ઉદાર દિન દિન દીપઇ મહામા ધાર;
ધનધન નર નારી વલી જેહ પ્રણમિં પૂજિં તીરથ એહ. ૫૦

ઉત્તરદિસિની તીરથમાલ હરષિ બોલી અતિહિ રસાલ;
યાત્રાફલ સુણતાં તે થાય ભાવિ ભણતાં પાતિક જાય. ૫૧

દિશિ ચ્યારિ ઉજેણી થકી મધ્યદેશ માલવની વકી.
તીરથ કારણ કહીઇ વલી હરષિ જોયાં એ મનિ રૂલી. ૫૨

यतः—

दिसह विवहचरियं जाणिज्जइ दुज्जणसज्जणविसेसो ।
अप्पाणं च किलिज्जइ हिंडिज्जइ तेण पुहवीए ॥ ५३ ॥

ધન્ય દિવસ તે વેલા સાર ધન્ય જીવ્યું માણુસ અવતાર;
તીરથ યાત્રા કરિ સુજાણ તે નર નારી લહિ કલ્યાણ. ૫૪

ઇહ ચ્યાર દિગવધૂ કંઠિ રાજિં તીરથ મણીમય માલ એ;
જસ દરિસ પરિમલ લહિં નિરમલ ભવિકભૃંગ રસાલ એ.
બુધ શિવવિજય શિસ **શીલવિજઈ** અષય આણુંદ અતિઘણૂં;
કરકમલ જોડી કુમતિ છોડી કર્યું તવન સોહામણૂં. ૫૫

સંવત્ ૧૭૪૮ વરષે માગસરમાસે શુકલપક્ષે ત્રયોદશીતિથૌ

સોમવાસરે લિખિતમ્.

ज्ञानविमलसूरिविरचित

तीर्थमाला.

॥ ઢાલ ૧ ॥

શાસનાદેવીય, એ દેશી.

શ્રીજિનવરતણા લીજીઇં ભામણાં ચરણપંકજ નમી ભાવસ્યું એ;
ચૈત્યપરવાડીય પુન્યની વાડીય પભણીય પ્રેમ બહુ ચાવસ્યું એ. ૧

મનમાં આનંદિયા જિનવર વંદિયા સતર પંચાવન વરિસમાંહિ;
ઢાલબંધિ કહું વંદિય ગહગહું સયલસુખ જિમ લહુ ધરી ઉચ્છાહિં. ૨

ઉચ્છાહ આણી લાભ જાણી ભવિકપ્રાણી બહુ મિલી,
લહીસુ ગુરૂવાણી હૃદયે આણી પૂરતા મનની રૂલી;
શુભ લગ્ન યોગે વિધિસંયોગે યાત્ર કરવા સંચર્યા,
શ્રીસૂર્યપુરવરથકી શ્રાવક સપરિવારેં પરવર્યા. ૩

॥ ઢાલ ૨ ॥

આગે આદિજિનેસર, એ દેશી.

ધુરથકી સહરિમાં વંદિયા પાસ ચિંતામણિ વારૂ;
ધર્મ જિનેસર નમિજિન કુંથુ જિનેસર તારૂ. ૪

ઋષભ જિનેસર શાંતિજી શાંતિકરણ જગનાથ;
ઇત્યાદિક બહુ જિનવર પ્રણમી શિવપુર સાથ. ૫

વારૂ વૃષભ તે જોતર્યા સષર સજી સેજવાલી;

વડવષતી વિવહારીયા વિધિસ્યું પાપ પષાલી. ૬

રાનેરવંદિરે આવીયા નેમિજિનેસર વંદ્યા;
નવનિધિ સમ નવ ઠામિં જિનવર દેષી આનંદ્યા. ૭

વીરજિનેસર, એ દેશી.

તિહાંથી આઘા સંચરી ભરૂઅચિં આવે
પાસ કલ્હારો ઋષભદેવ પ્રણમી સુખ પાવે;
શ્રીમુનિસુવ્રતસ્વામિ ઠામિ સામલિયા વિહાર
મૂલતીરથ એ જાણીયેં મહિમાભંડાર. ૮

સત્યરિ સય જિનબિંબપટ્ટ આરસમય દીપે
સપ્તધાતુમયબિંબ ત્રણ્ય તેજેં ત્રિભુવન જીપેં;
નવ પ્રાસાદના બિંબ સર્વ દેષી આનંદે
પૂરવસંચિત અશુભકર્મ સવિ દૂર નિકંદે. ૯

અનુક્રમે વડગામ આવિ મહાવીર જુહારે
અતિ ઉમાંહિં આવીયા ગંધાર મઝારિં;
સોવનવાનિં વર્દ્ધમાનસ્વામી જબ દીઠા
બિંબ અનેકેં ઋષભદેવ ચિત્ત અમીય પઇઠા. ૧૦

ભુહરામાહિં ત્રિણ્ય બિંબ પાસ જિનવરકેરાં
અતિ ઉત્તંગ સોહામણાં ભાજે ભવભય ફેરા;
તિહાંથી આઘા આવીયા જિહાં બંદિર કાવી
તિહાં જિનબિંબ પૂજા કરી બહુ ભાવના ભાવી. ૧૨

॥ ઢાલ ૩ ॥

સમવસરણ જિમ વાજા વાજે, એ દેશી.

કાવી ઠાંમ એક દેહરાસર તેહ જુહાર્યું,
અતિ ઉલટિ ભરી ભાવ અધિક મનિ આણુતો. જયો જયો ભાવ. ૧૩
તિહાંથકી સાણંદે આવ્યા પદ્મપ્રભ નિરષી સુષ પાવ્યા;
બિંબ અવર સંભલાવ્યા. જયો૦ ૧૪

ગોધાવી ગોરજ વીરમગામિં બિંબ અનેક અછેં અભિરામ;
ભાવિં વાંદ્યા સ્વામિ તો. જયો૦ ૧૫

ભોજૂયાગામેં પ્રતિમા પાસ માંડલિમાં ગાડરીઓ પાસ;
વાંદ્યા ચિત્ત ઉલ્લાસ તો. જયો૦ ૧૬

મુજપુરે ઝોટિંગો પાસ અવર બિંબ બહુ ગુણ આવાસ;
પ્રણમ્યેં થયો ઉલ્લાસ તો. જયો૦ ૧૭

તિહાંથિકી સમીસહરેં આવ્યા સાધર્મ્મિકજન બહુ સુખ પાવ્યા;
કેતાઇક દિન તિહા ઠાયા તો. જયો૦ ૧૮

ધર્મસનેહી પૂરબનેગેં શ્રીજ્ઞાનવિમલસૂરીશ્વર વેગઈ;
વાંદ્યા તિહાં સુવિવેકે તો. જયો૦ ૧૯

અંગપૂજા પ્રભાવના કીધી સોહાગણિ મલિ સાંઝી દીધી;
બહુ શોભા તિહાં લીધી તો. જયો૦ ૨૦

વીરજિનેસર સામલ પાસ શાંતિનાથ પ્રગટાવ્યા ઉલ્લાસ;
ભક્તિ કરી તસ પાસ તો. જયો૦ ૨૧

ઠામિ ઠામિ વલી જે દેહરાસરિ ભક્તિ કરી બહુ જન મનહરે;
સકલસમાહિત સુરતરૂ તો. જયો૦ ૨૨

શ્રીસંષેસર પાસ ભેટ્યા ભવભયના દૂષ દૂરે મેટ્યા;
પૂજા વિવિધ પ્રકાર તો. જયો૦ ૨૩

॥ ઢાલ ૪ ॥

કનકકમલ પગલા ઠવે, એ દેસી.

અનુક્રમેં તિહાંથી ચાલીયા એ સાથે ગછપતિ રાજે કે;
સંવેગીતણા એ. ૨૪

સોહીગામેં આવીયા એ ભેટ્યા ઋષભજિણંદ;
ઉચ્છાહ ધરી ઘણો એ. ૨૫

અંક રત્ન આરસતણુ એ પ્રતિમા પ્રથમ જિણંદ
અછે મહિમા ઘણો એ. ૨૬

શેઠ ધનાવહ જાણીયે એ વેણાતટિમાંહિ જેહ;
થયો પહિલાં સુણ્યો એ. ૨૭

નાનો અભયકુમારનો એ તિણે ભરાવ્યા બિંબ;
સવાકોડિ માંઝનિ એ. ૨૮

તે માહિંલાં એ બિંબ છે એ સંપ્રતિ પ્રગટ્યા તેહ;
ભવિકજન પુન્યથી એ. ૨૯

તાસ ભગત કીધી ઘણી એ ચંદ્રોદયકરી આદિ;
પૂજા પરિકરતણી એ. ૩૦

તાસ પાસે લઘુ ગામ છે એ ભરકુઆ નામેં જેહ;
તિહાં પ્રતિમા હતી એ. ૩૧

પ્રગટ કરાવી તેહ ભલી એ કીધી તસ બહુ ભક્તિ;
યથાસકતેં કરી એ. ૩૨

ષંભાયતબિંદરતણો એ સંઘ સાથે કરી યાત્ર;
પાસ ગોડીતણી એ. ૩૩

વિષમ વાટ રણભૂમિકા એ ઉલ્લંઘી અતિ છેક;
પણિ કરી યાત્રા એ. ૩૪

અનુક્રમેં વલીને આવીયા એ સોહીગામ મઝારિ;
પ્રથમજિન વંદીયા એ. ૩૫

તિહાંથી અઘા સંચર્યા એ સંઘનેં કરિ મનોહારિ;
સંપ્રતિ નૃપતિઇ રચ્યુ એ. ૩૬

તિહાંથી થિરાદ્રે આવીયા એ સંઘને કરિ મનોહારિ;
મનોરથ પૂરિયા એ. ૩૭

પ્રગટ કરાવી વીરને એ લીધો બહુલો લાભ;
સવે આણંદિયા એ. ૩૮
તિહાંથી સાચોરિં આવીયા એ પધરાવ્યા શ્રીવીર;
પ્રાસાદમાં ઉછવેં એ. ૩૯
ચ્યાર પ્રાસાદ શ્રીવીરના એ દેહરાસરિ વલી એક;
ભાવસ્યું ભેટીયા એ. ૪૦
તિહાંથી પુનાસેં આવીયા એ નિરષી શાંતિપ્રાસાદ;
આનંધા અતિઘણુ એ. ૪૧

॥ ઢાલ ૫ ॥

નિરમાલડીનો.

તિહાંથી ભિનમાલે આવીયા એ ભેટયા શ્રીપાસ
ચ્યાર પ્રાસાદ તણા સુબિંબ નિરષ્યા ઉલ્લાસ;
ધાણસા મોદરા ગામમેં પ્રાસાદ જુહારી
જાગિરે આવ્યા વહી સુષથી નરનારી.
સોવનગિરિ તિહાં નિરષીયો એ જે પહિલાં જિન ઠામ;
વિવિધ દેહરાસર વંદિયા, નિરમાલડી એ
પ્રણમ્યા તે અભિરામ, મનરહિ એ. મ૦ ૪૨
તિહાંથી આઘા સંચરી માદલપુર આવ્યા
અગર વગરી નેં એરૂગામ વલાણ દૂઝાણા;
સાંડેરે પ્રાસાદ એક ષીમેલિ વીઝેવો
ઇહાં એક એક પ્રાસાદ વંદિ મન હર્ષ ધરેવો.
વરકાણેં શ્રીપાસજી એ નાડોલ ત્રિણ્ય પ્રાસાદ;
નડુલાઈ પ્રાસાદ નવ, નિર૦ યાદવો નમીઇ આલ્હાદ. મ૦ ૪૩
દેસૂરીઇ પ્રાસાદ એક ઘાણુરાગામે
પારસનાથ ને વીરચૈત્ય ઘણેરે ઠામેં;
સાદડી પાસ પ્રાસાદ એક આણંધા નિરષી
રાણપુરેં શ્રીધરણવિહાર ચઉમુખ અતિ હરષી.

એ સરિષી નહી માંડણી એ મહિયલમાંહિ ઉદાર;
ત્રિભુવનતિલક સોહામણું નિર૦ પ્રથમ જિણંદ વિહાર. મ૦ ૪૪

મંડપ મોટા થંભ તુંગ કોરણી અનેક
સહસકૂટ નેં પંચમેરૂ તીર્થ સુવિવેક;
ભૂમિહરમાં જૈનબિંબ પ્રણમી આનંદ
મંગલચૈત્ય નેં દેહરી સવિ ઠામેં વંદુ;
ચ્યાર પ્રાસાદ બીજા વલી એ એવં મિલી નેં પંચ,
પંચમગતિને પામવા નિર૦ એહુજ સબલ પ્રપંચ. મ૦ ૪૫

માદે મુડાડેં રાજપુરિં ચેચલીઓ પાસ
ઓઇઉ નેં પાલ્હડીઉં પ્રાસાદ વિચિત્ર;
વાઘસણિ દોઈ પ્રાસાદ છે એ પાલ્હડી કોલ્લર ઠામ,
તિહાં પ્રાસાદનેં વંદિયા નિ૦ હરખ્યા મન અભિરામ. મ૦ ૪૬

ચેચલીયાથી અવર પંથ સેવાડી ગામ
બીજાપુર વીસલપુર રાતાદેવ ઠામ;
નાણું બેહુડેં કોરટઈ જીવિતસ્વામી વીર
નાંદીઈ લોટાણે વલી સેત્તુજની ભીર;
અઝાહરી વીરવાડિમાં એ બંભણવાડિ વીર,
ઘાણા વીર નમી લહો નિર૦ ભવિજન ભવજલતીર. મ૦ ૪૭

॥ ઢાલ ૬ ॥

ચૌપઈ.

સીરોહી દેસેં જૈનવિહાર તે કહતાં નવિ આવેં પાર;
ગામગામ ગિરિ વિષમેં ઠામ દેહરા દીસેં અતિ ઉદ્દામ. ૪૮

ભાવથકી તે સવિ વંદિયા પણિ દ્રવ્યેં કેતાએક થયા;
ઇમ સીરોહી નગરેં આવીયા જનમ કૃતારથપણું ભાવિયા. ૪૯

આદિચૈત્ય દીઠું ઉદ્દામ જેહનો સ્વર્ગ સમોવડિ કામ;
ચઉમુખ ચૈત્ય ત્રિભુમિક ભલો અજિતશાંતિ કુંથુ જિનહર ગુણનિલો. ૫૦

શ્રીજીરાઉલિ પાસ પ્રસિદ્ધ વિવિધ ચૈત્ય યાત્રા તિહાં કીધ;
દેહરાં તિહાં ઉત્તંગ ઇગ્યાર ભેટી કીધ સફલ અવતાર. ૫૧

ગોહલી સીદરોઠ ગામ મઝાર એક એક છે જૈન વિહાર;
હમીરપુરે છેં ચ્યાર મેંડે સીરોડીઇ ચૈત્ય જુહારી. ૫૨

ઇહાં પાષતી છેં બહુલા ગામે તિહાં પ્રાસાદ અછેં અભિરામ;
પાલડીઇં શ્રીવીરવિહાર વલી ચાલ્યા આગલિ સુષકાર. ૫૩

હડાદરૂં આબુ તલહટી જિન વંદી દુષ ગયા સહુ મિટી;
સજ્જ થઈ આબૂ ચઢ્યા જયતતણા નીસાણુજ મઢ્યા. ૫૪

॥ ઢાલ ૭ ॥

અઢીયાની.

અર્બુદગિરિને શૃંગ રૂષભ પ્રાસાદ ઉત્તંગ, નિરષી ઊપનો એ;
આણંદ અતિ ઘણો એ. ૫૫

વિમલવસહી સુખકાર પાસેં નેમિવિહાર, વસ્તુપાલેં કરી એ;
લૂણિગવસહી ધરી એ. ૫૬

રૂપા અધિક પાષાણ દ્રવ્યતણુ નહી માન, મનોહર કોરણી એ;
દીસેં અતિ ઘણી એ. ૫૭

ભીમસાહ કૃત ચૈત્ય વંદી પાવન વિત્ત, પીતલ પરિકર્યું એ;
બિંબઇ પરિવર્યું એ. ૫૮

પાસ ભુવન ત્રિણ ભૂમિ ખરતર ગુણ સીમ, ચઉમુખ દેહરૂ એ;
ત્રિભુવનસેહરૂ એ. ૫૯

ખમણા દેઉલ એક બિંબ આઠ અધિક શત એક, નિરષી ભાવિયા એ;
અચલગઢ આવીયા એ. ૬૦

પીતલ પ્રતિમા સાર ચૌદ સયમણની ચાર, ચઉમુખ સુષકરૂ એ;
ભવિ ભવભયહરૂ એ. ૬૧

આરસમય સાત બિંબ મુદ્રા અતિહિ અચંભ, જિમણે પાસે ભલા એ;
સોહેં નિર્મલા એ. ૬૨

ગામમહિ શાંતિવિહાર વાહિર વીર જુહારિ, કુમરનૃપતિ કર્યું એ;
જિનબિંબે ભર્યું એ. ૬૩

ઓરીસાગામેં એક જિનવર બિંબ અનેક, આરસમય સહી એ;
પ્રણમ્યા ગહગહી એ. ૬૪

પૂજા વિવિધ પ્રકાર આંગી રચના સાર, જનમ સફલ કર્યો એ;
ભવસાયર તર્યો એ. ૬૫

પરીષ દાદો નેં વર્દ્ધમાન વહિં નેં વીસાલા માનિ, ચોથુ વ્રત વહેં એ;
આણંદ અતિ લહેં એ. ૬૬

સાહ સામજીઈ ઊજમાલ તિહાં પહેરેં ઈંદ્રમાલ, ધજ રોપણ કરી એ;
સંઘતિલક ધરી એ. ૬૭

શ્રાવક શ્રાવિકા જેહ આનંદ અછેહ, ભાવેં ભાવના એ;
હરષિત સવિ જના એ. ૬૮

અઠાઈ મહોચ્છવ કીધ નરભવ લાહો લીધ, કુશલે ઊતર્યાં એ;
જયલચ્છી વર્યાં એ. ૬૯

॥ ઢાલ ૮ ॥

રાય કહેં રાણી પ્રતિ, એ દેશી

હિવેં તિહાંથી સંચર્યા સુણિ સુંદરી, આવ્યા મઢાડિ મઝારિ, સાહેલડી;
વિચિં બ્રહ્માણિ જીરાઉલો સુ૦ દાંતીવાડે એક જિનતણો; સુ૦
ચૈત્ય અનોપમ હોય. સા૦ ૭૦

પાલવિહાર શ્રીપાસનો સુ૦ રાય પલ્હાદે કીધ; સા૦
અક્ષતમૂડો નિતુ પ્રતે સુ૦ સોલ મણિ પૂગી પ્રસીદ્ધ. સા૦ ૭૧

પૂજા ભોગ એહવો હતો સુ૦ પહિલાં ઇણિ જગિમાહિં; સા૦
સંપ્રતિ પણિ મહિમા ઘણો સુ૦ પાલણપુરવરમાહિં. સા૦ ૭૨

લાલપુરેં ચલી વલી આવીયા સુ૦ શાંતિ ભક્તિ કરી ખાસ; સા૦
સિદ્ધપુરેં દેહરાસિરે સુ૦ વાંદ્યા ચૈત્ય ઉલ્લાસ. સા૦ ૭૩

વર્ષાઋતુ નેડી ભણી સુ૦ ન રહ્યા થિર પરિણામ; સા૦
તારંગાની યાત્રા વલી સુ૦ દ્રવ્યે ન કરી તામ. સા૦ ૭૪

ભાવથકી તે વંદિયા સુ૦ વિચમાં નગર અનેક; સા૦
અનુક્રમેં ઘરભણી ચાલતા સુ૦ વાંદ્યા તીરથ અનેક. સા૦ ૭૫

મહિસાણા રાજનગર પ્રમુખેં સુ૦ શ્રીજિનકેરાં ઠામ; સા૦
પ્રણમી પ્રેમે પોહતલા સુ૦ સૂરતિબંદિર ઠામ. સા૦ ૭૬

વિધિસ્યું છરી પાલતા સુ૦ ષટમાસેં કરી યાત્ર; સા૦
જ્ઞાનવિમલસૂરી સાથસું સુ૦ વંદી સફલ કરે ગાત્ર. સા૦ ૭૭

સાત ષેત્રેં વિત્ત વાવતા સુ૦ ઉચિત પ્રમુખ કરે દાન; સા૦
શાસન શોભા દાષવી સુ૦ નિજ વચનસ્યું રાખ્યુ માન. સા૦ ૭૮

ઠામ ઠામ પરભાવના સુ૦ પૂજા સતર પ્રકાર; સા૦
દેવદ્રવ્ય વૃદ્ધિ દાષતા સુ૦ સફલ કર્યો અવતાર. સા૦ ૭૯

સંવત સતર પંચાવનેં સુ૦ સફલ મનોરથ સીદ્ધ; સા૦
જેષ્ટ સુકલ દસમી દિનેં સુ૦ એ તીરથ રચના કીધ. સા૦ ૮૦

કલશ.

ઇમ તીર્થમાલા ગુણવિશાલા કરી સંઘેં અતિ ભલી,
કલ્યાણમાલા ભવિકબાલા લહો જિમ મનની રૂલી;
પરભાતિ ઉઠી એહ જિનવર નામ ગુણકંઠિ ધરઇ,
'જ્ઞાનવિમલ' ગુણૌઘ સમકિત સહજ લીલા તે વરઇ. ૮૧

वाचनाचार्यमेरुकीर्त्तिविरचित

शाश्वततीर्थमाला.

પણુમિય પહિલઉં ધુરિ નવકારો, ત્રિણિ ચઉવીસી જિણવર સારો,
નામિ નમું સિવભૂતિ;
કેવલનાણી નઇ નિરવાણી, સાગર મહાયસ વિમલ સુવાણી,
જાણીજઇ સિવભૂતિ. ૧

સિરિ હરદત્ત દમોદર દેવા, સામિ સુતેજા સુવઇ નમેવા,
સેવા સુમઇ જિણંદ;
સિવગતિ જિણપતિ નમિ અસ્ત્યાગ, અનિલ જસોહર કિયથ સુભાગ,
રંગિ હિઇં ધમ્મસુરિંદ. ૨

શુદ્ધમતિ શિવકર સ્યંદન સંપ્રતિ, ચઉવીસઇ જિણ નમિવા સંપ્રતિ,
સંપ્રતિ જગદાનંદ;
રિસહ અજિય સંભવ અભિનંદણ, સુમઇ પઉમ સુપાસ વિસેવિંદણ,
વંદણ ચંદ જિણંદ. ૩

સુવિધિ સુશીતલ જિણ સેયંસો, વાસુપુજ્જ જિણ વિમલ વતંસો.
વંસોણુંત સુધમ્મ;
સંતિ કુંથ અર મલ્લિ કિ સુવ્રત, નમિ નેમીસર પાસ કિ સુવ્રત,
સુવ્રતિ વીર સુરમ્મ. ૪

પઉમનાભ જિણસૂર સુદેવા, પાસ સયંપહુ પાય નમેવા,
સેવા સવ્વણુભૂતિ;
દેવશ્રુતોદય સિરિપેઢાલો, પોટિલ સિતકિ તિસુવઇ રસાલો,
અમમ નમઉ શુભભૂતિ. ૫

નિષ્કષાય નિપલાક જિણેસર, નિર્મમ ચિત્રગતિ સમાધિ જિણેસર,
સંવર જસહર દેવ;
વિજય મલ્લિ ઉવવાય જિણંદો, અણંત ભેદ નઇ દુઇ જિણચંદો,
વંદઉ સુર નર દેવ. ૬

સીમંધર જુગમંધર સામી, બાહુ સુબાહુ સુજાતિ સુપામી,
સયંપહુ ઉસહ જિણંદ;
અણંત સૂરપહ જિણ સુવિશાલો, ચંદાણણ જિણ વજધર શાલો,
શશિકર ભુજગ મુણિંદ. ૭

ઇસિર નેમિ સિરિ ભડસેણો, મહભદ દેવજસો જિણરાણો,
અજિય જુયા જિણ વીસ;
રિસહ ચંદાણણ સિરિ વરિસેણો, વદ્ધમાણ મહિ તેજિહિ ભાણો,
સાસય ચઉ જગદીસ. ૮

ઇગ સઉ સત્તરિ વિહરઇં જિણવર, નમિ નવ કોડી કેવલિ મુણિવર,
ઉત્તમ મજ્ઝિમ કાલિ;
વિહરમાણ વિહરઇં જિણ વીસ, દુઇ કોડી કેવલિ જગદીસ,
વીસ વિસા નમિ ભાલિ.

સોહમીસા[illegible]હિ સણંતકુમારહ, માહિંદિ બંભ કિ લંતક નામહ,
શુક્ર કિ મુણિ સહસાર;
આણય પાણય આ[illegible]રૂણ અચ્યુત, નવગ્રીવેક અનુત્તર અચ્યુત,
જિણવર ભુવન વિચાર. ૧

લાખ ચઉરાસી સહસ [illegible]પત્તાણું, ત્રેવીસ અધિકાં જિણગૃહ માણું,
જાણું તિહિ પરિણામ;

કોડિ કિ સઉ નઈ બાવન કોડી, લાખ ચઉરાણું સહસ ચઉંઆલીસ,
સગસઈં સાઠાં તામ. ૧૧

ચંદ સૂર નઈ ગહ રિખ્ખ તારા, તિહિ જિણબિંબ ન લાભઈં પારા,
ઘણુ પણુસઈં શુભકાયા;
સગસઈં કોડી નઈ બહુતરિ કોડી, ભુવનપતિહિ સવિ જિનગૃહ જોડી,
હિવ સંખ્યા જિનરાયા. ૧૨

તેર કોડિ સઈં કોડિ નવ્યાસી, સાઠિ લાષ અધિકા સુ સમાસી,
વિંતરમાહિ અસંખ;
મણૂયલોઇ સાસય સવિ તીરથ, નમું સવેહું ભણિ ગુણ સમરથ,
સાસય પડિમા સંખ. ૧૩

નંદીસર નઇ કુંડલ દીવિહિં, રૂચક મેરૂ વિંશતિ ગયદંતિહિ,
દેવોત્તર કુરૂ દસક;
ઇષુકારિહિ નઇ માણુસપરબત, વક્ષસ્કારિહિ કુલગિરિ સંગત,
ગયવૈતાઢ્ય અનંક ૧૪

જંબૂ પ્રમુખ મહાતરૂ ગરૂયા, કણયાચલ ઇગ સહ જિ સરૂયા,
સતરિ નદી પુણુ અંક;
અસીઇ દ્રહ નઇ ત્રિણિસઇં અસીયાં, કુંડ કહાઇં કિહાં નવિ ખિસીયાં,
વેયટ્ટગિરિ ચમકંત. ૧૫

સહશ્ર તિણિ દોસઇ ઉણુસઠી, જિણગિહ સંખા એ મઈં દિઠી,
જિણપડિમા હિવ સંખ;
નવ કોડી નઇ દસ લખ ત્રિણુસઇં, વીસે અગ્ગલ ભણી વિસેસિઈં,
તિરિયલોઇ સુહકંખ. ૧૬

અડસઇં કોડી કોડિ સતાવન, દુઇસઈં છયાસી શાસત ભાવન,
સંખ્યા તિહુયણલોએ;
પનર કોડિ સઇં કોડિ બિતાલીસ, લખ્ખ અઠાવન્ન સહસ છતીસ,
અસી જિણપડિમા જોએ. ૧૭

સમેઇ સેત્રુજિ સિરિઅઠાવઇ, સોપારઇ સિરિરેવઇ પાવઇ,
જીરાઉલિ ફલવદ્ધી;
રયણપુર નઇ સિરિસાચુરિઇં, થંભણ ઘોઘે મહૂય દાઠઇં,
ઉનઇ દીવ પ્રસિદ્ધી. ૧૮

દેવકપત્તનિ ચોરીવાડિઇં, મંગલપુર નઇ બાલાગામિઇં,
ગઢજૂનઇ બલેજિ;
અહિપુર ઢીલી સરસું મથુરા, જિણુવર જનમ કીયા વર નગરા,
નગર વડઉં પુણુ લેજે. ૧૯

સંખેસરિ સીરેસે તારણિ, પંચાસરિ ચારૂપિ અરાસણિ,
માંડવ નઇ કુલપાકિ;
સૂરતિ ભરૂઅછિ નઇ નવસારી, સારદ કાવી વણુથલિ સારી,
ખેડજ નામ મ મૂકિ. ૨૦

નગરકોટ નઇ દેઉલવાડઇ, ચિત્રકૂટ નઇ સિરિતલવાડઇ,
જે છઇ જિહાં જિનરાજ;
તિહિ સવિહું કરૂં પરિણામ, ભાવિહિ લેઈ જૂજૂય નામ,
જિમ હુઈ વંચ્છિતકાજ ૨૧

જલ થલ નગર નઇ દેસ વિદેસિઇં, પરબત નદી ગુહાંતરિ દીસઇં,
ગુરૂ લઘુ ખરતર દેવા;
કીત્તિ કરી નઇ મેરૂ સમાણા, તિહિ સામિની સિરિ વહું આણા,
ભવિ ભવિ તમ્હ પઇ સેવા. ૨૨

ઇણિ પરિ જિનગુણ જે જિણ જંપઇ, સાસય જિણધમ્મ પામઇં સંપ
જંપઇ 'કીરતિમેરૂ';
તિ ત્રિકાલ જો જિણગુણ બોલઇ, તેહની કીરતિ સાગર તોલઇ,
રાષઇ ભવનુ ફેર. ૨૩

કોહ માણુ માયા મદહીણા, તવિહિ કરીનઇ સવિ કમ્મ ક્ખીણા;
તે એ સવિ જિણ જાણિ;

પંચ મહાવ્રત સૂધાં પાલઈં, પાપતણાં પદ દૂરિહિ ટાલઈં;
ઇરિયાગય સહિનાણિ. ૨૪

ભવિયણ જણમણ બોહણહારો, નવ કપ્પિઇં નિત કરઈં વિહારો,
વંદઉ તે મુણિરાઇ;
જીવદયા ગત જિણધમ્મ પાલું, જાખલ સેષલ દૂરિહિઇં ટાલું;
તિહિ ઊપરિ મણ ઠાઇ. ૨૫

ઉભયકાલિ પડિકમણું કરેઇ, દાણ સીલ તવ ભાવણ ભાવઇ,
નાણઇ પણિ અતિચાર;
કુવણિજ કુવ્યસન કરઈં ન કારઈં, મિચ્છિત્ત પવિઇં સરઈં ન સારઈં,
તે સાહમી સવિચાર. ૨૬

ચઉરાસી લખ જીવ ખમાવું, સિત્ત મિત્ત સમ દિઠિઇં ભાવું,
બાર મહાવ્રત ચીતિ;
જીવતણી નિત જયણા કીજઇ, અવસરિ આવ્યાં નવિ ભૂલીજઇ,
પાલઉ સૂધી રીતિ. ૨૭

ઇય સયલ જિણવર પવર મુણિવર સુદ્ધ સંથુવિ સંથૂયા,
પાયાલસગ્ગિહિ તિરિયલોયહિ રહિય સાસયસંઠિયા;
જે નામિ જંપઇ પામિ સંપઇ અમર દંસણદાયગા,
મમ હંતુ સિદ્ધા સિદ્ધદાયગ ભવહ સંકડમોયગા. ૨૮

॥ ૐ ॥

श्रीजिनसुखसूरिविरचित

जेसलमेर–चैत्यपरिपाटी.

॥ ઢાલ ૧ રસીયાની ॥

જિનવર જેસલ જુહારીયૈ લીજૈ લિષમીનૌ લાહ વિવેકી;
ગાજે બાજે બહુ ગડગાટસું ચૈત્રપ્રવાડૈ રે ચાહ. વિ૦ જિ૦

પહિલી પરદક્ષણાયૈ પ્રણમીયૈ જગગુરૂ વીર જિણંદ; વિ૦
વડ પ્રાસાદ કરાયૌ વરઢીયૈ દીપૈ જાણ જિણંદ. વિ૦ જિ૦

પહિલી ભમતીમાંહિ પરતમા એકસૌ અધિક ઇગ્યાર; વિ૦
ગંભારે દેહરાસરમાંહિ ગિણ્યા ઇકસૌ ઇકવીસ સાર. વિ૦ જિ૦

આગલિ શ્રીઆદીસર આવતાં ભમતી બિહું ધર ભાવ; વિ૦
પ્રતિમા પંચાણૂં નૈં વલિ પાંચસૈં ગિણતી કરિ ગુણ ગાવ. વિ૦ જિ૦

ગંભારૈ નૈ વલિ ઊપરિ ગિણૂં છાજૈ બિંબ છત્રીસ; વિ૦
ધન પ્રાસાદ કરાયૌ ગણધરે જોવો ધરીય જગીસ. વિ૦ જિ૦

॥ ઢાલ ષંભાયતી ॥

ઇમ ચંદ્રપ્રભુ જિનવર મોહીયૌ પ્રગટ વડૌ પ્રાસાદ; વિ૦
ભૂમેતી ને ચોમુષ ભેટીયૈ પરહો તજીય પ્રમાદ. વિ૦ જિ૦

ભલૈ ઇકસૌ આણૂં ધૂરિ ભૂમિકા એકસૌ છાવીસ એહ; વિ૦

તીજે ભૂમે ચાલીસે તરાણવૈ જિણવર રાજે જેહ. વિ૦ જિ૦ ૭
કીધી ખ્યાંતે ભાંતે કોરણી ચારૂં વિવિધવિનાંણ; વિ૦
ભણશાલીયે લાભ લીયો ભલો મોટો જાંણ વિમાંન. વિ૦ જિ૦ ૮

॥ ઢાલ ૨ કાગલીયાની ॥

આવો અષ્ટાપદે રે આપદ જાય અલગ્ગ;
કુંથ પ્રાસાદ કરાયો સિંઘવી રે જેહનો જસ કહે જગ્ગ. જિ૦ ૯
બાહિરલી ભમતી તિમ ચોકમે રે જિન એકસો સેંતીસ;
દોઇ સો સાઠ ગુભારે દૂસરે રે ગણધર અઠ્ઠાવીસ. જિ૦ ૧૦
સોલમ સંતિ જિણેસર સેવીઇં રે હિતસો ઉપર હેવ;
ભમતી બાહિરલીમઇ ભેટીયે રે દોઇસો ચાલીસ દેવ. જિ૦ ૧૧
....;
ચોકમાંહે જિહાં પ્રતિમા ચ્યારસે રે ભરીયો પુણ્યભંડાર. જિ૦ ૧૨

॥ ઢાલ ૩ કરમપરીક્ષ્યાની ॥

નમીયે તિહાંથી [illegible]નાથજી રે, તીજો જિનવર તેહ;
ચાવો તીરથ કીધો ચાપડે રે એહનો સુજસ અછેહ. જિ૦ ૧૩
બાહિરલે ચોકે પ્રતિમા દોસો રે માંહિ અઢીસે ઇકતીસ;
છત્રીસ મંડપ વિચલે [illegible] રે ગંભારે ચોવીસ. જિ૦ ૧૪
બાર માંહિલી ભમતી બોલીયે રે દીપે થંભા દોઇ;
રચના સહૂ તપની પાટે રચી રે યંત્ર તિકે તૂં જોય. જિ૦ ૧૫
ડાગે ભલો રચાયો દેહરો રે સીતલ ને જિહાં સાંતિ;
ત્રિણસે ને ચવદે પ્રતિમા તિહાં રે ભેટીજે તજિ ભ્રાંતિ. જિ૦ ૧૬

॥ ઢાલ ૪ ચરણ કરણની ॥

વિધિચૈત્યાલે જિનવર વંદીયે સંઘ ચતુર્વિધ સાથ;
સક્રસ્તવ એ બેકરિ સુભ વિધે પ્રણમો પારસનાથ. જિ૦ ૧૭
દેહરી બાવનમેં બિંબ દીપતાં પાંચસે પેંતાલીસ;

પાટિ સેત્રુંજે છિન્નૂ પ્રભૂ જિકે પ્રેમ ધરી પ્રણમીસ. જિ૦ ૧૮

ઇકસૌ બૈતાલીસ બિહૂં ચોકમેં ઊંચૈ મંડપ બાર;
મૂલગંભારે દેહરાસર નમૂં સૌ ઇક ચવદે સાર. જિ૦ ૧૯

તિલકે તોરણ બીજે તોરણે બિંબ બાસઠ નૈ બાર;
ત્રેવીસ પાસે મંડપ રે તિકે સો પ્રણમું શ્રીકાર. જિ૦ ૨૦

સંબત બારૈસૈ બારોત્તરૈ ઓ જેસલગઢ જાણ;
થાપ્યૌ સેઠે કીરતથંભ જ્યૂં મોટો ચૈત્ય મંડાણ. જિ૦ ૨૧

॥ કલશ ॥

ઇમ મહા આઠ પ્રાસાદમાંહે બિંબ પેંતાલીસસૈ,
ચૌરાસી ઊપર સરબ જિનવર વંદતાં ચિત ઊલસૈ;
દુષ જાય દૂરૈ સુષ પૂરૈ સંઘનૈ સંપતિ કરઇ,
સંથુણ્યા શ્રી 'જિનસુખસૂરૈ' સતરૈસૈ ઇકહોત્તરઇ. ૨૨

॥ श्रीपार्श्वाय ऍं नमः ॥

मेघविजयउपाध्यायविरचित

श्रीपार्श्वनाथ—नाममाला.

જિનવાંણી આંણી હિઇં પુરિસાદાણી પાસ;
જાંણી પ્રાંણી મયકરૂ થુણસ્યું નિય મનિ વાસ. ૧

અમલ કમલ પરિમલ જિસો મહિમા મહિમા જાસ;
વ્યાપઇં થાપઇં પરમપદ અતિશય કરત ઉજાસ. ૨

ઠવણારૂપ જિણંદનું દીપઇં દેસઇં દેસ;
નામમાલ તેહની કહી આતમ પવિત્ર કરેસ. ૩

॥ ઢાલ ૧ ॥

ગૌતમરાસનો.

સંભારૂં સંખેસર ઠામઇં પ્રથમ અઠોત્તરસઉ પરણામઇં;
નવનિધિ સિધિ થાઇં જિન નામઇં પ્રભુ પૂજાઇં જન સુખ પામઇં. ૪

પરતખ દીઠો એ પરમેસર અવની અતુલીબલ અલવેસર;
અરચીઇ ઘસિ ચંદન કેસર કંઠ ઠવો મુગતામણિ તેસર. ૫

સુંદરિ સરિસી અપછર રૂપઇ જિન આગળ નાટકનઇં જૂપઇં;
નવનવ ભગતઇં રાગ આલાપઇં અંગ વાળતી ઉચ્છવ આપઇં. ૬

અજ્જાહર જગજાહર સામી પાસ નમું નિજ નિત સિરનામી;

દીવબંદિર નવલખ જિન નામી પાસ પસાય સુખસંપદ પામી. ૭૮
દેવકઇં પાટણ દાદો દેવ માંગલોર નવપલ્લવ સેવ;
બલવંત ધ્યાઉં પાસ વલેજઉ અમીઝરો ઉંનઇં વડતેજઉ. ૮
સહસ્રફણો વિમલાચલ ભેટઉ ગિરનારઇં તિમ ભવભય મેટઉ;
ફતેપુર ઉનિં કુંકુમરોલ નવખંડ઼ઘોઘઇં હર્ષકલોલ. ૯

॥ ઢાળ ૨ ॥

જિનવર થંભણ પાસ લોડણ છોડઇં ભવપાસ;
ભાભઉ ભયહરૂ એ મોઢેરઉ ગુરૂ એ. એ. ૧૦
સહસફણઉ પ્રણમેસ ચિંતામણિ પરમેસ;
વિજયચિંતામણી એ દીપઇં દિનમણીએ. એ. ૧૧
પંચાસર નારંગ કોકો કરઇં નવરંગ;
કંસારી જિન એ ચાંણસમો ધન એ. એ. ૧૨
ભટેવઉ ભગવંત ખેતલવસઈ ખંત;
સૂરતિમંડણ એ ભજ ભીડભંજણ એ. એ. ૧૩
ગઉડી ગુણ આરામ દેવ વડઉ દહગામ;
કલ્હારઉ વરૂ એ જીરાઉલ જયકરૂ એ. એ. ૧૪

॥ ઢાળ ૩ ॥

ડોકરિઓ દિલ ઠારઇં જી સાહિબ સમરીઇં જી,
ગાડરિઓ દુખ ડારઇં જી સેવત સુખ ભરીઇં,
સેરીસઇં સિવદાઈ જી સા૦ ચોડવાડ નમું ધાઇ જી. સે૦ ૧૫
પાલ્હવિહારઇં પાસ જી સા૦ સાચોરઉ સુખવાસ જી; સે૦
ભિન્નમાલ ભલ રૂપ જી સા૦ પોસીનઉ ચારૂપ જી. સે૦ ૧૬
જાલોરઉ જગિ જાગઇં જી સા૦ મંડોવર મન લાગઇં જી; સે૦
ફલવધીઇં ફલ આપઇં જી સા૦ વરકાંણઇ વર વ્યાપઇં જી. સે૦ ૧૭

વાડીપાસ વિશેષ જી સા૦ નાગોરેં નવરેખ જી; સે૦
વીકાનેરઈં દીઠઓ જી સા૦ તિવરી મહિમા મીઠઓ જી. સે૦ ૧૮
વિઘનહરઉ જિનરાજઈં જી સા૦ ચાચોલઉ જગિ ગાજઈં જી; સે૦
નીલવરણ નાકોડઈં જી સા૦ ઊધમણુઉ દુખ ત્રોડઈં જી. સે૦ ૧૯

॥ ઢાલ ૪ ॥

શ્રીસોમચિંતામણિ દેવમણી દેલવાડઈં,
નીંબાજ નીંબોલઈં નામી નિંબૂયાડઈં;
સાદડીઈં માદઈં વાંકલીઇં જાષોરઈં,
ધ્યાઉં ધનદાયક છેછલીઈં અણુદોરઈં. ૨૦

કાચોલી કરજૂ જિનવર ઘૃતકલ્લોલ,
ઝોટિંઓ ચેલણ કાપરેડઉ રંગરોલ;
અહિચ્છત્તઉ ભડકલ ચલવેસર ચીલોડઈં,
સામલઉ સુભ સાંમી સેવ કરૂં મન કોડઈં. ૨૧

શ્રીરાવણપ્રભુજી સંકટભંજન:નામઈં,
કરહેડઉ કામિતપૂરણ માંડણ ગામઈં;
આણંદ આણિંદઇં દિઇં સમીનો સાર,
નાગદ્રહ નમીઇં દેવ અલોપ ઉદાર. ૨૨

કૂકડેસર ભયહર રામપુરઇં અભિરામ,
ઊજેણ અવંતી માઢ પરિડઈં ઠામ;
માંડવ સુંડાલો તિમ વલિ લીલવિલાસ,
પ્રણમીઈં વડાલી દૂધાધારી પાસ. ૨૩

મહિમાહિં મહિમામંદિર શ્રીમગસીશ,
સુર નર નાયકપદ આપઈં જે બગસીસ;
વાસમઈં અલોણુઉ સેરપુરઇં અંતરીક,
ફણ સરિસઈં હરસઈં વરસઈં જસ રસનીક. ૨૪

જેસલમેરઈં જિન મનમોહન કલિકુંડ,
ઇલોરઈં અતિશય વડોદરઈં પરચંડ;
ડુંગરપુર ઈડર ઉદયપુરઈં જિનરાય,
ધવલકઈં નવસારી વાણારસી વરદાય. ૨૫

॥ ઢાલ ૫ સેત્રુંજ ઉદ્ધારની ॥

ઇણપરિ પાસ જિણંદજી એ ઠવડણા દેસઈં દેસ,
સંખેસર સુરતરૂ એ નામમાલ એ નિત ભણુઇં એ;
તસ દિઈં લચ્છિ અસેસ જિણેસર જયકરૂ એ. ૨૬

ધન્ય દિવસ મુઝ આજનો એ સફલ થયો અવતાર; સંખે૦
નામ મંત્ર કરિ હું જપું એ પ્રભાવતીભરતાર. જિણે૦ ૨૭

ધરણિંદ નઈં પદ્માવતી એ પાસયખ્ખ જિનપાસ; સંખે૦
દેવ અનેક સેવા કરઈં એ પૂરઈં સેવક આસ. જિણે૦ ૨૮

ૐ હ્રીં શ્રીં અર્હં ભણી એ માહિં વરણુ અઢાર; સંખે૦
ધ્યાઈં ધવલઈં ધ્યાનસું એ તે લહઇ કેવલ સાર. જિણે૦ ૨૯

કોહ લોહ મદમોહસું એ બાંધ્યાં કરમ દુરંત; સંખે૦
દેવ દિણેસર દરિસણુઇં એ છોડઇં તે સવિ સંત. જિણે૦ ૩૦

સતર પ્રકારઈં પૂજના એ કરિ જિનની નવરંગ; સંખે૦
લષમી લાહઉ લીજિઈં એ જિમ થાઈં સિવસંગ. જિણે૦ ૩૧

શ્રીવિજયપ્રભ સૂરિવરૂ એ જયવંતો નિસદીસ; સંખે૦
ગુરૂવચનિં સમકિત લહી એ સેવઉ સબલ જગદીસ. જિણે૦ ૩૨

નવ નવ રાગઈં જિનતણી એ નામમાલ ગુણગીત; સંખે૦
ગાઈં ધ્યાઈં ભાવસુ એ તે થાઈં જગજીત. જિણે૦ ૩૩

કલશ.

શ્રીપાસજિનવર વિનતસુરનર હરિહર સેવિત પાદ એ,
ભયભીડભંજન ભવિકરંજન સેવકજન સુપ્રસાદ એ;
તપગચ્છસુંદર મુનિપુરંદર વિજયપ્રભસૂરિરાય એ,
તસ પુણ્યરાજઈં પંડિત છાજઈં કૃપાવિજય જસવાય એ. ૩૪

તસ સીસ બંધુર દીવ્રમંદિર મેઘવિજઈ જયકરી;
એ નામમાલા ગુણવિશાલા રચી ગુરૂપદ અનુસરી. ૩૫

ઇતિ શ્રીપાર્શ્વનાથનામમાલા પૂર્ણા ॥ સંવત્ ૧૭૨૧ વર્ષે ભટ્ટારક શ્રી ૧૦૬ શ્રીવિજયપ્રભસૂરીશ્વરચરણસેવાં કુર્વતા ચતુર્માસક-મધ્યે પં૦ મેઘવિજયેન કૃતા લિખિતા ચ શ્રીશત્રુંજયાદિ તીર્થયાત્રા સંઘપતિ પટ્ટભક્ત વ સા૦ શ્રીનેમીદાસ સામીદાસ વીરદાસ પઠનાર્થમ્ ॥

॥ अर्हम् ॥

शत्रुंजयचैत्य–परिपाटी.

સરસતિ સામણિ નમીય પાય સિરિ સેત્રુજકેરી,
ચેત્રપ્રવાડી જઉ રચિ સહેવ મનિ રંગિ નવેરી;
પાલીયતાણુય પાસ વીર લલતાસર વાંદઉં,
નેમિહિં કડણુહિં નમીય પાય ભવદુખનિકંદઉં. ૧

ચડીઇ સેત્રુજિ રંગિ શૃંગિ જઉ દેઉલ દીસઇ,
જાણે આવ્યાં અમરલોકિહિ વંકાજન કેસઇં;
પહિલઉં પઢમારંભિ માત મરૂદેવિ નમેસિઉં,
સંતિ નમીય પય મણૂઅ જનમ હિવ સફલ કરેસિઉં. ૨

છીંપાવસહીઅ નમીઅ આદિ અનયવણૂવિહારો,
આસ ધીર ધરિ ધર્મસીહ નિરસીહવિહારો;
આદીસર પડિહાર સાર જખેસ વડિલ્લ,
ફૂલનાલીરે ભેટીઇ મનરંગિહિં કઉહિલ. ૩

લાધૂવસહી અમં ચંગ રંગિ મનરંગિહિં ગાઢઉં,
સિંહનાદપ્રાસાદ તિહાં અચ્છઇ અસનાઢઉં;
વીર જિણેસર નમિસ નેમિ ટોટરાવિહારો.
મોલ્હાવસહી નમિસ દેવ શ્રેયંસ સસારો. ૪

બાહડજિણહર સોલમઉ સિરિ સંતિ જિણેસર,
ભંજિસ ભવભયતણીય ભ્રાંતિ ફેડય પરમેસર;

રાજરખહિં કારવિય દેવ આદીસર સઈંભૂ,
દીઠા સામી જીવતાં એ જાણે કિર મઈંભૂ. ૫

॥ વસ્તુ ॥

પઢમ જિણવર પઢમ જિણવર માત મરૂદેવિ પણમેવીય,
સંતિજિણું રિસહ નેમિસિર વીર સામીય,
નાલીરે ફલિ ભેટીય કવડજખ ગયખંધિ;
ગામાયસિરિ સેઅંસજિ સંતિજિણું પણમીય પહિલયટૂકિ,
અભિનવ આદીસર નમીય પાપ પરહાં સિવ મૂકિ. ૬

હિવ અણુપમસરપાલિ વેશ્યાવસહી જિણ નમૂઅં;
સરગારોહ નિહાલિ ત્રિહુરૂપે સિરિ રિસહજિણું. ૭

જોઈય પોલિ પ્રવેશ વાઘણિ સીલમય ઘડીય;
મૂકિઅ પાપ અસેસ જઉ જિણવયણુહિં સિઉં જડીય. ૮

હિવ દક્ષણદિસિ જોઇ વરવસહી ખરતરતણીય;
કોય ભણય સુરલોઇ અમીઅકુંડ કુવણહિં ભણીય. ૯

આદિજિણેસર વાંદિ ગભારય તિહાં મૂલગય એ;
બીજય નેમિ જિણંદ ત્રીજઇ પાસ જિણંદપહ. ૧૦

પાંચઇ મેરૂ જિણંદ પંચ્યાસી તિહાં પણમીય એ;
અમૂલીય ભવદંક ચઉરીથિઉ સિર નેમિજિણું. ૧૧

દિખ્ખ નાણ નિવાણ કલ્યાણિક નેમીસરહ;
દસ દો અ જિણબિંબાઈ ચિહુદસિ ત્રિહુભૂયણે નમ અ. ૧૨

થાનક થોડામાંહિ થાપિઆ અચ્છઇં સવિ નમૂં અ;
ભાંજિસ ભવની દાહિ તુ ભાવિહિં આઘઉ નમૂ અ. ૧૩

ગિરનાર ગિર અવતાર નેમિજિણેસર પ્રણમીય એ;
સાંબપઇજ્જૂનકુમાર અંબિ કિ થંભણિજિણ સહીય. ૧૪

ઇન્દ્રમંડપ અનય સાત બહિ નર કેરી દેહરીય;

જયતસીહ ધન તાત જિણિ નંદીસર આણિઉઓ. ૧૫

ઘોડાંચઉકી ગઉખ મઢ મંદિર વસ્તગિતણા એ;
કારવ્યાં તસ સંખ જાણુય કુવણુ વચક્ષિણૂ એ. ૧૬

॥ વસ્તુ ॥

સરહપાલિહિં સરહપાલિહિં સરગારોહ ત્રિહુરૂપે,
સિરિરિસહજિણું નમિવનમિખેચરહિં સેવીય,
દક્ષણુદિસિ ખરતરવસહી માંહિ સિવ જિણુ નમેવીય;
ગિરનાહ અવતાર વર નંદીસર બાવન્ન,
ઇંદ્રમંડપ સો કારવીય વસ્તુપાલ ધન ધન્ન. ૧૭

હરષિઊ એ ચિત્ત અપાર દેહ રોમંચિય અમ્હ તણુઉ ય;
પહુતઊ એ ભવનદુવારિ તિલખખતોરૂણુ દેખિસિઊ ભણૂં એ. ૧૮

પોલહિં એ માહિં પઇટ્ઠ પાવડીઆરે તુ ચડ્યાં એ;
સામહૂ એ સામી દીટ્ઠ નયણિ અમીયરસિસિઉં જડ્યાં એ. ૧૯

દેઉલી એ પાખલિ ત્રિનિ પ્રદક્ષણુ દીજઇં અતિભલી એ;
પાંડવી એ થાપીઅ ધન્નિ તુ દીટ્ઠુઉ જિણુ લેપમઉ એ. ૨૦

થાપીઊ એ સમરિનરિંદ મૂલગભારઇ આદિપહો;
ઘડીઊ એ અમીયનીસંદિ કિર કપૂરિ કિ ચંદમહો. ૨૧

પૂજીઊ એ તિહૂયણસામિ તિહૂયણુ વંછિય કપ્પતરો;
ડાવઈ એ જિમણુઠ્ઠામિ પુંડરીક ગુણુધાર વરો. ૨૨

નાન્હાં એ મોટાં બિંબ ત્રિબાર ગભારઇઠ્ઠિય;
વાંદઉં એ સવિ અવિલંબ કર જોડીય સિરવર ઠવિય. ૨૩

॥ વસ્તુ ॥

તિલખ્ખ તોરૂણુ તિલખ્ખ તોરૂણુ નયણુ જુ દિટ્ઠું,
તુછૂટઉ ભવદુહ પોલિમાંહિ પગથીઅ ચડી એ,
મુરૂદેવ્યા અંગ રહ નયણિ દિટ્ઠું કિ સિઉ અમીયઘડી એ;

ત્રિબારઇ પહુ લેપમઅ ગભારઇ સો નાહ,
પુંડરીકપડિમા સહીય બિંબ નમીલયનાહ. ૨૪

ગભારઇ હૂતાં દસિ દક્ષણુ ચૈત્રપ્રવાડિ કરઇં બિચક્ષણુ;
સફલ જનમ કરઇં આપણૂ એ. ૨૫

આગલિ સામલીઆવિહારો સીલમી ઓલિં જિણુજ હારો;
દૈસલવસહીઅ મન રહિઉં એ. ૨૬

ત્રિહુભવણુઇં કહીયં કોડાકોડિ તિહાં બિંબ વાંદઉં કર બે જોડિ;
વિહરમાન વીસઇ નમૂં એ. ૨૭

માસખમણિ જણીણુ સંજુત્તા પાંચય પાંડવ મોક્ષ પહૂતા;
ઉત્તમ તે નર વંદિય એ. ૨૮

અટ્ઠાવય ચઉવીસ જિણાલઉ સમેતિસહરિ જિણવીસ નિહાલઉં;
ષોષાવસહીય મન રહિઉં એ. ૨૯

હેઠલિ આવ્યા રાયણિ રૂંષ તુઉ નિશ્ચિઇં ટલીયાં સવિ દૂષ;
સંઘવી સિરિ દૂધિં ઝરય એ. ૩૦

તાસ તલઇ આદીસરચરણું પૂજ્યાં ટાલઇં જામણુ મરણું;
મોર નાગ બે જોઇઇં એ. ૩૧

ચલણુ સહિત જિણવર બાવીસ લેપમય તીહં નામઉં સીસ;
સાચઉરૂ સિરિ વીરજિણુ એ. ૩૨

સંખીસરિ નઇ સોષલવસહી પાસ વીર મઇં નમવા સહી;
કાસગીયા બે બારણુ એ. ૩૩

જગતિમાહિ છઇં અતિઘણુા દેહરાં એક નાન્હાં છઇ એક મોટેરાં;
બિંબ સંખ્ય નવિ જાણીય એ. ૩૪

તીહં બિંબહઉં કરઉં પ્રણામ ચંદ્રિ લેહાવઉં આપણુ નામ;
ગભારય વલી આવીઆ એ. ૩૫

॥ વસ્તુ ॥

જગતિ વંદિય જગતિ વંદિય સયલ જિણબિંબ,
સીલમઈ લેપમય ઓલિ મૂલિ જિણવરહ નામીય,
મુણિસુવ્વય વીરજિણં અસ્સબોહ સચઉર સામીય;
સંખીસરિ નય સોષલવસહી કાસગ્ગીઆ બે બારિ,
વંદિય રંગિઇં પૂરિઅ આવિય ભવતુ મજઝારિ. ૩૬

સિદ્ધિષેત્રિ આદીસજિણં માલ્હંત એ દીઠુંઉ તિહૂઅણનાહ;
જાણે વૂઠઉ અમીય ઘણં માલ્હંત એ ફીટઉ ભવદહદાહ. ૩૭

સફલ જનમ મઝ હૂઉ એ માલ્હંત એ સફલ હૂઉએ દીહ,
દીઠઉ વિમલાચલધણીય માલ્હંત એ સાધુમાહે હુઈ લીહ; ૩૮
બાલકપરિ કહીયં લાડિસિઉં અ માલ્હંત એ સામાય તણુય ઉચ્છંગિ;
લોટીંગણે જઈ માગિસિઉં માલ્હંત એ સિવસુખં મનનઇ રંગિ. ૩૯
સેત્રુજિગિરિવરિ સઈંધણીયં માલ્હંત એ ઉગિઉ અભિનવચંદ;
મૂરતિ પરમાનંદ દય એ માલ્હંત એ ટાલઈં સવિ વિચ્છંદ. ૪૦

રિદ્ધિ વૃદ્ધિ કલ્યાણ કરઇ માલ્હંત એ ચૈત્રવાડિજ એહ;
તીરથયાત્રા ફ્લ દય એ માલ્હંત એ નિરમલ કરઈં સુદેહ. ૪૧

पं०—विनीतकुशलविरचित

शत्रुंजयतीर्थयात्रा

દુહા.

સરસતિ માત મયા કરી આપો વચનવિલાસ;
શ્રીસેત્રુંજયગિરતણું તવન કરૂં ઉલ્લાસ. ૧

શ્રીશત્રુંજય એહવું જપતાં પાપ પલાય;
તો જાત્રા કરતાં થકાં પુન્યભંડાર ભરાય. ૨

શ્રીસત્રુંજય સંઘપતી થયા થાસઇ અનેક;
પણિ પંચમ આરઇ અધિક રાષી સંઘવી ટેક. ૩

સાંભલતાં ગુણ તેહના હોઇ લાભ અપાર;
સેત્રુંજતીરથ સંકથા કરતાં સુલભ સંસાર. ૪

॥ ઢાલ ૧ ॥

રાગ દેશાષ.

આવો આવો રે ચતુરનર સેત્રુંજ જઈઇં, આણી અંગિ ઊમાહ લાલ રે;
કૈ ભવકેરાં પાતિક વારઇ, ભેટ્યાં ઋષભજિનનાહ લાલ રે. આવો. ૫

તીરથંકર ગણુધર ઇહાં આવ્યા, આવ્યા મુનિવર કૈ કોડિ લાલ રે;
સુરનર વૃંદ અસુર પણિ આવી, પ્રણુમઇ બે કર જોડિ લાલ રે. આવો. ૬

સિદ્ધ અનંત થયા એણિ ગિરવરિ, થાસઇ સિદ્ધ અનંત લાલ રે;
કાકરઇ કાકરઇ સિદ્ધ અનંતા, ઇમ ભાષઇ ભગવંત લાલ રે. આવો. ૭

તીરથ સઘલાં કરતાં જે ફલ, તેહથી અસંખ્ય ફલ હોય લાલ રે;
સેત્રુંજ ગિરવર દીઠઇ તે ફલ, જાત્રઈં બહુફલ જોય લાલ રે. આવો. ૮

કુણુ સંઘ સંઘાતિ જાત્રા, આવ્યા વિમલગિરિ શૃંગિ લાલ રે;
ઋષભાદિકજિન જુહાર્યા જુગતિં, તે કહું મનનઇ રંગિ લાલ રે. ૯

॥ ઢાલ ૨ ॥

રાગ કેદારો ગોડી.

કપૂર હોઇ અતિ ઊજલું રે, એ દેસી.

જંબૂદ્વીપમાં જાણીઇ રે, ભરતષેત્ર ઉદાર;
સોરઠદેસ સોહાંમણો રે, જિહાં સેત્રુંજ ગિરિનારિ;
ભવિકજન, સમરો સેત્રુંજ નામ, જેહથી સઝઇ સઘલાં કામ;
જેહનાં એકસો અટ્ઠોતર નામ, ભવિકજન સમરો સેત્રુંજ નામ.
આંકણી. ૧૦

જૂનોગઢ યાદવતણો રે, વસઇ વ્યવહારી અનેક;
ધરમ કરમ સહૂ સાચવઇ રે, મનિ ધરઇ અરિહંત એક. ભવિ. ૧૧

સહસવીર સંઘવીતણા રે, સાતે પુત્ર રતન્ન;
પણિ કુલમંડણ રાજસી રે, ધરમ ઊપરિ જસ મન્ન. ભવિ. ૧૨

સજનમાં બેઠાં એકદિનિં રે, આવ્યો મન ઉછરંગ;
ભાગ્ય હોઇ તો કીજીઇ રે, સેત્રુંજ સંઘ સુચંગ. ભવિ. ૧૩

સજનવરગ સહુઇ કહઇ રે, લીઓ લક્ષ્મીનો લાહ;
સકલ સંઘ તવ મેલીઓ રે, વીનવઇ ધરીય ઉચ્છાહ. ભવિ૦ ૧૪

શ્રીસેત્રુંજય સંઘ કરી રે, જાત્રા મનહ જગીસ;
સહુઇ સાથિં સૂંડવૂં રે, હા ભણો વિસવાવીસ. ભવિ૦ ૧૫

વિજયદસમીનિં દીનિં રે, કરઇ સંઘ તિલક ઉદાર;
મુહુરત દિન નિરધારીઓ રે, સતર બાવીસા મઝારિ. ભ૦ ૧૬

પોસ વદિ.પહિલી તિથિ ભલી રે, પુષ્ય નક્ષત્ર ગુરૂવાર;
જાત્રા જાતાં જય કરઇ રે, સબલ મુહુરત શ્રીકાર. ભ૦ ૧૭

॥ ઢાલ ૩ ॥

રાગ આશાઓરી.

ધન ધન સંપ્રતિ સાચો રાજા, એ દેશી.

દેસ પ્રદેસઇં કંકોતરી મેહલી શ્રીસંઘ તેડવા કાજિ રે;
સીદ્ધાચલની જાત્ર સારૂ આવવું સહૂ કરી સાજ રે. ૧૮

ધન ધન તે જે સેત્રુંજ ભેટઇ મેટઇ પાપનાં પૂર રે;
એ ગિર દીઠઇ દૂરગતિ નોહઈ હોઇ પુન્ય પડૂર રે. ધન૦ ૧૯

સરદારષાન નબાપનઈં મલીઆ ભેટણું વારૂ લેઈ રે;
ષુસીય થઈ સિરપા બંધાવઈ માન મહોત બહુ દેઈ રે. ધન૦ ૨૦

પરવાના લષીઆ.ગામ ગામઇં સંઘવી કહઇ તે કરયો રે;
થાણું બોલાવઇ ઠામ ઠામઈં લાલચિ લોભ મ ધરયો રે. ધન૦ ૨૧

ફૂરમાન લેઈ આવ્યા માન પાંમી સંગ સામગરી મેલઇ રે;
સંઘ સંઘાતિં જે જે જોઇઇ તે તે અણાવઇ પહઇલઇ રે. ધન૦ ૨૨

સંઘ ચતુરવિધ સાથિં નેમિજિન ભેટ્યા શ્રીગિરિનારિ રે;
પૂજઇ પ્રણમઇ ભાવના ભાવઇ ગાઇ ગુણિજન ગીત અપાર રે. ધન૦

ઓચ્છવસૂં આણંદઈં નિજ ઘરિ સંઘવી આવ્યા જામ રે;
સંઘ આવ્યાની વધામણી વારૂ સાંભળી હરખ્યા તામ રે. ધન૦ ૨૪

દીવબંદિર પાટણ વેલાઓલ પોરબંદિર પરસીદ્ધ રે;
દેસ પ્રદેસી ગામ નગરના આવી સંઘઇં ડેરા દીદ્ધ રે. ૨૫

॥ ઢાલ ૪ ॥

રાગ ધન્યાસી.

ભરતનૃપ ભાવસ્યું એ, એ દેસી.

મુહુરતનઇ દિનઈં પ્રહઇ સમઇ એ, દેવગુરૂ પ્રણમી પાય કે;
હરષ ધરી ઘણો એ, કરવા શ્રીસેત્રુંજ જાત્ર કે,
હરષ ધરી ઘણો એ. ૨૬

કહઇ સેત્રુંજય પધારવું એ, તેડી સાધ સમુદાય કે. હ૦ ૨૭
ભોજન કરી મન ભાવતું એ, સધાવઇ સંઘવીરાય કે. હ૦ ૨૮
પંચ શબ્દ વાજિત્ર વાજતઇ એ, ગુણિજન ગાવતાં ગીત કે. હ૦ ૨૯
ઓછવસૂં આડંબરઈં એ, ભાટ ભલાં બિરૂદ ભણુંત કે. હ૦ ૩૦
સાથિં સહૂ સંઘ ઞઢતણો એ, સંઘવીનઈં દીઇ બહુમાન કે. હ૦ ૩૧
પ્રસ્તાનઇ સંઘવી સધાવતાં એ, શકુન ભલાં ભલાં થાય કે. હ૦ ૩૨
આઠ દિન પ્રસ્તાનઇ રહી એ, સિદ્ધિ કરી વડાલિં જાય કે. હ૦ ૩૩
ધોરાજી નિં મઝેવડી એ, સંઘ ભેલો રાણપુરઈ થાય કે. હ૦ ૩૪
મજલઈં મજલઇ ચાલતાં એ, બૌલ ધોરીનઈં દેવાય કે. હ૦ ૩૫
સાથિં વોલાવા તેડીયા એ, પાલા નઈં અસવાર કે. હ૦ ૩૬
છત્રીઆલી વહિલિ સાથિં ઘણી એ, બેઠા બહુ નર નારિ કે. હ૦ ૩૭
સંઘવી રાજસી રંગસું એ, પાલષીમાં સોભાય કે. હ૦ ૩૮
સુત પાસઈં સોભઇ વડો એ, કપૂરચંદ ગુણગેહ કે. હ૦ ૩૯
વજપાલ અમરો સંઘવી એ, સુંદર સંઘવી જોડિ કે. હ૦ ૪૦
આગલિ પાછલિ ચાલતાં એ, ચોકીમાં સિરદાર કે. હ૦ ૪૧
નવરંગ નેજા આગલિ એ, ગડયડ વાજઈ નીસાણ કે. હ૦ ૪૨
ભાઈ ભત્રીજા ભાણેજસું એ, મિલતા મિત્ર વિવેક કે. હ૦ ૪૩

દોલતિવંતા દીપતા એ, વ્યવહારી સંઘમાં અનેક કે. હુ૦ ૪૪
સાથિં દેહરાસર દીપતું એ, પૂજા સનાતર થાય કે. હુ૦ ૪૫
સાધ ઘણા સંઘમાં મલ્યા એ, ધરમ ઊપરિ જસ ચિત્ત કે. હુ૦ ૪૬
દાન સુપાત્રિં દીઈ ઘણા એ, ધરતા સેત્રુંજ ધ્યાન કે. હુ૦ ૪૭

॥ ઢાલ ૫ ॥

રાગ ગોડી.

આઠમઇ દિન આણંદસું, મન ભમરા રે;
દીઠો સેત્રુંજય દીદાર, લાલ મન ભમરા રે. ૪૮

રૂપા નાણઇ કરી લૂંછણા મન૦ દીઇ જાચકનઈં સાર, લાલ મન૦ ૪૯
પાલીતાણઇ ડેરા દીઆ મન૦ લલિતસરોવર પાલિ; લાલ મન૦
સેત્રુંજ ધ્યાન ધરઇ સહૂ મન૦ મુંકી મનિ જંજાલ. લાલ મ૦ ૫૦
ઘોઘેથી શ્રીપૂજ્ય તેડીઆ મન૦ આદર કરીય અપાર; લાલ મ૦
સામહીઉં સબલૂં કરી મન૦ આવ્યા પાલીતાણા મઝારિ. લાલ મ૦ ૫૧
શ્રીપૂજ્ય સાથિં સંઘપતી મન૦ તિમ વલી સંઘ સમુદાય; લાલ મ૦
ઋષભજિણેસર ભેટીઆ મન૦ ભાવઈં પ્રણમી પાય. લાલ મ૦ ૫૨
ત્રિણિ પ્રદક્ષિણા દેઈ કરી મન૦ આવઇ રાયણિ પાસ; લાલ મ૦
શ્રીપૂજ્ય વાચક મુનિવરા મન૦ સહુ સંઘ બેઠા ઉલ્લાસિ. લાલ મ૦ ૫૩
સંઘવીની માત સજાણદે મન૦ શ્રાવિકા છ સંઘાતિ; લાલ મ૦
માલ પહુઇરઇ મન રંગસૂં મન૦ કોએ કરઇ પચષાણ બહુ ભાતિ. લા૦ મ૦

॥ ઢાલ ૬ ॥

નાહનાં મોટાં બિંબ સવે સાહેલડી રે, પૂજી પ્રણમી પાય; ગુણવેલડી રે.
પ્રબલ પૂન્યઇ કરી સંઘવીઇં સા૦ અંદ્રમાલ પહેરી ઊછાય. ગુ૦ ૫૫
સહુ સંઘ સંઘવીઇં જમાડીઓ સા૦ પરિઘલ મનઇ પકવાન; ગુ૦
તિમ વલી ભાઈ ત્રિણિ વડા સા૦ સંઘવી ચાંપસી પ્રધાન. ગુ૦ ૫૬

સંઘવી લષમસી અંદ્રજી સા૦ મનિ ધરી અધિક ઉચ્છાહ; ગુ૦
જુગતિં સંઘ જમાડીનિં સા૦ લીધ લષમીનો લાહ. ગુ૦ ૫૭

એકસો પંચાવન સાધસું સા૦ શ્રીવિજયપ્રભસૂરીરાય; ગુ૦
આદરઇં સંઘનઇં અતિ ઘણુઇ સા૦ પગલાં કરઇ તપગછરાય. ગુ૦ ૫૮

પુન્યવંત પોરબંદિરતણો.સા૦ અભયચંદ નામ પ્રસીદ્ધ; ગુ૦
સંઘમાંહિં સહૂકો એનઇં ઘરઇં સા૦ ષાંડઇં લહણી કીદ્ધ. ગુ૦ ૫૯

જાચકજન સંતોષીઆ સા૦ મુહ માગ્યાં દેઈ દાન; ગુ૦
શ્રીપૂજ્ય વાંદી પ્રહસમઇ સા૦ સંઘ ચાલઇ થઈ સાવધાન. ગુ૦ ૬૦

અગ્યારમઈ દિન આણંદસું સા૦ દેઈ દમામે ઘાય; ગુ૦
સાતે મજલે આવીઆ સા૦ ગિરિનારિ ધરીય ઉછાહ. ગુ૦ ૬૧

સહુજન સાહુમા આવીઆ સા૦ આડંબર કરીય અપાર; ગુ૦
સુભશકુને પ્રવેશ કરઇ સા૦ વરત્યા જયજયકાર. ગુ૦ ૬૨

જે જિહાંથી સંઘ આવીઆ સા૦ નેમીસર પ્રણમીં પાય; ગુ૦
કુશલિં ષેમિં નિજ ઘરિં સા૦ તે તિહાં પોહતા થાય. ગુ૦ ૬૩

॥ ઢાલ ૭ ॥

રાગ ધન્યાસી.

ભેટિ રે ભેટિ રે ભેટિ સેત્રુંજગિરિ,
રંગભરિ ભવિકજન ઋષભસામી;
એહ તીરથતણું ધ્યાન ધરી એકમનાં,
પ્રહસમઇ પ્રણમીઇ સીસ નામી. ભે૦ ૬૪

તીરથ ત્રિભુવનતણાં નામ નિરૂપમ ઘણાં,
આબૂ સમેત ગિરિનારિ સોઈ;
સેત્રુંજ જિન જુહારતાં ફલ અસંખ્યાં કહ્યાં,
ભાવ ભલઈ ભેટતાં પુન્ય હોઈ. ભે૦ ૬૫

ધન્ય માનવતણો જનમ જગમાં લહી
વિમલગિરિ વાટિ દ્રવ્ય જેહ વાવઇ;
તેહતણું ફલતણો પાર કુણ કહી સકઇ
સાસ્વતાં સુખ નર સોય પાવઇ. ભે૦ ૬૬

દિવસ ઘણાતણો મનોરથ મનિ હતો
વિમલગિરિ વંદવા ઋષભ સામી;
પ્રબલ પુન્યઈં કરી સફલ સહુ તે થયું
કોડિ કલ્યાણ નવનિદ્ધિ પામી. ભે૦ ૬૭

સંવત સત્તર સાર બાવીસમાં
જાત્ર જુગતિં કરી એહ વરષઇ;
જંગમતીરથ જૈનશાસનપતી
વંદીયા વિજયપ્રભસૂરી હરષઇ. ભે૦ ૬૮

કલસ.

ઈમ સ્તવ્યો સ્વામી મુગતિગામી ઋષભ જિનવર સંકરો,
શ્રીવિજયપ્રભસૂરિંદ સાહિબ સંપ્રતિ ગોયમ ગણધરો;
તસ ગચ્છિ પંડિત સુમતિકુશલ શિષ્ય વિવેકકુશલ વિબુધવરો,
'વિનીતકુશલ' કહઇ સેત્રુંજમંડણ આનંદ મંગલ જયકરો.
સંઘ ચઉવિહ સુખ કરો. ૬૯

कविलावण्यसमयविरचित

आदिनाथ–भास.

સરસતિ સરસતિ દિઉ વયણાં ઘણાં ગાઇસિ ગિરૂઆગુણ સેત્રુજિતણા. ૧

ગાઇસિઉં શ્રીસેત્રુજિતણા ગુણવિમલ વસુહાં વિસ્તર્યા,
પૂરવ નવાણૂં વાર જાણૂં આગઇ આદિ સમસર્યા;
ઇણુઇ ડૂંગર દીઠઇં નરગ નીઠઇં મુગતિનાં ફૂલ ઢૂકડાં,
પામીઇ સદગતિ:નહીય દુરગતિ દૂરિ જાઇં દૂષડાં. ૨

ભરથનરેસરૂ અતિહિં ઉદારૂ એ શ્રીસેત્રુજિગિરિ પ્રથમ ઉધારૂ એ. ૩

ઉદ્ધાર પહિલઉ ભરથકેરૂ બીજઉ સુગુરૂ સોહાવ એ,
ત્રીજઉ તિ પંડવરાય યુધિષ્ઠુર પુહવિ પ્રકટ કરાવ એ;
ચુથુ તિ જાવડ અનઇ બાહડ કરાવ્યુ જગિ જાણીઇ,
ઉદ્ધાર છટ્ઠઉ સાહ સમરાતણુ વલીઅ વષાણીઇં. ૪

ધન ધન ધરમી દેસ મેવાડૂ એ ચિહુ દિસિ ચઉપટ નગર ચીત્રાડૂ એ. ૫

ચીત્રાડ ધન ધન નગર નિર્મલ આમરાયકુલિ મંડણઉ,
સાહ સરણદેવ તિ રામદેવ તિ લષમસી લષપરિ ગણઉ;
સાહ ભોઅણપાલ તિ ભોજ રાજત ઠાકુરસી ષેતાગરૂ,
નરસિંગ તોલા ઘરણિ લીલૂ પુત્ર જનમ્યા સુરતરૂ. ૬

રતના પોમા દશરથ ગુણનલા ભોજા કરમા બંધવ સવે ભલા. ૭

સવિ ભલા બંધવ કરમ રાજત પુણ્યકાજ પ્રગટ કરઈ,
પ્રાસાદ પ્રતિમા રંગમંડપ અચલ થાનક ઉદ્ધરઇ;
અતિ કરઇ આદર સાહ બાહાદર તાસ ફુરમાણુજ લહી,
ઉદ્ધાર કારિઉ સાતમુ શ્રીસેતુજિગિરિ જાણુઉ સહી. ૮

પાલીતાણુઇ સહજ સુંહાલડી લલતસરોવરિ બાંધી પાલડી. ૯

પાલડીઅ બંધિ સુષંધિ રાયણિ વેગિ વિમલાગિરિ ચડઇ,
શ્રીકર્મસિંહતણા મનોરથ સવિ પ્રમાણ જ પુન્ય વડઇ;
રવિરાજ નરસિંહ મંત્રિ મોટા.વીર ઘણુ આદર કરઇં,
શ્રીઆદિનાથ પ્રાસાદ પરિકલ કાજ સવિ કહિનાં સરઇં. ૧૦

સંવત પન્નર વરસ સીત્યાસીઇ વદિ વૈશાષિં લગન પ્રકાસીઇ. ૧૧

પરકાસીઇ વરલગન પંચમિ વેગિ વાહુણિ જોતરી,
ઉત્તર દષિણ પૂરવ પશ્ચિમ પાઠવઇ કંકોતરી;
કેવિ અશ્વા આસનિ કેવિ સુષાસનિ કેવિ રથ સોહાવ એ,
શ્રીસંઘ માગણ જણ મનોહર મોટા મુનિવર આવ એ. ૧૨

હુઇ પ્રતિષ્ઠા સંઘ સવે મિલ્યા અન્ન અવારી વંછિત સવિ ફલ્યા. ૧૩

સવિ ફલ્યા વંછિત મિલઇ માગણ કણય કપ્પડ અપ્પ એ,
સિંગાર સાર તુષાર તેજી દાનિ દાલિદ કપ્પ એ;
ચિત્રકોટિ પાસ સુપાસનુ પ્રાસાદ રતનિ કરાવીઉ,
ધન ઓસવંશિઇ સાહ દસરથ સેતુજિ સંઘ વધાવીઉ. ૧૪

ધન વર તરૂઅર છઈ ઘણુ છાંહડી લલતસરોવર ધન ધન પાલડી. ૧૫

પાલડીઅ ધન ધન પાસ તરૂઅર ઉતાર્યા સંઘ થાટૂ એ,
વિત વેચઈ વિગતા યુગતિયુગતા કર્યા મુગતા ધાટૂએ;
સંઘપતિ મેલા લહીઅ વેલા ભણઈ મંગલ ભાટૂ એ,

વાજઇં નફેરી પુણ્યકેરી કરીય વહિતી વાટૂ એ. ૧૬

સિદ્ધ અનંતા હૂઆ ઇંણુ ગિંરિં વલી અનંતા હોસિં ઇણુપરિં. ૧૭

ઇણ પરિં હોસિં સિદ્ધ અનંતા પંચ કોડિં પરવર્યા,
તે ચૈત્ર માસહતણીઅ પૂનિમ પુંડરીક મુગતિં વર્યા;
જિનરાજ બોલઇ સેત્રુજિ તોલઇ અવર તીરથ કો નહીં,
કર્મરાજ તઈં ઉદ્ધાર કીધઉ જગત્રિ જસ લીધુ સહીં. ૧૮

પ્રથવી પદમિનિ નારિ સોહામણી મેરૂમહી કર કંકણ દિનમણી. ૧૯

દિનમણીઅ કંકણ થાલ અંબર અક્ષત્ર વર નક્ષત્ર ભરિઉં.
તે ઠવિઉં શ્રીફલ ચંદ્ર નિરમલ:પ્રભાતે ચંદન કરિઉં;
એ ઇસીઅ પદ્મિનિ પ્રેમ પૂરી વધાવઇ વિમલાગિરિં,
ઉદ્ધાર અવિચલ તાહરૂ વલી વૃદ્ધિ પામુ પરિંપરિં. ૨૦

ભૂંગલ ભેરી નાટક અભિનવા સનાત્રમહોત્સવ ઉત્સવ અભિનવા. ૨૧

અભિનવા ઉત્સવ ભેરિ ભુંગલ દીપમંગલ આરતી,
શ્રીઆદિદેવ જિણંદ પૂજા કરૂ કુસુમિં ભાવતી;
ઉદ્ધાર એ સાતમુ સેત્રુજજગત્ર અચલદૂ સાગરૂ,
લાવણ્યસમઈ મુણિંદ બોલઇ સંઘ ચઉવિહ જયકરૂ. ૨૨

पं०—रत्नकुशलविरचित

पार्श्वनाथसंख्यास्तवन.

શ્રીજીરાઉલિ નવખંડ પાસ વષાણીઇ રે નામઇં લીલવિલાસ;
સંકટ વિકટ ઉપદ્રવ સવિ દૂરિઇં ટલઇ રે મંગલ કમલાવાસ. શ્રી० ૧

વરકાણુ સપરાણુ રાણુ વિશ્વનુ રે રાવણુ ગોડી પાસ;
નવપલ્લવ શ્રીપાલવિહાર અમીઝરૂ રે ફલવધિ લોડણુ પાસ. શ્રી० ૨

મહીયલિ મહિમા ગાજઇ જેહનું અતિઘણુ રે શ્રીસંખેસર પાસ;
આણી ભાવ રિદ્દિ નર અહનિસ જે જપઇ રે તેહની પૂરે આસ. શ્રી० ૩

શ્રીચિંતામણિ ચિંતામણિ સમ જાણીઇ રે નવરંગ નારિંગ પાસ;
મગસી પાસ પંચાસર ભાભો સામલો રે કોકો પ્રણમું પાસ. શ્રી० ૪

થંભણુ પાસ જિણેસર સાચું સુરતરૂ રે અડવડિયાં આધાર;
ભીડભંજન પાસ ભીડભંજન જિન નમો રે ટાલે રોગ પ્રચાર. શ્રી० ૫

થાવરતીરથ જગમાં જાણિ જાગતું રે મથુરાં પારસનાથ;
અંતરિષ્ય અવંતી દાદો પાસ જી રે સમરાં આપઇ હાથ. શ્રી० ૬

કુલ્લપાક મનરંગિઇં નમસું પાસ જી રે કરહડીઓ કલ્હાર;
પાસજિણંદ ડભોઈ દુખવિહંડણુ રે વામાદેવિ મલ્હાર. શ્રી० ૭

ભાવઠિ ભંજન કલિકુંડ પૂજો મનરૂલી રે કંઠિ ઠવો વરમાલ;
અજઝારાની ઓલગ કીજઇ અતિભલી રે વિઘ્ન ટલે તતકાલ. શ્રી० ૮

ગુણમાણિક્યતણુ એ સાગર આગરૂ રે કરૂણાનું ભગવંત;

માણિક્યસ્વામિ મનોહર પાસ જુહારીઇ રે સોપારિ અરિહંત. શ્રી૦ ૯
ઘૃતકલ્લોલ જિણેસર જે નર પૂજસઇ રે તસ ઘરિ ઘૃતકલ્લોલ;
ધણ કણ કંચણ કપ્પડ કામિની પુત્રસું રે કરસઇ તે રંગરોલ. શ્રી૦ ૧૦
રોગ સોગ દુહ દાલિદ દોહગ ષંડણ રે પૂજો મનનઇં રંગિ;
શુદ્ધદંત શ્રીવામાનંદન જગધણી રે આપઇ અવિહડ રંગ. શ્રી૦ ૧૧
સપ્તફણામણિ દીપઇ જીપઇ અરિગલ રે કામિત ફલદાતાર;
સપતફણ શ્રીપાસ જિણિંદ સોહામણુ રે આપઇ ભવનુ પાર. શ્રી૦ ૧૨
નવનિધાન તસ મંદિર સુંદર વર રમઇ રે પૂજિ જે ઉલ્હાસ;
બાવનચંદન કેસર પૂર કપૂરસું રે નવલુ નવફણપાસ. શ્રી૦ ૧૩
ન વીસારૂ નવસારી દેસઇ સંપદા રે શ્રીનવસારીપાસ;
વિઘ્ન હરો શ્રીવિઘ્નહરો જિન રાજીઉ રે સહસફણ સુખવાસ. શ્રી૦ ૧૪
રણ અરિ રાઉલિ જલ ગિરિ મ બીહુ બાપડા રે જપિ વીહાનું નામ;
આધિ વ્યાધિ વિષ વેગ નિવારણ ગારૂડી રે ગારડીઓ અભિરામ. શ્રી૦ ૧૫
ભોગ પુલિંદ ભલુ ભુવિ ભજ ભોગીસરૂ રે બલજો અતિ બલવંત;
ચાંચલીઓ પ્રભુ ચંચલ ચોર વિડારવા રે મહીયલિ મહિમાવંત. શ્રી૦ ૧૬
સોમ ચિંતામણિ સ્વામીજન ચિંતા હરો રે કંબોઇ શ્રીમાલ;
દેવદયાલ અકલ જિન ઊભરવાડીઉ રે તવસું વાણિ રસાલ. શ્રી૦ ૧૭
અશ્વસેન નૃપનંદન નયનાનંદનુ રે ષાતો પારસનાથ;
અનીધુઆની સેવા કરતાં અતિઘણી રે મિલસઇ મુગતિનું સાથ. શ્રી૦ ૧૮
તવરી તવરી તવરી તવરી જે જપઇ રે પ્રાહ ઊઠી જિનરાજ;
ત્રિભુવનનાયક તવરીપાસ જિણેસરૂ રે પામઇ અવિચલરાજ. શ્રી૦ ૧૯
ભોગ સંયોગ તે પામઇ માનવ નવ નવા રે જસ તૂસઇ શ્રીપાસ;
ગણિ દામાશિષ્ય 'રતનકુશલ' ભગતિઇ કહઇ રે આપો ચરણઇં વાસ. ૨૦

कविदीपविजयविरचित

कावीतीर्थवर्णन.

અવિનાસીની સેજડીઇં રંગ લાગો માહરી સજની, એ દેશી.

ઋષભજિણંદ નેં ધરમપ્રભુના પ્રેમેં પ્રણમું પાય જી;
કાવીતીરથમાંહેં બિરાજે જગજીવન જિનરાય. સાંભલ સજની. ૧

સાસૂ વહૂઇં વાદ વિવાદેં દેવલસિષર બનાયા જી;
તેહની ઉતપત સઘલી વરણું જે જસ સુકૃત કમાયા. સાં૦ ૨

ગુજરદેસેં શ્રીવડનગરેં નાગર નાત સવાઈ જી;
ભદ્રસિવાણા ગૌત્ર છૈ જેહનું શ્રાવકધરમ વડાઈ સાં૦ ૩

નાગર વણિક અનૈં લઘુસાખા ભાષા મધુરીવાણી જી;
દેપાલ ગાંધી ધરમ ધુરંધર જીવદયા ગુણષાંણી. સાં૦ ૪

સકલ કુટંબ સહુ પરિવારેં ખંભાત નગરેં આયા જી;
વણજ કરંતા પુન્યપસાઇં કોટી દ્રવ્ય કમાયા. સાં૦ ૫

તેહનો સુત એક અલુઓ ગાંધી તે પણ પુન્ય વિશાલ જી;
તસ સુત લાડકો ગાંધી ગીરૂઓ જીવદયા પ્રતિપાલ. સાં૦ ૬

તેહની ધરમવહુ કૂખેથી દો સુત છેં વડ ભાગી જી;
વાડુઆ ગાંધી નેં ગંગાધર જિનગુણના બેહુ રાગી. સાં૦ ૭

દીપવિજય કવિરાજ સદાઈ જેહનેં પુન્ય સપાઈ જી;

ચઢતા ભાવ સદા સુષદાઈ પૂરવસુકૃત કમાઈ. સાં૦ ૮

॥ ઢાલ ૧ ॥

આદિ જિનેસર વિનતી હમારી, એ દેશી.

વાડૂઆ ગાંધીને છેં દોય ઘરણી પોપટીવહુ હીરાંબાઈ રે;
હીરાંબાઈને પુન્યસંજોગેં તીન પુત્ર સુખ દાઈ રે.
જૂઓ એહુ પુન્યતણી એહુ લીલ. ૧

પેહેલો ગાંધી કુંઅરજી બીજો ધરમદાસ નેં સુવીર રે;
કુંઅરજી ગાંધીને છે એક ઘરણી વીરાંબાઈ ગુણધીર રે. જુ૦ ૨

માતપિતા સુત વહુઅએ વીરાં સાધે ધરમનાં કામ રે;
પોસા પડિકમણાં જિનભક્તિ લોકોત્તર વિસરામ રે. જુ૦ ૩

એક દિન સકલ કુટુંબ મલીને સુકૃત મનોરથ ભાવેં રે;
કાવી સેહેર અનોપમ ભૂમી દેષી પ્રાસાદ બનાવેં રે. જુ૦ ૪

તપગચ્છપતી શ્રીસેનસૂરીસર બહુ પરિકર ગણી સાથેં રે;
સંપ્રતિ નૃપ વારાની પ્રતિમા થાપેં ઋષભ જગનાથ રે. જુ૦ ૫

સંવત સોલ નેં ઓગણપંચાસે ઋષભપ્રભુ મહારાજ રે;
સુભ મુહુરત દિન તષત બિરાજ્યા દીપવિજય કવિરાજ રે. જુ૦ ૬

॥ ઢાલ ૨ ॥

ઝીણા ઝરમર વરસેં મેહ ભીજેં માહરી ચુનડલી,

તથા

મ્હારે દીવાલી થઈ આજ જિનમુખ જોવાને, એ દેશી.

હીરાંબાઈ સાસૂ ને વીરાં વહુજી દરસન કરવા આવેં રે;
વહુ ઉંચી નેં બારણું નીચું દેવી સીસ ધુણાવેં;
સાજણ સુણજ્યો રે, એહ સાસૂ વહુ સંવાદ. સા૦ ૧

બાઇજી શિખર કર્યો બહૂ મૂલો બારણું નીચું કીધું રે;

સાંભલી સાસૂ રીસ ચઢાવી વહુનેં મેંહણું દીધુ. સા૦ ૨

વહુજી તમનૈં હૌંસ હોય તો પીહરથી દ્રવ્ય મંગાવો રે;
ઉંચાં નીચાં સમઝી કરજ્યો મોટો સિખર બનાવો. સા૦ ૩

સાસૂ મેંહેણા ઉપર વહુઈં પિહરથી દ્રવ્ય મંગાયો રે;
સંવત સોલ પંચાસેં વહુઇ મુહુરત ષાત કરાયો. સા૦ ૪

પાંચ વરસમૈં બાવન જિનાલો દેવલ તુરત બનાયો રે;
રતનતિલક પ્રાસાદ છે જેહનું ઉત્તમ નામ સોહાયો. સા૦ ૫

તપગચ્છપતી શ્રીસેનસૂરીસર તે પણ સમયૈં આવે રે;
સંવત સોલ પંચાવન વરસેં અંજનસિલાક બનાવૈં. સા૦ ૬

શ્રાવણ સુદિ નવમીનેં દિવસેં ધરમનાથ જગ રાજેં રે;
દીપવિજય કવીરાજ પ્રભુજી તે દિન તખત વિરાજેં. સા૦ ૭

॥ ઢાલ ૩ ॥

સમુદ્રવિજય સુત ચંદલો સામલીયા જી, એ દેશી.

સાંહમા સાંહમી દીપતા વિસરાંમી રે,
સિધરા દો પરસાદ ગુણ વિસરાંમી રે;
સિદ્ધાચલની માંડણી વિ૦ ગાજે ગુહિરાનાદ. ગુ૦ ૧

વલી કોઇ સાસૂ નેં વહુ વિ૦ કરજ્યો એહવા વાદ; ગુ૦
ધરમવાદ ફલ પુન્યના વિ૦ બીજા સહુ વિષવાદ. ગુ૦ ૨

સાસૂ વહુનાં દેહરાં વિ૦ ચાલી જગમાં ષ્યાત; ગુ૦
સાસૂ વહુની જોડલી વિ૦ ધન નાગરની નાત. ગુ૦ ૩

સંઘવી દેસ વિદેસના વિ૦ સંઘપતી નાંમ ધરાય ગુ૦
તીરથયાત્રા ઉમહ્યા વિ૦ સુકૃત કરમ કમાય. ગુ૦ ૪

જંબૂસરનો સંઘ દીપતો વિ૦ એ તીરથનો રખવાલ; ગુ૦
તીરથની રષ્યા કરેં વિ૦ પુન્યતણી પરનાલ. ગુ૦ ૫

સંવત અઢારસેંહે છયાસીયેં વિ૦ ગાયા તીરથરાજ; ગુ૦
ઋષભ ધરમ જિનરાજજી વિ૦ દીપવિજય કવિરાજ. ગુ૦ ૬

विनीतकुशलविरचित

शत्रुंजयस्तवन.

રાગ કાફી.

સકલ તીરથમાં મૂલગો રે લાલ, સેત્રુંજ તીરથ સાર, મન મોહ્યો રે;
સિદ્ધ અનંતા ઈહાં હુયા રે લાલ, એહનો મહિમા અપાર. મન૦
સેત્રુંજ સેવો ભવિજના રે લાલ. આંકણી. ૧
સેત્રુંજ માહાતમ્યમાં કહિઉં રે લાલ, સીમંધર ભગવંત; મન૦
સહસપલ્યનું પાતક હરઇ રે લાલ, વિમલાચલ નામમંત. મન૦ સે૦ ૨
લાખ પલ્યોપમનું કહિઉં રે લાલ, પાતક કરઈ ચક્ચૂર; મન૦
વિમલાચલ વાટઈ થકા રે લાલ, પૂન્ય ભરઇ ભરપૂર. મન૦ સે૦ ૩
જાત્ર કરી છહરી પાલતાં રે લાલ, ચોષઇ ચિત્તઈ જેહ; મન૦
સો સાગરનું સામટું રે લાલ, પાતક વારઇ તેહ. મન૦ સે૦ ૪
એ તીરથ મહિમા ઘણો રે લાલ, કહતાં નાવઇ પાર; મન૦
ઋષભ જિણંદ સમોસર્યા રે લાલ, પૂરવ નવાણું વાર. મન૦ સે૦ ૫
સંવત સત્તર બાવીસની રે લાલ, માહ સુદિ પંચમી સાર; મન૦
સંઘસાથિં જાત્રા કરી રે લાલ, સફલ કર્યો જંવાર. મન૦ સે૦ ૬
સહસવીર સંઘવીતણા રે લાલ, બેટા સાતે સુજાણ; મન૦
સંઘવી બિરૂદ સોભાવીઉં રે લાલ, કરી સંઘ સબલ મંડાણ. મન૦સે૦
સજાણદે ઊઅરિં અવતર્યા રે લાલ, ચ્યારે પુત્ર પ્રધાન; મન૦
સંઘવી રાજસી નઈં વજો રે લાલ, અમરો સુંદર જુવાન. મન૦ સે૦૮

દીવાન દીપક દોલતી રે લાલ, કરઇ સંઘ તિલક ઉદાર; મન૦
ગઢથી સેત્રુંજા ભણી રે લાલ, ધન ધન્ન તસ અવતાર. મન૦ સે૦ ૯

સંઘસબલ આડંબરઇં રે લાલ, જુહાર્યા ઋષભજિણંદ; મન૦
પોઢી પ્રતિમા પેષતાં રે લાલ, ઊપનો અતિ આણંદ. મન૦ સે૦ ૧૦

મસ્તગિ મુગટ સોહાંમણો રે લાલ, આભરણ અંગિ અપાર; મન૦
નેહભરિ નયણે નિરષતાં રે લાલ, પૂજઇ ઘસી ઘનસાર. મન૦ સે૦ ૧૧

તપગછપતિ ગુરૂ વાંદીયા રે લાલ, વિજયપ્રભસૂરિંદ; મન૦
એકસો પંચાવન સાધસ્યું રે લાલ, સોભઇ સારદચંદ. મન૦ સે૦ ૧૨

તીરથ ભેટી ભલી પરિં રે લાલ, આવ્યા કુશલઇં ષેમ; મન૦
આણંદઇ ઉજ્જલગિરિં રે લાલ, જાત્ર કરી શ્રીનેમ. મન૦ સે૦ ૧૩

પૂરવપુન્યઇં વલી વલી રે લાલ, સેત્રુંજ નઇં ગિરિનારિ; મન૦
જાત્ર સફલ એહવી હુયો રે લાલ, સહુ કહઇ વારો વાર. મન૦ સે૦ ૧૪

સુમતિકુશલ પંડિતતણો રે લાલ, વિનીતકુશલ કહઇ સીસ; મન૦
સેત્રુંજમંડણ માહરી રે લાલ, પૂરો મનહ જગીસ. મન૦ સે૦ ૧૫

॥ ॐ ॥

पं०–मतिरत्नविरचित

सिद्धाचल–तीर्थयात्रा.

दूहा.

સરસતિ સામિને પાય નમી માગું વચન વિલાસ;
સંઘવી સેત્રુંજાગિરિતણો ગાવા મન ઉલ્લાસ. ૧

નમું તે દેવિ ચક્કેસરી કવડજખ્ય ભલિ ભાંત;
આદિસર નમતાં થકાં મિલે મુગતિ મહંત. ૨

વીરજિણેસરને નમું ગૌતમ ગણધર સાર;
જીવ ઘણા પ્રતિબોધિને ઊતાર્યા ભવપાર. ૩

પાટણ નયર સોહામણું જિહાં નહીં પાપ પ્રવેશ;
વ્યવહારી ગુણવંત વસેં ઋદ્ધે જાણે નરેશ. ૪

તેહ નગરમાંહે વશેં કચરા કીકા જાંણિ;
રવજીસા કુલ ઊપનો જાણું સોહે ભાણ. ૫

તિહાંથી સૂરતિ આવીયા ભાઈ ત્રિણિની જોડિ;
ધન ઊપરાજણ બહુ કરી લાભ લહે લખ કોડિ. ૬

ધન ખરચેવા ધસમસ્યો ઉલટ અંગ ન માય;
રૂપચંદ રંગે મિલ્યો આંણી મન ઉચ્છાહિ. ૭

સૂરતિ નયર સોહામણું શ્રાવક સુખીઆ લોક;
સેત્રુંજગિરિ ભેટણભણી મિલીઆ થોકાથોક. ૮

રૂપચંદ કચરા મિલી મુહુરત લીધું સાથ;
કારતિક શુદિ તેરસ દિને મંગલવાર પ્રભાત. ૯

સંઘ સૂરતિથી સંચર્યો બેસી વાહણુ મઝારિ;
સઠહુ કર્યા સામટા આવ્યો ડુંબસ વિચાલ. ૧૦

લોક થોક સઘલા મિલ્યા હિયડેં હરષ ન માય;
યાત્રા શેત્રુંજગિરિ ભણી ચાલ્યા મન ઉચ્છાય. ૧૧

॥ ઢાલ ૧ ॥

નમો રે નમો શ્રીશેત્રુંજગિરિવર સકલ તીરથમાહેં સાર રે;
ભરતેસર સરિષા જે સંઘવી પામ્યા ઇણિ ગિર પાર રે. નમો૦ ૧

ભરતેસર સંઘવી ઋદ્ધિ સાથેં શેત્રુજેં યાત્રા આવેં રે;
લાષ ચોરાસી હાથી ઘોડા રથ પાયક ઘણું લાવેં રે. નમો૦ ૨

ભરતેસર સંઘવીની સાથેં ઋષભવંશ તે જાણું રે;
બાહુબલિ પ્રમુષ ભાઇ નવાણૂં તેહના પુત્ર વષાણું રે. નમો૦ ૩

અજિતનાથ પ્રભુજીનેં વારેં સગર ચક્રીધર જાણું રે;
શેત્રુંજેં સંઘવી થઈનેં આવેં તેહની ઋદ્ધિ વષાણું રે. નમો૦ ૪

નવેં નિધાન નેં ચઉદેં રતન જે ચક્રી આગલિ ચાલિં રે;
લાષ ચોરાસી હાથી ઘોડા તેહના સંઘમાં માલ્હેં રે. નમો૦ ૫

છન્નુ કોડિ પાયક દલ સાથેં ધજ મોટા તિહાં ઝલકે રે;
વાહન સુખાસન બેંઠી નારી હાર રયણમય ચલકેં રે. નમો૦ ૬

પાંડવ પાંચેં શેત્રુંજયગિરિ આવેં સંઘપતિ તિલક ધરાવેં રે;
કુંતા માતા સાથેં લાવેં પ્રભુ પૂજી સુખ પાવેં રે. નમો૦ ૭

સમરા સારંગ સંઘવી થઈનેં શેત્રુંજેં યાત્રા આવેં રે;
સામાયક પોસા પડિકમણાં કરતા બહુ સુખ પાવેં રે. નમો૦ ૮

સાહ અકબ્બર તે ગાજી કહીઇં ફત્તેખાન તસ જાણું રે;
બારે વરસેં સોરઠ જીત્યા નવલાષ બાંન તે નાણું રે. નમો૦ ૯

સમરા સારંગ ફત્તેખાનેં જઈનેં મુજરા કીધાં રે;
પાતસાહી ફુરમાન દેષડાવી બાન મુંકાવી દીધાં રે. નમો૦ ૧૦

સમરા સારંગ શેત્રુંજાગિરિનું નવલાષ લુંછણું આપેં રે;
યાચક જનનાં દાલિદ્ર કાપેં કીરતિ જગમાં વ્યાપેં રે. નમો૦ ૧૧

સાતસેં શત્રુકાર મંડાવેં વ્યવહારીયા સંઘમાહેં રે;
પાંચસેં સાધુનેં આહાર પાણી આપેં મન ઉચ્છાહેં રે. નમો૦ ૧૨

કરમાસાહેં ઉદ્ધાર કરાવ્યો સોય વિમલગિરિ આવેં રે;
લષમી ષરચી લાહો લીધો ડુંગર મોતીઇં વધાવ્યો રે. નમો૦ ૧૩

પંચમેં આરેં વીરનેં વારે તીરથ મોટું જાણું રે;
ભવ્યજીવનેં તરવા હેતે નાવ સમાન વષાણું રે. નમો૦ ૧૪

ઈમ અનેક સંઘવી શેત્રુંજાગિરિ યાત્રા કારણ આવેં રે;
બોધબીજનેં નિરમલ કરવા ભાવ ભલો મન ભાવેં રે. નમો૦ ૧૫

પારષ પ્રેમજી સંઘવી થઈનેં સુરતિ સહેરથી આવેં રે;
ઠામ ઠામ મુકામ કરાવેં લાડુઆ લેહણી ઠાવેં રે. નમો૦ ૧૬

દેહરાસર જિનપ્રતિમા સાથેં કેસર ચંદન ઘોલી રે;
પ્રભુ પૂજી મન રંગેં ગાવેં મિલિ મિલિ સઘલી ટોલી રે. નમો૦ ૧૭

ઓચ્છવ મહોચ્છવ સબલો થાવેં શેત્રુંજે યાત્રા આવેં રે;
આદીશ્વર મન રંગેં પૂજી કરમની કોડિ ષપાવેં રે. નમો૦ ૧૮

તિમ રૂપચંદ કચરા સંઘ લેઈ ડુંબસથી સંચરીઆ રે;
ભવદધિ તરવા વાહણ બેંઠા સંઘ સહિત ઊતરીયા રે. નમો૦ ૧૯

ભાવનગરનેં કાંઠેં આવી લોક થોક મિલી ટોલી રે;
સહ્મિ સામિણ એકઠાં મિલિયાં વાત કરેં મન ભોલી રે. નમો૦ ૨૦

ભાવસિંઘ રાજાઇં જાણ્યું કુંઅરજી સેઠ તેડાવ્યો રે;
રણછોડજુત તુમેં ભેલા થઈનેં સંઘવીનેં જઇ લાવો રે. નમો૦ ૨૧

સેઠ કુંઅરજી સાહમો આવે લખુ દોસી તિહાં જોડેં રે;

લાલદાસ પિણ સંઘનેં મિલવા તે પિણ આગલ દોડેં રે. નમો૦ ૨૨

માંકોસા આવીનેં મિલીયા મંગલજીસા જાણું રે;
સાહમૈયા તિણેં સઝલાં કીધાં ખરચેં કુંઅરજી નાણું રે. નમો૦ ૨૩

માદલ ભુંગલ ભેરી નફેરી ઢોલ ઘણાં; તિહાં વાગેં રે;
આદીશ્વરનું દરસણ દીઠેં ભવભાવઠિ ભાગેં રે. નમો૦ ૨૪

દોહરા.

સંઘ સર્વ તિહાં ઉતર્યો મેડિ મંદિર ગોખ;
બેહુ સંઘવીના રાજમાં લોક કરેં ઘણી જોષ. ૧

ભાવનગર જિન પૂજીઆ કીધા કેસર ઘોલ;
સિદ્ધાચલ ભેટણભણી મનડાં રાતાં ચોલ. ૨

ચોલ મજીઠનો રંગ ભલો ધોયો કદીય ન જાય;
કચરો સો કંચન કહ્યો શેત્રુંજાગઢ મહિમાય. ૩

॥ ઢાલ ૨ ॥

સુમતિ સદા દિલમાં ધરો. એ દેશી.

હવેં આગલિ સુણો વાતડી સંઘ કિણિ પરેં જાય રે;
બેહુ સંઘવી એકઠા મલ્યા લોકનેં હર્ષ ન માય રે. ૧

શેત્રુંજાગિરિની જાતરા પુણ્ય વિના નવિ થાય રે;
પુણ્યેં મનવંછિત ફલેં દૂરિ ટલેં અંતરાય રે. શે૦ ૨

બેહુ સંઘવી લેઇ ભેટણું ચાલ્યા રાયનેં પાસેં રે;
કુંઅરજી સેઠ સાથેં લેઈ મલિયા મન ઉલ્લાસેં રે. શે૦ ૩

રણછોડ મહિતો ઉઠીયો સંઘવીનેં દેં બહુમાન રે;
ષાસા ષવાસનેં મોકલી મગાવેં ફોફલ પાન રે. શે૦ ૪

ભાવસંઘજીનેં વીનવેં બેહુ સંઘવી કરજોડી રે;
સિદ્ધાચલ ભેટાડવા વાર લગાડો થોડી રે. શે૦ ૫

પરમાના દેષડાવીયા આપ્યા રાયનેં હાથેં રે;
સંઘ પાલીતાણેં મુંકવા ચાલો અમારી સાથેં રે. શે૦ ૬

ભાવસંઘજી તબ બોલીયા સાંભલો સંઘવી સાચું રે;
લાગત નાણું લેઈસ્યું કાંઈં ન બોલું કાચું રે શે૦ ૭

કચરો સા કહેં આપસ્યું દસ્તુર માફક લીજેં રે;
વોલાવાનેં નીસરો સંઘ પોહચાડી દીજેં રે. શે૦ ૮

ભાવસંઘ રાજી થયા લીધું લસ્કર સાથેં રે;
પાષરીયા ગાજેં ઘણા ભાલા તરકસ હાથેં રે શે૦ ૯

કારતિક વદિ તેરસિ દિને સંઘ ચલ્યો સુખકારી રે;
ત્રિણ દિવસ પાદર રહ્યા સંઘવીની જાઉં બલીહારી રે. શે૦ ૧૦

ચોથેં દિન સંઘ ઉપડ્યો જઇ વરતેજ ડેરા દીધા રે;
ડુંગર દેષી દૂરથી કહેં સકલ મનોરથ સિધા રે. શે૦ ૧૧

રયણી વાસો તિહાં રહ્યા ચિહુંદિશિ ચોકી ફિરતી રે;
દેખી ચક્રેસરી તિહાં કણેં સંઘ રષોપું કરતી રે. શે૦ ૧૨

લોક સકલ સુખ પામીયા દોષા નાઠી દૂરેં રે;
ગામ કનાડેં આવીયા વાગાં મંગલ તૂર રે. શે૦ ૧૩

કચરાસાના સંઘમાં સાધુજી ગુણષાણી રે;
ઉત્તમવિજય પંન્યાસની લાગે મીઠી વાણી રે. શે૦ ૧૪

જોગવિમલ જગ જાણીઇ પંચ મહાવ્રત સાધેં રે;
તપ કિરિયા કરેં આકરી ઈમ ગુણઠાણેં વાધેં રે. શે૦ ૧૫

ષરતરગચ્છ દેવચંદજી તે પિણ સંઘમાંહેં જાણું રે;
પંડિતમાંહિ શિરોમણિ તેહની દેશના ભલી વષાણું રે. શે૦ ૧૬

સંઘવી કાગળ મોકલેં પૃથવીરાય તેડાવેં રે;
તેહનો કુંઅર નાનડો ગાજતેં વાજતેં આવેં રે. શે૦ ૧૭

કુંઅરની સાથેં વાણીઆ ધન્નો શેઠ તે આવેં રે;

જેતો બારોટ ઘોડે ચઢ્યા કુંદનસા કહીનેં બોલાવે રે. શે૦ ૧૮
કુંદન તૂં ભલે આવીયો ભાટ મિલિ ઇમ બોલેં રે;
સમરા સારંગ જે થયા તૂં પિણ તેહની તોલેં રે. શે૦ ૧૯
કુંઅરને કરેં પહેંરામણિ આપેં થરમા જોડી રે;
કુંઅર સંઘવીનેં કહે કરો અસવારિ ઘોડી રે. શે૦ ૨૦
કુંઅર ને સંઘવી બેહુ મલ્યા ભાવસંઘજી પિણ ત્યાંહેં રે;
સીષ માગી સંઘવીતણી જૂહાર કર્યા નિજ બાહેં રે. શે૦ ૨૧

દૂહા.

વર ત્રાંબાગલ વાજતેં ઘોરેં તે જાંગી ઢોલ;
સરણાઈ સરસી વદેં સકલ સંઘ રંગરોલ. ૧
જય જય ભાટ ચારણતણા સુણતાં વરજેં વાદ;
સુગુરૂ સુશ્રાવક પરવર્યો આવેં સંઘ સુપ્રસાદ. ૨
સાહમો આવેં સંઘ સવે પાલીતાણું સરવ;
હરષેં દેવ જૂહારવા આદિદેવ સુખ પૂરવ. ૩
સંઘેં ઉતારા કર્યા મંગલ લીલવિલાસ;
તીરથપતિ શેત્રુંજગિરિ ફરસન ઘણું ઉલ્લાસ. ૪

॥ ઢાલ ૩ ॥

વચ્છ વિચારયો, એ દેશી.

શેત્રુંજો ભેટયો ધરી મન બહુ અતિમાન રે. શે૦ આંચલી.
રાજા પૃથવીરાજજી રે કુંઅર શ્રીનવઘન નામ;
શ્રીસંઘનેં રષવાલવા રહ્યા રે ગારીયાધાર સુઠામ રે. શે૦ ૧
રાણી ફૂલાંજી આવીયાં રે પાલીતાણા રે માંહેં;
સંઘવીનેં સનમાનીયા રે આદર અધીક ઉચ્છાહે રે. શે૦ ૨
ભેટણું દેઈ તે મિલ્યા રે સંઘવી બે મનરંગ;

આભરણ વસ્ત્રાદિક બહૂ રે દીધાં ધરીય ઉમંગ રે. શે૦ ૩

તીરથ રષવાલા ભણી રે દીધાં દામ અનેક;
માગશિર શુદિ તેરસ દીને કીધી યાત્રા વિવેક રે. શે૦ ૪

સંઘ સહૂ શિણગારીયો રે નેજા ધ્વજા રે વાજીત્ર;
ભાટ બીરૂદ ભણતાં થકા રે ગાતાં ગુણ સુપવીત્ર રે. શે૦ ૫

સત્તા વાવેં શુચિ થઈ રે સુરપાલનો રે ચંદ;
જે નીત પાષી પારણે રે ભેટે તીર્થ આનન્દ રે. શે૦ ૬

તીરથ મોતી માણિકેં રે સોવન ફૂલ અમૂલ;
સુરભી પુષ્પ ગંધોદકેં રે પષાલ્યો ગિરિ મૂલ રે. શે૦ ૭

દાન દેઈ જાચક ભણી રે આલોઈ નિજ દોષ;
દ્રવ્ય ભાવ સુચિતા કરી કરવા નિજ ગુણ પોષ રે. શે૦ ૮

શક્રસ્તવ કહી ગુરૂ મુષેં રે લેઈ વ્રત પચ્ચખ્ખાણ;
સિદ્ધ અનંત વંદી ચલ્યા રે મન ધરી જિનવર આણ રે. શે૦ ૯

સિદ્ધ ગુણીની ભૂમિકા રે કરવા આતમ સિદ્ધ;
સિદ્ધ ધ્યાન સિદ્ધાચલેં રે ચઢતાં સરવ સમૃદ્ધ રે. શે૦ ૧૦

નેમિ પધાર્યા ગિરિવરેં રે જાણી મોક્ષ નજીક;
રેવતગિરિ સાહમા ચલ્યા રે આહાર ઉદક બલ ઠીક રે. શે૦ ૧૧

તિહાં પગલાં શ્રીનેમનાં રે વંદી પૂજી રે ભક્તિ;
જય જય કરતા જન સહૂ રે પોહતા શિખરેં યુક્તિ રે. શે૦ ૧૨

દૂધેં પષાલી પૂજતા રે મુનિવર ફરસીત ભૂમિ;
શુદ્ધ સમરણ ગુણ ગાવતાં રે કરતા નિજ ગુણ ધુમ. શે૦ ૧૩

પહિલી પરવેં પૂજીયા રે ભરતમુનિ પદ દોય;
બીજી પરવેં હરષીયા રે વિમલાચલ થલ જોય રે. શે૦ ૧૪

ત્રીજી પરવેં કુંડ છેં રે નીરમલ જલ અતિભૂર;
ઋષભ ચરણ પુંડરીકતણા ચરણ નમું સુખપૂર રે. શે૦ ૧૫

હિંગુલાજહડે થઇ રે પોહતા સાલારે કુંડ;
પાંચમી પરવેં જલ ભર્યો રે સમ શીતલ અખંડો રે. શે૦ ૧૬

જિનવર ચરણ નમી ગયા રે રામપોલિ સહુ લોક;
પેંઠા ગઢમાં ગાવતા રે જનના થોકાથોક રે. શે૦ ૧૭

વાઘણિ પોલિ સંતોષિયા રે અધિષ્ટાયક બેહુ પાસ;
ચક્રેસરી વધાવીઆં રે કવડયક્ષ સુખ વાસો રે. શે૦ ૧૮

ચૈત્ય નમી પધારીયા રે પોહતા ઋષભ વિહાર;
દેઈ તીન પ્રદક્ષણા રે રાયણ નમી સુખકારો રે. શે૦ ૧૯

રાયણતણેં પગલાં નમ્યાં રે પ્રથમ જિણંદનાં રે તેહ;
શ્રીઋષભેસર જે થકાં રે ભરતેં ભરાવ્યા જેહ રે. શે૦ ૨૦

મૂલમંડપમાં આવીનેં રે વધાવ્યા જિનરાજ;
સોવન ફૂલ મુગતાફલેં રે પ્રણમેં સિધાં કાજ રે. શે૦ ૨૧

ચૈત્યવંદન કરી ભક્તિસ્યું રે નરભવ લાહો રે લીદ્ધ;
શેત્રુંજ શિખર શ્રીઋષભજી રે પૂજતાં કારજ સિદ્ધ રે. શે૦ ૨૨

સૂરજકુંડે ધોતીયાં રે કીધાં નીર ગલેવિ;
કેસર ચંદન પુષ્ફસ્યું રે પૂજા ચિત્ત ભલેવિ રે. શે૦ ૨૩

અષ્ટપ્રકારી પૂજના રે અષ્ટ કરમ ક્ષય હેત;
તારક તીરથ સર્વમાં રે એ તીરથ સહૂ કેતુ રે. શે૦ ૨૪

કચરાશા રૂપચંદનો રે માનવભવ સુપ્રમાણ;
દેવચંદ સુપસાયથી રે મતિરતન વદેં એમ વાણ રે. શે૦ ૨૫

॥ દૂહા ॥

ઇમ શેત્રુંજય ભેટીનેં સંઘ સકલ સુખ ધામ;
હરષેં પાલીતાણા પુરેં આવ્યા અતી અભિરામ. ૧

ઇમ નિત્ય પ્રતિં યાત્રા કરેં સંઘ સહૂ મન રંગ;
દુખ્ખનિવારણ સુખ્ખકરણ જિનપૂજા વિધિ સંગ. ૨

વિધિઉપદેશક શ્રુતજલધિ દેવચંદ ગુરૂરાય;
સંવેગી જિનમારગી ઉત્તમવિજય સહાય. ૩

એતલેં ખંભાયતથકી રે ઓચ્છવસ્યું સુવિસિદ્ધ;
સંઘ કરી આવિ મિલ્યો જીવણસાહુ પ્રસિદ્ધ. ૪

જાણુગ જીવાજીવના જૈનાગમરૂચિવંત;
વિધરસી સવિ સાધ લેં આવ્યો મન ધરી ખંતિ ૫

ખંભાયત ઘોઘાતણા ભાવનગર જનવૃંદ;
તેડી શેત્રુંજ આવીઓ જીવન અતિ આણુંદ. ૬

રાજાનેં સંતોષીનેં ચઢીયા વિમલગિરિંદ;
ગુરૂ ઉપગારેં પાંમીઇં મનવંછીત આનંદ. ૭

॥ ઢાલ ૪ ॥

દેશી રસીઆની.

શ્રીશેત્રુંજ તીરથપતિ ભેટીઇં મેટીઇ ભવભય ફંદ; વિવેકી.
અરિહા ભકતેં સમકિત નીરમલું અનુક્રમેં શિવસુખ કંદ. વિવેકી. શ્રી૦ ૧

વેલાવલ પાટણુથી આવીયા સંઘ ભલેં રે વિસ્તાર; વિ૦
સા રામચંદ્ર પ્રમુખ યાત્રાભણી આવ્યા નિજ હિતકાર. વિ૦ શ્રી૦ ૨

દક્ષણથી મેઅરગામી આવીયો સંઘ સકલ પરિવાર; વિ૦
સા ગલાલેં લાભ લિઓ ઘણું આતમ ઘરમેં હો ઉદાર. વિ૦ શ્રી૦ ૩

ઈમ અનેક સંઘવી બહૂ મિલ્યા કરવા જિનવર ઝાણુ; વિ૦
સૂરતિથી વિધિપક્ષિ આવીયા ઉદયસાગરસૂરિ ભાણુ. વિ૦ શ્રી૦ ૪

પાઠક સુમતિવિજય તપાગચ્છવરૂ ઇમ યતિવર્ગ અનેક; વિ૦
ચ્યારે વર્ગ મિલ્યા જિન ભેટવા પ્રભુ ભગતિ જિન છેક. વિ૦ શ્રી૦ ૫

કેઈ ઉત્તમ છઠ વહેં તિહાં લાષ ગુણેં નવકાર; વિ૦
યાત્રા નવાણું પિણુ તિહાં કેઈ કરેં કેઈ સચિત્ત પરિહાર. વિ૦ શ્રી૦ ૬

શ્રીસંઘનું સાહમીવચ્છલ કરેં પ્રથમ સંઘવી રે હોય; વિ૦
મોતી માનસિંઘ લષમીચંદ છેં કરેં સંઘભકિત રે સોય. વિ૦ શ્રી૦ ૭

ઝવેર રાજપાલ તથા વલી મોદી નેમિ રે દાસ; વિ૦
સંઘ ભકિત કરે તે ભાવસ્યું પામે અતિ જસવાદ. વિ૦ શ્રી૦ ૮

પટણિ કસ્તુરચંદે ભક્તિસ્યું સાહમીવચ્છલ કીધ; વિ૦
સ્નાત્રમહોચ્છવ લાહણી પૂજણાં ગુરૂ ભક્તિં જસ લિદ્ધ. વિ૦ શ્રી૦ ૯

રૂપચંદ સાહ સંઘવિ સુંદરૂ પર ઉપગારી રે દક્ષ; વિ૦
તસ સુત દેવબાઈ ઉરે હંસલો લાલચંદ પરતક્ષ. વિ૦ શ્રી૦ ૧૦

પટણી સેઠ કીકા સૂત કચરાજી તસ સુત તારા રે ચંદ; વિ૦
ભાઈ ફતેચંદ સુત સુખકરૂ લાયક ઝવેરચંદ. વિ૦ શ્રી૦ ૧૧

ઇંદ્રમાલ મુહૂરતિ સંઘે લીઓ કીયો હરષ આનંદ; વિ૦
વૃદ્ધસાષિ શ્રીમાલી ગગનમે કચરા કીકા રે ચંદ. વિ૦ શ્રી૦ ૧૨

ભદ્રક ભક્તિં રે ફલ નિશ્ચે લહે વસુદેવહિંડની સાષિ; વિ૦
માલણિ ભીલ પરિં સુભફલ લહે જિનભક્તિં ચિત્ત રાષિ. વિ૦ શ્રી૦ ૧૩

સાશ્વતા નેં વલી અસાશ્વતા તીરથ જિનમત જેહ; વિ૦
કોટિ ગમે શેત્રુંજો તીરથ કહ્યો શુભકરણી ફલ તેહ. વિ૦ શ્રી૦ ૧૪

શ્રીદેવચંદ્ર ગણિનેં ઉપદેશેં શેત્રુંજ મહિમા રે સાર; વિ૦
ગણિ મતિરત્ન જિન સેવના કરતાં ભવનો રે પાર. વિ૦ શ્રી૦ ૧૫

દૂહા.

હવે શ્રીસંઘ મલી કરે ઇંદ્રમાલ ઉચ્છાહ;
જિમ ભરતેં હરષેં કર્યો તિમ કરી લીજેં લાહ. ૧

પોસ શુદિ તેરસ દિને માલ મુરહુત લીદ્ધ;
સ્નાત્રમહોચ્છવ ધવલ તવ નવ નવ મંગલ કીદ્ધ. ૨

અમારઘોષણ દાનવિધિ જાચકજન સંતોષ;
જિનશાસન પરભાવના કરત કરેં ગુણ પોષ. ૩

રાતિજાગરણ વાસવિધિ કેસર છંટિત વસ્ત્ર;
ધરમ મહોચ્છવ આગમ પુન્યેં કારણ પ્રસસ્ત. ૪

॥ ઢાળ ૫ ॥

ભરત નૃપ ભાવસ્યું એ; એ દેશી.

સહસગમે શ્રાવક મિલ્યા એ શ્રાવકણીય વિશેષ; સંઘવી શોભિઇ એ;
ઇંદ્રતણે અનુહારિ ભક્તિભરે ભર્યા એ શાસન શોભાકાર કે. સંઘવી૦ ૧

ધ્રુજ નેજાગણ લહલહે એ વાજે ભુંગલ ભેર કે; સં૦
ઢોલ નગારાં ગડગડે એ સરણાઈ નફેર કે. સં૦ ૨

ચઉવિહસંઘે પરવર્યા એ ગાતાં જિનગુણ છંદ કે; સં૦
ગામ ગામના જન મિલ્યા એ નાગર પામર વૃંદ કે. સં૦ ૩

ગણધર શ્રુતધર યતીવરૂ એ જિનવર મારગરત્ત કે; સં૦
કચરાસા રૂપચંદજી એ તારાચંદ સુપુત્ત કે. સં૦ ૪

જિનશાસન શોભાવતો એ દેતા દાન સુપાત્ર કે; સં૦
વિધસ્યું જિનવર પ્રણમતાં એ કરતા તીરથયાત્ર કે. સં૦ ૫

ગોરી ગાવે મંગુલ એ ગંધ્રવ નાચે નૃત્ય કે; સં૦
મૂલચૈત્ય આવ્યા સહૂ એ ત્રિકરણ યોગે સત્ય કે. સં૦ ૬

જગ ઉપગારી પ્રણુમીઇ એ ઋષભ જિનેશ્વર સ્વામિ કે; સં૦
પુંડરીક ગણધર નમી એ નમિ વિનમિ પાય નામ કે. સં૦ ૭

સનાત્ર ભણાવિં જિન પ્રતે એ પૂજા અષ્ટ પ્રકાર કે; સં૦
માલવાસ વિધસ્યું કર્યો એ બેઠા મંડપ મઝાર કે. સં૦ ૮

ચૈત્યવંદન કરે સંઘપતિ એ સંઘવિણિં વંદ્યા દેવ કે; સં૦
યથાશક્તિ વ્રત આદર્યાં એ સાચી અરિહંત સેવ કે. સં૦ ૯

મુગતાફલનો સાથીઓ એ કીધો સંઘવિણ સાર કે; સં૦
દેવબાઈ રત્નબાઈ મલી એ વલી સજન પરિવાર કે. સં૦ ૧૦

સંઘ મિલી વીનતી કરે એ તહ્મે કર્યો અમ ઉપગાર કે; સં૦
જગપતિ જિન ભેટાવિઆ એ દીઠો પ્રભુ દીદાર કે. સં૦ ૧૧
તુહ્મે પૂજ્ય છો અહ્મતણા એ અહ્મે છું તુમચા બાલ કે; સં૦

ઇમ કહી સહૂ કંઠે ઠવે એ ફૂલમાલ સુવિશાલ કે. સં૦ ૧૨

જય જય ધુનિ ઉઠી ભલી એ પ્રભુ પાય પ્રણમી રંગ કે; સં૦
સપરિવાર મુખમંડપે એ આવ્યા સદગુરૂ સંગ કે. સં૦ ૧૩

ત્રિણ્ણ પ્રદક્ષણા દેયતા એ રાયણ રૂંષે આવ કે; સં૦
મૂલ ચરણ શ્રીઋષભના એ પૂજે ચઢતે ભાવ કે. સં૦ ૧૪

સંઘ તિલક કર્યો હરષસ્યું એ પોહતી સહુની આસ કે; સં૦
સંઘે સંઘવી વધાવિયા એ વધતે મન ઉલ્લાસ કે. સં૦ ૧૫

ધ્વજા ચઢાવી દેહરે એ દેવને બહુ બલ દેય કે; સં૦
ચોમખ સવાસોમજીતણે એ આવ્યા હરષ ધરેય કે. સં૦ ૧૬

ધ્વજા ચઢાવી પ્રભુ નમી એ આવ્યા શાંતિવિહાર કે; સં૦
શક્રસ્તવ કરી આવીયા એ પાલીતાણા મઝાર કે. સં૦ ૧૭

સાહમીયાં કરે નરપતી એ આવ્યા નિજ ઘર સર્વ કે; સં૦
મંગલિક કારન તિહાં કર્યા એ એ તીરથ ગુણપર્વ કે. સં૦ ૧૮

બહુમાને યાત્રા કરી એ પામી જય જય વાદ કે; સં૦
સંઘ વલ્યો સૂરતિ ભણી એ વાજંતે વર નાદ કે; સં૦ ૧૯

ભાવનગર આવી રહ્યા એ સાહમીવચ્છલ તાર કે; સં૦
જીવણસાહ ભગતિ કર્યો એ શાસન સોભાકાર કે. સં૦ ૨૦

તિહાંથી સુખભર સવિ ગયા એ સરવલોક નિજ ઠામ કે; સં૦
ધન ધન તે માનવી એ જિણે કીધાં શોભત કામ કે. સં૦ ૨૧

જે વિધિસ્યું યાત્રા કરે એ તે પામે સુખપૂર કે; સં૦
બોધ સુલભ જનમાંતરે એ થાઇ પુણ્ય પડૂર કે. સં૦ ૨૨

દૂરગતિ છેદી સુખ લહે એ શેત્રુંજો ફરસે જેહ કે; સં૦
સિદ્ધ અનંતની ભૂમિકા એ પુણ્યપીઠ ગુણગેહ કે. સં૦ ૨૩

કર્ચરા કીકાસેઠનો એ પુત્ર સુતારાચંદ કે; સં૦
ભાઈ ફત્તેચંદનો એ પુત્ર ઝવેરચંદ કે. સં૦ ૨૪

રૂપચંદસા સંઘવીતણો એ ભાઈ મીઠાચંદ કે;
પુત્ર લાલ ગુણમાલ છે એ નિત નિત પ્રતિ આનંદ કે. સં૦ ૨૫

મોટે પુણ્યે પામીઇં એ સંઘપતિ બિરૂદ ઉદાર કે;
શ્રીશેત્રુંજા તીરથનો એ યાત્રા લાભ અપાર કે. સં૦ ૨૬

દેવચંદ ગુરૂભક્તિથી એ મતિરત્ન ભાષે એમ કે; સં૦
શ્રીસિદ્ધાચલ સેવતાં એ લહિઇં સુખ જય ષેમ કે. સં૦ ૨૭

કલશ.

ઇમ સયલ સુખકર દુરિત ભયહર સિદ્ધ સાધન ગુણનિલો;
શ્રીસિદ્ધક્ષેત્ર અનંત મુનિજન ધ્યાનકારણ નિર્મલો. ૨૮

જિનરાજ વંદન ગુણનિબંધન તેહ તીરથ ઉપરિં;
શ્રીવિમલગિરિવર ભક્તિ રસભર લાભ લેખો કુણ કરે. ૨૯

તસ સંઘ યાત્રા સુવિધિ કરણી મન પ્રમોદે આચરે;
તસ તવન ગુંથ્યો ગચ્છ ખરતર સંઘપતિ હેતેં આદરે. ૩૦

ઉવઝાયવર શ્રીદીપચંદે શિસ ગુણ દેવચન્દ એ;
તસ શિસ ગણિ મતિરત્ન ભાષે સકલ સંઘ આણંદ એ. ૩૧

॥ अर्हम् ॥

विनयविजयोपाध्यायविरचित

सूर्यपुरचैत्यपरिपाटी.

પૂજીએ પૂજીએ પ્રથમ તિર્થંકરૂ એ,
ત્રિભુવન ત્રિભુવન દીપક દેવ તો;
સેવ કરૂં મન રંગસ્યું એ,
સૂરતિ સૂરતિપુર સિણગાર કે;
પૂજીએ પ્રથમ તીર્થંકરૂ એ.

ત્રુ૦

પૂજીએ પહિલું પ્રથમ જિનવર ભુવન દિનકર જગિ જયો,
જિન રૂપ સુંદર સુગુણ મંદિર ગાયવા ઉલટ થયો;
સવિ નીતિ દાષી મુગતિ ભાષી આપ જગ સાષી થયો,
રસરંગ ચાષી દુરતિ નાષી અષયસુષ સંગમ લયો. ૧
સોલમા એ સોલમા એ સાંતિજિણેસરૂ એ,
સૂરતિ સૂરતિપુર સિણગાર કે;
અચિરાકુંઅર ગુણનિલો એ,
વિશ્વસેન વિશ્વસેન રાય મલ્હાર તો;
સોલમા સાંતિ જિણેસરૂ એ.

ત્રુ૦

સોલમા શાંતિજિણંદ પામી કુમતિ વામી મઈ સહી,
હવિં ભજું સ્વામી સીસ નાંમી અંતરજામી રહું ગ્રહી;

મલપરિં કમલા સબલ છાંડી પ્રીતિ માંડી મુગતિસ્યું,
જિનરાજ કમલા વરી વિમલા પુણ્ય પ્રભુનું ઉલ્હસ્યું. ૨

ધર્મ એ ધર્મ એ જિણેસર વંદિઇ એ,
આપઈ એ આપઈ ધર્મ ઉદાર કે;
પન્નરમો પરમેશ્વરૂ એ,
વિશ્વ એ વિશ્વતણો આધાર કે;
ધર્મ જિણેસર વંદિઇ એ.

ત્રુ૦

વંદિઈં ધર્મજિણંદ જગગુરૂ નયર સૂરતિમંડણો,
ભવ કષ્ટવારણુ સુગતિકારણુ પાપ તાપ વિહંડણો;
અનુભવી પદવી જેણઈં અનુપમ ધર્મચક્રીસરતણી,
મુઝ પુણ્ય તરૂઅર ફલ્યો પામી સ્વામી સેવાસારણી. ૩

વામા એ વામા એ સુત સોહામણો એ,
સિવપુર સિવપુર કરો સાથ કે;
નાથ જયો ત્રિભુવનતણો એ,
સૂરતિ સૂરતિમંડણુ નામ કે;
વામાસુત સોહામણો એ.

ત્રુ૦

વામાતણો સુત સદા સમરથ સેવકાં સાધાર એ,
જગસુધ મંદિર થંભ શોભણુ સોવનં આધાર એ;
સસિ સૂર નૂર સમાન કુંડલ મુકુટ મોટો મનહરઈ,
વલિ હાર હીરાતણો હિઅડઇ તેજ તિહુઅણિ વિસ્તરઈ. ૪

સેના એ સેના એ નંદન જિનવરૂ એ,
સંભવ સંભવ સુષદાતાર કે;
સાર કરઇ સેવકતણી એ,
હયવર હયવર લંછણુ પાય તો;
સેના એ નંદન જિનવરૂ એ.

ત્રુ૦

સેના એ નંદનતણી સેના મોહના મદ અપહરઇં,
પ્રભુતણુઇ ચરણુઇં રહ્યા સરણુઇં અમર અલિ કલિરવ કરઇં;
પ્રભુતણી વાણી સુધાદાણી રસ સમાણી જાણીંઇં,
ભવ તાપ ભાજી દૂરિ જાઇ જિમ દવાનલ પાણીંઇં. ૫

સેવું એ સેવું એ ધર્મ જિણેસરૂ એ,
પન્નર પન્નરમો જિનરાજ કે;
આજ સફલ મુઝ ભવ થયો એ,
લાધો એ લાધો એ કરૂણાવંત કે;
સેવો એ ધર્મ જિણેસરૂ એ.

ત્રુ૦

સેવીએ ધર્મજિણંદ જેહનઇ નમઇં સુરપતિ સુંદરી,
ગુણ ગીત ગાતી કરઇં નાટક ચરણિ નેઉર ઘૂઘરી;
કંસાલ તાલ મૃદંગ ભંભા તિવિલ વેણુ બજાવતી,
કરિ શસ્ત હસ્તક નમી મસ્તક પુણ્યપૂર ગજાવતી. ૬

સૂરતિ એ સૂરતિબંદિરમાહઇ કે,
સોહઇ એ સંઘ સુહંકરૂ એ;
ચોથા એ ચોથા એ જગદાધાર કે,
અભિનંદન મોરઇ મનિ વસ્યા એ;
સંવર એ સંવર એ કુલ સિણગાર કે,
સોહઇ એ સૂરતિબંદિરઇ એ.

ત્રુ૦

સૂરતિબંદિરમાહિં સોહઇ સુગુણ ચોથો જિનવરૂ,
સિદ્ધારથાનઇ ઉઅર સરવરિ પ્રભુ મરાલ મનોહરૂ;
કલ્યાણ કમલા કેલિમંદિર મેરૂ ભૂધર ધીર એ,
મુઝ ધ્યાન સંગિ રમો સામી તરૂઅરિં જિમ કીર એ. ૭

પાસ એ પાસ જિણેસર રાજીઉ એ,
જાસ એ જાસ વિમલ જસ રાસિ કે;
ત્રિભુવનમાંહઈં ગાજીઉ એ,
ઉંબર ઉંબરવાડામાહઇ કે;
પાસ જિણેસર રાજીઉ એ.

ત્રુ૦

રાજીઉ પાસ જિણંદ જયકર અષયસુષ આવાસ એ,
દરિસણઇ જેહનિં નાગ પામ્યો નાગરાજ વિલાસ એ;
ધરણિંદ પદમાવતી જેહનાં ચરણ સેવઇં ભાવસ્યું,
તસ પાય સુરતરૂ તલઇં રંગઇં વિનય મન સુખભરિ વસ્યું. ૮

સૂર એ સૂરતણો સુત સુંદરૂ એ,
સત્તર સત્તરમો ભગવંત કે;
કુંથુ નમું આણંદસ્યુ એ,
સોહ એ સોહએ સૂરતિમાંહિ કે;
સૂરતણો સુત સુંદરૂ એ.

ત્રુ૦

સુત સૂર કેરો સોહઇં સૂરતિમાહિં સૂરતિ સાર એ,
પ્રભુતણી સૂરતિ દેષી મૂરતિ હોઇ હર્ષ અપાર એ;
મૃગમાનમોચન સ્વામિલોચન દેષિ મુઝ હઇડું ઠરઇં,
મકરંદભર અરવિંદ દેષી ભમર જિમ ઊલટ ધરઇં. ૯

બીજા એ બીજા એ વિજયાકુંઅરૂ એ,
ગજપતિ ગજપતિ લંછણ સ્વામિ તો;
નામિ સયલસુષ સંપજઇં એ,
જિતસત્રુ જિતસત્રુરાય મલ્હાર તો;
બીજા એ વિજયાકુંઅરૂ એ.

ત્રુ૦

બીજા તે વિજયાકુંઅર જિનવર નયર સૂરતિ સોહ એ,

પ્રભુતણી મૂરતિ કષ્ટ ચૂરતિ ભવિકનાં મન મોહ એ;
જિનવદન સુંદર સુર પુરંદર દેખિ મનિ આણંદ એ,
જિમ કમલ વિકસઇં દેખિ દિનકર કુમુદ જિમ નવચંદ એ. ૧૦

વંદુ એ વંદુ એ પાસ ચિંતામણિ એ,
દિનમણી દિનમણી તેજનિધાંન કે;
ધ્યાન ધરૂં સ્વામીતણું એ,
સુખ ઘણું સુખ ઘણું પ્રભુનઇ નાંમિ કે;
વંદુ એ પાસ ચિંતામણી એ.

ત્રુ૦

ચિંતામણિ શ્રીપાસ વંદું આણંદું સાહેલડી,
પ્રભુવદન ચંદ અમંદતેજઇં ફલી મુઝ સુખવેલડી;
અતિ રૂટરૂં પ્રભુ ફણામંડલ દેખિ મુઝ મન ઉલ્હસઇં,
ઘન ઘટાડંબર દેખિ દહદિસિ મોર જિમ હઇડઇ હસઇં. ૧૧

તીરથ તીરથ સૂરતિ બંદિરઇ એ,
જુહારિયાં જુહારિયાં એહ ઇગ્યાર કે;
દુરગતિનાં દુષ વારીયાં એ,
ઊપનો ઊપનો અતિ આણંદ કે;
સૂરતિ તીરથ જુહારીયાં એ.

ત્રુ૦

જુહારિયાં તીરથ સદા સમરથ હરઇ સંકટ ભવિતણાં,
એ તવન ભણતાં જાત્ર કેરાં દીઇં ફલ રલીઆમણાં;
ઘનસાર ચંદન સાર કેસર કુસુમચંગેરી ભરી,
પ્રભુચરણ અંચી પુણ્ય સંચી ભાવપૂજા મેં કરી. ૧૨

આવો એ આવો એ રાનેર જાઇએ,
પૂજીઇં પૂજીઇં રાજુલકંત કે;
સમરથ સામી સામલો એ,

ભેટીએ ભેટીએ ઋષભ જિણુંદ કે;
આવો એ રાનેર જાઇએ.

ત્રુ૦

રાનેર ઇણિપરિ જિન જુહારી વલી મુઝ મન અલજયુ,
વડસાલિ જીરાઉલીસ્વામી વીરજિન ભેટણિ ગયો;
ઘણુદીવિ ચિંતામણિ જુહારી નવસારી શ્રીપાસ એ,
હાંસોટ ભગવઇં દેવ પૂજી ફલી મનની આસ એ. ૧૩

તપગચ્છ તપગચ્છ હીર પટોધરૂ એ,
જેસિંગ જેસિંગ ગુરૂ ગચ્છ સ્તંભ કે;
રૂપાઈ સુત તસ પટઇં એ,
વિજય એ વિજયદેવસૂરિંદ કે;
તપગચ્છ હીર પટોધરૂ એ.

ત્રુ૦

તપગચ્છિ હીર સમાન ગણુધર વિજયસિંહસૂરિંદએ,
તસ ગચ્છભૂષણુતિલક વાચક કીર્ત્તિવિજય સુખકંદ એ;
તસ ચરણુ સેવક વિનય ભગતઇ થુણ્યા શ્રીજિનરાજ એ,
સસિકલા સંવત વર્ષ વસુનિધિ ફલ્યા વંછિતકાજ એ. ૧૪

ॐ

पीमाविरचित

शत्रुंजयचैत्यपरिपाटी.

ચુપઈ.

આરાહૂં સામિણિ સારદા જિમ મતિ તૂઠી દિઇ મતિ સદા;
શ્રીસેત્રજ તીરથ વંદેવિ ચૈત્રપ્રવાડિ રચસિ સંષેવિ. ૧

પાલીતાંણુઇ પ્રણમૂં પાસ જિમ મનિ વંછિત પૂરઇ આસ;
લલતાસુર વંદૂં જિન વીર સોઇ સાયર જિમ ગુહિર ગંભીર. ૨

તેહુ આગલિ ગિરિ પાજિઇં ચડૂં જિમ પાંમૂં શવપુર ઢૂકડું;
ધુરિ પ્રણમૂં પહિલૂં શ્રીનેમિ મારગિ જાતાં કુશલઇં ષેમિ. ૩

આગલિ છઇ માતા મરૂદેવિ તે વંદૂં બે કર જોડેવિ;
સમરૂં સોલસમુ જિન શંતિ મણૂંઅવિહાર કરઇ મન ષંતિ. ૪

પેથડદેઉલ પૂગી રૂલી છીંપાવિસહી વંદૂ વલી;
આજ ન માઇ ઊલટ અંગિ અદબદ આજ નમૂં મન રંગિ. ૫

તેહુ આગલિ છઇ કવિડલજક્ષ વિઘન વ્યણાસઇ તેહુ પરતક્ષ;
તેહુ ફૂલ ફૂલે ભેટૂં આજ જિમ મન વંછિત સારઇ કાજ. ૬

હિવ આવિઉ ટોટરાવિહાર તિહાં પ્રણમૂં શ્રીયનાભિ મલ્હાર;
મોહલાવસહી વંદૂં દેવ જિન ચુવીસઇ ચલણ નમેવિ. ૭

તિહાં ડાવઇ અનોપમશર અછઇ સ્વર્ગારોહણ વંદૂં પછઇ;
વાઘિણિ પેખૂં પહિલઇ બારિ આગલિ પુહતુ પોલિ પગારિ. ૮

મસ્તકિ અવતારિઉ ગિરનારિ તિહાં પ્રણમૂં શ્રીનેમિકુમાર;
ઇંદ્રમંડપ પેખૂં આણુંદ સાત સોહાસણિ દેહરી વંદિ; ૯

તિહાં છઇ નંદીસર અવિતિથ તિહાં હૂં જન્મ કરૂં સુકયથ;
બાવન બિંબતણૂં લેઉં નાંમ ખરતરવસહી કરૂં પ્રણાંમ. ૧૦

ઘોડાચુકી ગુખ અપાર તિલકૂતોરણુ ત્રિભોવન સાર;
તે દેષી પાવડીએ ચડૂં જિમ હૂં નર્ગમાંહિં નવિ પડૂં. ૧૧

આદિભવનિ આગલિ સાંચરૂં સવિહું થાંનકિ સેવા કરૂં;
જેહ તીરથ છઇ સમલીનાંમિ તિહાં પ્રણમૂં મુનિસુવ્રતસ્વાંમિ. ૧૨

હિવ મુઝ હૈયડઇ અતિ ઊમાહ ત્રણિ પ્રદક્ષણિ દેઈ ઉહલાહિ;
વંદૂં દેસલ પ્રમુખ વિહાર મંડપિ કોડાકોડિ જુહાર. ૧૩

પાંચે પાંડવ પ્રણમૂં પાય તુ પછઇ અષ્ટાપદ રાય;
પોખાવસહી જિન ચુવીસ તેહ શવહુનઇં નાંમૂં સીસ. ૧૪

તેહ આગલિ રાયણિ દીસંતિ સંઘવીશરિ દૂધિઇં વરસંતિ;
સિધિ અનંત હૂઆ તસ તલઇ સાહુ વધાવઇ મુગતાફલઇં. ૧૫

તિહાં છઇ પાય ઋષભદેવના જેહનાં ઇંદ્ર કરઈ સેવના;
તે પૂજીનઈ પેખૂં રંગિ મોર નાગ બે મિલીયા શૃંગિ. ૧૬

કુલકુંડ પ્રણમૂં પાસ જિણુંદ જસ દરસણિ દીઠઇ આંણુંદ;
વીર નમૂં સાચુરૂ ધણીં જિમ હૂં જાઉં મંડપભણીં. ૧૭

આગલિ શ્રીઋસહેસર દિટ્ઠ તવ મુઝ હૈયડઇ હર્ષ અનીંટ્ઠ;
લોંટીગણુ દેઈનઇં નમૂં તિમ હૂં પાપ પરહા નીંગમૂં. ૧૮

ભાવ ભગત પૂજૂં પ્રભ પાય જિમ મુઝ નિર્મલ થાઇ કાય;
દેઉલમાંહિં મન ઉહલાસિ પંડરીક પ્રણમૂં બેહુ પાસિ. ૧૯

આગલિ દક્ષણિ દસિ ચાહીઇ મૂલિ ગભારમાંહિં જાઈઇ;
તિહાં પ્રણમૂં પ્રતિમા લેપમઇ જિમ મુઝ સંકટ શવ ઉપશમઇ. ૨૦

એણીંપરિ સેત્રુંજ ચૈત્રપ્રવાડિ હૂં કિમ કહૂં નહી મઝ પાડિ;
થોડામાંહિં બોલિઉં સાર સવિહુ થાંનકિ કરૂં જુહાર. ૨૧

હિવ સ્વાંમીં આગલિ વીંનતી રાવ કરૂં જે હૈયડઇ હતી;
જન્મ લગઇ જે લાગાં પાપ તેહ સવિ ટાલે તૂં માય બાપ. ૨૨

કૂડ કપટ કીધાં મઇં ઘણાં વચન ન પાલ્યાં સહિગુરતણાં;
સમકિત સરિસુ સંગ ન કીઉ શીલ સનાહ શરીર નવિ લીઉ. ૨૩

મોહ મયણુ બેહૂ સંગ્રહ્યા રાગ લગઇ તેહના ગુણ વહ્યા;
વિખયતણાં સુષ જે કારિમાં તે મુઝ લાગાં સાકરસમા. ૨૪

જીવદયામઇં ધર્મ્મ ન કીધ સંપતિસારૂ દાંન ન દીધ;
વિણુ વ્યવહારઇ વિણુજ મઇં કીઉ લોભ લગઇં મઇં પરધન લીઉ. ૨૫

ઇશાં પાપ સંક્ષા નવિ લહૂં સ્વાંમીં ઘણૂં કિશૂં હૂં કહૂં
વિણુ કહીયાં તૂં જાંણઇ સહૂ તે મુઝનઇં લાગા છઇં બહૂ ૨૬

હિવ સ્વાંમીં માહરી કરિ સાર મુઝનઇં અવર નથી આધાર;
હૂં દુખ દેખૂં એણિ સંસારિ મુઝનઇં આવાગમન નિવારિ. ૨૭

તુહ્મ દરસણિ દીઠઇ દુખ જાઇ જિમ જલિ સીંચઇં દવ ઓહલાઇ;
તૂં સ્વાંમીં ભવના ભયહરૂ સેવકનઇં વંછિત સુરતરૂ. ૨૮

જે તુહ્મ સ્વાંમીં સેવા કરઇ મુગતિરમણિ જે લીલાં વરઇ;
જે નવિ માંનઇ આંણુ અખંડ તે પાંમઇ દુર્ગતિનું દંડ. ૨૯

જે સમરથ સેત્રુંજાધણીં ભાવઠિ ભંજઇ ત્રિભોવનતણીં;
તૂં અશરણુ શરણાગતિ સ્વાંમિ નવનધિ હુઇ તુહ્મ લીધઇ નાંમિ. ૩૦

એહ સ્વાંમીં તુહ્મ ગુણ જેતલા મઇં કિમ બોલાઇ તેતલા.
તૂં ગુણ રયણાયરસમ હોઇ એહ સંક્ષા નવિ જાંણઇ કોઇ. ૩૧

જે તાહરા ગુણ ગાઇં સાર તેહ ઘરિ મંગલ જયજયકાર;
હૂં તુહ્મ નાંમિઇં નિતુ ભાંમણઇ બે કર જોડી 'ષીંમુ' ભણઇ. ૩૨

॥ अर्हम् ॥

शांतिकुशलविरचित

गोडीपार्श्वनाथस्तवन.

સારદ નામ સોહામણું મનિ આણી હો અવિહડ રંગ;
પાસતણો મહિમા કહૂં જસ તીરથ હો જિમ ગાજૈં ગંગ. ૧

ગોડી પરતા પૂરવિં ચિંતામણુ હો તું લીલવિલાસ;
અંતરીક મોરૈં મનેં વરકાણેં હો તું સોહે પાસ.
ગો૦ એ આંકણી. ૨

અલવર રાવણુ રાજીઓ જીરાઓલિ હો તું જાગૈં દેવ;
કલિયુગ પાસ સંષેસરો બલાજઈ હો તોરી કીજૈં સેવ. ૩

ચોરવાડ મગસી જયો દેવપાટણુ હો ડોકરીઓ પાસ;
દાદો નવષંડિં જાંણીઇ પાસ ફ્લવદ્દિ હો રાયરાણા દાસ. ૪

પંચાસર મહીમંડલિં ભલિં ભાભો હો નારિંગો નામ;
નવપલ્લવ કોકો કહ્યો અઝારિં હો તું બેઠો ઠામિ. ૫

લોડણુ તવરી જાણીઇ ઊષમણેં હો મહિમાભંડાર;
સીરોડી ત્રેવીસમો કુકડેસર હો સેવક સાધાર. ૬

થંભણુપાસ ત્રંભાવતી નાકોડેં હો તું ધૃતકલોલ;
સહસફણો નઈં સામલો પાસ પરગટ હો તું કુંકુમરોલ.

ચારોપઈં આરાસણુઇ ગંગાણી હો વંદું નિસદીસ;
ભિન્નમાલ ઊજેણીઈં નિંબાજઇ હો જાણ્યો જગદીસ.- ૮

સલષણપુર સમીઈ જયો તું મુંઝપરિ હો ઝોટિંગો પાસ;
મહમદાવાદી મનોહરૂ કંબોઇઇ હો તઈં કીધો વાસ. ૯

ભીડભંજણ ભલ સાંભર્યો કરહેડઇ હો નાગઇંદ્રહ જોય;
જેસલમેરઈં તું જયો અમીઝરો હો મંડોવરો હોય. ૧૦

સાદડીઈં માદઇ વસ્યો કલિકુંડિં હો સોઝિત પરિણામ;
પાલવિહારઈં આગરેં ચાણુસમઈં હો બહેડિં અભિરામ. ૧૧

કપડવાણિજ કોરડઇ હમીરપુર હો પીપાડિં પાસ;
છેછલીઈં કાછોલીઈં મહિસાણઈં મેડતઇ નિવાસ. ૧૨

કડી આહાડૈ આબૂઈં સેત્રુંજઈં વંદું ગિરિનારિ;
વીઝેવઇ રાધનપુરઇ વડાલી હો સાંડેરઈં સાર. ૧૩

તું ભરૂઅછિ તું ઈડરઈં બૂઆડિં હો તુંહિજ ગુણષાંણિ;
તું દેલવાડઇ વડોદરઇ ડુંગરપુરે હો ગંધારિ વષાણિ. ૧૪

વીસલનગરિં વાલ હો ડભોઈઈં હો બેંઠો જિનરાજ;
વાહિજ ચેલણ પાસજી વેલાઓલિ હો વડલી સિરતાજ. ૧૫

મુહુર પાસ વેઈ વલી અહીછત્રો હો આણી ધુરાય;
નાગપુરિં બીબીપુરઈં નડુલાઈ હો ઢીલી મન જાય. ૧૬

ગાડરીઓ માંડવગઢિં તું જાઉરિ હો પીરોજાબાદ;
કુંભલમેરૈં ગાજીઓ રાણગપુરિ હો સમર્યો દિઇ સાદ. ૧૭

તું નાડુલઇ માંડીઓ સિદ્ધપુરિ હો તું દીવ મઝારિ;
ચિત્રકૂટ ચંદ્રાવતી આસાઓલિ હો વાંસવાલઈં પારિ. ૧૮

મેરહટ મથુરાં જાંણીઓ વાણારસી હો તું પાસ જિણંદ;
તું સમીયાણે સાંભલ્યો અજારેં હો તૂઠો જિણચંદ. ૧૯

એકસો આઠઇ આગલા નામિ કરી હો થુંણીઓ જિનરાજ;
આરતિ ટલી આમય ગયો આસ્યા ફલી હો મારા મનની આજ. ૨૦

પાસ પ્રભાવઇ પરગડો મહિમાનિધિ હો તું દેવદયાલ;
એકમનાં જે ઓલગઇ તે પામિ હો લાછિ વિશાલ. ૨૧

તું મર્ઈવાસી ઊજલો તેં માંડી હો મોટી યાત્ર;
ભવના ભાંજઈ આમલા તુઝ આગલિ હો નાચિં પાત્ર.

ઉવસ વાસઇ તું વસઈં વાણારસી હો રાંણી વામામાત;
અશ્વસેન કુલચંદલો મુઝ વાહલો હો ત્રિજગ વિખ્યાત.

છત્ર ધરઇ ચામર ઢલઈં ઠકુરાઈ હો ત્રિગડઇ જિનભાણુ;
ભામંડલ તેજેં તપઇ તુઝ દરિસણુ હો વાંછઈં દીવાંણ.

ભૈરવ દૈવ દેવાલીઆ જક્ખિ જોગણિ હો ડાઇણિ વિકરાલ;
ભૂત ન માગઇ ભૈરવા તું સમરથ હો ગોડી રખવાલ.

તું મરૂધરનો પાતસા એકલમલ હો તું ધીંગડધીંગ;
બારિ ન રાષઇં બારણાં તુઝ સાહુમાં હો કો ન કરઇ સીંગ.

થલિ થલિ ઠાવો ઠાકુરો ચેડા ચટક હો તું કાઢિં સારિ;
રોગ હણુઈ રોગીતણા તું બઈઠો હો વનવાડી ઝાડિ.

તરકસ ભીડી ગાતરી કરિ ઝાલી હો લાલ કબાંણ;
નિલડેં ઘોડઈ તું ચઢઇ ફોજ ફોજેં હો ફેરઇ કેકાણ.

નવ નવ રૂપિં તું રમઈં અડવડીઆં હો તુંહિજ દિ હાથ;
સંઘતણી સાનિધિ કરઇ બોલાવઈં હો તું મેલઇ સાથ.

અલષ નિરંજન તું લિખ્યો અતુલીબલ હો તલભાણ;
શાંતિકુશલ ઇમ વિનવઈ તું ઠાકુર હો સાહિબ સુલતાણ.

તપગછતિલક તડોવડિં પાય પ્રણમી હો વિજયસેનસૂરીસ;
સંવત સોલસતસટ્ઠેં વીનવીઓ હો ગોડી જગદીસ.

કલશ.

ત્રેવીસમો જિનરાજ જાણી હિઇ આંણી વાસના,
નર અમર નારી સેવ સારી ગાઇ ગુણ શ્રીપાસના;
વિનયકુશલગુરૂ ચરણસેવક ગોડી નામઈં ગહગહઇ,
કલિકાલમાંહિં પાસ પરગટ સેવ કરતાં સુષ લહઇ.

સંસ્કૃતના તમામ અભ્યાસિઓને પાસે રાખવા લાયક

અને

બીજા તમામ કોશોને ટક્કર મારે તેવો

कलिकाल सर्वज्ञ श्रीहेमचंद्राचार्य विरचित स्वोपज्ञ टीकासहित

अभिधान चिन्तामणि–कोश.

તાકીદે મંગાવી લ્યો.

આ કોશને બે વિભાગોમાં વિભક્ત કર્યો છે. પ્રથમ ભાગમાં મૂલ અને તેની ટીકા આપવામાં આવી છે, અને બીજા ભાગમાં મૂલમાંઆવેલ શબ્દોની અકારાદિ અનુક્રમણિકા, ટીકાન્તર્ગત આવેલ શબ્દોની અકારાદિ અનુક્રમણિકા, ટીકાન્તર્ગત શેષનામમાળાના શબ્દોની અકારાદિ અનુક્રમણિકા, ટીકામાં આવેલ ગ્રંથોનાં નામોની અકારાદિ અનુક્રમણિકા અને ટીકામાં આવેલ ગ્રંથકારોનાં નામોની અકારાદિ અનુક્રમણિકા આપવામાં આવેલ છે. આવો અત્યુપયોગી અને બૃહદ્ કોશ–શબ્દોનો ખજાનો હોવા છતાં બન્ને ભાગની કિંમત માત્ર રૂા. સાત. રૂા. ૭–૦–૦

પહેલા ભાગની કિં. રૂા. ૪–૦–૦ બીજા ભાગની કિં. રૂા. ૩–૦–૦

જલદી લખો:-

શ્રીયશોવિજય જૈન ગ્રંથમાળા.

ડેરીસ રોડ—ભાવનગર

(કાઠીયાવાડ.)